श्रेयःसाधकअधिकारिवर्गग्रंथावलि

ग्रन्थांक २.

श्रीभामिनीभूषण.

प्रथम अलंकार.

षष्ठ आवृत्ति.

रचनार

श्रीमन्नृसिंहाचार्यजी.

हरिगीत छंद.

[illegible] ઉરવશીઓ [illegible] કલ્યાણની [illegible] નિત્ય [illegible],
[illegible] શુભ [illegible],
[illegible] પુણ્યવાન [illegible] થશે, બાળકસુધારક મનને,
આ ભામિનીભૂષણ ભણો, [illegible] કરો [illegible].

દોહરો.

[illegible]
[illegible] — ભૂષણ [illegible].

श्रेयःसाधकअधिकारिवर्गतरफथी

प्रसिद्ध करनार

जगन्नाथ प्रभाशंकर पंडित.

वडोदरा.

अमदावाद.

धी "डायमंड ज्युबिली" प्रिन्टिंग प्रे[स]

परीख देवीदास छगनलाले छा[प्युं]

प्रत १०००. संवत् १९७१.

मूल्य रु. ०—१

श्रीभामिनीभूषण.

प्रथम अलंकार.

रचनार

श्रीमन्नृसिंहाचार्यजी.

હરિગીત છંદ.

હે કુંવરીઓ ! કુળવાનની વાંચી લહો નિજ ધર્મને,
પતિવ્રતા યુવતિ ! વિચારો ઉર, ધારો સદા શુભ કર્મને;
વળી પુત્રવતિ ! સમજી ગ્રહો, બાલકસુધારક મર્મને,
આ **ભામિનીભૂષણ** ભણી, સઉ હરો ભવભયભર્મને.

દોહરો.

આભૂષણ સજી ભામિની ! શું શોભાવો દેહ,
આપે શોભા અધિક આ,—ભૂષણ લો ધરિ નેહ.

श्रेयःसाधकअधिकारिवर्गतरफथी

प्रसिद्ध करनार

जगन्नाथ प्रभाशंकर पंडित.

वडोदरा.

अमदावाद.

धी "डायमंड ज्युबिली" प्रिन्टिंग प्रेसमां
परीख देवीदास छगनलाले छाप्युं.

षष्ठ आवृत्ति. प्रत १०००.

संवत् १९७१. सन् १९१५.

मूल्य रु. ०-१२-०

॥ ॐ ॥

अथ

प्रसिद्धिकर्तृकृत मङ्गलम्.

જે શ્રીમહેશ્વરની અપૃથક્ સત્તા સામ્યાવસ્થાવાળી પ્રકૃતિને જાગ્રત્ કરી જગદાકાર પરિણામને પ્રાપ્ત કરે છે, તેને અમે જેમ સેવીએ છીએ, તેમ જેમની અપૃથક્ સત્તા પોતાની સામ્યાવસ્થાવાળી પ્રકૃતિને જાગ્રત્ કરી આ ગ્રંથાકાર પરિણામને પ્રાપ્ત કરે છે તેમને અમે સેવીએ છીએ.

સ્ત્રિયોના તથા ગૃહસ્થાશ્રમિ પુરુષોના અંતરૂને શુદ્ધ કરી તેમાં સદ્‌ગુણને સ્થાપનાર આ ગ્રંથ, પાપમાત્રને હરીને મોક્ષમાર્ગમાં જોડનાર શ્રીવિષ્ણુભગવાનના પ્રસાદરૂપ છે, તેથી પૂજ્ય ગણી ગ્રહણ કરવા યોગ્ય છે.

જેમ શ્રીસદાશિવની વિભૂતિ બ્રહ્માંડમાં સર્વત્ર સુખની અભિવ્યક્તિ કરનાર હોવાથી સેવ્ય છે તેમ આ શ્રીભામિનીભૂષણ ગ્રંથ પણ એના સેવકને સુખની અભિવૃદ્ધિ કરે છે, જેથી એ શ્રીશંકરની વિભૂતિસમ હોવાથી પ્રીતિપાત્ર તથા સેવ્ય છે.

જેમ પ્રવર્તક સત્તાદ્વારા વર્ષતો મેઘ ઓષધિમાત્રને પોતાના સંબંધથી જાગ્રત્ કરે છે, તેમ આ ગ્રંથરૂપ મેઘ પણ પોતાની પ્રવર્તક સત્તાદ્વારા પ્રકટી જીવોનાં અંતઃકરણમાં સંબંધ કરીને તેમાં રહેલ સદ્‌ગુણનાં બીજને જાગ્રત્ કરે છે.

જેમ સ્રષ્ટાની સત્તા આ દિવ્ય તથા અદિવ્ય સૃષ્ટિને પોતામાં સજાયેલી પ્રતીત કરાવે છે તેમ આ ગ્રંથના સ્રષ્ટાની સત્તારૂપ આ ગ્રંથ પણ દિવ્ય તથા અદિવ્ય ચરિત્રોને પોતામાં પ્રકટ કરાયેલાં પ્રતીત કરાવે છે.

જેમ અંધકારનો અભાવ પ્રતીત કરાવનાર શ્રીસૂર્યભગવાનના પ્રકાશક શ્રીપરમેશ્વરને આ જીવો પરમપ્રેમથી નમન કરે છે, તેમ આ જીવોના અંતરૂતમસ્‌ની નિવૃત્તિ કરનાર આ શ્રીભામિનીભૂષણ ગ્રંથના પ્રકાશક પરમાત્માને અમે પરમ પ્રેમવડે નમન કરીએ છીએ.

ईशं नौति यथा जीवः प्रकाशकं तमोनुदः।
तथा नुमोऽस्य ग्रंथस्य जीवान्तर्ध्वान्तहारिणः ॥

श्रेयःसाधकअधिकारिवर्ग.

ષષ્ઠ આવૃત્તિ.

આ શ્રીભામિનીભૂષણની છઠ્ઠી આવૃત્તિ પ્રસિદ્ધ કરવાનો આજે સુયોગ પ્રાપ્ત થયો છે. જેમ કોઈ ઉત્તમ ઔષધ તાત્કાલિક ક્ષણિક અસર ન કરતાં ધીમે ધીમે પણ આરોગ્યજનક સ્થાયી અસર કરે છે, અને તે ઔષધ અધિક મૂલ્યવાન્ ગણાય છે, તેમ આ ગ્રંથ પણ જેમ જેમ સમય જાય છે, તેમ તેમ આર્યપ્રજામાં તે અધિક અને અધિક ઉપયોગી અને સ્ત્રીઓના અજ્ઞાનને સ્થાયીપણે નિવૃત્ત કરવામાં અત્યંત સમર્થ ગણાતો જાય છે, એ વર્તમાન સમયમાં તેની લોકો તરફથી થતી માગણીઉપરથી સહજ સ્પષ્ટ થાય છે. કેટલાક ગ્રંથો જ્યારે પ્રસિદ્ધિ પામે છે ત્યારે આરંભમાં જ માત્ર જલદી ખપતા જણાય છે, પરંતુ આ ગ્રંથ હવે પ્રજાની અધિકાધિક રુચિને પ્રાપ્ત થાય છે, એ તે ગ્રંથના વિશેષ મૂલ્યને જ સૂચવે છે.

સ્ત્રીજાતિની કેળવણીનો જે કાળમા પ્રખર પ્રયત્ન ચાલી રહ્યા છે એવા આ વર્તમાન સમયમાં ત્રિશ વર્ષઉપર લખાયેલા ગ્રંથનું મૂલ્ય પૂર્વકરતાં અત્યંત પ્રમાણમાં જણાય એ જ એ ગ્રંથની મહત્તા સ્પષ્ટ કરે છે. જે કાળમાં સ્ત્રીઉપયોગી સાહિત્ય પૂર્વકરતાં અત્યંત પ્રમાણમાં પ્રસિદ્ધ થવા માંડયુ છે, તે સમયમાં પણ આ અને તેના અન્ય વિભાગરૂપ ગ્રંથો એ પ્રકારના સાહિત્યમાં પ્રથમ પંક્તિ ધરાવે છે, એ પ્રકારનું અનેક સજ્જનોનુ કથન આ ગ્રંથોના પ્રસિદ્ધકર્તાઓને વિશેષ ઉત્તેજક થઈ રહે છે.

આ આવૃત્તિ એકાએક જ પ્રકટ કરવામા આવી હોવાથી અત્ર વિશેષ વિચારો દર્શાવવાનો સમય રહ્યો નથી. આ ગ્રંથ સ્ત્રીવાચકોને વિશેષ ઉપયોગી થાય એવા પ્રકારે કેટલીક વ્યવસ્થા તથા પદ્ધતિ આ ગ્રંથની સાથે દર્શાવવાની વૃત્તિ હોવાથી જ અદ્યાપિ નવીન આવૃત્તિ કાઢી શકાઈ નહતી. છતાં પણ આ આવૃત્તિમાં તેવા પ્રકારની વિશેષ વ્યવસ્થા કરી શકાઈ નથી. ઇશ્વરેચ્છા તો ભવિષ્યમાં તે પ્રકારે કરવાનો સુયોગ પ્રાપ્ત થશે જ. આ આવૃત્તિ તત્કાળ પ્રકટ કરવાનુ કારણ એટલુ જ કે એક વિદ્વાન્ શ્રેય સ્સાધક બંધુએ પોતાનાં ધર્મપત્નીના સ્મારકનિમિત્ત આ પ્રથમ ભાગની તેમ જ અન્ય વિભાગની દરેકની ૨૫૦ નકલો કન્યાશાળાઓમાં વહેંચવાની ઇચ્છા દર્શાવી છે. જેથી અધિક સમયના અભાવે પૂર્વવત્ આ આવૃત્તિ પ્રકટ કરી છે.

સ્ત્રીજાતિના હિતચિંતકો તથા તેમાં વિદ્યાવૃદ્ધિના અભિલાષી સજ્જનો આ સજ્જનની પેઠે આવા ગ્રંથોને સ્ત્રીઓ તથા કન્યાઓમાં વહેંચશે તો તેમનો આશય અન્ય પ્રવૃત્તિઓકરતાં અધિક અંશે

સફળ થશે. ઉક્ત સજ્જને પ્રત્યેક વર્ષે આ ગ્રંથોની પુષ્કળ નકલો આ જ રીતે કન્યાશાળાઓમાં વહેંચવાની ઇચ્છા દર્શાવી છે.

પોતાના પ્રાકટ્યના ઉદ્દેશને ઉત્તરોત્તર અધિકાધિક અંશે સિદ્ધ કરતો આ ગ્રંથ સ્ત્રીજાતિના અજ્ઞાનને નિવૃત્ત કરવામાં અત્યંત સમર્થ થયો છે એ વિશેષ સંતોષજનક છે.

वीरक्षेत्र.
સંવત્ ૧૯૭૧ જ્યેષ્ઠ શુક્લ-
પક્ષ ૭ શનિવાર.

श्रेयःसाधकअधिकारिवर्ग.

पंचम आवृत्ति.

સંવત્ ૧૯૬૫ વૈશાખ કૃષ્ણ પક્ષ ૪ સોમવારે પ્રકટ કરવામાં આવી છે.

चतुर्थ आवृत्ति.

તૃતીય આવૃત્તિની બે હજાર નકલો ખપી જવાથી આ ચતુર્થ આવૃત્તિ પ્રકટ કરી છે. પ્રજાતરફથી આ ગ્રંથનો ઉત્તમ સત્કાર થતો જાણી પરમ સંતોષ થાય છે.

वीरक्षेत्र
સંવત્ ૧૯૬૨ શ્રાવણ-
શુક્લ પક્ષ ૧૩ ગુરુવાર

श्रेयःसाधकअधिकारिवर्ग.

तृतीयावृत्तिविषे
प्रसिद्धिकर्तृकृतसूचना.

આ પરમકલ્યાણકર ગ્રંથની તૃતીયાવૃત્તિ મુદ્રિત કરાવવાનો શુભ પ્રસંગ ઇશ્વાનુગ્રહથી સત્વર પ્રાપ્ત થયો છે. આ વર્ગથી પ્રકટતા શ્રેયસ્કર ગ્રંથનો સર્વત્ર પ્રચાર કરવા આગ્રહપૂર્વક પ્રયાસ ન થતો હોવા છતાં, આ ગ્રંથ સ્વસામર્થ્યથી જ સર્વત્ર અધિકાધિક પ્રચારને પામતો રહે છે, તેથી સુજ્ઞ આબાલવૃદ્ધ પ્રજાને અધિક પ્રીતિપાત્ર થઈ રહ્યો છે, એમ કહેવું એ અતિશયોક્તિ નથી.

આ ગ્રંથના પ્રકટ થયેલા પાંચ અલંકારો સદ્વિવેકી પ્રજામાં અત્યંત પ્રીતિપૂર્વક વંચાય છે, તથા અવશિષ્ટ ઉત્તર અલંકારોને સત્વર પ્રકટાવવા અનેક સજ્જનોથી પુનઃ પુનઃ વિજ્ઞપ્તિ કરાય છે; જેથી આ ગ્રંથને પ્રસિદ્ધ કરનાર વર્ગનો પરિશ્રમ સાર્થક થયો છે, એમાં લેશ પણ સંશયસરખું નથી.

વીરક્ષેત્ર (વડોદરા) સંવત્ ૧૯૫૩ આષાઢ કૃષ્ણ- પક્ષ ૪ રવિવાસર.	શ્રેયઃસાધકઅધિકારિવર્ગ.

દ્વિતીયાવૃત્તિવિષે

પ્રસિદ્ધિકર્તૃકૃતસૂચના.

શ્રેયસ્કર **શ્રી ભા**મિનીભૂષણ ગ્રંથના આ **પ્ર**થમાલંકારની પ્રથમાવૃત્તિ સંવત ૧૯૪૨ ના માર્ગશીર્ષ માસમાં પ્રકટ થઈ હતી, તે પ્રથમાવૃત્તિની સઘળી પ્રતિ સુજ્ઞ સ્ત્રીપુરુષોએ આદરપૂર્વક ગ્રહણ કરી લેવાથી હવે અવશેષ નથી, જેથી એ પુણ્યપ્રદ ગ્રંથની આ દ્વિતીય આવૃત્તિ પ્રકટ કરી છે. એમાં અધિક શુદ્ધિવૃદ્ધિ કરવાને અનુકૂળ સમય ન હોવાથી માત્ર પ્રથમાવૃત્તિમાં રહેલા ક્ષુદ્ર દોષોને નિવારણ કર્યા છે. આ ગ્રંથના ઉત્તરોત્તર ચાર અલંકારો પ્રસિદ્ધ થયા છે, એટલે સુજ્ઞને એનું સૌંદર્ય અજ્ઞાત રહ્યું નથી, જેથી અત્ર એ ગ્રંથની ઉત્તમતાવિષે અધિક કાંઈ પણ લખવાની અગત્ય રહી નથી.

વીરક્ષેત્ર સંવત ૧૯૪૮ વૈશાખ શુકલ ૧ સૌમ્યવાસર.	શ્રેયઃસાધકઅધિકારિવર્ગ.

પ્રથમાવૃત્તિવિષે

પ્રસિદ્ધિકર્તૃકૃતસૂચના.

આ ગ્રંથમાં સાત દિવસના વિભાગે વિષયનું વર્ણન કર્યું છે. તેમાં થોડો ભાગ કથાનો, તથા થોડો ભાગ આડકથાનો, એવો ભેદ

રાખ્યો છે. કથામાં સ્ત્રિયોએ ધારણ કરવાયોગ્ય ગુણનીતિ વગેરેનું તથા ત્યાગ કરવાયોગ્ય દુર્ગુણ અનીતિનું ઘણું ટુંકામાં વર્ણન કર્યું છે. જો કે આ પ્રથમ અલંકારમાં વર્ણવેલો સઘળો વિષય રચનારના મનથી અધિક અવશ્યનો હતો એમ નથી, તોપણ રચાવવામાં આતુર એવા સુજ્ઞ પુરુષોને તે પ્રીતિકર જણાયાથી તેઓએ એ કાયમ રખાવી પ્રસિદ્ધિમાં મૂકયો છે. આ ગ્રંથમાં ઘણે પ્રસંગે એકની એક બાબતઉપર બોલવામાં આવ્યું છે, તેથી વિદ્વજ્જનો અર્થપુનરાવૃત્તિવગેરે દોષોની ત્યાં કલ્પના કરશે; પરંતુ તે વધારે યોગ્ય નથી. કેમકે 'અભ્યાસ' સમજી એ શૈલિ રાખી છે. આ સ્થાને 'અભ્યાસ' એટલે ગ્રંથનો જે પ્રધાનપણે બોધ કરવાનો વિષય હોય, તે આખા ગ્રંથમાં થોડે થોડે અંતરે ફરી ફરી આવવો જોઈએ એવો છે.

કદાચ વિદ્વાન્ પુરુષોને આ ગ્રંથ નજીવો લાગે, તોપણ એ સાર્થક છે. કેમકે તે મુખ્યત્વે કરીને મધ્યમ વર્ગની સ્ત્રી તથા ઉછરતી બાળકીઓને માટે છે; કાંઈ વધારે વિદ્વાન્ પંડિતસરખા પુરુષો, જેઓ દોષદર્શન કરવામાં સમર્થ છે, એવાઓને અર્થે રચાયો નથી. હાલ ચાલતા નવીન વિચારના કેટલાક પુરુષ વા સ્ત્રીને આ ગ્રંથની ઢબ રુચિકર થઈ શકે એમ નથી, તોપણ તેમની રુચિ જ સર્વમાન્ય હોવી જોઈએ, એવો નિયમ ન હોવાથી આ ગ્રંથની સઘળી ઢબ યથારુચિ રાખી છે. જમાડનારે પોતાની ઇચ્છાપ્રમાણે કરાવેલી રસોઈ પંક્તિમાં બેઠેલાં સર્વને પીરસવામાં આવે છે. પછી તેમાં કોઈ રોગી, અથવા પથ્યકુપથ્યના વિચારવાળા પુરુષ વા સ્ત્રી હોય તે, પોતાની રુચિપ્રમાણે જમે છે, અને બીજા પદાર્થો પડ્યા રહેવા દે છે, તેમ આમાં પણ વાંચનારે જાણવું.

આડકથાના ભાગમાં પ્રતિકૂળ તથા અનુકૂળ પ્રકૃતિનાં માણસોનો સંબંધ થવાથી ગૃહવ્યવસ્થા તથા સુખ કેવા પ્રકારે રહે છે તેનાં સ્વરૂપ આપ્યાં છે. તેમાંની ભાષા જૂદા જૂદા સ્થાનોમાં બોલાતી ગૃહભાષા છે. તેથી સમજનારે વિચારી સમજવી. બોબડાં માણસો કેટલે સુધી અશુદ્ધ બોલે છે, તેનું કિંચિત્ ભાન થવા જેવું પણ એક પાત્ર રાખ્યું છે. આડકથામાં અથવા કથામાં વિશેષે કરીને સ્ત્રિયો નથી જ બોલી શકતી, એવા છેક અમર્યાદ શબ્દોનો બચાવ કરી લખ્યુ છે; બાકી ઘણી ઉંચ જાતિની સ્ત્રિયો પણ ઘરમાં કેટલાક અપશબ્દો પુરુષના સમક્ષ પણ બોલી જાય છે, એ અંત્યત નિંદ્ય રૂઢિ છે. માટે તેવી અયોગ્ય પ્રવૃત્તિ આ ગ્રંથમાં કરી નથી.

અંતમાં સર્વ સુજ્ઞ સ્ત્રીપુરુષોએ દોષદૃષ્ટિ દૂર કરી આ ગ્રંથનો લાભ લેવો જ જોઈએ, એવાં આગ્રહી વચન ન લખતાં માત્ર એટલું જ લખવું યોગ્ય જણાય છે કે આથી વિરોધી વૃત્તિનાં હોય તેઓનો હરેક દ્વારે સુધારો થાય, એવાં કાર્ય ઈશ્વરકૃપાથી જગતમાં ઉદય થતાં રહે.

વીરક્ષેત્ર.
સંવત્ ૧૯૪૨ માગશીર્ષ શુક્લ પક્ષ ૨. } **श्रेयःसाधकअधिकारिवर्ग.**

॥ ॐ ॥

॥ तत् सत् ॥

॥ श्रीसद्गुरवे परमात्मने नमः ॥

श्रीभामिनीभूषण.

मंगलाचरण.

આરંભમાં આ સંસારમાં સારરૂપ પરમેશ્વરને વારંવાર [1]નમસ્કાર કરૂં છું; તથા [2]પરિણામે જેમાં સાર મનાયો નથી એવા [3]નામરૂપાત્મક આ સંસારકાર્યને [4]પ્રતીત કરાવનાર [5]ચમત્કારી સ્વભાવવાળી મહામાયા શક્તિને નમસ્કાર કરૂં છું; તથા આ સંપૂર્ણ [6]કાર્યકારણસમુદાયને નમસ્કાર કરૂં છું, જેથી *ઈપ્સિત કાર્ય [7]નિર્વિઘ્ન સિદ્ધ થવા સંભવ છે.

આ જગત્માં સ્ત્રીનો અવતાર શા માટે છે, તથા સ્ત્રિયોએ આ સંસારમાં જન્મીને શી રીતે ચાલવાથી એમનું શરીર સફળ ગણાય છે, એ આદિ વાર્તાને જણાવનાર આ ભામિનીભૂષણ ગ્રંથ વિવેકી પુરુષોની [8]પ્રાર્થનાથી રચવાનો આરંભ કરૂં છું. સ્ત્રિયોને વાંચવાથી આનંદ ઉપજે, તથા સમજવામાં કષ્ટ ન જણાય તેથી તેમાં જૂદાં જૂદાં [9]આખ્યાન રાખ્યાં છે: તથા બનતા સુધી સ્વાભાવિક બોલાતી સહેલી ભાષા વાપરવી યોગ્ય ગણી છે. "આ કાળે સ્ત્રિયોના ધર્મ સ્ત્રિયોને જાણવાની ઘણી જરૂર છે, અને તે જરૂર આ ગ્રંથ સંપૂર્ણ રીતે પૂરી પાડશે" એવાં મિથ્યા અભિમાનને [10]સૂચવનાર વચનોનો પરિત્યાગ કરીને એટલું જ જણાવું છું કે આ ગ્રંથને [11]અવલોકન કરનાર તથા [12]પ્રીતિપૂર્વક સાંભળી પોતાના અંતઃકરણમાં વર્ણેલા વિષયનું [13]તાત્પર્ય ધારણ કરનાર તથા તે પ્રમાણે [14]વર્તનાર સ્ત્રી આ લોકમાં પૂજવા

---

૧ પગે લાગવું તે. ૨ અંતે. ૩ નામ અને રૂપવાળા. ૪ દેખાડનાર. ૫ નવાઇ ઉપજાવે એવા. ૬ જગત્. *ઇચ્છેલું. ૭ અડચણવિના. ૮ અરજથી. ૯ કથા. ૧૦ જણાવનાર. ૧૧ ધ્યાન રાખીને વાંચનાર. ૧૨ પ્રીતિવડે. ૧૩ મતલબ. ૧૪ ચાલનાર.

યોગ્ય થશે, અને પરલોકમાં મોટા સુખને પામશે; તથા [1]પરિણામમાં સર્વ દુઃખથી રહિત થઈને અખંડ આનંદરૂપ સુખને એટલે મોક્ષને પામશે. તેથી સુવિચારવંતી સ્ત્રિયોએ આ ભામિનીભૂષણ ગ્રંથને પોતાના અમૂલ્ય ઘરેણાની પેઠે પ્રીતિવડે પાસે રાખવો; અને તેને વાંચવા તથા સાંભળવારૂપ અભ્યાસ રોજ કરવો. સ્ત્રિયોને સંપૂર્ણ દુઃખરૂપ [2]દૂષણથી બચાવી, સુશોભિત કરનાર ઉત્તમ [3]ભૂષણરૂપ નીતિઓને જણાવનારો આ ગ્રંથ છે, તેથી તેનું નામ ભામિનીભૂષણ રાખ્યું છે. સંસ્કૃત આદિ ભાષામાં રચાએલા ઘણા ગ્રંથોમાં સ્ત્રીના ધર્મવિષે લખ્યું હશે, પણ તે તે ગ્રંથોવડે જેમને ઘણાં કારણોથી સંતોષ ન મળી શક્યો હોય, એવી સ્ત્રીપુરુષરૂપ પ્રજાએ આ ગ્રંથ પ્રાપ્ત થયે પ્રીતિવડે સંતોષને પામવું, અને આથી સંતોષને ન પામનારે [4]ઇચ્છાનુસાર પ્રયત્ન કરવો.

ધર્મને જણાવનાર ભાષા નથી, પણ તે ભાષાવડે સમજવા યોગ્ય અર્થ તથા તાત્પર્ય છે, તેથી બુદ્ધિમાન્ પ્રજાએ અર્થપ્રતિ લક્ષ કરી તાત્પર્ય ગ્રહણ કરી સુખી થવું; દૂષણ જોઈ તેથી થતા લાભને ખોવો એ બુદ્ધિમાન્ પ્રજાનું કામ નથી.

સ્ત્રીના ધર્મને જણાવનાર આ ગ્રંથ હોવાથી સ્ત્રીના સહવાસવાળા સર્વ ગૃહસ્થ પુરુષોએ પણ પ્રીતિવડે આ ગ્રંથ અવલોકન કરવો અવશ્યનો છે.

સર્વેશ્વર આ [5]જનહિતકર કાર્ય નિર્વિઘ્ન પૂર્ણ કરે અને તેનો વિવેકી પ્રજા આદરપૂર્વક લાભ લે, એ અભિપ્રાય ધારીને આ વચનોનો [6]અવધિ આણી હવે ગ્રંથનો આરંભ કરૂં છું.

---

૧ અંતમાં. ૨ કલંકથી. ૩ ઘરેણારૂપ. ૪ ઇચ્છા પ્રમાણે. ૫ લોકોનું કલ્યાણ કરનારૂં. ૬ અંત.

॥ प्रथमालंकार ॥

પ્રારંભ.

શ્રી સૂર્યદેહા એટલે તાપી નદીના કિનારાપર એક સૂર્યપુર એ નામનું પ્રાણિઓને વસવાનું સ્થાનક છે. તે સૂર્યપુર પવિત્ર જનોને વાસ કરવા જેવું છે, તેથી ત્યાં સંસારી તથા ત્યાગી અનેક પુરુષો તથા સ્ત્રિયો, ઠેકાણે ઠેકાણે ધર્મને તથા પુરાતન[1] નીતિને જણાવનાર ઇતિહાસરૂપ પુરાણની કથાઓને વાંચે છે, તથા તે કથાને ઘણી સ્ત્રીપુરુષો રોજ સાંભળે છે. એ સૂર્યપુરમાં એક મનોહર નામનો પુરુષ તથા વિજયા નામની તેની સ્ત્રી રહેતાં હતાં. એ બે જણાં પોતાના ધર્મને પાળવામાં પ્રીતિવાળાં હતાં. ત્યાં મનોહર તો [2]વિદ્વાન્ તથા સુવિચારવાન્ હતો, અને વિજયા તો સુવિચારવાન્ હતી, પણ ઘણું ભણેલી ન હતી; તોપણ વાંચી લખી સમજી જાણે એવું સાધારણ ભણેલી હતી. તે એક દિવસ પોતાના પડોશમાં રહેનારી ચંચલા નામની સ્ત્રીને બહાર જતી જોઇને પૂછવા લાગી કે તમે કયાં જાઓ છો ?

ચંચળા કહે છે, તમારી મરજી હોય તો ચાલો, આવવું છે ? એક જગાએ કથા ઘણી સારી થાય છે, ને ઘણા લોક મળે છે. હું તો રોજ બબ્બે ઘડી જાઉં છું. રડ્યું, આખો દહાડો ઘરમાં બેશી રહેવું તે કેમ ગમે ? ચાર લોકનાં મોં જોવાય, ને ભગવાનનું નામ સંભળાય, બે વાત; ને વળી પગ છુટો થાય. કેમ, છે ઇચ્છા ? વખત થઈ ગયો છે.

વિજયા કહે છે, હું તો કોઇ દિવસ કામવિના બહાર નીકળતી નથી; તેમ છતાં પણ તમારી મરજી છે, તો આજનો દિવસ આવું છું. ત્યાં મરજાદાથી સઉને બેસવાઉઠવાનું છે કે ગડબડજેવું છે ?

ચંચળા કહે છે, ના બેસવાની જગા તો બહુ સારી છે. તમારે તો સઘળી ઘેર બેઠાં પડપૂછ કરવી ! એમ નહિ કે ચાર ડગલાં ચાલીને જોવું ! પછી આપણે પાલવે તો બેઠાં, નહિ તો પાછાં આવ્યાં. એમાં શું ? ત્યાં કોઇ બાંધી રાખે છે ?

વિજયા તેનાં કહેલાં આ વચનો સાંભળીને પોતાના મનમાં વિચાર કરીને તે પાડોશણની સાથે કથામાં ગઈ; તથા એક બાજુએ વધારે ગડબડ નહિ હોય એવે ઠેકાણે બેશીને કથા સાંભળી, અને સઘળી ચર્ચા જોઇને સાંજે પોતાને ઘેર આવી. પછી પોતાના સ્વામી

---

[1] અસલના વખતની. [2] ભણેલો.

બહારથી આવશે તે વખતે ખાવાની રસોઈ તૈયાર રાખવી જોઇએ, એવો વિચાર કરીને રસોઈ કરી પતિની વાટ જોતી બેઠી. તે બહારથી આવ્યા પછી નિયમપ્રમાણે પ્રીતિનાં વચનો બોલતાં બંને જમ્યાં. ત્યાર પછી પાનસોપારી ખાઇને [1]પરસ્પર વાત કરતાં વિજયા બોલીઃ— મારે એક વાર્તા પૂછવાની છે; [2]આજ્ઞા હોય તો પૂછું ?

મનોહર કહે છે, શી વાર્તા ?

વિજયા કહે છે, આપની આજ્ઞાવિના હું આજે કથામાં ગઇ તેની પ્રથમથી ક્ષમા માગું છું; અને પૂછવાની વાર્તા તો એ છે કે મેં આજે કથામાં એક સંન્યાસીના મુખથી જે વચનો સાંભળ્યાં છે, તે હું તમને કહુંછું. તેમાં મને મોટો [3]સંશય પડ્યો છે, તે આપ [4]નિવારણ કરો. પ્રથમ તો સઘળાં મેં સંભારી રાખેલાં વચનો કહુંછું.

द्वारं किमेकं नरकस्य नारी । નરકનું એક બારણું કયું ? નારી.
संमोहयत्येव सुरेव का स्त्री । મદિરાસરખું મોહ કરનાર શું ? સ્ત્રી.
किमत्र हेयं कनकं च कांता । અહિં ત્યજવાયોગ્ય શું ? કનક અને કાંતા.
का शृंखला प्राणभृतां च नारी । પ્રાણીઓને બંધન કરનાર બેડી કયી ? નારી.
विश्वासपात्रं न किमस्ति नारी । વિશ્વાસ કરવાયોગ્ય કોણુ નથી ? સ્ત્રી.
[illegible]ा सुखं किं स्त्रियमेव सम्यक् । શું રુડે પ્રકારે ત્યજ્યાથી સુખી થવાય ? સ્ત્રી.
किं तद्विषं भाति सुधोपमं स्त्री । અમૃતસરખું ભાસે પણુ ઝેર છે તે શું ? સ્ત્રી.

હે સ્વામિન્ ! આમાં પહેલું વાક્ય કહ્યું કે નારી એ નરકનું બારણું છે, તો તેમાં મારે એટલું પૂછવાનું છે કે નારીને નરકનું બારણું કહેવામાં કારણ શું ? ઈશ્વરની સૃષ્ટિમાં સ્ત્રી ને પુરુષ ઉત્પન્ન થયાં છે તે કાંઇ પોતાની મરજીથી ઉત્પન્ન થયાં નથી; તો પુરુષોને નરકમાં જ નાંખવાનો પરમેશ્વરનો વિચાર હશે, તેથી શું નારીરૂપ નરકનું દ્વાર પેદા કર્યું ? અને જ્યારે પુરુષને માટે નરકનું દ્વાર સ્ત્રી છે, તો સ્ત્રીને માટે પુરુષો પણુ નરકનું દ્વાર છે, એમ શામાટે ન કહ્યું ? અને પુરુષ જો સ્ત્રિયોને માટે નરકના બારણાજેવા નથી તો તેમાં કારણુ શું ? અને સ્ત્રિયોનું, પુરુષવિના, નરકમાં લઈ જનાર બારણું કયું, તે પણુ કૃપા કરીને કહેવું જોઇએ, કે તેથી અમે સ્ત્રીજાતિ બચીને ચાલીએ.

વળી બીજા વચનમાં કહ્યું કે દારૂના સરખું મોહ કરનાર સ્ત્રી

1 એક બીજાની સાથે. 2 હુકમ, રજા. 3 શક. 4 દૂર.

છે; તો સ્ત્રિયોને કેફ ચઢાવનાર પદાર્થ પુરુષ છે, એમ શામાટે સ્ત્રિયોના પક્ષમાં ન કહ્યું? કારણ, સૃષ્ટિમાં સ્ત્રી તથા પુરુષને પરસ્પર સંબંધ છે; તો જેટલે [1]અંશે સ્ત્રી, પુરુષને [2]હાનિ કરનાર ગણી છે, તેથી અધિક અંશે સ્ત્રિયોને દુઃખનું કારણ પુરુષ, શામાટે ન હોવા જોઇએ? જો પુરુષરૂપ પદાર્થ આ જગત્માં ન હત, તો અમો સ્ત્રિયોને આ સંસારનાં મહા સંકટો ભોગવવાં ન પડત; માટે પુરુષ જ કેફસરખો મોહ કરનાર પદાર્થ છે, એમ કેમ નહિ કહ્યું?

વળી ત્રિજા વચનમાં પણ તે જ પ્રમાણે છે કે અહિં ત્યાગ કરવાયોગ્ય શું છે? તો સ્ત્રી તથા [3]સુવર્ણઆદિ ધન. તો એ સ્થળે ત્યાગ કરવાયોગ્ય પુરુષ તથા ધન છે, એવું શામાટે ન લખ્યું? અને એ યોગ્ય ન હોય તો સ્ત્રિયોએ પોતાના કલ્યાણને વાસ્તે શેનો ત્યાગ કરવો, તે જણાવવું જોઇએ.

વળી ચોથા વચનમાં કહ્યું કે સંસારમાં [4]મહાન્ બેડી સ્ત્રી છે. તો સ્ત્રિયોને માટે આ જગત્માં પુરુષવિના બીજી બેડી કયી છે, તે કાંઈ કહ્યું નથી. મને તો [5]સ્પષ્ટ જણાય છે કે પુરુષ એ જ અમો સ્ત્રિયોને બેડી છે. જો પુરુષો ન હોત તો સ્ત્રિયો સ્વતંત્રતાથી ઇશ્વરનું [6]આરાધન કરી અનેક ઉપાયથી [7]જીવન્મુક્તિના નહિ મળે એવા આનંદને સહજ મેળવત. પણ પુરુષરૂપ બેડી હોવાથી જ સ્ત્રિયોને એક સ્થાનમાં પરતંત્રપણે અનેક જાતનાં દુઃખને સહન કરી મૃત્યુને તાબે થવું પડે છે, તો શાસ્ત્રમાં પુરુષ એ સંસારમાં મોટી બેડી છે, એમ શા માટે ન લખ્યું?

વળી પાંચમા વચનમાં કહ્યું કે વિશ્વાસનું પાત્ર કોણ નથી, તો કહ્યું કે સ્ત્રી. હવે [8]અન્ય સર્વ [9]વ્યવહારમાં સ્ત્રિયોના વિશ્વાસથી પુરુષો આ જગત્માં સુખને ભોગવતા જણાય છે. ખાનપાનાદિ વ્યવહારમાં, તથા ઘર, પુત્ર અને ધનાદિના રક્ષણમાં, તથા [10]એકાંતિક સુખમાં તથા વિનોદની વાર્તામાં સ્ત્રીના [11]સહવાસવાળા સર્વ પુરુષો તેના વિશ્વાસથી વર્તે છે, તેથી જો સ્ત્રી કેવળ અવિશ્વાસનું પાત્ર હોત તો ઘરમાં પ્રધાનરૂપ અથવા તો ઘરમાં મિત્રરૂપ સ્ત્રી છે, એમ ઘણે સ્થળે કહ્યું છે તેમ કહેત નહિ; તો સ્ત્રી એ વિશ્વાસનું પાત્ર શામાટે નથી! કદાચ કોઈ એમ કહે કે 'ઘણી [12]ગુપ્ત રાખવાની વાર્તા સ્ત્રીના આગળ ન કરવી, કારણ કે તેમનાં અંતઃકરણમાં તે વાત ટકતી નથી; ગમે તેવી છાની રાખવાની વાર્તા હોય તે પણ તેમનાં અંતઃકરણ એવાં

---

૧ દરજ્જે. ૨ નુકસાન. ૩ સોનું. ૪ મોટી. ૫ સાફ. ૬ ભજન. ૭ શરીર છતાં પણ જે અવસ્થામાં મુક્તિનું સુખ મળે છે તે. ૮ બીજા. ૯ કામકાજમાં. ૧૦ એકાંતમાં સેવાતા. ૧૧ સાથે રહેનારા. ૧૨ છાની.

છે કે તેમનાથી બીજાને કહ્યાવિના રહેવાય નહિ, માટે તેઓ વિશ્વાસપાત્ર નથી,' તો એ વાર્તા સઘળે યોગ્ય નથી. કારણ કે સ્ત્રિયોનાં જો એવાં જ અંતઃકરણ હોત તો અનેક સ્ત્રિયો દુરાચરણી તથા દુષ્ટ વિચારવાળી હોય છે, પણ તેઓ [1]પ્રાણાંતપર્યંત પણ કોઇના [2]સમીપ તે વાર્તાનો ઉચ્ચાર કરતી નથી; તેમ જ સાક્ષાત્ આપણા પતિને પણ તે દુરાચરણી દુષ્ટ હૃદયવાળી સ્ત્રિયો આપણી [3]ગુહ્ય વાર્તાને [4]કિંચિત્ પણ જણાવતી નથી. તો પુણ્યવાન્ સદાચરણવાળી તથા મોટા હૃદયવાળી સ્ત્રિયો કેવું [5]સામર્થ્ય ધરાવતી હશે, એ વાર્તા વિચારથી પણ બહાર છે. અને ઘણા [6]ક્ષુદ્ર બુદ્ધિવાળા પુરુષો એવા હોય છે કે સાક્ષાત્ પોતાને અથવા પોતાના સંબંધીને હાનિ થવાનો સંભવ હોય, એવી વાર્તાને પણ વિના પૂછ્યે અન્યના આગળ કહે છે, તો [7]ઇતરની વાર્તા પ્રકટ કરે એમાં શું આશ્ચર્ય છે ? આથી એમ જણાયું કે અંતઃકરણની તુચ્છતા તો જેવી કોઈ કોઈ સ્ત્રીને વિષે ઘટે છે, તેવી જ ઘણે ભાગે પુરુષને વિષે પણ ઘટે છે; તો પુરુષને અવિશ્વાસનું પાત્ર શા માટે ન લખ્યું, અને સ્ત્રિયોને જ લખ્યું, તે પણ મારો મોટો સંશય છે.

વળી છઠ્ઠું વચન કહ્યું કે શું રૂડે પ્રકારે ત્યજવાથી સુખ થાય ? તો કહે છે કે સ્ત્રી. ત્યાં સ્ત્રીએ પુરુષનો રૂડે પ્રકારે ત્યાગ કરવાથી સુખ થાય, એ વાર્તા કેમ ન લખી ? આ સંસારમાં પુરુષના શરીરની ઉત્પત્તિથી જ સ્ત્રિયોને [8]ગર્ભધારણઆદિ અનેક દુઃખ પડતાં દેખાય છે માટે પુરુષનો ત્યાગ એ સ્ત્રિયોને સુખનો હેતુ હોવો જોઇએ, તો તેમ ન લખવામાં [9]શાસ્ત્રકારને શું [10]સબળ કારણ છે ? તે જાણવાની મારી ઇચ્છા છે. વળી બીજે પક્ષે સ્ત્રીવિનાના પુરુષોની આ જગત્માં અધિક દુઃખી સ્થિતિ દેખવામાં આવે છે; માટે સ્ત્રીની [11]અપ્રાપ્તિવાળા સુખી જ હોય એમ પણ જણાતું નથી. કદાચ એમ માને કે સ્ત્રીની [12]લાલસાથી [13]ગૃહસ્થાશ્રમની ઇચ્છાવાળા થઈ સંસારી અવસ્થામાં પ્રવેશનારને દુઃખ છે; પણ જો તેમ જ હોય તો ગૃહસ્થનાં ચિહ્ન ત્યાગ કરીને, એટલે [14]શિખા અને [15]સૂત્રનો ત્યાગ કરી ભગવાં વસ્ત્ર ધારણ કરનાર સંન્યાસીઓને તેમજ વૈરાગ્યને [16]સૂચવનાર જૂદાં જૂદાં ચિહ્નવાળા સાધુ દીક્ષાવાળા પુરુષોને સુખ હોવું જોઈએ, પણ તેમ જણાતું નથી; ઉલટાં તે ત્યાગ તથા વૈરાગ્યના વેષવાળા તો સ્ત્રીના સહ-

---

૧ જીવ જતા સુધી. ૨ પાસે. ૩ છાની. ૪ જરા. ૫ બળ. ૬ ઓછી, હલકી. ૭ બીજાની. ૮ ગર્ભ ધરવા વગેરે. ૯ શાસ્ત્ર કરનારને. ૧૦ મજબૂત. ૧૧ સ્ત્રી વગરના. ૧૨ લાલચથી. ૧૩ સંસારી અવસ્થાની. ૧૪ ચોટલી. ૧૫ જનોઇ. ૧૬ જણાવનાર.

વાસની અધિક ઇચ્છા રાખે છે તથા નીતિ અને વ્યવહારના ભયથી અંતઃકરણમાં સ્ત્રી નહિ હોવાના દુઃખથી રાત્રદિવસ બળતા રહે છે, તથા ગુપ્તપણે અનેક યુક્તિઓ રચીને દુરાચરણ કરીને આપણને સુખી માને છે. તેથી એમ સ્પષ્ટ જણાય છે કે એવા ત્યાગીવિરાગી પણ સ્ત્રીનો ત્યાગ કરી સુખી થતા નથી, તો આ વચન કહેવાનું શું કારણ છે? અને ખરાં કારણથી એ વચન બળવાન્ જણાય તો સ્ત્રી તથા પુરુષ એ બંને માટે પરસ્પરના ત્યાગથી સુખ છે એમ લખવું યોગ્ય છે; માટે એ વિષે પણ મારા મનને [1]સમાધાન આપો.

વળી સાતમા વચનમાં કહે છે કે સ્ત્રી અમૃત [2]સમાન ભાસે છે, પણ ખરેખરૂં ઝેર છે. ત્યાં જેમ સ્ત્રી પુરુષને માટે ઝેર છે, તેમજ સ્ત્રીયોને માટે પુરુષ એ પણ ઝેરજ છે; તો એકલું સ્ત્રીને [3]દૂષણ દેનારૂં વચન શામાટે લખ્યું? જગત્માં વ્યવહાર જોતાં ખુલ્લું જણાય છે કે અમે સ્ત્રીઓ પુરુષરૂપ ઝેરને સેવવાથીજ નવ અથવા દશ માસસુધી ગર્ભને ધારણ કરી અનેક દુઃખને ભોગવીએ છીએ, તથા પ્રસવનાં ન સહન થાય એવાં કષ્ટને પણ અનુભવીએ છીએ. તેમ જ પ્રસવ થયા પછી બાળકના રક્ષણને માટે પણ અનેક દુઃખ ભોગવીએ છીએ, તથા તે બાળકોને વખતે વખતે અનેક જાતના રોગ થવાથી તથા ઘણી વખતે તેમનાં મરણથી પણ અમે વારંવાર દુઃખ માનીએ છીએ, અને તે વિના તો બીજા [4]અસંખ્ય જુદા જુદા પ્રકારનાં દુઃખ અમે રાત્રદિવસ ભોગવીએ છીએ. તો ખરેખરૂં જોતાં તો અમને આ સઘળાં દુઃખનું કારણ પુરુષ જ હોવાથી ઝેરકરતાં પણ વધારે દુઃખનું કારણ તો પુરુષ જ છે; અને આટલું દુઃખ સહેતાં છતાં પણ તે પુરુષને અમે પાછાં અમૃતની પેઠે અનુભવીએ છીએ, અને તેનાથી દૂર થતાં નથી. તો અમૃતજેવું ભાસે છે, પણ ખરેખરૂં ઝેર તો પુરુષ છે, તેમ ન લખતાં સ્ત્રીને ઝેર શામાટે કહ્યું? એ આદિ મને જણાવવાયોગ્ય સર્વે વાર્તાને જણાવી મારો સંશય દૂર કરો.

આ સઘળાં વચનો લખવામાં મારી ટુંકી બુદ્ધિથી તો એમ જણાય છે કે સઘળાં પુસ્તકોના લખનારા, ઘણું કરીને પુરુષો થઈ ગયા છે. અને સ્ત્રીયોએ કદાચિત્ લખ્યા હશે, તો તે થોડાં હશે. કેમકે કાંઈ જણાતાં નથી. અને તેથી જ પુરુષ લખનારાઓએ, પોતાનો પક્ષ કરીને કેવળ દોષને પાત્ર સ્ત્રીના શરીરને ઠેરવ્યું છે. બીજું કાંઈ ખરૂં કારણ જણાતું નથી. વળી કોઈ કહેશે કે એ સઘળાં શાસ્ત્રો પુરુષોને માટે લખ્યાં છે, તેથી તેમને [5]ઉપદેશનાં વચનોમાં સ્ત્રીને દૂષણ આપ્યું છે; તો ભલે, પણ તેવાં શાસ્ત્રો સ્ત્રીયોના આગળ પણ બોધ કર-

૧ ખુલાસો. ૨ બરાબર. ૩ દોષ. ૪ ગણાય નહિ એટલાં. ૫ બોધનાં.

વામાં આવે છે, તો તેવે વખતે સ્ત્રીયોને સ્થાને પુરુષનો ત્યાગ કરવો એ આદિ બોધ કરનારાઓએ સૂચવવું જોઇએ; તોપણ તેમ કરતા તેઓમાંના ઘણા દેખાતા નથી. વળી ત્યાગી પુરુષો આ પ્રકારે સ્ત્રીની નિંદા લોકોના સમીપ મોઢેથી કરે છે, તેમ છતાં પણ અંતઃકરણમાં તો તેઓ સ્ત્રીના સહવાસને ઇચ્છતા જણાય છે. [1]વાસ્તવે જોતાં તો તેમણે આ વચનો- ઉપર વિશ્વાસ રાખી સ્ત્રીયોને પોતાના સમીપ આવવા પણ ન દેવી જોઇએ, અને આવે તો તેમના સામુ ન જોતાં તેમને બીજા પાસે દૂર કાઢી મૂકાવવી જોઇએ, પણ તેમ તો તેઓ કરતા નથી; ઉલટાં તેમના સામો લક્ષ કરી કથામાં કહેલાં સ્ત્રીની નિંદાનાં વચનોને દુર્બળપણે કથન કરતા હોય છે. આ સઘળું મારા લક્ષમાં વધારે યોગ્ય જણાતું નથી. માટે આપની નજરમાં આવે તેવી રીતે હવે મારૂં સઘળી વાતે સમાધાન કરો.

આ સઘળાં વચન સાંભળીને તે વિદ્વાન્ તથા સુવિચારવાળો મનોહર પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો કે આ સ્ત્રીનું બોલવું ગેરવ્યાજબી નથી. એણે જેવું સાંભળ્યું તથા જોયું તે ઉપર વિચાર કરીને એણે કહ્યું છે, તે યોગ્ય જ છે. પણ એને સંપૂર્ણ વ્યવહાર, નીતિ તથા સ્ત્રીયોના ધર્મને પહેલેથી જણાવીને પછી આ વિરાગનાં વચનોનો ઉપયોગ જણાયેથી એને તે બોધ કરીશ. કારણ કે હજી એની આ ઉમરપ્રમાણે વૈરાગ્યના સ્વરૂપને સંપૂર્ણ અંશે હૃદયમાં ધારણ કરી લેવું એને વધારે યોગ્ય નથી. તેમ જ વૈરાગ્ય એ કાંઈ એવો પદાર્થ નથી કે તે એને હાનિ કરે. વૈરાગ્યની તો ઘડીએ ઘડીએ દરેક માણસને જરૂર પડે છે. વૈરાગ્યે જેના અંતઃકરણમાં સ્પર્શ કર્યો નથી, તેને આ સંસારમાં દુઃખનો પાર નથી. પણ હમણાં તો ઘટિત હોય તો સારૂં.

વિજયા કહે છે, કેમ ઉંઘ આવી ગઇ કે શું ? મારી વાતનો કાંઇ જવાબ દીધો નહિ. હજી તો પહેલી રાત છે માટે નજરમાં આવે તો;—હજી સુવાની તો ઘણી વાર છે, અને પુરુષનો પક્ષ કરી જવાબ ન દેવો હોય તો આપની મરજી.

મનોહર પ્રસન્ન મુખથી કહે છે, હે સુવિચારવાળી ! તું ધીરજ રાખ, અને શાંત ચિત્તથી મર્યાદા રાખીને બોલ. હું તારા વિષે જ વિચાર કરતો હતો. એટલામાં તને ધીરજ ના રહી. તો આમ કરવાથી તારો ન્યાય તારી મેળે જ કરી નાંખીશ તેથી ઉતાવળ કરીશ નહિ. અને મારી વાર્તાને સાંભળજે. હું મારા મનમાં તારી [2]ચમત્કારી બુદ્ધિનો વિચાર કરતો હતો. તેં કથામાં જઇને જે વચનો યાદ રાખ્યાં છે, તે બદલ તને શાબાશી ઘટે છે. તેમ જ તે વાક્યોમાં જે સંશય તેં

૧ ખરેખરૂં જોતાં. ૨ અજાયબજેવી.

કર્યો છે તે સંશય પણ કાંઈ સાધારણ માણસ કરે એવો નથી. તેમ જ એ તારા વિચારથી એવું ખુલ્લી રીતે જણાય છે કે તારૂં અંતઃકરણ સાર અસાર એટલે દરેક કામમાં સારૂં નઠારૂં અથવા ખરૂંખોટું શોધી કાઢવાને સમર્થ છે. તેમજ ખોટા ઉપર તને ત્રાસ છે, તેથી એ વાર્તા તો નક્કી સમજાય છે, કે તું તારા ધર્મઉપર પ્રીતિવાળી છે, તથા ખોટે માર્ગે ચાલનારી નથી. તોપણ હરેક વાતમાં ઉતાવળ કરે છે, અને ગભરાઈ જાય છે, ને પાછળથી ઘણું થાય તો તપી જાય છે, એટલો જ માત્ર દોષ છે. તેથી જો તું શાંતચિત્તવાળી, ધીરજ ધરનારી તથા સહન કરવામાં વિચારવાળી થાય, તો તારા સમાન ગુણવાળા પુરુષ પણ જગત્‌માં થોડા હોવા સંભવે છે. જો! તારી બુદ્ધિ, [૧]વિનય, વિવેક તથા વ્યવહારમાં કુશળતા આદિ ગુણો જોઇને હું તારા ઉપર થોડો પ્રસન્ન નથી. તારા સરખી સ્ત્રી મને ના મળત તો હું કેવાંએ દુઃખનો અનુભવ કરતો હોત. પણ ઇશ્વરની મારા તથા તારા ઉપર કૃપા છે, એમ હું સમજું છું. હવે મને આશા છે કે તારી [૨]વૃત્તિમાં સહજ ફેરફાર થવો જોઇએ છે, તે થોડા દિવસમાં થઈ જશે. પણ સાંભળ, તારી પૂછેલી વાતઉપર હવે આપણે વિચાર કરીએ. વળી તું અકળાઇને કહીશ કે આવું લાંબુ લાંબુ બોલીને મારી વાત ઉડાવી દો છો, ને પાધરો જવાબ દેતા નથી; માટે તારૂં સમાધાન થાય તે પ્રમાણે કહું છું. પછી વાંધા જેવું લાગે તો તું મને પૂછજે, તને રજા છે.

વિજયા કહે છે, આપને અમર્યાદાથી કાંઈ બોલાયું હોય તો ક્ષમા કરજો, અને હવે પછી હું આપના કહેલા શબ્દને ભુલીશ નહિ. મારા કલ્યાણની વાત તમે કહો અને તેમાં જો હું દુઃખ લગાડું તો પછી મારા જેવું કોઈ મૂર્ખ નથી. મને સમજાય તેવાં સુબોધનાં વચનો ગમે તેટલા લંબાણથી આપ મને કહેશો તો તેથી કાંઇ મને ત્રાસ થવાનો નથી. ઉલટી આપના મુખથી લાંબી વાર્તા સાંભળવાથી તેમાં અનેક લાભ મળે એવાં વચનો નીકળતાં જાય છે, તેથી મને વધારે આનંદ થાય છે. માટે તે વિષે કાળજી કરશો નહિ. અને કૃપા કરીને કોઈ પણ રીતે [૩]વ્યાખ્યાન કરીને મારા મનનું સમાધાન થાય તેમ કરો. મને હજી પૂરૂં ઘરના વ્યવહારનું પણ ભાન નથી, તો શાસ્ત્રનું કે નીતિનું કે પરમેશ્વરના સ્વરૂપનું જ્ઞાન તો હોય જ શેનું? અને તમે તો આખા શહેરમાં મોટા વિદ્વાન્‌માં ગણાઓ છો. તેથી કોઈ જાણે કે એમના ઘરનું માણસ તો કેવું જ્ઞાનવાળું હશે; ને મને પૂછે તો બ્રહ્મ અક્ષરે

---

૧ નમ્રતા. ૨ ચિત્તની હાલતમાં. ૩ લંબાણથી સારૂ સમજાય તેવું બોલીને.

આવડતો નથી. આ બધી શરમની વાત છે કે નહિ? પણ એમાં વાંક સઘળો મારો છે, કેમકે હું આખો દિવસ આડીઅવળી લોકોની કુથલીની વાતો કરૂંછું પણ બે ઘડીએ તમારે મોઢેથી કાંઇ સાંભળતી નથી. જો તેમ કરતી હોઉં તો પછી આવી મૂર્ખ આજ સુધી રહું? હશે, આટલા દહાડા તો જે થયું તે ખરૂં પણ હવે રોજ રાત્રે વાળુ કરીને ચાર ઘડી તમારી પાસેથી સુબોધનાં વચન સાંભળીશ, તથા મને સંશય હશે તે પુછીશ, અને પછી ધીરે ધીરે હું મારી મેળે સુધરીશ. કેમ ખરૂં કે નહિ?

મનોહર કહે છે, એ સઘળી વાત ખરી છે, પણ હમણાં બે ઘડીનું એ ડહાપણ છે. પાછી સવાર થઇ કે તું આડોસણપાડોસણની સાથે નવરી પડીને લોકોના કાથાકબલા કરીશ, ને વખતે તને હું શીખામણ દેવા જઇશ, ત્યારે મોઢું ચઢાવીશ. બાકી જેવું હમણાં તને જ્ઞાન થયું છે, ને નરમાશથી સમજણવાળી થઈ છે, ને વાત કરે છે, તેવી સમજ જો રોજ રાખીશ, તો થોડા દિવસમાં, જો! લોકોમાં કેવી તારી [1]સુકીર્તિ થાય છે તે! જો! જેમ જેમ મારી આજ્ઞાપ્રમાણે તું ચાલીશ, તેમ તેમ પરમેશ્વરની તારા ઉપર કેવી કૃપા થાય છે! આથી કાંઇ મારૂં કહેવું એમ નથી, કે હમણાં તું મારી આજ્ઞાપ્રમાણે નથી ચાલતી કે જાણવા યોગ્ય કાંઈ જાણતી નથી. હું ખાતરીથી કહું છું કે આપણા શહેરમાં મોટા મોટા શાસ્ત્રી, પુરાણી અને રાજકારભારી તથા શ્રીમંત લોકોની જેટલી સુઘડ સ્ત્રિયો ગણવા જોગ છે, તેમાં તારા જેવી સદ્વિચારવાળી તથા તારા સમાન સુસ્વભાવવાળી તથા પોતાના પતિની આજ્ઞા પ્રમાણે જ ચાલનારી અને દુરાચરણમાં પગલું પ્રાણ જતાં પણ નહિ જ મુકનારી તેમ જ સમયને ઓળખી વર્તનારી, તથા ગુણદોષનાં સ્વરૂપને જાણી પોતાના મનને સુધારનારી તથા પરમેશ્વરમાં ચિત્ત જોડવાની રુચિ તથા અભ્યાસવાળી છતાં સઘળા વ્યવહારમાં કુશળતાવાળી તારા સમાન વયની એક પણ સ્ત્રી નથી. આટલું છતાં પણ જેમ ગમે તેવા વિદ્વાન્ કે સમજણા પુત્ર કે શિષ્યને માતાપિતા કે ગુરુ બાળક સમાન જાણીને કોઇ સમયે પોતાની રુચિપ્રમાણે બોધ આપે છે, તેમ તું સર્વ પ્રકારના ડહાપણવાળી છે તો પણ મારો ધર્મ છે તેથી હું તને કોઈ પ્રસંગે શીખામણ દઉં એમાં કાંઈ અણઘટતું ગણાશે નહિ. તું જાણે છે? ઘેર ઘેર કાદવના ચૂલા છે. ઘણા પુરુષો બહાર રથ, મ્યાના, પાલખીઆદિ વાહનોમાં બેશીને તિસ્મારખાં થઇને ફરે છે, પણ ઘરમાં ગયા કે બકરીજેવા! સ્ત્રીઆગળ કાંઇ ચાલે નહિ! અને તે સ્ત્રિયો પણ મહા [2]જાજવલ્યમાન; ને તેને ગણે પણ નહિ. આ

૧ આબરૂ. ૨ કોઇને વશ ન થાય તેવી.

સઘળી અનીતિ જાણવી. એ પુરુષનું પુરુષપણું નહિ જાણવું. અને પોતાના પતિની મર્યાદા મૂકીને ચાલનારી સ્ત્રી પણ શંખિની જાણવી. એવાં બુદ્ધિવિનાનાં મૂર્ખ સ્ત્રીપુરુષનાં મુખ સવારમાં જોયાં હોય, તો આખો દિવસ પાપમાં ને ક્લેશમાં જાય; તેથી તેવાંનું નામ તો ઢાંકી મૂકવાનું. આ ઘડીએ તો પરમેશ્વરનું કે પુણ્યવાન્ પ્રાણીનું નામ સંભારવું સારૂં છે. ખરે ! જો ! આપણે શી વાતમાંથી આડી વાતઉપર ચઢી ગયા. હા, સ્ત્રીજાતિએ પોતાના પતિની આજ્ઞા પાળવી, તથા આપણો ધર્મ જાણવો, તથા તે પ્રમાણે ચાલવું એ સંસારમાં તરવાનો ઉપાય છે. હવે જો ! તેં જે કથામાંથી સાત વચન સાંભળી સ્મરણમાં રાખ્યાં છે, તેના સમાધાનની તારી ઇચ્છા છે, તો હવે તું પ્રીતિએ કરીને સાંભળ. એ સાત પ્રશ્નનું તું કહે તો ટુંકામાં સમાધાન આપી દઉં, અને તું કહે તો સ્ત્રીજાતિનાં સર્વ ધર્મ, કર્મ, ઉત્તમ નીતિઆદિ સઘળી વાર્તા જેમાંથી સમજાય, એવું એક ધર્મકુટુંબનું અતિ ઉત્તમ [1]આખ્યાન કહી સંભળાવું. તે આખ્યાન મોટા પુણ્યવાળાંના સાંભળવામાં આવે છે. કારણ કે તે ધર્મકુટુંબ સંપૂર્ણ ધર્મને આ જગતમાં સ્થાપનાર છે; અને ધર્મના સ્થાપનારને ઈશ્વરના સમાન જ ગણવાયોગ્ય છે. તેથી ઈશ્વરની કથા સાંભળવાની જેમ પુણ્યવાન્ પ્રાણીને જ પ્રીતિ થાય છે, તેમ ઈશ્વરરૂપ ધર્મને સ્થાપનાર આ ધર્મકુટુંબની કથા પણ તેવાં [2]સુકૃતિવાન્ ભાગ્યશાળીને સાંભળવી ગમે છે. તેથી હવે જો તારી ઇચ્છા હોય, તો તારા આ પ્રશ્નનું સમાધાન પ્રથમ કહું, ને તું કહે તો એ કથા કહું. એ કથામાં પણ તારા પ્રશ્નોનું સમાધાન તો આવી જ જવાનું છે. પણ એટલું છે કે તે કથા [3]વિસ્તારવાળી છે; તેથી તેમાં ધીરે ધીરે ઠેકાણે ઠેકાણે તારા આ પ્રશ્નોનું સમાધાન થશે. જો તને એવી ધીરજ રહે તો તેમ, નહિ તો તારી ઇચ્છાપ્રમાણે; મારે તો બંને વાર્તા કબુલ છે.

વિજયા કહે છે, આપના આગળ હું [4]મંદમતિવાળી શું કહું ? આપની ઇચ્છાપ્રમાણે કહો. પણ મારી તો એજ ઇચ્છા છે કે જે પ્રમાણે મારૂં કલ્યાણ થાય, અને દિનપ્રતિદિન મારી બુદ્ધિ સુધરતી જાય, એવું કાંઈ પણ રોજ ચાર ઘડી મને સંભળાવો. મારે કાંઈ આ પ્રશ્નની ઉતાવળ નથી. આપ ધીરે ધીરે મને, મારી સમજવા લાયક બુદ્ધિ થતી જાય, તેમ તેમ સમજાવતા જજો. પણ હાલમાં તો મારી એવી જ ઇચ્છા છે કે આપ કૃપા કરીને આ પવિત્ર ધર્મકુટુંબની કથા

૧ વાત. કથા. ૨ પુણ્યવાન. ૩ લાંબી. ૪ ઓછી બુદ્ધિવાળી.

[1]વિસ્તારપૂર્વક કહો. તેમાંથી મારૂં સમાધાન થશે. ને પછી બાકી રહેશે, તો હું આપને વિનતિ કરીશ. મારા દુર્ગુણો હોય, તે મને દયા લાવીને ઘડીએ ઘડીએ કહેતા રહેજો. એથી મને દુઃખ લાગવાનું નથી. અને દુઃખ લાગે તોપણ કાંઈ ચિંતા નથી. કડવું ઓસડ ગુણ કરે છે; માટે આપનું કડવું વચન, મારા ફાયદા વાસ્તે સહન કરવું, એ મારો ધર્મ છે; અને કડવું વચન કહીને પણ મારા દોષ કાઢવા અને મને સુધારવી, એ આપનો ધર્મ છે. તેથી હવે તો કૃપા કરીને આજથી જ એ કથાનો આરંભ કરો, નહિ તો મને રાત્રે ઉંઘ આવશે નહિ. આપની ઇચ્છા હોય તો થોડું કહીને પછી બંધ કરજો; અને આજ સુધીમાં મારો જેટલો [2]અપરાધ થયો હોય તે સઘળો ક્ષમા કરજો. તે બદલ હું આપને પગે લાગુ છું. પ્રેમમાં નિયમ રહેતો નથી, તેથી કોઈ સમયે પ્રીતિના [3]આવેશમાં મારાથી અયોગ્ય [4]વર્તણુક થઈ અમર્યાદાથી શબ્દ બોલાય તો તે જગાએ મને આપ યોગ્યાયોગ્યની સૂચના કરજો, તથા બોલવાની રીત પણ સુધારજો. હવે આપની પ્રસન્નતા હોય, તો ધર્મકુટુંબની કથાનો આરંભ કરો. મારો બોલ્યાનો તો પાર જ આવવાનો નથી. કેમ, આજ આરંભ કરશો ?

મનોહર પ્રસન્ન મુખથી કહે છે, હે સુકથામાં પ્રીતિવાળી ! હવે સાવધાન થઇને તું એ ધર્મકુટુંબની, પાપને નાશ કરનારી, કથાને સાંભળ, અને તે સ્મરણમાં રાખજે. હું કહું તે પછી ભૂલીશ નહિ. કેમકે ઘણાં માણુસ તો સાંભળવાને પ્રીતિ દેખાડે છે; પણ જ્યારે કોઈ કહે છે, ત્યારે આ કાને સાંભળે અને બીજે કાને કાઢી નાંખે છે. અંતરમાં ઉતારી તેનો વિચાર કરી તેમાંથી ફાયદો લેતાં નથી. પણ તું તેમ કરીશ નહિ. હું તને આગલા દિવસની સાંભળેલી કથા ગમે તે વખતે પૂછી જોઇશ, માટે યાદ રાખજે. કેમ સાંભળ્યું કે ?

વિજયા કહે છે, હા હા, અક્ષરે અક્ષર ગમે તે વખતે પૂછજો. હજી કહ્યા પહેલાં મારો ભરોંસો રાખતા નથી તે શા કામનું ? પછી જોજો, હું ભૂલું તો મને ઇચ્છાપ્રમાણે સજા કરજો. હવે કૃપા કરીને આરંભ કરો.

મનોહર કહે છે, બોલ ' સદ્ગુરુદેવકી જય. ' હવે પલાંઠી વાળીને બે હાથ જોડીને બેશ, અને લક્ષ રાખજે.

પૂર્વે આ મણિપુર નગર ઘણા વિસ્તારવાળું હતું. તથા મુખ્ય ચાર, પણ હાલ ગણાતી અઢારે [5]વર્ણથી એ નગર વસેલું હતું. વ્યાપારનું એ મોટું બંદર ગણાતું હતું. એમાં બે હજાર તો [6]અગ્નિહોત્રી

૧ લંબાણ કરીને. ૨ ગુનો. ૩ જુસ્સામાં. ૪ ચાલ. ૫ જાતથી. ૬ સવાર સાંજ અગ્નિમાં હોમ દેનાર.

બ્રાહ્મણ હતા, તથા ત્રણ હજારને સુમારે વિદ્યાર્થિઓ તો એકલા વેદના ભણનારા હતા; તથા તેવા જ અનેક વિદ્યાર્થિઓ જૂદાં જૂદાં શાસ્ત્રોને ભણનારા હતા; તથા તે જૂદાં જૂદાં શાસ્ત્રોને ભણાવનારા [૧]દિગંત કીર્તિને પામેલા વિદ્વાન્ બ્રાહ્મણો પણ ઘણા હતા. તે વિના નગરની આજુબાજુ પવિત્ર મનવાળા બ્રહ્મચારી તથા સંન્યાસિઓનાં ઉત્તમ સ્થાનો હતાં. તેની એક બાજુથી જગતને [૨]પાવન કરનારી સૂર્યની પુત્રી આ તાપી નદી તે કાળથી વહે છે. એ નગરમાં જૂદા જૂદા પ્રકારના દેશ દેશના વ્યાપારીઓ નાના પ્રકારના પદાર્થોને લાવવા લઈ જવાના કામને કરનારા હતા, તથા ત્યાં જૂદી જૂદી જાતના પદાર્થોને વેચનારા મોટા મોટા વ્યાપારીનાં જથાબંધ બજાર સોથી પણ વધારે હતાં. હે સ્ત્રી ! [૩]સંક્ષેપમાં કહું છું કે તે શહેરમાં જે વસ્તુ જોઈએ તે મળતી તેથી ત્યાંની પ્રજા સ્વર્ગના સમાન સુખને ભોગવતી. આ જગત્માં એવી કહેવત લોકો કહે છે કે ‘બધુએ મળે, ન મળે એક મા ને બાપ.’ પણ એ નગરમાં ધર્મનાં માબાપ પણ મળતાં હતાં. એ નગરનો રાજા પણ મોટા [૪]ઐશ્ચર્યવાળો તથા સર્વ [૫]દેશપતિઓમાં મુખ્ય ગણાતો હતો. એ રાજા પુણ્યવાન્ તથા પોતાના ક્ષત્રિયધર્મને પાળનારો હતો. બ્રાહ્મણાદિ પોતાની જૂદી જૂદી પ્રજાના ધર્મને પણ તે રાજા જાણતો હતો, તેથી પ્રજાને પોતપોતાના ધર્મ પળાવવામાં પણ તે પ્રયત્ન કરતો રહેતો, તથા જે જે પ્રાણી પોતાના ધર્મે ચાલતાં, તે તે પ્રાણીઉપર તે રાજા પ્રીતિ રાખતો. પોતાની પ્રજાનાં દુઃખસુખનો વિચાર નિત્ય કરતો, તથા હરેક પ્રયત્ને પોતાની પ્રજાને સુખ આપવાને ઉદ્યમ કરતો. એ નગરમાં સઘળી વિદ્યાને જાણનારો એક વૃદ્ધ બ્રાહ્મણ રહેતો હતો. તેના સઘળા ઉત્તમ ગુણોને અને [૬]વિદ્વત્તાને દેશ દેશના લોકો જાણતા હતા, તેથી તે પુરુષને સર્વ લોકો ધર્મનો અવતાર છે, એમ માનતા. એ નગરનો રાજા પણ એ ધર્મના અવતારરૂપ બ્રાહ્મણનું દર્શન દિવસમાં એક વાર કરતો, તે બ્રાહ્મણની સ્ત્રી પણ તેના જેવી સર્વ વ્યવહારમાં કુશળ તથા પોતાના ધર્મને રુડે પ્રકારે પાળનારી હતી. તેને ત્રણ પુત્ર તથા ચાર પુત્રી મળી સાત બાળક હતાં. તેમને પણ તે સ્ત્રી નાનપણથી જે જે વખતે જે જે પ્રકારની કેળવણી આપવી જોઇએ તે તે પ્રકારની આપતી હતી, તેથી તે બાળકો પણ [૭]સર્વશુભગુણસંપન્ન હતાં. ટુંકામાં એટલું જ કે તે સાત છોકરાં તથા તેમનાં માતાપિતા, એ સઘળાં પોત-

---

૧ દશેદિશાઓના છેડાસુધી એટલે આખી પૃથ્વીમાં. ૨ પવિત્ર. ૩ ટુંકામાં. ૪ ધનવગેરે દોલતવાળો. ૫ દેશના રાજાઓમાં. ૬ જ્ઞાનને. ૭ સર્વે સારા ગુણવાળાં.

પોતાના કામમાં કુશળ તથા સ્વધર્મને સારી રીતે જાણનારાં હતાં, તેથી તેમને સર્વ લોકો ધર્મકુટુંબ એ નામથી ઓળખતાં. હે સુબુદ્ધિવાળી! હવે એક સમયે તેની મોટી પુત્રી જેનું લગ્ન થયું હતું, તેને સાસરે વિદાય કરવાનો સમય પાસે આવ્યો ત્યારે તેની માતાએ તે પુત્રીને કેવો બોધ આપ્યો છે, તે પ્રથમ હું તને કહું છું. એ બોધ એવો છે કે તે સાંભળીને તે પ્રમાણે ચાલનારી સ્ત્રી આ જગતમાં કોઈ દિવસ દુ:ખી થાય નહિ, અને અંતે પરમેશ્વરના પદને પામે. માટે પ્રથમ તું એ બોધને સાવધાન થઈ સાંભળ. એ સ્ત્રીનું નામ લક્ષ્મી હતું, તથા તે પુત્રીનું નામ સરસ્વતી હતું. જ્યારે તે માતાએ જાણ્યુ કે આ પુત્રીને હવે તેને સાસરે વિદાય કરવી છે, ત્યારે તેણે પ્રથમ આ પ્રમાણે વિચાર કર્યો:

લક્ષ્મી વિચાર કરે છે:—આ સંસારમાં પુત્રીની માતાને સુખ માનવાનું નથી. કારણ કે પુત્રી [1]સુલક્ષણી ઉત્પન્ન થાય છે, તો તેના માતપિતાઆદિને [2]સદ્‌ગતિ આપનાર થાય છે; અને [3]કુલક્ષણી થાય છે, તો તો તેના પૂર્વજોને નરકમાં નાંખનાર થાય છે, તેથી કોઈ પણ ગૃહસ્થને ઘેર છોકરીનો જન્મ થાય, ત્યારે તેની પ્રથમ અવસ્થાથી જ માતાપિતાઆદિ વડિલોએ તેને ઉત્તમ નીતિ તથા સદ્‌ગુણ શીખવતાં જવું. તેને કદાચિત્ પણ [4]ઉન્મત્ત આચરણ કરવા અથવા [5]સ્વચ્છંદે ચાલવા ન દેવી. આ આદિ પુત્રીની માતાના પુત્રીપ્રત્યે ચાલવાના ધર્મને તો મેં સારી રીતે [6]પાલન કર્યાં છે, અને તેથી આ પુત્રી પણ સારા સ્વભાવવાળી નીવડી છે. તોપણ સર્વળી રીતભાતવિષે મારે એને હવે સારી રીતે જાણીતી કરવી જોઇએ.

મનોહર કહે છે, હે સ્ત્રી! આવો વિચાર કરીને નવરાશના વખતમાં રોજ છોકરીઓને પાસે બેસાડી થોડો થોડો બોધ આપવો એ ઠીક છે એમ નિશ્ચય કરી સર્વ છોકરીઓને બોલાવી મોટી છોકરીપ્રત્યે લક્ષ્મી આ પ્રમાણે બોધ આપવા લાગી:

લક્ષ્મી કહે છે, હે સરસ્વતિ! હવે તું થોડા વખતમાં તારે સાસરે જઇશ, માટે હવે જે વચનો હું કહું છું તેને તારા અંત:કરણમાં એટલે હૃદયમાં લખી રાખજે; નહિ તો તું દુ:ખી થઇશ અને માબાપને ગાળો ખવડાવીશ.

જો બહેન! આ લોકમાં એવો નિયમ જણાય છે કે છોકરાની મા પોતાના મનમાં ઘણું અભિમાન રાખે છે, તથા તે પોતાના મનમાં એમ સમજે છે કે હું દીકરાની મા છું, તેથી મારે કાંઈ કોઈને પગે લાગવાનું નથી; છોકરીની મા ઉલટી મને પગે લાગશે, તેથી હું ભા-

૧ સારાં લક્ષણવાળી. ૨ સારી ગતિ. ૩ નઠારાં લક્ષણવાળી. ૪ નઠારાં. ૫ પોતાની મરજીપ્રમાણે. ૬ પાળ્યો છે.

અશાળી છું. પણ આ તેની સમજણ સારી નથી. બુદ્ધિવિનાની તથા વિચારવિનાની સ્ત્રીઓ જ્યાં સુધી પોતાને છોકરી નથી થઇ, ત્યાંસુધી એવું અભિમાન રાખે છે. પણ ઉચ્ચ કુળની સુવિચારવાળી સ્ત્રી તો છોકરાની મા હોય છે તોપણ ઘણો નમ્ર સ્વભાવ રાખે છે.

આપણા લોકોનો એવો ચાલ છે કે જ્યાંસુધી છોકરાને કન્યા મળતી નથી, ત્યાંસુધી તેની માને કન્યા મેળવવાની પ્રીતિ રહે છે; અને જ્યારે કોઈ કુળવાનની છોકરી સાથે મોં બોલ્યા વિવાહ થાય છે, ત્યારે તો તે છોકરાની મા પોતાના વેવઇવેવાણને પ્રીતિ દેખાડે છે, તથા તે છોકરીને પણ ઘણું હેત દેખાડે છે, અને પોતાના દુર્ગુણ અથવા ક્રૂર સ્વભાવને તેમના આગળ પ્રકટ કરતી નથી. કારણ કે જો કોઈ તેનો નબળો સ્વભાવ જાણે, તો એના છોકરાને તે કન્યા આપે નહિ. તેથી પોતાનો સ્વાર્થ સાધી લેવા વાસ્તે તે છોકરાની મા કન્યાઉપર તથા તેનાં સગાંવહાલાંઉપર ઘણો પ્રેમ જણાવે છે. જ્યારે લગ્નક્રિયાનો નિશ્ચય થાય છે, ત્યારે પણ તે છોકરાનાં મતલબી માબાપઆદિ [1]નિકટનાં સંબંધી પોતાની [2]સાલસાઈ દેખાડે છે, તથા મોટો [3]સમારંભ માંડે છે, અને ધામધુમથી તે લગ્નના કાર્યને કરે છે. ત્યાં બે બાજુનાં માણસો જો ઘણા વિચારવાળાં તથા ડાહ્યાં હોય છે, ત્યારે તો લડાઈ થયા વિના તે વરકન્યા પરણે છે, અને જો એક બાજુનાં માણસો નઠારા સ્વભાવનાં હોય છે, ત્યારે તો થોડો કંકાસ થાય છે, અને જ્યારે બે બાજુનાં માણસો સરખા નીચ સ્વભાવનાં મળે છે, ત્યારે તો સર્વ લોકોના જાણવામાં આવે એવો ભારે ક્લેશ થાય છે. તેથી લોકરૂઢિ-પ્રમાણે લગ્ન તો થઈ જાય છે. પણ સર્વનાં મન ખાટાં થઈને સબંધ બંધાય છે, તેથી જીવતા સુધી કજીઓકંકાસ વેઠે છે. આથી બે બાજુ-નાંને સુખ થતું નથી. વળી કોઈને કન્યા ન મળતી હોય અથવા કન્યા મળેલી છતાં પણ લગ્નની ક્રિયા થતાં સુધી પણ વિવાહભંગ થવાનો ચાલ હોય તો તેવે સમયે તે નીચ સ્વભાવનાં માણસો હરેક [4]નિમિત્ત કરીને છોકરીને પરણાવતાં નથી; અને છોકરાના તરફના માણસો નીચ સ્વભાવનાં હોય છે, તો નરમાશથી [5]હસ્તમેળાપ થયા સુધી પોતાનો રોષ જણાવતાં નથી, પણ પાછળથી ક્લેશ કરે છે. હે પુત્રિ ! સાધારણ રીતે જોતાં એવું સ્થાન તો ક્વચિતજ નીકળે કે જેને ત્યાં લગ્નનો સમય આવ્યો હોય, અને વઢવાડ ન થઈ હોય: અર્થાત્ દરેક જગ્યાએ જ્યાં લગ્નનો સમારંભ થયો કે ત્યાં કોઈપણ નિમિત્તથી

૧ નજીકનાં. ૨ ગરીબી. ૩ ઓચ્છવ. ૪ બહાનું. ૫ વરકન્યાનો હાથ મેળવવો તે.

ક્લેશ થયા વિના રહેતો નથી. આવી નઠારી ચાલથી લગ્ન થયા પછી પણ ઘણી વખતે એમ જણાય છે કે જ્યાંસુધી છોકરી નાની વયની હોય, અને પોતાને ઘેર ન રહેતી હોય ત્યાંસુધી તો તે છોકરીની સાસુ વગેરે તે છોકરીનાં માબાપને પ્રીતિ દેખાડે છે, તથા તે પોતાના દીકરાની વહુને ઘણું હેત દેખાડે છે, તથા પોતાને ઘેર તેને વારંવાર તેડે છે, જમાડે છે, અને સુખ દેખાડે છે; અને એમ કરતાં કરતાં જ્યારે તે વહુ મોટી થાય છે, અને પોતાને ઘેર રહે છે, ત્યારે તો તેની નીચ કુળની તથા નઠારા દુષ્ટ સ્વભાવની સાસુ તથા નણંદ તેને અત્યંત દુઃખ દે છે. તે એટલું કે તે વહુથી સહન પણ ન થાય. આ સઘળું છતાં પણ કુળવાન્ માતાપિતાની છોકરી તે સાસરીઆંની પ્રીતિ મેળવવા અનેક ઉપાયને કરે છે, અને દુઃખને વેઠે છે, પણ નીચની પેઠે રોજ પરસ્પર લડતી નથી.

આવા દુઃખરૂપ છોકરીના જન્મને તમે પામ્યાં છો, તેથી વહાલી દીકરીઓ ! તમે સર્વે મારાં આ સઘળાં વચનોને સંભારી રાખજો. તેમાં પણ હે સરસ્વતિ ! તારે તો જરૂર સમજી રાખવાં. કેમકે હવે તારે સાસરે જવાનું નજીક આવ્યું છે.

સરસ્વતી આ વચનો સાંભળી કહે છે, હે માતા ! તમે મારા તરફની લગાર પણ ફિકર રાખશો નહિ. હું તમને ગાળ ખવાડીશ નહિ. તમે મને આજસુધીમાં સઘળો સુબોધ આપ્યો છે, તથા સંસારનું સુખદુઃખ બધું સમજાવ્યું છે; માણસોની રીતભાત તથા સ્વભાવ પણ મને સમજાવ્યા છે; તથા કોની સાથે કેમ ચાલવાથી તેની પ્રીતિ મેળવાય છે, એ વાર્તાને પણ તમે મને સારી પેઠે સમજાવી છે, તે સર્વેને હું હજી ભૂલી ગઈ નથી. તેથી મારે વિષે ચિંતા કરશો નહિ, અને આ ક્ષણે જે કાંઈ મને કહેવા જેવું હોય, તે ભલે કૃપા કરીને કહો; એ પણ હું ધ્યાનમાં રાખીશ.

લક્ષ્મી કહે છે, બેટા ! તને કાંઈ કહેવું પડે એમ તો નથી, તેમ છતાં પણ પણ મારો માતાનો ધર્મ છે, તેથી છેલ્લી શીખામણ દઉ છું, તેથી તું એમ ન જાણીશ કે તારી મને ચિંતા છે. હું જાણું છું કે તું મારા [1]ઉદરમાં રત્ન પાકી છે, તે મને લગાર પણ [2]લાંછન આવે એવું તું કરીશ નહિ. હે સરસ્વતિ ! હવે માત્ર સાસરામાં તારે દિવસરાત્રિનો વખત કેમ ગાળવો, એ જ વાર્તા પ્રથમ તને સંભળાવું છે. તે પ્રમાણે વિચારીને ચાલજે.

અહિંથી જઈને તો આ સાસુને પગે મૂકવાની ભેટ છે તે મૂકીને

૧ પેટમાં. ૨ એબ.

પગે લાગવું, તથા તેથી નીચા દરજ્જાનાં નણંદ વગેરે છે, તે સર્વને માટે નિયમિત ભેટ લઈ જઈશ, તે તે તેમને આપીને પગે લાગજે; તથા પગે લાગવા જોગ નહિ એવી નાની નણંદ તથા દેરાણી હોય, તેમને તેમની પ્રીતિ જોઈ [1]આલિંગન દેજે, અથવા તો હસતે મુખે તેમની સુખાકારી પૂછજે. પિતારૂપ સસરાને માત્ર પગે લાગજે. બીજા વડિલ પુરુષવર્ગની સમીપ જઈશ નહિ; પણ પૂછવાથી મર્યાદામાં રહી ઘટતું ઉત્તર વિનયથી આપજે; તથા એકાંતના સમયે પતિને વિનયથી ચરણે મસ્તક મુકી નમજે, તથા પ્રિય વચન વગેરેથી સંતોષને પમાડજે.

હે [2]સુતા! તને સંબંધીવર્ગમાંથી કોઇ પણ કાંઈ કઠોર વચન બોલે, તો જરા પણ ઉત્તર વાળીશ નહિ; પણ પ્રસન્નચિત્તથી આપણા ઘટિત કામને કરતી જજે, તથા આપણા ઘરમાં સાસુ સસરો અથવા બીજાં કોઈ ગમે તે વાત કરતાં હોય તો સાક્ષાત્ આપણને બોલાવ્યા વિના તું તે સાંભળવાની ઇચ્છા કરીશ નહિ. તથા સાંભળવામાં આવે, એવી પાસેની જગામા ગાફલપણાથી રહીશ નહિ; પણ આજુબાજુ કામમાં પ્રવેશ કરજે; અને કદાપિ કોઈની તેવી કોઈ પણ વાત સાંભળવામાં આવી હોય, અને તે વાત બીજાને કહેતાં કોઈને નુકસાન થવાનો સંભવ હોય તો તેવી વાર્તા કોઇના આગળ પ્રકટ કરીશ નહિ; તથા કોઈને નુકસાન ન થાય એવી શીખામણની વાત હોય તો પ્રીતિવડે પૂછનારને [3]મૃદુ વાણીથી મધ્યમ અવાજે કામ જેટલી કહી સંભળાવજે. વળી હે સરસ્વતિ! ખરા કારણથી પણ સાસુની આજ્ઞાવિના એક ઘરને પણ અંતરે જઈશ નહિ, તેમ જ પાડોશીના ઘરમાં પણ જઈશ નહિ; અને સાસુ ન હોય અને જવાની જરૂર જણાય તો પતિને અથવા તે ન હોય તો ઘરના કોઈને પણ અગત્યના કારણની સૂચના કરી તેને ઘેર જવું. તેમાં પણ પુરુષ ન હોય એવા પારકા ઘરમાં ખરે કામે જવું, પણ સ્ત્રી વગરના, એકલા પુરુષના ઘરમાં કારણસર પણ એકલાં પ્રવેશ ન કરવો. કારણ કે દુર્જન હોય તે વગર વિચાર્યું જૂઠું પણ આળ મૂકવા ડરતા નથી. તેથી સંભાળીને ચાલવું. હે પ્રિય પુત્રિ! આપણાથી મોટી ઉમરની સ્ત્રિયો વાતો કરતી હોય, તો તેમના પૂછ્યા વિના વચ્ચે બોલવું નહિ. તથા આપણને પૂછવાથી પણ જો કોઈને દુ:ખ લાગવા જેવું હોય, અથવા તે બોલવાથી બીજાનું માનભંગ થવા જેવું હોય, તેવી વખતે, પૂછવાથી, ઘટે એટલું સર્વને સુખ ઉપજાવનારૂં વચન બોલવું. આપણ ઘરનું કાંઈ પણ કામ હોય તે ઘરની વડિલ સ્ત્રિયોની આજ્ઞા-

૧ ભેટજે. ૨ દીકરી. ૩ કોમળ.

પ્રમાણે કરવું, તથા તેમની આજ્ઞાપ્રમાણે કરવામાં કાંઈ નુકસાન જેવું આપણી નજરમાં આવે તો તેમને ખોટું ન લાગે એવી ગોઠવણથી તે વાત આપણા ઉપર પ્રીતિ રાખનાર વડીલની મારફતે પ્રકટ કરવી, અને તે વિષે પોતાનો [1]અભિપ્રાય જણાવવો. પરંતુ કામ સોંપે કે તરત તે સોંપનારની મૂર્ખાઈ ઉઘાડી પાડી આપણું ડહાપણ પ્રકટ ન કરવું. કારણ કે તેની બુદ્ધિપ્રમાણે કરેલા સુખરૂપ નિશ્ચયને તે જ વખતે દોષવાળો જો કોઈ કહે છે, તો તે દોષ કાઢનાર ઉપર તેને ક્રોધ ચઢે છે. તેથી મોટાની આજ્ઞા એકવાર કબુલ કરીને ક્ષણ પછી જો કહેવા યોગ્ય સ્થાન હોય, તો તેનું દૂષણ કહેવું; અને ન કહેવા યોગ્ય હોય, પણ તેની આજ્ઞાપ્રમાણે કરવાથી ભારે નુકસાન થવા જેવું હોય તો તે જ વખતે તેને આપણી બુદ્ધિપ્રમાણે વિનયથી કારણસર કહી સમજાવવું, ત્યાર પછી જો તે આપણા ઉપર ક્રોધ કરી કઠોર વચન કહે તો તે સહન કરી રહેવું, અને તેની ઇચ્છા પ્રમાણે કામ કરવું. વળી હરેક કામ કર્યા પછી પણ આપણા દોષ નહિ છતાં જો કોઈ દોષ કાઢી આપણને કાંઈ કઠોર વચન કહે તો તે સાંખી રહેવું, પણ તરત તેનું પાછું ઉત્તર વાળવું નહિ. તેમ જ તેના કહેવાથી ક્રોધ ચડાવી તેનાથી રીસાયાનું કોઈ ચિહ્ન ન કરવું. પણ ઉલટું લાગ જોઈને તેની પાસે આપણામાં મિથ્યા માનેલા દોષની ક્ષમા માગવી, તથા હવે પછી સંભાળીશ એવી પ્રતિજ્ઞા[2] કરવી. વળી હે પુત્રિ ! આપણા કરતાં ઓછી બુદ્ધિના પણ વડિલ માણસનું કોઈ પણ નિમિત્તથી હાસ્ય[3] ના કરવું, તથા આપણાથી નાનાની મૂર્ખતાનું પણ હાસ્ય ન કરવું. કારણ કે હાસ્ય કરનાર માણસનું વજન ઘટી જાય છે. તેથી તેવે પ્રસંગે નહિ હસતાં તે આપણાથી નાની વયનાંને શીખામણ દેવી, અને જો તે આપણી શીખામણનો અનાદર[4] કરે અથવા હસી કાઢે તો તેના પ્રતિ તે સમયે જ ક્રોધ કરી વધારે ન બોલવું, પણ તરત અજાણ થઈને તેનાથી દૂર આપણા કામમાં પ્રવેશ કરવો. તેમ જ તે મૂર્ખ, [5]બાળકબુદ્ધિએ આપણા વચનનો અનાદર કર્યો છે અથવા હાસ્ય કર્યું છે એમ મનમાં રાખી તેના ઉપર વેર રાખવું નહિ, તથા પાછળથી તેના ઉપર અપ્રીતિ જણાવવી નહિ; પણ ખરે પ્રસંગે પ્રીતિવડે તેનાથી અગત્ય જેટલું કામ લેવું. વળી એવાં આપણાથી નાની વયનાં ઘરનાં તથા બહારનાં માણસોથી વધારે બોલવાની ટેવ રાખવી નહિ. કારણ કે વધારે બોલવાથી આપણું માન તથા વજન ઘટે છે. તેથી કામજેટલો જ વ્યવહાર રાખવો. દરેક

---

૧ મત. ૨ પણ. ૩ હસવું તે. ૪ ન માને. ૫ ઓછી બુદ્ધિવાળો.

કામમાં ઘણી ઉતાવળ તથા ઘણું ઢંડાપણું રાખવું નહિ. કદાચ ઘણી ઉતાવળનો પ્રસંગ હોય તો નુકસાન ન થાય એવી રીતે બનતી ઉતાવળ કરવી, અને ઉતાવળ ન હોય, તો પણ નજીવા કામમાં ઘણી વાર ખોટી થવું નહિ. તેમ જ હરેક કામ ઉતાવળથી થઈ શકે એમ હોય તે છતાં તેમાં મિથ્યા વાર લગાડી કાળ ગુમાવવો નહિ; તથા આ કામ કરી રહીશ, તો મારે બીજું કામ કરવું પડશે, એવી ખોટી આળસની ટેવ ધાસ્તીવડે પાડવી નહિ. કોઈ કામ કરવામાં આપણી શક્તિ નથી એમ જણાય, તો મિથ્યા અભિમાન દેખાડી તે કામ આપણે માથે રાખવું નહિ, પણ તરત આપણી અશક્તિ કહેવી. તેથી જો સામુ માણસ આપણા ઉપર ગુસ્સો કરે તો તેને સહન કરવો, અને જે રીતે તે કામ કરાતું હોય તેને જાણવાની હોંસ રાખી તે માણસની માફી માગી તેનાથી જાણીતા થવું; અને તે છતાં પણ ન જણાવે તો તેનો ડપકો સહન કરી બીજા કામમાં પ્રવેશ કરવો. વળી હે દીકરી! તારા જાણવામાં અથવા સાંભળવામાં તો હશે જ કે દુષ્ટ સ્વભાવવાળી સાસુવગેરે ખાવાના સારા પદાર્થ હોય, તો તે આપણાં છોકરાંછોકરીને આપે છે, અને વહુને આપતાં નથી. અને વધારે પદાર્થ હોય તો સહુથી થોડો ભાગ વહુને આપે છે, અથવા તો એવા પદાર્થો વહુથી છાના રાખીને પોતે અથવા પોતાનાં છોકરાં ખાય છે. તેથી હે શાણી પુત્રિ! તું તેવે પ્રસંગે આપણું મન મોટું રાખજે. જો એવો વખત જણાય તો તે વખતે આપણે તેમના પાસે રહેવું નહિ, તથા તેમનાં કૃત્યતરફ જોવું પણ નહિ, અને મનમાં ખોટું પણ માનવું નહિ. કદાચિત સહુથી થોડો પદાર્થ આપણને આપે તો તેથી પણ સંતોષને માનવો, મનમાં દુઃખી થવું નહિ, તેમ જ બીજાં ઉપર વેર રાખવું નહિ. કોઇ કારણસર કાંઈ ખાવાની વસ્તુ આપણા હાથમાં બહારથી અથવા ઘરમાંથી આવી તો તે વડિલની આજ્ઞાવિના તેમ જ આપણાથી નાનાંને આપ્યાવિના એકલાં જાહેર રીતે અથવા છુપી રીતે ખાવાની ટેવ પાડવી નહિ. વળી આપણા શરીરને સુખ ન હોય તો શક્તિઉપરાંત કામ કરવું નહિ, અને તે આપણા દુઃખની વાત સત્તાધીશ[1] સાસુ અથવા વડિલ જે હોય તેને પ્રથમથી જણાવવી; અને તે જાણ્યા છતાં કામ સોંપે અને આપણાથી ન બને તો ન કરવું, અને નહિ કરવાથી જો કોઈ કડવું વચન કહે તો સાંભળી રહેવું. પણ સામુ ઉત્તર વાળી વિરોધ[2] વધારવો નહિ; તેમ જ તે વાર્તાને ઘડી ઘડી પાછળથી સંભારીને આપણા મનમાં દુઃખી થવું નહિ, તથા તેના

---

૧ જેના હાથમાં ઘરનું ઉપરિપણું હોય તે. ૨ લડાઈ.

ઉપર દ્વેષ રાખવો નહિ, અને ફરીથી ગરીબીથા પ્રસન્ન મુખથી તેને તાબે થવું. આપણા ઘરમાં નાનાંમોટાં કોઈ, આપણા પદાર્થને ખરા કારણસર, જાણીને અથવા અજાણતાં ઉપયોગમાં લે, તો તેને ઉંચે શબ્દે કઠોર વચન કહી ન દેવું, પણ નરમાશથી કહેવું ઘટે તો થોડું કહેવું. અને આપણા પદાર્થનું નુકસાન આપણાથી અથવા કોઈથી થયું તો તે થયેલા નુકસાનમાટે સામસામા વઢવું નહિ, પણ ફરીથી ન થાય એવી યુક્તિ કરી સંભાળથી રહેવું. આપણા ઉપયોગમાં નહિ આવે એવો આપણો પદાર્થ જો બીજાના ખરા ઉપયોગમાં આવતો હોય તો ઘરનાં હરેક માણસને આપવા કસર કરવી નહિ, અને આપણો હોય પણ સાસરિયાંની સત્તાવાળો હોય તો ખાસ આપણી ઇચ્છાથી કોઈને આપી ન દેવો; અને આપણો સ્વતંત્ર હોય તો ખરી વખતે કોઈને આપવો. ત્યાં પણ આપણાં વડિલ સાસુવગેરે પાસે હોય, તો તેમની પરવાનગી[1] લીધા વિના કોઈને આપવો નહિ.

હે મોટા મનવાળી સુપુત્રિ ! આપણાં માબાપ તથા આપણા સાસુસસરાતરફથી અથવા પતિપાસેથી આપણને પહેરવા મળેલાં લૂગડાં તથા ઘરેણાંથી સંતોષ માનવો; કદાચિત્ આપણી દેરાણી, જેઠાણી, નણંદ કે આડોશણપાડોશણ અથવા બીજી કોઈ સ્ત્રીને વધારે ઘરેણું અથવા સારું લૂગડું હોય તો તે દેખીને તેવું મને હોય તો ઠીક એવી ઇચ્છા પણ ન કરવી, તથા તેવું ન મળવાથી મનમાં બળવું પણ નહિ, તથા બીજાની અદેખાઈ પણ ન કરવી; તેમ જ તેવા પદાર્થમાટે આપણા પતિને, માબાપને કે સાસુસસરાને દુ:ખ મનાવવું નહિ, તેમ જ રીબીરીબીને લેવાની ઇચ્છા ન કરવી. પણ આપણને મળવાનો સમય થાય, ત્યારે આપણી ઇચ્છામાં આવે તેવું લેવાને પતિ કે માબાપને જણાવવું. પણ તેવા પદાર્થ ન મળે ત્યાંસુધી જરા પણ મનમાં અથવા બહાર ક્લેશ રાખવો નહિ; અને એવો વિચાર રાખવો, કે પરમેશ્વરની મરજી હશે, અને મારે પહેરવાનું નસીબમાં હશે, તો મને સહજ આવી મળશે. જે થવાનું હશે તે ધીરે ધીરે થશે. કારણ કે સઘળા જીવોને તાવ કે બીજા કોઈ રોગની ઇચ્છા થતી નથી, તથા આપણા શરીરમાં રોગ આણવાને તેઓ કોઈ મહેનત કરતા નથી, તોપણ જ્યારે એ રોગ આવવાનો હોય છે, ત્યારે વગર માંગ્યે અને વગર મહેનતે આવે છે; તેમજ આ લૂગડુંઘરેણુંવગેરે ભોગના પદાર્થો પણ જ્યારે આવી મળવાના હશે ત્યારે જરૂર આવી મળશે. અને જેમ આવેલો રોગ આપણી ઇચ્છાથી તરત જ જતો નથી, તેમ તે આવનાર અથવા

1. રજા.

આવેલો ભોગનો પદાર્થ પણ કાઢેલો જવાનો નથી. એ તો સહજ આવે છે, ને સહજ જશે એમ વિચારીને એવા પદાર્થને માટે આપણે દુઃખી થવું નહિ, તથા સામાને દુઃખી કરવાં નહિ. વળી હે સરસ્વતિ! ઘણી મૂર્ખ, નઠારા અને લોભી સ્વભાવની સુવિચારવિનાની સ્ત્રિયો તો એવી હોય છે કે પોતાનાં માબાપ તથા સાસરીયાંની શક્તિનો વિચાર કરતી નથી અને લોકોની પાસે સારી વસ્તુ દેખે કે ઘરમાં કંકાસ કરે છે, ને તે વસ્તુ વાસ્તે પોતાનાં સગાંને શેકે છે, અને ગમે તેમ કરીને તે લાવી આપો એવી આડાઈ કરે છે, અને રીસાય છે, તથા પોતાની પાસે જે વસ્ત્ર કે ઘરેણું હોય છે, તેને પણ ખુશીથી પહેરતી નથી, ને ખાતી પીતી નથી, અને આખો દિવસ સઉને રોજ સંતાપે છે. પણ હે સુવિચારવાળી! એ સ્વભાવ ધિક્કારવા જેવો છે; માટે કુળવાનની દીકરી હોય તેણે એવો ખોટો કલેશ કરી પોતે દુઃખી ન થવું, અને બીજાં સગાંને પણ દુઃખ ન દેવું એ ઘણું સારૂં છે.

હે પુત્રિ! આપણા સાસરામાં અથવા પીએરમાં પણ નઠારા સ્વભાવનાં, નીચ કુળનાં, નીચ બુદ્ધિનાં તથા નીચ જાતિનાં માણસપાસે ઉભા પણ ન રહેવું, અને ઉંચી અથવા નીચી જાતિના અત્યંત [1]પૂજ્યપણાના સંબંધથી રહિત પુરુષના [2]સન્મુખ તો ઉભા પણ ન રહેવું, તથા કદાચિત્ બેસવું પણ નહિ; અને નીચા સ્વભાવની સ્ત્રીસાથે કાંઈ કામનો પ્રસંગ હોય તો મતલબ જેટલી વાત કરી તરત તેનાથી દૂર જવું, પણ ઝાઝી વાર તેનો સહવાસ રાખવો નહિ; કારણ કે જેવી સંગત તેવી થોડા કાળમાં બુદ્ધિ થઈ જાય છે. માટે કુળવાન, ધર્મને જાણનારી, નીતિમાન તથા સારા સ્વભાવવાળી સ્ત્રિયોના સમીપ વારંવાર બેસવા ઉઠવાનું થાય તો તેની ચિંતા નથી, અને તેમાં પણ જ્યારે કોઈ બીજી સ્ત્રી આવી, અનીતિ અથવા અમરજાદાની વાત કરે, ત્યારે તો તત્કાળ કાંઈ [3]નિમિત્ત કરીને ત્યાંથી ઉઠી જવું, પણ તેવી દુષ્ટ વાર્તા સાંભળવી નહિ. વળી જ્યાં પુરુષોનુ મંડળ બેઠું હોય, ત્યાં પ્રાણસંકટવિના સહજ કારણથી પ્રવેશ કરવો નહિ, અથવા તો તે માર્ગે થઇને જવું આવવું નહિ; અને કોઈ પ્રસંગે પુરુષની દૃષ્ટિઆગળ થઇને જવાનો પ્રસંગ આવે તો આપણા મુખ આડું વસ્ત્ર રાખી, આડી અથવા નીચી નજરે મર્યાદાથી ચાલી જવું. અને તેવા સમયમાં પણ કોઈ દુષ્ટ બુદ્ધિવાળા નીચ પુરુષે હાસ્ય[4] કિંવા કુવચનનો ઉચ્ચાર કર્યો તો તે જાણે સાંભળ્યું અથવા જાણ્યું નથી, એમ કરીને આપણે માર્ગે ચાલ્યા જવું. પણ તે પાપી માણસતરફ લક્ષ પણ કરવું નહિ;

૧ પૂજાવાની યોગ્યતાના. ૨ સામા. ૩ બહાનું. ૪ મશ્કરી.

અને આપણા કુળની મરજાદાને લોપ કરનારૂં એવું પાપી માણસ આપણને સાક્ષાત્ હાનિ કરનાર જણાય તો અત્યંત સાવધપણાથી જવા આવવાનો વિચાર કરવો, અને બનતા સુધી વડિલ સ્ત્રીનો સંગાત કર્યા વિના ખરી અડચણ ન હોય તો બહાર નીકળવું નહિ. વળી રાતના વખતે તો એકલાં કાંઈ કારણસર પણ ભયવાળે ઠેકાણે જવું નહિ, તથા આપણા ઘરમાં પણ નાના મોટા પુરુષો બેસી હસતા બોલતા હોય તે ઠેકાણે બેસવું નહિ, તથા ત્યાં એકાએક જવું નહિ, તથા આપણી સાથે હાસ્ય કરીને બોલે તોપણ તે દિયર અથવા જેઠસાથે હાસ્ય કરીને બોલવું નહિ, પણ ક્રોધરહિત પ્રસન્ન મનથી તથા વિવેકથી અગત્ય જેટલી ઘટતી વાર્તા કરવી.

આપણા ઘરમાં સ્ત્રિયોના મંડળમાં કામકાજ કરવા પુરુષને ચાકર રાખવામાં આવ્યો હોય, તો બનતા સુધી આપણા પ્રતિ અથવા સસરાને કે સાસુને વિનયથી જણાવી તેને પુરુષના કામમાં રખાવવો. તથા સ્ત્રીમંડળમાં તો સ્ત્રીને જ ચાકર રાખવી. હે સરસ્વતિ! બુદ્ધિમાન્, નીતિમાન્, વિદ્યાવાન્, તથા જગત્‌ના સ્વરૂપને જાણનાર અનુભવી પુરુષ તો ખરી [1]આપત્તિના સમયમાં પણ આણુ આપણી સ્ત્રિયોની પાસે પુરુષને ચાકર રાખતા નથી; પણ કદાચિત્ સ્ત્રિયો ઘરમાં નહિ હોય એવે વખતે જો પુરુષને રાખ્યો હોય તો પણ સ્ત્રિયો ઘરમાં આવવાથી તે સ્ત્રિયોપાસે કામ કરવાની સ્ત્રીને રાખી પુરુષને બીજા કામમાં રાખે છે અથવા તો રજા આપે છે. કારણ કે સંગતિ, દોષને ઉપજાવનાર છે. વળી વેલી, સ્ત્રી, તથા મૂર્ખ રાજા, તેમ જ થોડા વિચારનાં માણસોની એવી સ્વાભાવિક ચાલ હોય છે કે જેનો વધારે [2]સહવાસ હોય તેવાથી પ્રીતિ બાંધી લે છે; અને તેમાં પણ બહુ બુદ્ધિવિનાની સ્ત્રિયો દુરાચરણી થઈ જાય છે, તેથી ડાહ્યા પુરુષો તો સ્ત્રિયોની પાસે પુરુષને નોકર રાખતા જ નથી, તોપણ રાખ્યો હોય તો તેને દૂર કરવા સ્ત્રિયોએ આપણાથી બનતો યત્ન કરવો, અને નિરુપાયે ન જ બને તો આપણે તેનાથી આ પ્રમાણે રહેવું.

બહેન સરસ્વતિ! તું મારા અક્ષરને ધ્યાનમાં રાખજે, એમ મારે તને કહેવું પડે એમ નથી; કારણ કે તારો જન્મથી જ એવો સ્વભાવ પડ્યો છે કે હરેક વાતમાં [3]સારનો અને [4]અસારનો વિચાર કરી સારને પકડી રાખે છે, અને પછી તેને ભૂલતી નથી. જો હવે સાંભળ. જ્યારે આપણી સેવામાં પુરુષ ચાકર હોય ત્યારે તેને આપણી ઘણો વખત બેસવા-ઉઠવાની તથા સુવાની તથા આપણાં વસ્ત્ર ઘરેણાં

૧ દુઃખનો. ૨ સંબંધ. ૩ ખરી વાતનો. ૪ ખોટી વાતનો.

રહેવાની ખાનગી જગા હોય તેમાં બનતા સુધી પ્રવેશ કરવાની છુટ આપવી નહિ; અને અગત્યના કારણુસર તે ચાકર માણુસને આપણા ખાનગી [1]મંદિરમાં આવવાની જરૂર પડે ત્યારે તેણે સાવધપણે ઘરના [2]દ્વારથી છેટે રહી રજા માગવી, અને આપણી [3]પરવાનગી વિના તેણે એકદમ ખાનગી જગામાં પ્રવેશ ન કરવો એવી તે ચાકર માણુસને નીતિ સમજાવી મૂકવી જોઇએ. આમ કરવાનું મુખ્ય કારણ એ છે કે આપણે સ્ત્રીજાતિ સ્વતંત્ર જગામાં ગમે તેવી સ્થિતિમાં બેઠાં હોઈએ, અને મર્યાદારહિત પણ વખતે બેઠાં અથવા સૂતાં હોઈએ, અથવા મુસ્તક, પગ કે શરીરના કોઈ ભાગઉપરથી વસ્ત્ર ખસેલુ હોય અને એકદમ [4]પર પુરુષનો પ્રવેશ થાય તો મર્યાદાનો ભંગ થાય છે, એટલું જ નહિ પણ આપણા મનમાં અચાનક ભય ઉત્પન્ન થાય છે. તથા ભયથી ગભરાટમાં સાવધ થવા જતાં અંતઃકરણ અથવા તો શરીરના બીજા અવયવમાં ઓચિંતો ફેરફાર થવાથી ઘણા રોગનું કારણ થઈ પડે છે. માટે જો કાયદો બાંધી મુક્યો હોય કે માંહિથી આપણી રજાવિના કોઇ પણ પુરુષે ઘરમાં પ્રવેશ કરવો નહિ, તો પછી આવા પરિણામ ભાગ્યે જ બને. કદાચ એવો બંદોબસ્ત કરવાને અનુકૂળ નહિ પડે એવું આપણુને લાગે તો ત્યાં સુધી અત્યંત સાવધપણે આપણી મર્યાદાથી રહેવું, તથા આપણા [5]વસ્ત્રાલંકારની પણ વ્યવસ્થા રાખવી.

વળી તે પુરુષચાકરથી ખરા કારણ વિના મિથ્યા વાત કરવાની ટેવ રાખવી નહિ. કારણ કે તેથી આપણો મોભો ઉઠી જાય છે, અને આપણી સાથે સહવાસે કરી વધારે બોલવાની તેને ટેવ પડે છે, તેથી કોઈ વખતે ખરા કારણે આપણી મર્યાદા પાળવા તેમને ભય રહેતું નથી. તેમ જ તે ચાકરમાણુસ જાતિ તથા બુદ્ધિએ કરીને વધારે ઉચ્ચ હોતા નથી, તેથી કોઈ અજાણ્યા માણુસ આપણે ઘેર આવે તે વખતે પણ તે પડેલી ટેવ પ્રમાણે આપણી સાથે મળેલી છુટથી બોલવા જાય છે, અને તેથી આપણે ઘેર આવેલાં સભ્ય માણુસોમાં આપણી હલકાઈ જણાય છે, એટલું જ નહિ પણ આપણા વિષે દુષ્ટ જનો મિથ્યા દોષ મુકવાને પણ ડરતા નથી, તેથી તે ચાકર માણુસ-સાથે વધારે એટલે ખરૂં કામ સોંપવા અથવા સમજાવવા સિવાયની કોઈ આડીઅવળી વાતો કરવાની ટેવ રાખવી નહિ, તથા તે ચાકરની સાથે, ગમે તેવું કારણ આવે તોપણ નજીક નજીક એક સરખે આ-સને અથવા વાહનમાં બેસવું નહિ, તેમ જ કામવિના આપણી પાસેની

---

૧ ઘરમાં. ૨ બારણાથી. ૩ રજા વિના. ૪ બીજા. ૫ લુગડાં અને ઘરેણાંની.

નજર પડે એવી જગામાં તેને નવરા બેશી રહેવાની ટેવ પાડવી નહિ, તથા હે દીકરી! તે ચાકરની સાથે ગમે તેવું કારણ આવી પડે તોપણ સામે મોઢે રહીને હસવું નહિ, પણ તરત ત્યાંથી બીજી જગાએ જવું. ચાકરની સાથે વાત કરી હસવાની ટેવ બહુ જ હલકાં માણસને શોભે છે, અને તે ધિક્કારવા જોગ છે.

વળી તે ચાકરને આપણા ઘરની [1]છિદ્રની વાર્તા સાંભળવામાં અથવા જાણવામાં આવે નહિ એવી ચોકસી રાખવી. કારણ કે તે નીચ બુદ્ધિનાં માણસ ગમે તેવી છાની વાત હોય તો પણ તે પ્રકટ કરતાં બ્હીતાં નથી. તેમ જ એવાં નીચા સ્વભાવનાં ઉંચ કુળ અથવા જાતિમાં ગણાતાં માણસોસાથે પણ પ્રીતિ રાખવી નહિ. તેમ જ આપણી અથવા આપણા ઘરની છાની વાત તેવા ચાકર અથવા સ્નેહીઆગળ કરવી નહિ. કારણ કે તેઓ આપની સાથે સંબંધવાળા છે ત્યાં સુધી તો કદાચ કોઈને કહેશે નહિ, પણ જ્યારે આપણો તેનો સંબંધ છુટે છે, અથવા [2]વિરોધવડે મન ઉંચાં થાય છે, ત્યારે તે આપણી સઘળી છાની વાતને જાહેરમાં મૂકે છે, તેથી ચાકરને તો શું પણ આપણી [3]સખી અથવા નિકટ પ્રેમનું માણસ હોય તેને પણ [4]ગુહ્ય વાર્તા ન કહેવી. વળી હે બ્હેન! પ્રીતિ કરવા યોગ્ય કોણ છે તે પણ સાંભળ.

આપણા કરતાં મોટી વયનાં તથા ઉચાં કુળનાં એટલે ઉત્તમ સ્વભાવવાળાં, તથા આપત્તિમાં પણ પોતાના ધર્મને નહિ છોડનારાં તથા દુર્ગુણને ત્યજીને ગુણને લેનારાં, તથા લોકોની નિંદારૂપ વાર્તાને ન કરનારાં, તથા પોતાની મોટાઈનું અભિમાન નહિ રાખનારાં, તથા આપણને હલકાં જાણી આપણું અપમાન ન કરનારાં, તથા વિદ્યા, વિનય, વિવેક આદિમાં આપણાથી ચઢીયાતાં એવાં બૈરાંની સાથે બેસવા ઉઠવ તથા વાતચીત કરવા પ્રીતિ બાંધવી. ત્યાં પણ આપણા ઘરકુટુંબના [5]કલંકને પ્રકટ ન કરવું. અને એવા પ્રીતિનાં [6]પાત્રને પણ સારી રીતે અજમાવીને તથા વિચાર કરીને યોગ્ય લાગે તો જ આપણા દુઃખની વાર્તા ઉપાય મેળવવા સારૂ કહેવી, નહિ તો જેનામાં આપણું દુઃખ મટાડવાનું બિલકુલ બળ નથી એવાં માણસ આગળ વારંવાર આપણા દુઃખને પ્રકટ ન કરવું.

વળી હે [7]પ્રિયતમા પુત્રિ! જ્યારે ઘરમાં આપણી સ્વતંત્રતા હોય, એટલે સાસુસસરા કે વડિલ આપણા ઘરમાં ન હોય ત્યારે પણ ચાકરમાણસને આપણી [8]મર્યાદામાં રાખવાં તથા એક આ વાર્તા ખુબ

---

૧ છાની વાત. ૨ કજીયાથી. ૩ બહેનપણી. ૪ છાની. ૫ એબ, લાંછન. ૬ પ્રીતિ કરવાયોગ્ય માણસને. ૭ સઉથી વહાલી. ૮ આજ્ઞામાં, સત્તામાં.

ધ્યાનમાં રાખજે કે આપણાં દીયર, દેરાણી તથા બીજા આપણા [૧]આ-શ્રયનીચે રહેનાર કુટુંબીનું તથા આપણા પુત્ર પુત્રી અથવા પુત્રની વહુનું અપમાન ચાકર કરે નહિ. કારણકે [૨]તુચ્છ બુદ્ધિના તે નોકર માણુ-સના મનમાં એવું રહે છે કે આપણે મુખ્ય ધણીની મરજી સાચવવી અને તેની પ્રીતિ છે, એટલે બીજાથી આપણું શું નુકશાન થનાર છે? માટે તે નોકરને આપણે પ્રીતિ દેખાડી બહેકાવી દેવા નહિ તથા તેમને આપણા કુટુંબી તથા ઘરમાં રહેલા સર્વેનું અપમાન તથા તિરસ્કાર ન કરવા વિષે સારી શીખામણ આપતા રહેવું; અને તે આપણાં સગાંની ચાકર ઉપરની ખોટી અન્યાયની [૩]વર્તણુક નજરમાં આવે તો તે ચાકરના દેખતાં આપણા માણુસને ઠપકો આપવો નહિ. કારણ કે તેનું હલકાપણું નોકરના જાણુવામાં આવવાથી તે તે માણુસને વારંવાર અપમાન પમાડી દુઃખ દે છે. તેથી તે આપણા ઘરનાં સગાં માણુસને એકાંતમાં બેચાર શબ્દ વિવેકથી કહેવા તથા જણાવવું કે ચાકરમાણુસસાથે તમારો ભાર-બોજ ઘડી ઘડી બોલીને બગાડશો નહિ, કારણ કે તે તમને હરેક વખતે નુકસાનકારક થઈ પડશે; તેમ જ ચાકર જો ઘરનાં માણુસઉપર ક્રોધ અથવા હાસ્યથી ઓછુ વત્તું બોલે તો તેને ઠપકો આપવો કે ખબરદાર, તમારે કોઈએ એમને કશું કહેવું નહિ. એમની આજ્ઞા પ્રમાણે જો કામ કરવાની નવરાશ અથવા અનુકૂળતા ન હોય તો વિવેકથી તેમને ના કહેવી. તથા તેમ છતાં પણ તમારી સાથે અણુઘટતું બોલે ચાલે તો તમારે તરત અમને કહેવું. પરંતુ એમનું સાક્ષાત્ અપમાન કરવું નહિ એ વગેરે ઘટિત સમયે ઘટે તેવાં વચનોવડે તે ચાકર માણુસને વિવેક સમજાવી આપણા કુળની મર્યાદા રખાવવી. વળી હે શાણી પુત્રી! જ્યારે તે ચાકર આપણા ઘરનાં સગાંની આપણા આગળ નિન્દા અથવા અજ્ઞાનતા કે હલકાપણાની વાત કરે અથવા ચાડીની વાત કરે, ત્યારે તે માણુસની વાત સાંભળી રાજી થવું નહિ, અથવા તેને ટેકો આપવો નહિ. કારણ કે પ્રથમ તો તે ચાકરને એક બીજાની સાચીજુઠી વાત કરવાની ખોટી ટેવ પડી જાય છે, તથા આપણી [૪]પ્રસન્નતા જોઈને તેને વારેઘડીએ તેવી કોઈની સાચી જુઠી વાત શોધી લાવી આપણા આગળ કહેવાની ઇચ્છા રહે છે, તેથી તે દિવસે દિવસે નઠારી ચાલનો થઈ જાય છે; તથા બીજી બાજુ, આપણાં સગાંની આપણા આગળ હલકી વાત કરનાર નોકર બીજા આગળ પણ તેમ કરે છે, તેથી આ-પણા ઘરનું કલંક ઉઘડે છે, તથા તે વાતમાં ટેકાસાથે આપણી પ્રસ-ન્નતા જોઈને તે ચાકરો આપણા ઘરનાં માણુસને વધારે વગોવે છે.

૧ આશરા નીચે. ૨ હલકી. ૩ ચાલ. ૪ ખુશી.

માટે જ્યારે જ્યારે નોકર માણસ એવી ચાડી વગેરે આપણા આગળ પ્રકટ કરે ત્યારે તો તેને એમ કહેવું કે "જો ! આ વાર્તા આજે તો તેં મારા આગળ કરી, પણ એવી વાર્તા હવે પછી મારા અથવા કોઈના આગળ કરીશ નહિ. અને તું તેવી વાર્તા કરે છે એવી તારે વિષે મને ખાતરી થશે તો એ તારી નઠારી ચાલને માટે મારે તને ઘરમાં રાખવો કે નહિ, એ વિચાર કરવો પડશે. તેથી હવે પછી તારે એવા કામમાં પડવું નહિ. તારૂં તો એ જ કામ છે કે આ ઘરમાં જે જે કામ તારે માથે કરવાનું હોય તે કરવું. તથા તે કામથી નવરાશ મળે તે વખતે તો ઘરનાં કોઈ પણ માણસનું કામ હોય અને તારાથી બને તો તે કરીને તેમની પ્રીતિ મેળવવી. પણ કોઈનાં એક બીજા આગળ સાચાં જુઠાં કરીશ નહિ. કારણ કે એકની વાત મારા આગળ કહેવાની તને ટેવ પડશે તો મારી વાત બીજા આગળ પણ વખતે તું કરીશ; અને તેવી જ ટેવ વધવાથી ફરી તારો કોઈ ભરોંસો કરશે નહિ; તથા તને કોઈ કુળવાન માણસ ચાકર પણ રાખશે નહિ. તેથી હે ભલા માણસ ! તું ગરીબી દાવે તારું કામ કરીને તારા કુટુંબનું [1]પોષણ કર, અને વિચારવાળો થા. અમારા ઘરમાં જે જે માણસો છે, તેના ગુણદોષને અમે સારી રીતે જાણીએ છીએ, તેથી તું અમને વધારે શું જણાવનારો હતો ? વળી અમને અથવા તેને ભારે નુકસાન થવાની વાત હોય અને અમારી અજાણતામાં રહી જતી હોય તો તે વાર્તાને વિવેકવડે એકાંતમાં મરજાદાથી કહી સંભળાવવી, પણ એક બીજાની સહજ વાર્તા કોઈને પણ કહેવી નહિ. વળી તારા દરજ્જા પ્રમાણે તારે રહેવું. અમે કોઈ સાથે વાત કરતા હોઈએ તો તેમાં તમારે ચાકરોએ લક્ષ પણ આપવું નહિ, તથા બોલવું પણ નહિ. પૂછીએ તેટલો જવાબ આપીને તમારે પોતપોતાનું કામ કરતા રહેવું." પુત્રિ ! આ વિગેરે ઘટે તે પ્રમાણે તે ચાકરોને રોકવા; પણ કુટુંબની કલંકી વાર્તાને ચાકરોને મોઢેથી આપણે સાંભળવી તથા રાજી થવું, એ ઘણી ધિક્કારવા જેવી ચાલ છે. તેથી તેવી રીતભાત જેમ બને તેમ દૂર કરવી.

વળી તે આપણા કુટુંબનાં અવિવેકી માણસો, નોકરની સાથે હસી બોલીને આપણા ઘરની ખાનગી વાત અથવા એક બીજાની નિંદા કરતાં જણાય તો, તે કુટુંબનાં માણસને પણ વિવેકનાં વચન કહીને એવી કુચાલથી બચાવવાં; તથા તે કુટુંબનાં માણસની નઠારી રીતભાત હોય તો તેને યુક્તિવડે આપણે અથવા આપણા કુટુંબના વિવેકી

---

૧ ગુજરાન.

માણસ મારફત સુધારવા ઉપાય કરવા. પણ ચાકરની મારફતે તેમનું અપમાન કરાવવું નહિ, તથા કર્યું હોય તો સહન કરી આંખ આડા કાન કરવા નહિ. પણ ઘટે તે પ્રમાણે બંનેને જુદી જુદી શીખામણ આપવી; અને આપણા મનમાં પાછળથી કોઈ ઉપર પણ જુઠું વેર રાખવું નહિ, તથા બનતા સુધી કોઇનું ગેરવ્યાજબી નુકસાન થાય તેમ કરવું નહિ. હરેક પ્રકારે કુળની જુઠી નિંદા પ્રકટ ન થાય, પણ સાચી [1]સ્તુતિ પ્રકટ થાય તેમ કરવું. આ સઘળું છતાં પણ એ વાર્તા ધ્યાનમાં રાખવી કે આપણા કુટુંબીની કસુર છતાં અન્યાયથી ચાકરને દુઃખ પડે નહિ, અથવા તો તેનું નુકસાન થાય નહિ. કારણ કે ગરીબ નિરપરાધી ચાકરને ખરી ચાકરી કરવા છતાં તેનો ખરો બદલો ન મળે અને નુકસાન થાય તો તેનો નિસાસો આપણને લાગે છે, અને તેથી આપણું ભલું થતું નથી. માટે સંભાળીને બે બાજુનું ભલું થાય અને નીતિ ન બગડે એમ વિચારી ચાલવું.

વળી બહેન ! સાંભળ. આપણે નહાવાની જગાએ પુરુષની દૃષ્ટિ[2] પડે એવું સ્થાન ન હોય, તોપણ વસ્ત્ર પહેરીને નહાવું. જ્યાંથી લોકોને જવા આવવાનું હોય અથવા પુરુષો દૃષ્ટિએ પડે એવી ખુલ્લી જગા હોય તો તેવી જગામાં નહાવું નહિ. વસ્ત્ર પહેરીને પણ નહાવાની જગા એકાંતમાં રાખવી, અને ખરી અડચણે પુરુષની નજર પડવાનો સંભવ હોય તો વસ્ત્રસહિત સૂર્યના ઉગ્યા પહેલાં રાત્રિના ચોથા પહોરમાં સ્નાન કરવું અને વસ્ત્રવિના તો કદાચિત્ પણ સ્નાન કરવું નહિ, તથા પુરુષો સ્નાન કરતા હોય ત્યાં પણ સમીપમાં જવું નહિ. સ્નાન કરવા બેઠા પછી અથવા બેસતાં હોઈએ ત્યારે ચાકરને પણ તે તરફ આવવા મના કરી રાખવી, તથા ખરી જરૂર પડે તો સ્ત્રીસેવકને પાસે રાખવી. હે સરસ્વતિ ! આજે તો આટલી શીખામણ યાદ રાખજે, વળી આવતી કાલે તને વધારે કહીશ.

મનોહર કહે છે, હે સ્ત્રી ! આટલી શીખામણ તે લક્ષ્મીમાતાએ પોતાની પુત્રીને દીધી. પછી તેઓ પોતપોતાના કામમાં લાગ્યાં. જો ! હવે આપણો સુવાનો રોજનો વખત થઈ ગયો છે, માટે અહિંથી જ હવે બંધ રાખું છું, વળી કાલે આગળ કહીશું. આ સઘળી વાત તું પણ ધ્યાનમાં રાખજે. તારૂં [3]દિનપ્રતિદિન સારૂં થતું જશે.

વિજયા કહે છે, કહો તો ખરા હજી થોડું આગળ. અત્યારમાં ઉંઘ કોને આવે છે ? હજી તો સુવાની વાર છે. મને તો આ વાત એવી

---

૧ વખાણ. ૨ નજર. ૩ દિવસે દિવસે.

લાગે છે કે જાણે કોઈ કહેનાર હોય તો સવારસુધી સાંભળ્યા કરૂં. ના, ના, મારા સમ, થોડી આગળ કહો તો ખરા. અહાહા! એ બીચારી ડોશીને છોકરી કેવીએ વહાલી હશે! પણ પારકે ઘેર મોકલવી તે શું કરે! જુઓને કેવી સારી શીખામણ દીધી છે! આ-જની મા આટલું સમજતી ન હોય એટલે દીકરીને શું શીખામણ આપે! આ પ્રમાણે ચાલે તો પછી બૈરાંને કે કોઈને દુઃખ શેનું? પણ તે છોકરીએ કેવી ડાહી હશે? આજની છોકરીઓ તો ઉછાંછળી! આટલી વાર બેશીને શીખામણ સાંભળે શેની? શાબાશ છે એ માને ને દીકરીને, અને હજી તો આગળ કેવીએ શીખામણ દીધી હશે! ને એ છોકરીએ પોતાને ઘેર જઈને કેવુંએ ઘર ચલાવ્યું હશે. ખરે, તે સાંભળવા જેવું જ હશે! પણ જુઓની, હું કેવી મૂર્ખ છું! હમણાં આટલું બધુ સાંભળ્યું, ને પાછું ધૂળપર લીંપણ જેવું કરું છું. ત્યારની મારું જ હાંક હાંક કરું છુ, ને તમે પણ મને રોકતા નથી. મારો લવારો પાછો પૂરો થતો નથી, એટલે તમે શું કરો. પણ હવે બસ, હું છાનીમાની બેસું છું. આગળ થોડી કથા કરો. કેમ બોલતા નથી? મારો અપરાધ થયો હોય તો ક્ષમા કરો ને કહો. આ પગે લાગું છું. જુઓ, હજી તો ધીરે ધીરે મારા અવગુણ જશે. મેં કાંઈ આવી કથા કોઈ દિવસ સાંભળી હોય તો જ્ઞાન આવે, પણ આડી અવળી વાતો વાંચી તથા સાંભળીને આવડી મોટી થઈ છું. શાળામાં પણ ભેંસના ને ગધેડાના પાઠ વાંચીને ભણ્યાં છીએ; તેમાં પણ કશી નીતિની વાત ભણાવતા નથી. હશે, વળી મારૂં મોં તો ચાલવા માંડ્યું. હવે આપ કહો. થોડું કહો, એટલે પછી હું સુવાની પથારીઓ કરું છું.

મનોહર જે તેના સામુ ટગટગ જોયા કરતો હતો, તે તેને બોલતી બંધ થઈ જોઈને બોલ્યો.

મનોહર કહે છે, જે! હવે આજે તો એટલું જ કહીશું. કારણ કે હવે રાત ગઈ છે અને તું પાછી વધારે સાંભળે એટલે ખરી શીખામણની વાત હોય છે તે ભુલી જાય છે. મેં હજી બરાબર બંધ કરી નહોતી તે પહેલાં તો તારું મન ઠેકાણે રહ્યું નહિ ને કેટલું બોલી ગઈ. પણ એમ નહિ કે ધીરજ રાખીએ. પછી આપણે વાત કરવાનો ઘણોએ વખત છે. સાંભળીને થોડી વાર તો શાંતિ રાખવી. જે કથા સાંભળવાની રીત કેવી છે કે કથા કહેવાનો આરંભ થાય અને [૧]"જે" બોલે ત્યારથી તે પાછી કથા પૂરી થાય અને "જે" બોલે ત્યાર સુધીમાં આપણી લાંબી વાત વચ્ચે જોડી ના દેવી. પણ જરા ધીરજ રાખીને

૧ જય.

કથા બંધ થયા પછી જરા વાર તે વાતને મનમાં વિચારી લઈએ, ને પછી બોલવું ઘટે તેટલું બોલીએ. હવે આજે કાંઈ તું વધારે ઓછું બોલી નથી, તેથી હું તને ઠપકો આપતો નથી. આજે તું જે બોલી છે, તે તો આ કથા સાંભળીને તને હરખ થયો તેથી તારાથી બોલ્યા વિના રહેવાયું નહિ. એ તો ઠીક છે, પણ આ તો રોજને માટે કહું છું, કે જેથી કોઈ પણ જગાએ ગયા તો [1]નીતિવિરુદ્ધ ચલાય નહિ, સાંભળ્યું કેની ? આજે તો ઉલટી તને શાબાશી ઘટે છે કે તું અત્યાર સુધી જાગી, અને વળી પ્રીતિથી સાંભળીને રાજી થઈ, ને હજી પણ સાંભળવાની હોંસ જણાવે છે, એ જોઈને હું તારા ઉપર રાજી થયો છું. પણ એટલી વાત સ્મરણમાં રાખવી કે "જે" બોલતાં સુધી ઉઠવું નહિ, અને વચ્ચે બોલવું પડે તો લાંબું વધારીને બોલવું નહિ, સમજણ પડી કેની ? કેમ ત્યારે હવે તારી શી મરજી છે ? આગળ કાલે કહીશું કે આજે ? વળી તું કહેશે કે મેં મારા સમ ખાધા ને તમે પાળ્યા નહિ, પણ જો ! એ વાત આપણાં બૈરાંની સારી સમજણની નથી. હાલતાં ચાલતાં સમ શું કરવા ખાઈએ, ગમે તેવું કારણ હોય તો પણ સમ ન ખાવા. હવે આજે તો તને આ કથાઉપર પ્રેમ આવ્યો તેથી બોલાઇ ગયું પણ હવે પછી કોઇ વાર સમ ખાઈશ નહિ હોં ? લે ત્યારે, તારી ઇચ્છા હોય તો સમ પણ પળે ને બે વાત. ચાર અક્ષર આગળ કહીને પછી સુઇ જઈએ. કેમ ઠીક કે ?

વિજયા શરમાઈ જઈને જરા હસતે મોઢે કહે છે, આજે તો મારો અપરાધ થયો છે, પણ ક્ષમા કરજો. અને હવે કાલથી ચૂક પડે તો કહેજો. નજરમાં આવે એટલો ઠપકો દેજો.

મનોહર કહે છે, કાંઇ ચિંતા નહિ. ગાંડી છે, આજે તે એવો શો અપરાધ કર્યો છે ? હોય એ તો વાતપર વાત આવે, ત્યારે બોલાઇ જવાય. હશે, ફિકર નહિ. જો આવી ચાનક લાગે તો પછી શું કહેવાનું ? તું જ તારી મેળે જોજે, કે બે ચાર મહિનામાં તારી સ્થિતિ કેવી સુધરી જાય છે તે. અરે ! લોકો તને પૂજશે. ખબર છે કે એમ જ ? લે હવે પાછી પલાંઠી વાળીને હાથ જોડીને બેશ. (વિજયા તેમ કરીને બેસે છે) જો ! ક્યાં સુધી વાત આવી હતી તે કહે, જોઉં ?

વિજયા કહે છે, પુરુષની નજર પડે એવી રીતે તથા વસ્ત્રવિના નહાવું નહિ એ વગેરે વાત કહીને બંધ રાખ્યું છે.

મનોહર કહે છે, સાંભળ. પછી બીજે દિવસે પાછાં તે જ-

૧ નીતિથી ઉલટું.

મીને બેઠાં ત્યારે પોતાની છોકરીઓને બેસાડી લક્ષ્મીમાતા સરસ્વતિને કહેવા લાગી.

લક્ષ્મી કહે છે, હે સરસ્વતિ! તું સાવધાન થઇને સાંભળ. મારો એકે એક અક્ષર તારા કામનો છે, માટે સંઘરી રાખજે. "આપણા ઘરમાં જ્યારે કોઇ પરભાર્યું માણુસ આવ્યું હોય, અને ઘરનાં માણુસની કસુર થઈ હોય તો તેના દેખતાં ઘરનાં માણુસને કશું વધારે ઓછું કહેવુ નહિ, અને જો તે ઘરનું માણુસ આપણું વચન સાંખી રહે એવું હોય, ને સામું બોલી અપમાન કરે એવું નહિ હોય તો બે અક્ષર ધીરેથી કહીને સમજાવવું, પણ વાતને વધારવી નહિ." બોલ 'સદ્દગુરુ દેવકી જય.' હવે તારે પથારીઓ કરવી હોય, અને પાણીના લોટા ભરવા હોય, તો ભરીને પરમેશ્વરનું સ્મરણ કરતાં કરતાં સુઈ જાઓ.

વિજયા પોતાનું સઘળું કામ કરી રહીને કહે છે, હેં સાંભળો છો કે? હવે મને આજ્ઞા હોય તો હું સુઈ જાઉં છું. આપને વાસ્તે બધુ તૈયાર કર્યું છે. હવે થાક્યાહાર્યા સુઇ જાઓ. વળી સવારમાં વહેલું ઉઠવાનું. રાત તો એ ચાલી.

મનોહર તથા વિજયા પોતપોતાને સ્થાને પરમેશ્વરનું સ્મરણ કરતાં સુઇ જાય છે.

દિવસ ૨.

પાછલી રાત્રે મનોહર પથારીમાં સૂતાં સૂતાં એક બે નીતિ તથા ભક્તિનાં પ્રભાતિયાં બોલી ઉઠે છે, તથા તેના પહેલી વિજયા ઉઠીને સઘળા કામથી પરવારીને મનોહરને પૂછવા આવે છેઃ

વિજયા કહે છે, કેમ પહેલા તમે નહાશો કે હું? આપની આજ્ઞા હોય તો હું નાહીને પછી આપને પાણી કાઢી આપું. હું પાછળથી સ્નાન કરત, પણ દિવસ ઉગી જશે તેથી—ને વળી રોજે તમારાથી મારે પહેલું નહાવું જોઈએ કે પછી?

મનોહર કહે છે, સ્ત્રીનો તો એવો જ ધર્મ છે કે પોતાના પતિ—પહેલાં નહાવું, અને પતિના જમ્યા પછી જમવું. હા, ત્યારે પહેલેથી તું સ્નાન કરી લે.

વિજયા સ્નાન કરીને પતિની [1]નિત્યકર્મની [2]સામગ્રી તૈયાર કરી આપે છે, તથા રસોઈ કરી જમાડે છે. પછી ઉતાવળથી પોતાના કામે મનોહર જાય છે ત્યારે,

મનોહર કહે છે, સાંભળે છે કે ? આ બહાર નજર રાખજે. મારે ઉતાવળ છે, એક ઠેકાણે જવાની; તેથી બારણું ઉઘાડું છે, ને હું જાઉં છું.

વિજયા એકદમ આગળ આવી પ્રસન્ન મુખથી કહે છે, વહેલા વહેલા પધારજો. જમીને તરત જવાનું કરો છો, તે જરા રહીને જવાય એવું નથી ?

મનોહર કહે છે, ના, બહુ અગત્યનું કામ છે. ગાંડી ! જતી વખતે કશું કહેવું નહિ. લે તું બોલી ત્યારે આ બેશીને જાઉ છું. જો ! બારણું ઉઘાડું મૂકીને કંઈ જશો આવશો નહિ હોં.

વિજયા કહે છે, કાલે જ સાંભળ્યું છે ને આજે જ ભૂલી જઈશ ! વગર કારણે કોઈને ઉમરે પણ શું કરવા જઈએ ? ઘણાએ જેને કામ હશે તે આવશે આપણે ઘેર. કશી ફીકર રાખશો નહિ. વહેલા પધારજો. હુ ઘરમાં જાઉ છું. બારણું અમથું દેતા જજો. હુ સોળુ બદલીને આગળ[3] આવીશ.

મનોહર તેમ કરી જાય છે, અને વિજયા મુખવાસ[4] ખાઈને બેશી રાતની બધી વાત વિચારે છે. એટલામાં ચંચળા પાડોશણ પોતાના ઘરમાંથી ઘાંટો કાઢીને કહે છે, વિજયાલક્ષ્મી ! ઓ વિજયાલક્ષ્મી ! કેમ બોલતાં નથી? આજ સવારનાં ફરકીને બહાર જોતાં નથી ! એવાં તે શા કામમાં દટાઈ ગયાં છો ! બળ્યું ઘરમાં તે કેદખાનાની પેઠે ગમે કેમ ? સાંભળ્યું કે નહિ ? એ વિજયા !

વિજયા બિલકુલ બોલી નહિ ત્યારે તે ચંચળા તેના ઘરમાં આવીને વિજયાને બેઠેલી જોઈ કહે છે, કેમ કાનમાં પુમડાં ઘાલ્યાં છે કે શું ? કાંઈ બહુ માન જોઈતું દેખાય છે ?

વિજયા જરા મોં મલકાવી કહે છે, આવો બેસો નવરાશ હોય તો.

ચંચળા કહે છે, કાલે પેલી અમથીની વઢવાડ સાંભળી કે ? (વિજયા જરા પણ બોલી નહિ ત્યારે) કેમ અલી બોલતી નથી ? આજ તો કંઈ બહુ ભાર આવ્યો છે તો !

વિજયા કહે છે, જુઓ બહેન, ભારબોજ તો કંઈ નથી પણ

---

૧ ગૃહસ્થ પુરુષને દરરોજ સવારમાં ઈશ્વરની પ્રીતિ અર્થે જે જે કર્મ શાસ્ત્રમાં કરવાનાં કહ્યાં છે તે તે કર્મની. ૨ વસ્તુઓ. ૩ ઘરના આગળના ભાગમાં.* ૪ પાનસોપારી વગેરે.

એવી લોકોની કુથલી કરવી મને ગમતી નથી. આપણા લોકને તો ચાલ પડી કે નવરાં થાય એટલે ફલાણીનું આમ થયું ને ઢીકણીનું આમ થયું ! આખો દહાડો લોકની નિંદા કર કર કરે છે. પણ એમ નહિ કે જે વાતમાં આપણને ફાયદો નહિ તે વાત કરવી શું કરવા? ઘેર ઘેર માટીના ચૂલા છે. નકામુ મોં દુઃખવવું, અને આવરદા ઓછું કરવું એમાં શો માલ ?

ચંચળા કહે છે, ઓહોહો ! બીજાં આવરદા ઓછું કરે છે ને તમે તો વધારતાં હશે ! એવી ગાંડી વાત શી કરી ! વળી ચાર માણસ ભેગાં થાય ત્યારે વાત તો રહી ચાલેજ્તો, કંઈ મોઢું શીવીને બેસી રહે આવરદા વધવાનું છે? લાવોને એમ થતું હોય તો સઉએ કરીએ. જો ! મારી બાઈ, કંઈ મોંશરમ તો રાખીએ ! અડોશપડોશમાં રહેવું, તુછકાર કરતાં બીતાં નથી ? એવું કોણ તમારે ઘેર આવીને બેશી રહેવા નવરું છે જે ! આ ચાલી ! મારે ઘેર ઘણુંએ કામ છે. (એમ કહી બડબડતી નીકળે છે, તેને જોઈ સામી રહેનારી **ભાગીરથી** નામની સ્ત્રી નીકળીને બોલે છે.)

ભાગીરથી કહે છે, શું છે ચંચળ બહેન ! આવડાં બધાં તપી ગયાં છો !

ચંચળા—શું મારી બાઇ તપી જવું ! રડ્યું એવું તે કોણ સાંખે ! જો ! એમને ઘેર ખબર પૂછવા ગયાં કે બહેન કેમ છે, આજ કંઈ સવારનાં જણાયાં નથી તો કહે છે કે એવા કાથાકબલા મને ગમતા નથી; મારું તો આવરદા ઓછું થઈ જાય ! જુઓ તો ખરાં, એ તે કાંઈ બોલવાની રીત છે ! કોણ કોને બારણે જવા બેશી રહ્યું છે ? (એટલામાં બીજી પાડોશણ કાવેરી નીકળીને બોલી.)

કાવેરી—અલી ! આજે વળી ક્યાંથી સળગ્યું ?

ચંચળા—સળગે તમારે ઘેર; અહિં કોને ઘેર સળગવાનું હતું ! જરા વિચારીને તો બોલો મારી બાઈ ! ઉમરાઉપર ઉમરો છે, ને ફરી મોંડાં જોવાં નથી કે શું ?

કાવેરી—માફ કરજો બાઈ ! મેં કાંઇ તમને જાણીને કહ્યું નથી. હું તો જાણું કે કોઇની વાત કરતાં હશો, ત્યારે સહેજ પૂછ્યું. કેમ વારુ, શું થયું, ભાગીરથી !

ભાગીરથી—એ તો સહેજ ! વિજયાલક્ષ્મીની ખબર પૂછવા ચંચળ ગયાં હશે ત્યારે તેમણે કહ્યું, બાઇ ! કાથાકબલા લોકોના લઈને મારે ઘેર કોઈ આવશો નહિ. એમાં ને એમાં આવરદાનો દહાડો ઓછો

થાય છે. ત્યારે ચંચળને માઠું લાગ્યું કે તમારે ઘેર ખબર પૂછવા આવ્યાં ને તમે મોં ફેરવીને બોલ્યાં. ત્યારે બાઈ! એવું તે કોણ નવરું પણ છે? પણ જુઓ કાવેરી! ચપટી ધૂળનોએ રડયો ખપ પડે છે! તેથી આપણે બારણે આવ્યું, તેને છેક આમ તુચ્છકાર કરી કઢાય? વિજયાલક્ષ્મીને પણ આમ કરવું છેક ઘટે નહિ.

ચંચળા—જવા દેની બાઇ, 'કાળું મોં ને કથીરનાં દાંત.' આપણે શું કરવા કહેવું પડે. પણ મને તો એમ થાય છે કે 'આજ કાલનો જોગી ને પગે સુધી જટા!' રડયું, એમ વાત કર્યે આવરદા ઓછું થાય તો ઘરમાં ને ગામમાં શીદ રહીએ? જઇએ જંગલમાં કે કોઠીમાં પેશીએ એટલે કોઈ પૂછેએ નહિ ને બોલવુંએ નહિ. ચડીચુપ! (ત્રણે જણ હસે છે.)

કાવેરી—હાય હાય બાઈ! ચાહી ચલાવીને આપણે ઘેર આવ્યું તેને તુચ્છકાર કરાતો જ કેમ હશે? ગજબ થઇ તો! વિજયાલક્ષ્મી છેક એવું કરે એવી તો નથી. પછી તો રામ જાણે બાવા. કોઈ કોઇના પેટમાં કંઈ પેશી નીકળ્યુ છે? વખતે જીવ ઠેકાણે નહિ હોય કે પછી બીજાું કંઈ કારણ હશે. રડયું છેક તો આમ નહિ હોય!

ચંચળા—જીવ ઠેકાણે ના હોય તો કૂવે જઈને પડીએ! તેની કંઈ ખોટ છે? આ આપણા મહોલ્લામાં, એ ત્રણ ચાર રાત દહાડો ઉઘાડા પડયા છે; ને તેમ નહિ તો બારીથી પડતુ મેલીએ! પણ રાંડનું આવું તે વળી થતું હશે? હજી મારા ઘરવાળા આવશે ત્યારે એના વરને બધુંએ કહેવડાવીશું કે તમારાં શુભલખ્યાને વારજો. ના ના બાઇ સાચે સાચું કહેજો. ભાગીરથી! મારી વાત ખોટી હોય તો એ ઘરમાં બેઠી છે, બોલ્યાવની રહે? પણ શું બોલે?

ભાગીરથી—હશે, હવે તમે તમારા ઘરમાં જાઓ, નહિ તો આવો મારે ઘેર. આપણી તેને મતલબ નહિ તો પછી જોરજુલમનાં બહેનપણાં બાંધવાથી શું? અને સાચું પૂછો તો બાઇ! જીભમાં કાંઇ હાડકું નથી. એ તો વખતે આમે બોલાઇ જવાય. પણ જો! પોતાની ભૂલ થઈ છે તેથી બીચારી વિજયાલક્ષ્મી શરમની મારી ત્યારની બોલેય છે! હશે બોલ્યાં તો બોલ્યાં. એક દહાડો એમે હોય.

ચંચળા—હોય તે શેનું? જીભ લાંબી હોય તો બે આંગળ ભરીને કાપી નાખીએ; પણ પારકાં માણસને ઓછું અદકું બોલાય કેમ? જા, મારી બાઇ! આંખમાં જરા શરમ નથી. બળ્યાં એ બહેનપણાં! વાટ ઉઠી એનાં બહેનપણાંમાં! (એમ કહી સામે બારણે ભાગીરથીને ઓટલે જઈ બેસે છે.)

ભાગીરથી—આવોને કાવેરી બ્હેન ? બળ્યાં ઘરનાં કામના કંઈ અંત આવે છે ! રાત દહાડો વૈતરાં કરતે કરતે જનમ ગયો છે, ને બાકી હશે તે જશે. ઘડી નિરાંતે પગ વાળીને બેઠાં તે ખરાં, આવો.

કાવેરી—બાઇ ! આપણે બૈરાંની જાતને પગ વાળીને તો ચિતામાંએ સુવાનું નથી. એ તો ‘ સઇનો દીકરો જીવે ત્યાં લગી સીવે.’ પણ તમારી મરજી છે તો લો, બારણું અડકાવીને આવું છું. (તે પણ ત્યાં આવે છે. પછી એકડએકડ આવું જોઈને બધી પોતપોતાને ઘેરથી આવીને દશબાર, ભાગીરથીને ઓટલે ભેગી થઈ ગઈ. પણ એટલામાં ભાગીરથીના વરને આવતા જોઈને સઉ સઉને ઘેર ચાલી ગઈ, અને ભાગીરથી પણ ઘરમાં ગઈ.)

વિઠ્ઠલજી—(પોતાની સ્ત્રી ભાગીરથીને) આજ કેમ કંઈ સભા ભરીને બેઠાં'તાં ? શા શા ઇનસાફ ચુકાવ્યા ?

ભાગીરથી—બળી એ સભા. ઇનસાફ શેના ! એ તો ચંચળને ને વિજયાલક્ષ્મીને બોલચાલ થઈ, તે રજનું ગજ થયું. જાણો જ છો કેની, બૈરાંની જાત. ઓલી બોલી, પેલી બોલી, એમ કરતાં વધી ગયું. આટલું થયું પણ બીચારી વિજયાલક્ષ્મી [1]જુબાન ફાડીને એકનું બે બોલી નથી હો. જુઠું ન કહેવાય.

વિઠ્ઠલજી—તને ખબર છે. આપણા આખા મહોલ્લામાં એના જેવી ડાહી બાયડી નથી; અને આ ચંચળ તો લાવાલુતડી છે. એને બોલ્યાનો બંધ નથી. તેમ શેઠે પણ ઠીક જ છે. ‘ યથા લાલા તથા કીકા.’ એનું જોડુંજ પરમેશ્વરે મેળવ્યું છે !

ભાગીરથી—તમે એમ કહો છો પણ શેઠ કરતાં તો રાંડ ચંચળ હોંશીયાર છે હો. બોલવે ચાલવે કાંઈ બીજાની પેઠે કોહેલી નથી.

વિઠ્ઠલજી—ત્યારે એમ જોતાં તો શેઠે કે દહાડે કાચા છે ? વ્યાજનું વ્યાજ ગણીને ઘરમાં મૂકે છે, ને પાઇનું શાકે પણ ખાતા નથી. એ તો બધું ઠીક જ છે. ચાલો હવે નહાવાનું પાણી મૂક્યું છે ? પછી સંધ્યાકાળ વીતી જશે.

ભાગીરથી—મારે તો પાણી ક્યારનુંએ થયું છે. તમારી વારે વાર છે, કેમ ત્યારે કાઢું ?

વિઠ્ઠલજી—હા ચાલો, પંચિયું બદલીને આવું છું. (તે નાહીને સંધ્યા કરે છે, ને ભાગીરથી ખાવાનું તૈયાર કરે છે.)

આ બધી લઢવાડની વાત થઈ તે વખતે વિજયા બેઠી બેઠી પોતાના મનમાં રાજી થતી તથા વિચાર કરતી હતી.

---

[1] જીભ.

વિજ્યા—(મનમાં) અરે પરમેશ્વર ! શી તારી માયા છે ! તેં પણ આ જગત્માં કેવાં કેવાં માણસો સરજ્યાં છે ! લોકમાં કહેવત છે કે "પૈસાથી કોઈ પૂરૂં નથી, અને અક્કલથી કોઈ અધુરૂં નથી," એ વાત સાચી છે. આ બુદ્ધિવિનાની સ્ત્રિયો કશો વિવેક કે વિચાર જાણતી નથી. તોપણ એમના મનથી જાણે છે કે અમારા સમાન[1] કાઇ ડાહ્યું નથી. અરે ! આવી છેક મૂર્ખ બૈરાંની જાતનું શું કલ્યાણ[2] થાય ? અને પરમેશ્વર પણ એમના ઉપર શું દયા કરે ? એક વાર પણ આખા દહાડામાં સાચું બોલતાં નથી; અને એક વાત વધારીને કરે પણ ઘટાડતાં નથી. તેમ જ વાત વધારીને કરે છે તે પણ કેવી કે જાણે લડવા જેવી. પોતાનો વાંક કોઈ જોતું નથી. અરે ! આ વખતે મારે ઠેકાણે જો કોઈ બીજું હોત તો ખાનાજંગી[3] ઉડત, અને ફરીથી મોં જોવા વહેવાર પણ રહેત નહિ. સારી બુદ્ધિ ઈશ્વરે મને આપી કે હું કાંઈ બોલી નહિ. ભાગીરથી અને કાવેરી કાંઈ છેક મૂર્ખ નથી, પણ એણે જુઠું ભેરવ્યું એટલે તે બિચારાં શું કરે ? તોપણ પાકી તપાસ કર્યા વિના એક જણના જ કહેવાથી, તેમાં પણ વગર ભરોંસાના માણસને મોઢેથી સાંભળેલી વાતનો ભરોંસો રાખી કોઈ માણસની કિંમત કરવી એ સારા માણસનું કામ નથી. પણ સારા પુરુષો કહી ગયા છે કે 'સ્રીની મતિ[4] પગની પાનીએ' અ-ર્થાત્[5] તેમની નીચી બુદ્ધિ છે એ વાત સાચી છે. અરે ! સંસારમાં એનાથી બીજી ઘણીએ મૂર્ખ સ્રિયો હશે ! શિવ ! શિવ ! મેં સહજ વાત કરી તેમાં વધારીને કેટલું કર્યું ! પણ સારૂં થયું જે હું બોલી નહિ. બાકી બોલી હોત તો મને એ લોકના તથા મારા ગુણદોષની ખબર પડત નહિ; તથા આવા દુષ્ટ સ્વભાવની મને ઓળખ પડત નહિ; તેમ જ સઘળા લોક જાણત, અને એ તો નીચની પેઠે ગમે તેમ બોલત, અને મારાથી જરા પણ તેવું બોલાત નહિ. તેથી કોઈ જતા આવતા સારા માણસ સાંભળત તો તેમાં મારી ને મારા ધણીની આબરૂ જાત. એમનું, આબરૂ ઇજ્જતવિનાનાં હલકાં માણસનું જાત ? 'નહિ બોલવામાં નવ ગુણ' એ કહેવત કાંઈ ખોટી નથી. પણ આજે જ મારે આવો ધીરજ રાખવાનો [6]પ્રસંગ આવ્યો તે ઘણું સારું થયું. અને તે પણ કાલની કથાના પુણ્ય પ્રતાપ છે. જો કાલે એટલું સાંભળ્યું નહિ હોત તો આજે હું બોલ્યા વિના પણ રહેત નહિ. અને તેથી આખરે કશો ફાયદો નહિ પણ મોટો [7]વિનાશ

૧ સરખું. ૨ ભલું. ૩ ભારે લડાઇ. ૪ બુદ્ધિ. ૫ મતલબ કે. ૬ વખત. ૭ નુકસાન.

થાત. હે જગત્પતિ! તું મારી મતિને સુધારજે, અને મને ધીરજ તથા શાંતિ આપજે. કોઇના બે કડવા બોલ સાંખવા વારો આપજે, પણ કોઇને બે બોલ કડવા કહેવાનો વખત આપીશ નહિ. અરેરે! ક્રોધ આવે છે ત્યારે માણુસની બુદ્ધિ જતી રહે છે, સારું નરસું બોલવાનો વિવેક રહેતો નથી. અને અંતરમાં તો અગ્નિની પેઠે બળતું હશે, કારણ કે સામાને બળતું લાગે એવા બળતા બોલ તેની છાતીમાંથી નીકળે છે. હે પરમેશ્વર! મારો ક્રોધ તું મારી નાંખજે ને નહિ તો ક્રોધ મારવાની મને શક્તિ આપજે. આ સંસારમાં ક્રોધ જેવો બીજો શત્રુ નથી. અરે રામ રામ! મેં કશુંએ એને દુઃખ લાગે એવું કહ્યું નથી, તોપણ દુઃખ લાગ્યું એમાં મારો શો વાંક? ખરે, કશું બોલ્યામાં સાર જ નથી. એ બહારથી આવશે ત્યારે મને કેટલોએ ઠપકો દેશે. પણ ખરું જોતાં મેં કાંઈ એવું કર્યું નથી. હશે સત્યનો બેલી રામ! ભગવાન્ લજ્જા રાખશે. ચાલ બાઈ! હમણાં થાકીને બહારથી આવશે. એમને વાસ્તે પાણી તૈયાર કરી મૂકું, અને વાળુની પણ તજવીજ કરું. આજથી એ વાત તો નક્કી થઈ કે વિચારવિનાના માણસને સારું કહીએ તો એ દુઃખ ને નઠારું કહીએ તોએ દુઃખ. માટે સામાની [1]રુક્તિ જોઈને ઘટે તો બે અક્ષર બોલવા, નહિ તો ચુપ રહેવું સારું. આ વગેરે વિચાર કરતી ગરમ પાણી તથા ખાવાનું તૈયાર કરે છે; એટલામાં તેના પતિ બહારથી આવે છે.

મનોહર—(ઘરમાં પેસીને) શું થાય છે?

વિજયા શબ્દ સાંભળીને એકદમ હસતે મોઢે આવી પતિને પગે મસ્તક મૂકી પગે લાગે છે. **મનોહર** તેનો હાથ ઝાલી ઉઠાડે છે અને કહે છે, હા, હવે તને ખરો વિવેક આવડ્યો. મને ખાતરી છે કે તું તારાં માબાપનું કુળ તારીશ જ, અને મને પણ સુખી કરીશ. કહેવત છે કે 'પુત્રનાં લક્ષણ પારણામાંથી જણાય' તારી નાનપણથી જ બુદ્ધિ સારી હતી, અને હવે ધીરે ધીરે સુધરશે. જો! **विवेको दशमो निधिः'** આ આઠ સિદ્ધિ ને નવ નિધિ તો યોગનું સાધન કરનારા મોટા યોગીઓને મળે છે. પણ તે સઘળી એક વિવેકવિના ખોઇ બેસે છે, તેથી કહ્યું કે વિવેક એ દશમો નિધિ છે. હવે તને વિવેક આવ્યો છે એટલે સઉ સારા વાનાં થશે. આજ તને જોઇને મારું મન પ્રસન્ન થયું છે. કહો વારુ, હવે શી તજવીજ કરવા માંડી છે, ને કોઈ આવ્યું ગયું?

---

૧ રુચિ, મરજી.

વિજયા—આપને વાસ્તે સ્નાન કરવાનું પાણી તૈયાર છે. સં-ધ્યા કરી લ્યો તો વાળુ કરવાને પણ સઘળું તૈયાર છે; ને આપને પૂછવા તો આજે કોઈ આવ્યું નથી. પણ મારો એક અપરાધ થયો છે, તે હું ધીરજથી કહું છું. ક્ષમા કરવા જોગ હોય તો તેમ, નહિ તો ઘટે તેવી શિક્ષા કરજો.

મનોહર—અંહ! એવો શો ગુનો કર્યો છે જે? અને થયો હશે તો સાચેસાચું કહેશો એટલે માફ થશે, પણ મોટો ગુનો હશે ત્યારે તો ઘટતી શિક્ષા કરવી પડશે.

વિજયા—મોટો ને નાનો તો આપ તોલ કરજો. (એમ કહી સઘળી બનેલી વાર્તા કહી સંભળાવે છે, તથા નેત્રમાં જળ લાવે છે, અને હાથ જોડી કહે છે) હવે મારો અપરાધ હોય તો શિક્ષા કરો.

મનોહર—(તેને [1]ધૈર્ય આપતાં) જખ મારે છે. તેતો તેં બહુ જ સારું કામ કર્યું છે. ગાંડી ! એને તે અપરાધ કહીએ? એ તો બહુ જ શાબાશીનું કામ કર્યું. એવી ખોટી રીતે જો મને કહેવા કોઈ આવશે તો હું છું ને તે છે. તું શું કરવા ડરે છે? પણ તેં જે વાત કહી છે, એ તો સાચી જ છે કે નહિ?

વિજયા—એક અક્ષર પણ વધઘટ મેં કર્યો નથી, અને કદાચ અક્ષર ફર્યો હશે તોએ મેં મતલબ ખોટી સમજાવી નથી. ગમે તો ચોકસી કરજો.

મનોહર—ઠીક છે, હમણાં તો સ્નાનની તજવીજ કરો; અને આ કામમાં ઠપકો મળશે એવી લગાર પણ ચિંતા રાખશો નહિ, હો. મને સઉની ખબર છે. પૂછશે તેનો જવાબ દઈશું. (પછી સ્નાન કરી સંધ્યા કરે છે, તથા વાળુ કરીને પરવારી મેડીઉપર બેસે છે તથા [2]હાસ્યવિનોદ કરે છે.)

વિજયા—હવે આપની ઇચ્છા હોય તો પેલી રહી છે ત્યાંથી કથાનો આરંભ કરશો?

મનોહર—હા હવે એ જ વિચારમાં છું. ચાલો ત્યારે. (તેના તરફ જોઈને) વાહ! આજે તો વગર કહ્યે પલાંઠી વાળી હાથ જોડીને જ બેઠાં છો ! ઘણું સારું. હવે કાલે ક્યાંથી રહ્યું છે?

વિજયા—' પરભાર્યું માણસ આપણે ઘેર આવે ત્યારે આ-પણી મરજાદાને પાળનાર ઘરનાં માણસને કાંઈ કહેવું ઘટે તો સહજ

---

૧ ધીરજ. ૨ આનંદ કરે છે.

કહેવું પણ કોઇના દેખતાં આપણું માન ઘટાડે એવાં હલકાં માણસને તેવી વખતે કશું કહેવું નહિ, ' ત્યાંથી બંધ રાખ્યું છે.

મનોહર—" સદ્દ્ગુરુ દેવકી જય ": જો સાંભળ. તે લક્ષ્મીમાતા સરસ્વતિને બોધ કરે છે.

લક્ષ્મી કહે છેઃ હે દીકરી ! આપણે ઘેર કોઈ મોટું માણસ આવે એટલે સારા નમ્ર સ્વભાવનું, સારા વિચારવાળું, સારા ગુણ તથા કર્મવાળું, તથા ઉચા કુળનું અને મોટા વયનું માણસ આવે ત્યારે તો આપણે ઉભા થઇને તેમને માન તથા આસન આપવું, તેમને બેસાડીને બેસવું, અને તેમના સુખના સમાચાર પૂછવા; પણ જ્યાં સુધી તે પોતાની મેળે વાત કર્યા કરતાં હોય ત્યાંસુધી જરૂર-વિના વચમાં બોલવું નહિ, પણ પ્રીતિથી સાંભળવું; અને જ્યારે તે વાત કરી રહે ત્યારે ઘટે એટલા અક્ષર તેમને દુઃખ ન લાગે એવા કહેવા તથા પ્રેમ દેખાડવો. જતી વખત સુધી તે કાંઈ કારણ કહે નહિ, અને તે માણુસ કોઈ દિવસ જ આપણે ઘેર આવતું હોય તો તેને આવવાનું કારણ પૂછવું; અને તે કહે તે કામ જો આપણાથી બને એવું હોય તો તેમાં ઘટતી મદદ આપવી. જ્યારે તે જાય ત્યારે તેમને યોગ્યતા પ્રમાણે ઘરનાં બારણાસુધી વિદાય કરવા જવું, અને તેમનું કામ ન થઈ શકે એવું હોય તો પ્રથમ ક્ષમા માગી આપણી અશક્તિ તેમને જણાવી દેવી. કારણ કે તે આપણે ભરોંસે બીજી રીતે ઉદ્યમ કર્યા વિના પોતાના કામનુ નુકસાન સહન કરે નહિ. તે માણસના ગયા પછી અથવા જતી વખતે કોઈ પણ [1] નિમિત્તથી આપણે અથવા આપણા ઘરનાં માણસે હાસ્ય કરવું નહિ. કારણ કે તે માણસને વહેમ પડે છે, તથા તેનું દિલ દુઃખાય છે, અને આપણું હલકાપણું જણાય છે. તેથી તેવા સમયે હસવાની ટેવ ન રાખવી તથા ઘરનાં માણસોને પણ સાવધ કરી રાખવાં, તેમ જ પાછળથી તે ભલાં માણસની નિંદા પણ ન કરવી.

વળી હે દીકરી ! આપણા ઘરમાં ચાકર રાખવો હોય ત્યારે આ વાર્તાને સંભારી રાખજે. આપણાથી ઉંચા કુળનાને ચાકર રાખવો નહિ. કારણ તેને ઉચા કુળનો જાણ્યાથી આપણે હલકું કામ સોપી શકીએ નહિ, તેમ જ તે કામ કરવાને તે પણ [2] સંકોચ પામે છે. ઘણી ઓળખાણ અને પ્રીતિવાળા માણસને ચાકર રાખવો નહિ. કારણ કે તે પણ આપણો હુકમ બજાવવામાં અત્યંત પ્રીતિવાળો ન

---

૧ કારણથી. ૨ લાજ.

થઈને નિર્ભય થઈ જાય છે, તેથી આપણું કામ બગડે છે. રોગી માણુસને પણ ચાકર રાખવો નહિ. કારણુ કે તેનાથી વખતસર બરાબર કામ થાય નહિ, અને આપણુને તેની અશક્તિ જોઈ દયા આવે છે તેમ જ તે રોગી માણુસને રોગ પ્રસંગે બીજાને અસર કરે છે. કારણુ કે ઘણૂા રોગ ચેપી એટલે બીજાને ચઢી જાય એવા હોય છે. વળી વધારે રૂપવાળાને ચાકર રાખવો નહિ, કારણુ કે તે રૂપના [1]મદવાળો હોવાથી હલકું તથા મેલું કામ કરતાં કંટાળે છે, તેનામાં ઘણું કરીને રજોગુણુ અને [2]પિત્ત પ્રધાન હોય છે, તેથી તે માણુસ ગરમ મિજાજનો હોય છે, અને બીજાનું સહન કરવામાં તે અસમર્થ હોય છે, તથા કોઈ પ્રસંગે મિજાજ કરીને આપણી મરજાદાને ઉલ્લંઘન કરે છે, વગેરે ઘણા ગેરફાયદા છે. વળી બહોળા વિસ્તારવાળાને તથા આળસુને ન રાખવો; કારણુ કે મોટા વિસ્તારનું સંરક્ષણુ તથા આપણા કામને કરવામાં તે કુશળ હોતો નથી. તેમાં વળી આળસુ હોય એટલે એકેનું કામ બરાબર કરી શકે નહિ તેથી તેવા માણુસને આશ્રય આપવાને તેના ગજા પ્રમાણેના કામમાં રાખી આશ્રય આપવો, પણ [3]નિયમિત રોજના કામમાં તેને ચાકર રાખવો નહિ. વળી સ્ત્રી વિનાનાને, પહેલી અવસ્થાવાળાને તથા વિષયી માણુસને ચાકર રાખવો નહિ; તેમ જ દુરાચરણુમાં પ્રસિદ્ધ ગણાએલા માણુસને ચાકર રાખવો નહિ; તથા ચોરી કરનાર, લોભી અને જૂઠું બોલનારને ચાકર રાખવો નહિ; તેથી તો અગણિત ગેરફાયદા છે. સારાં લૂગડાં પહેરીને વાંકોટેડો થઈ ફરવાની ઇચ્છાવાળાને ચાકર રાખવો નહિ. કારણુ કે તે શોખી જીવડો કોઈ દુરાચરણુથી બચતો નથી. શાથી જે તે [4]દેહાભિમાની મંદમતિનો છે. વાત કરવા તથા સાંભળવાનો રસિઓ હોય, તથા પોતાના કામની કાળજી વિનાનો હોય એવા ચાકરને જાણીને તરત રજા આપવી. વળી હે સરસ્વતિ ! એ વિના અનેક દુર્ગુણુનો વિચાર કરીને રાખેલા ચાકરને પણ પહેલેથી વિશ્વાસ પડ્યા વિના જોખમના કામમા રાખવો નહિ. તેની પરીક્ષામાટે પૈસા વગેરે કોઈ પદાર્થ તેના કામની ખરી જગાએ નાંખી મૂકવા, તથા ચોકસી રાખવી કે તે પદાર્થ તેણે જ લીધો કે નહિ; અને લીધા પછી આપણુને પાછો આપે તોપણુ તેથી ભૂલવું નહિ. કારણુ કે એવા ઘણા ઠગ માણુસો પોતાનો ભરોંસો બેસાડવા માટે પહેલેથી નુકસાન પણુ સહન કરે છે. તેથી એ વગેરે જે જે [5]વિષયમાં તેની પરીક્ષા લેવી

૧ અભિમાનવાળો. ૨ અધિક પિત્ત. ૩ નીમેલા. ૪ દેહનું અભિમાન ધરનાર. ૫ બાબતમાં.

હોય તે લીધા પછી તેને એકએકથી વધારે છૂટ આપવી, અને ગમે તેવો વિશ્વાસુ ચાકર હોય તોપણ બનતા સુધી આપણા ધનના ભંડારની અથવા વસ્ત્ર તથા ઘરેણાની જગા અને કુંચી તેને સ્વાધીન કરવાં નહિ, તથા તેનો ખરો ભોમીઓ પણ તેને કરવો નહિ. કારણ કે ધન તથા સ્ત્રી જોઈ સઉની મતિ ફરી જાય છે, તથા આપત્તિમાં પડેલો માણસ [1]સત્યાસત્યવિચારવાળો નહિ હોવાથી ગમે તેવું આચરણ કરતાં ડરતો નથી; તેમ જ ક્ષણે ક્ષણે બદલાતી આ શરીરની [2]પ્રકૃતિનો કોઈએ પણ વિશ્વાસ રાખવો ન જોઈએ, કારણ કે આજે જેવી મતિ છે, તેવી જ સદા રહેશે એ વાર્તાનો કોઈ નિશ્ચય નથી. માટે ચાકર માણસનો અધિક સહવાસ તથા ઝાઝો વિશ્વાસ કોઈ દિવસ પણ રાખવો નહિ. હે બહેન ! સો વરસ સુધીનો આપણો જૂનો ચાકર હોય, પણ આપણી ખરી ધર્મ મરજાદાને છોડી તેનો વિશ્વાસ કરવો નહિ; તથા તેને મોંઢે ચડાવવો નહિ, તથા આપણા એકાંતના ખાનગી બેસવાના મંદિરમાં તેને પરવાનગી લીધા વિના પેસવાને છૂટ આપવી નહિ.

હે ડાહી દીકરી ! આ સંસારમાં સઉના જીવનનો[3] આધાર જમવાનું છે, તેથી તે બાબતમાં પણ જે જે વિચાર કરવાની જરુર છે તેને પણ તું સાંભળી યાદ રાખજે. આ શરીર છે તે એક યંત્ર[4] છે, ને અન્ન તથા જળ એ બે વસ્તુ તો આ યંત્રને ચલાવનારી કળ છે. અન્નજળ વિના આ શરીર બરાબર રહેતું નથી, ને ઝાઝા દિવસ ચાલતું નથી, તેથી તેને સારી રીતે એટલે ઘટે તે પ્રમાણે અન્નજળ આપવું, એ જગતના સઘળા જીવોનું મુખ્ય કામ છે. ત્યાં ખાવા પીવાથી જેમ શરીર ટકે છે, તેમ જ ખાવા પીવાથી જ શરીરનો નાશ થાય છે, માટે એ બાબત વધારે બારીકીથી જાણવાની છે. તોપણ હજી તારી બાળકબુદ્ધિ[5] છે, તેથી તે જાણવાના સાધારણ નિયમ હું તને હવે કહું છું. જ્યારે આપણે ઈશ્વરની દયાથી સારી સ્થિતિમાં હોઇએ, ત્યારે તો આપણા ઘરમાં રસોઈનો કરનાર નોકર હોય છે. તો રસોઈનો કરનાર માણસ કેવો જોઈએ તે સાંભળ. તે છેક જુવાન તેમ છેક ઘરડો નહિ હોવો જોઈએ. કારણ કે જુવાનીઓ હોય તેની બુદ્ધિ ઠરેલી હોતી નથી. કેમકે આશરે ત્રીશથી તે ચાળીશ વરસની ઉમ્મરના દશ વરસમાં માણસની બુદ્ધિ પાકટ એટલે પરિપૂર્ણ થાય છે. અને તેથી પહેલી જેમ જેમ નાની ઉમ્મર તેમ તેમ બુદ્ધિ ઉછાંછળી હોય છે; અને કેટલાંક માણસો

૧ ખરું શું અને ખોટું શું તેવા. ૨ સ્વભાવ. ૩ જીવવાનો. ૪ સંચો. ૫ ઓછી બુદ્ધિ.

જે જન્મથી મરણસુધી મંદબુદ્ધિનાં છે, તેમની પણ તેમના પ્રમાણમાં પાકી બુદ્ધિ તે જ વખતમાં થાય છે, તેથી કાચી બુદ્ધિનો માણસ તથા જુવાનીઓ હોય છે, તે પ્રથમ તો બુદ્ધિએ ઓછો તેમજ વિષયની વાસનાવાળો[1] હોવાથી અસ્થિર એટલે ચંચળ ચિત્તવાળો તથા ઉતાવળિયો હોય છે; તથા થોડા વયનો હોવાથી સર્વ પ્રકારની પાકની સામગ્રી કરી પણ જાણતો નહિ હોય, અને કરી જાણતો હોય તો તેની બરાબર કેળવણીથી થતા લાભને તથા ગેરલાભને જાણતો નહિ હોય, અને કદાચ લાભ તથા ગેરલાભને જાણતો હોય તોપણ થોડી ઉમ્મરનો હોવાથી તેને ખરો અનુભવ નહિ હોય, તેથી તેના વડે થયેલો પાક ઉત્તમ ગણવાજોગ હોતો નથી. માટે બનતા સુધી છેક જુવાન પાચક એટલે રાંધનારને રાખવો નહિ, અને છેક ઘરડાને પણ રાખવો નહિ. કારણ કે તે શરીરે વૃદ્ધ અવસ્થાવાળો હોવાથી ક્ષીણ[2] બળવાળો હોય છે, તથા ઘડી ઘડી ઉઠવા બેસવામાં આળસવાળો હોય છે. તેથી દરેક પાકના સમયે તેમાં નાંખવાના મસાલા વગેરે જુદા જુદા પદાર્થો લેવાને તે ઉઠતો નથી, અને ઉઠે છે તો ઘરડા માણસને વિસરી જવાની ટેવ હોય છે, (કેમકે દરેક વાતને યાદ રાખવારુપ તેમની સ્મરણશક્તિ ઓછી થયેલી હોય છે) તેથી એક લે છે ને એક ભુલી જાય છે; માટે પાકમાં તેનાથી બરાબર ચોકસી રહેવી કઠિન છે. વખતે પદાર્થ દાઝી જાય, ને વખતે કાચો રહી જાય. વળી તે ઘરડો માણસ શક્તિએ કરીને ક્ષીણ થઈ ગયો હોય છે, માટે તેના હાથની કરેલી રસોઈ રોજ જમનારને તે અન્ન વધારે પુષ્ટિ[3] કરનારું નથી. કારણ કે રસોઈ કરનારનું બળ તથા બુદ્ધિ તેનું રાંધેલું જમનારને અસર કરે છે. હે પુત્રિ ! આ વાતનું વધારે વર્ણન હમણાં કરતી નથી, કેમકે તે બારીકીથી સમજવાને તારામાં હજી સામર્થ્ય નથી. વળી તે વૃદ્ધ માણસને કફનું અને વાયુનું જોર પણ હોય છે; તેથી વારંવાર થુંકવા અથવા નાક નસીંકવા ઉઠીને બહાર જવાની આળસે તે પાકશાળામાં જ મળને[4] નાંખે છે, અને તેનું નાક ધુમાડા વગેરે કારણથી પણ ગળતું જ હોય છે, તેથી તે અશક્ત માણસ પવિત્રતાથી પાકને કરતો નથી. વળી તેના મુખમાંથી લાળ પણ પડે છે. તેથી વખતે કોઈ પદાર્થને ઉઘાડીને જોતો હોય તો તેમાં લાળ પણ પડે છે, તેથી તે ઉચ્છિષ્ટ[5] જ ગણાય છે. તેની અશક્ત થયેલી [6]દૃષ્ટિ પણ વધારે ઉપયોગની નથી. વળી હે પુત્રી ! કોઢ, દમ, [7]ઉદરરોગ,

---

૧ ઇચ્છાવાળો. ૨ ઓછા. ૩ જોર, બળ. ૪ થુંક, લીંટ વગેરે. ૫ એઠું. ૬ નજર. ૭ પેટના રોગ.

[1]હૃદ્રોગ, [2]રક્તપિત્ત, [3]ત્વચાગરમી અથવા હાડગંભીર વગેરે મોટા રોગવાળાને તો કદાચિત્ પણ રસોઈ કરવા રાખવો નહિ તથા ફેફરા વગેરે વાયુના રોગવાળાને અને બનતા સુધી બીજા પણ રોગવાળાને રાખવો નહિ. હે દીકરી ! આપણું ચાલે ત્યાં સુધી તો રસોઈની કરનાર કોઈ ચતુર સ્ત્રીને રાખવી. પણ તે ન મળે ત્યારે નહિ ચાલતાં પુરુષને રાખવો. તેમાં પણ ચાકરને માટે કહેલી સઘળી નીતિઓ તે પાચકને માટે પણ જાણવી; તથાપિ બીજા ચાકરોની [4]પંક્તિમાં એને ગણવો નહિ. સઘળા ચાકરમાં એ ઉંચો ચાકર જાણવો, અને તેના પ્રમાણમાં તેનો વિશ્વાસ કરવો. વળી લોભી, વ્યભિચારી, ચોર તથા પદાર્થની અધિક [5]લાલસાવાળો પાચક રાખવો નહિ; કારણ કે કોઈ વેળા લોભથી અથવા દુરાશાથી[6] પ્રાણ લેવાને પણ તે ચુકતો નથી. વળી હે બ્હેન સરસ્વતિ ! શારીરવિદ્યાને, રસાયનશાસ્ત્રને, તથા ઔષધિશાસ્ત્રમા પદાર્થોના વર્ણેલા ગુણદોષને જે જાણનારો હોય, તથા સ્વધર્મે ચાલનારો હોય તે પાચક સારો જાણવો; અને તેવા જ પ્રકારની સમજણ અથવા અનુભવવાળી સ્ત્રી હોય તો તેને ઉત્તમ જાણવી. તેમાં પણ તે રાંધનાર ક્રોધી, બળેલા અંતઃકરણનો, [7]સુમ તથા ચીડિયો હોય તો [8]નેષ્ટ છે. આખો દિવસ પ્રસન્ન ચિત્તવાળો, ઠરેલા મનનો, શાંત, અને બહુ [9]પરિતાપથી બળતો નહિ હોય એવો [10]શ્રેષ્ટ છે. આ સઘળું છતાં પણ વિશેષ ધ્યાન ખેંચવા ફરી કહું છું કે જે રસોઈયો રસોઈ કરવામાં તથા બીજી બધી બાબતમાં આપણી મરજી સાચવનાર હોય પરંતુ નાસ્તિક એટલે ઈશ્વરને ન માનનાર હોય, તથા ઈશ્વર છે એમ માનતો હોય પણ પ્રીતિવડે ઈશ્વરની ભક્તિ ન કરનાર કઠોર મનનો વિષયી હોય, અથવા લોકોને દેખાડવા માત્ર ઢોંગથી ભક્તિ કરતો હોય અને દુર્ગુણમાં બળતો હોય, તથા ઈશ્વર અથવા ઈશ્વરભક્ત મહાત્માની સ્તુતિસેવા વગેરે ન કરનાર છતાં તેમની મિથ્યા નિંદા કરનાર કુટિલ અભિમાની હોય, તથા જમનારને દ્વેષ રાખી જમાડનાર હોય, એવા અધર્મિને અનેક લાભ હોય તોપણ રાંધવા રાખવો નહિ. કારણ એવા નીચ બુદ્ધિના માણસનું રાંધેલું જમનાર, જો પરમેશ્વર સાથે પ્રીતિ જોડનાર સાધક હોય તો તેની બુદ્ધિ બગડે છે, અને ઘણે કાળે તે પણ દુર્ગુણી થાય છે.

વળી હે દીકરી ! ખાવાપીવાથી વાયુ, પિત્ત તથા કફ એવા ત્રણ

---

૧ હૃદયના રોગ. ૨ રગતપિત્ત. ૩ ચામડીની ગરમી. ૪ હારમાં. ૫ લાલચવાળો. ૬ ખોટી આશાથી. ૭ કંજુસ. ૮ નીચ જાતનો. ૯ ક્લેશથી. ૧૦ સઉથી સારો.

દોષ એટલે મળ શરીરમાં પેદા થાય છે, તેથી તેમની જ્યારે વિષમ અવસ્થા એટલે હદ કરતાં વધતા ઓછાપણું થાય છે ત્યારે ઘણા રોગો થાય છે. તેથી રાંધનાર તથા જમનાર માણસે પદાર્થના ગુણ તથા દોષ જાણવા જોઈએ. શાસ્ત્ર તથા વડિલ અનુભવી એ વાર્તાને જાણવામાં માર્ગ છે. ત્યાં જેના શરીરમાં વાતદોષ અધિક છે તેને વાયુનો કોપ કરનાર વાયડા પદાર્થો ખાવાપીવામાં નહિ આવવા જોઈએ, ને આવે તો મોટું નુકસાન કરે છે. જેને પિત્તદોષ વધારે હોય છે તેને પિત્તને કોપ કરનારા ઘણા ગરમ પદાર્થો નુકસાનકારક છે તેથી તે ન આપવા જોઈએ. અને જેને કફદોષ વધારે હોય છે. એવા માણસને તો કફને કોપ કરનારા ઘણા ઠંડા અથવા વધારે ગળ્યા વગેરે પદાર્થો નહિ આપવા જોઈએ. તેમ જ હે પુત્રિ! કફવાત, કફપિત્ત તથા વાતપિત્ત વગેરે શરીરની પ્રકૃતિ ઓળખવી જોઈએ, તથા તેને નુકસાન તથા ફાયદો કરનારા ખાવાપીવા વગેરેના પદાર્થો જાણવા જોઈએ તેથી અધિક ફાયદો છે. માટે અનુભવી, વિચારવાળો અને સદ્ગુણી પાચક રાખવો; નહિ તો આપણે હાથે રાંધવાનો અભ્યાસ વધારે ઉપયોગનો જાણવો. વળી હે પુત્રિ! તે રસોઈ કરનાર માણસથી મતલબ જેટલો વ્યવહાર રાખવો. કારણ અધિક બોલવા હસવા વગેરેનો વ્યવહાર રાખનાર નીચ કુળનાં ગણાય છે. એટલું જ નહિ પણ વધારે વ્યવહારથી અધિક ન્યૂન થાય ત્યારે તે પ્રાણસંકટને લાવે છે. હે વહાલી દીકરી! ભોજનમાં પણ રાખવા જોગ નીતિને તું શ્રવણ કર. ભોજનશાળામાં એક જ પંગતે બેઠેલાં માણસોને સારો નઠારો, તથા ઉંચો હલકો એવો ભેદ રાખી પદાર્થ મૂકવો નહિ, પણ સર્વને એક જાતનો પદાર્થ મૂકાવવો, અને સઉ સઉની રુચિ તથા પ્રીતિના પ્રમાણમાં સર્વને જોઈતા પદાર્થ મૂકવા. પણ પ્રીતિવડે અથવા દ્વેષવડે એ સમયે એક બીજામાં અંતર ગણવું નહિ. કારણ કે સાથે બેશીને જમનારની દૃષ્ટિ તે ઉત્તમ અથવા અધિક પ્રીતિવડે મૂકાએલા સારા પદાર્થઉપર પડે છે, અને તે પદાર્થ તે જમનારની ઇચ્છા છતાં તેને મૂકવામાં આવતો નથી, તો તે ઉત્તમ પદાર્થ ખાનારને બીજાની ક્રૂર [૧]દૃષ્ટિ નડે છે; તથા તે જમનારના મનમાં પોતાના નીચા અથવા કમતી અધિકારના અનુમાનથી ખેદ થાય છે. તે ખેદથી તેનું પ્રીતિપૂર્વક જમવું થતું નથી અને અંતર દુઃખાય છે એ મોટું પાપ છે.

૧ બીજાની કુદૃષ્ટિ મનુષ્યને કેવે પ્રકારે અસર કરે છે તથા તે અસર થવામાં કેવા હેતુ રહેલા છે એ આ ગ્રંથના ત્રીજા અલંકારમાં વર્ણવ્યું છે ત્યાં જોવું.

માટે એક પંગતે જમનારમાં ભેદભાવ ન રાખવો, તથા મૂકનારને આ નીતિ સૂચવી રાખવી જોઈએ. હે પુત્રિ! આપણા ઘરની ભોજનશાળાને ઘણી સ્વચ્છ રાખવી; કારણ કે મોટા યજ્ઞ અથવા પવિત્ર ધર્મની ક્રિયાનાં જેટલાં કામો છે, તે સર્વમાં આ પેટરૂપી કુંડમાં પ્રાણઅગ્નિને [1]આહુતિ આપવારૂપ પ્રાણાગ્નિ [2]હોત્ર એ શ્રેષ્ઠ યજ્ઞ છે; અને તે સમયે શરીરમાં ઠેકાણે ઠેકાણે રહેલા [3]ઇંદ્રિયાદિના દેવતાઓ પોતપોતાના પ્રત્યક્ષ ભાગ લે છે; માટે એ મોટામાં મોટી ધર્મની ક્રિયા છે, એમ જાણવું. અને તેથી જ ભોજનશાળાને રોજ પવિત્ર ગાયના છાણથી લીંપવી તથા વાળીને ચોખ્ખી રાખવી. તે ઠેકાણે દુર્ગંધ આવે એવો કોઈ પણ પદાર્થ રાખવો નહિ. પણ ઉલટું જમવાની વખત થાય ત્યારે એકેક માણસને એક એક હાથને અંતરે બેસવાના સાથિયા પૂરી મંડળ કરવાં, તથા તેમાં પાટલા મૂકવા, અને ડાબી બાજુએ પાણીના લોટા ભરાવી મૂકવા; તથા જમણી બાજુએ ઘીના દીવા તથા અગરબત્તિ વગેરેના સુગંધવાળા ધૂપ મૂકવા; તથા ખાખર, કેળ, વડ, મહુડો કે એવાં જ પવિત્ર ઝાડનાં પાનાંની પત્રાળીઓ ધોઈ સ્વચ્છ કરીને મૂકવી, અથવા તો આપણી શક્તિના પ્રમાણમાં ધાતુનાં ભોજનપાત્ર મૂકવાં. પછી વિધિપ્રમાણે થયેલો પાક પ્રીતિવડે ભાણાઅંતર રાખ્યા વિના જમાડવો. તેમાં બનતા સુધી રોગી, તથા સ્નાન કર્યા વગરના અથવા સ્વચ્છ ધોએલાં રેશમી કે સુતરનાં સોળાં વિનાનાં તથા ભોજનમાં ચતુરાઈ વિનાના માણસને, તથા ગાફલ પ્રકૃતિવાળાને, તથા ગંદાં, ગોબરાં અથવા સમજણ વિનાનાં બાળક છોકરાં જે મળમૂત્રને ત્યાગ કરવાના વિવેકને ન જાણે એવાંને તથા સમયપ્રમાણે બોલવામાં અકુશળ છતાં નિષિદ્ધ એટલે નહિ બોલવાના શબ્દોને બોલનારને, તથા એ વગેરે નીચ જાતિ તથા સ્વભાવવાળાંને એ પવિત્ર પંગતમાં ન બેસાડવાં, પણ તેમને જૂદા સ્થાનમાં બેસાડવાં. પીરસનાર પણ ચતુર માણસને રાખવો. તે પીરસનાર માણસે જમનારની પરીક્ષા કરી તેમને જમાડવા જોઈએ. તેમાં અધિક જમવાની રુચિવાળો એટલો જેનો જઠરઅગ્નિ બળવાન હોય તેવાને ઓળખી વારંવાર મૂકી જમાડવો. તે શરમને લીધે ભૂખ્યો ઉઠે નહિ એવી ચોકસી રાખવી જોઈએ; અને જેનો જઠર મંદ હોય તેને પરિતાપ ઉત્પન્ન થાય એવી રીતે દાબીને તેની ઇચ્છાઉપરાંત જમાડવો નહિ. કારણ કે શક્તિથી વધારે જમનાર તથા શક્તિથી ઓછું જમનાર બંનેને

---

૧ એક વખતે જેટલું અગ્નિમાં હોમાય તેટલું. ૨ પ્રાણને અગ્નિ જાણી તેમાં હોમ કરવો તે. ૩ ઇંદ્રિયો વગેરેના.

અનેક રોગ થાય છે. તેથી તેમની તૃપ્તિપર્યંત[1] જમાડવામાં અકુશળ એવાને, અશાંત તથા અપ્રસન્ન ચિત્તવાળાને, તથા ક્રોધ કરીને વધારે મૂકનારને તથા સહજ કસુરના નિમિત્તથી[2] તિરસ્કાર કરનારને, તથા માગનારની તથા જમનારની આળસથી કે અવિવેકથી વારંવાર ન તપાસ લેનારને, તથા સહજ બાબતમા કઠોર શબ્દો બોલી સંભળાવનારને તથા કોઈ નિમિત્તથી ખેદને પામેલાને અથવા રીસાએલાને અથવા રીસાવાની ટેવવાળાને, અથવા દુઃખથી પીડિતને[3] તથા મિત્ર-શત્રુ ઉપર રાગદ્વેષને[4] રાખનારાને, તથા જમાડવામાં ભેદબુદ્ધિ[5] રાખી વિવેક ત્યજનારાને તથા અભિમાની, બહેરા, ઓછું દેખનારા, રોગી, તથા બહુ ઉતાવળ વગેરે દોષવાળાને પીરસવા રાખવો નહિ. તેનાથી ઘણા ગેરફાયદા છે. વળી હે સરસ્વતિ! મૌનવ્રતથી [6]જમનારને, એક જ વાર અન્ન લેવું એવા નિયમવાળાને, પ્રથમ એક વાર આવેલો પદાર્થ જ ફરીથી લેવો, અને નૈવેદ્યમાં[7] આવેલો નહિ એવો ન લેવો એવા નિયમવાળાને, ભોજનપાત્રમાં મૂકેલા પદાર્થને છાંડવો નહિ એવા નિયમવાળાને, તથા એવા જ બીજા નિયમ જાળવનારાને તેમની તપાસ રાખી જમાડવા; તથા રોગી અથવા ઓસડ ખાનાર પરેજી પાળનારને, તેમને અનુકૂળ પદાર્થોથી સંતોષ પમાડવા. આ વગેરેમાં પીરસનારને અધિક ચતુરાઈ રાખવાની જરૂર હોય છે. તેનો પણ ઘટતો બંદોબસ્ત આપણે ઘરના માલિકે કરવો જોઇએ. તેમાં પણ મુખ્ય જમવાનો પદાર્થ ભોજનપાત્રમાં જમનારની પાસેની બાજુએ મૂકવો, અને મિષ્ટાન્ન જમવાનું હોય ત્યારે અપોશાનીને માટે બ્રાહ્મણોને મુકેલો ભાત જમનારના જમણા હાથની બાજુએ મુકવો. કારણ કે બ્રાહ્મણોને, દેવને બળિદાન મુકવાની, ભોજનપાત્રથી જમણી બાજુ શ્રેષ્ઠ કહેલી છે. શાક વગેરે પદાર્થ જમનારની સામી બાજુએ, અને ખુટતા પદાર્થ છેક ડાબી બાજુસુધી પણ મુકવા; આ જમનારને સુગમતાની નીતિ છે, તે પણ ઘટતી પાળવી. જમ્યા પછી મુખની શુદ્ધિને માટે પાનસોપારી વગેરે જે હોય તે આપવું. કોઈ દેવ અથવા પિતરના નિમિત્તે પવિત્ર બ્રાહ્મણને કે ગોરાણીને જમાડ્યાં હોય તો ઉપર શક્તિ પ્રમાણે દક્ષિણા, વસ્ત્ર કે પાત્ર આપવું, અથવા નમસ્કાર માત્ર કરવો.

---

૧ ધરાય ત્યાંસુધી. ૨ કારણથી. ૩ પીડાએલાને. ૪ પ્રીતિ તથા વેરને. ૫ એકને એક વસ્તુ મુકવી અને બીજાને તે નહિ મુકવી એવો તફાવત રાખવો તે. ૬ જમતાં બોલવું નહિ એવા નિયમથી ૭ ઈશ્વરને અર્પણ કરવામાં, અથવા જમવાના આરંભમાં.

વળી હે સુઘડ દીકરી ! જેવી ભોજનશાળા સ્વચ્છ રાખવી ઘટે છે, તેવી જ પાકશાળા પણ વધારે ચોખ્ખી રાખવી જોઈએ. તેમાં જેવી નીચેની જગા ચોખ્ખી રાખવી જોઇએ તેથી પણ ઉપરની જગા સાફ રાખવા વધારે કાળજી કરવી જોઈએ; કારણ કે પાકશાળામાં કેટલાક પદાર્થો તો અર્ધા પાકે ત્યાં સુધી ઢંકાતા નથી, અને કેટલા તો આખર સુધી પણ ઢંકાતા નથી; તેમ જ કેટલાક તો સાહિત્યરૂપે[1] પકવવા પહેલાં ઉઘાડા જ પડેલા હોય છે. તેથી તે ઉઘાડા રહેનાર પદાર્થોમાં કાંઈ જીવજંતુ અથવા કચરો કસ્તર અથવા કાંઈ પણ ઉપરથી ન પડે એવી ઉપરના ભાગમાં સાફ જગા રાખવી. ઘણું કરીને પૈસાદારના ઘરમાં તો તેવી જગા વધારે સ્વચ્છ હોય છે; તોપણ રાંધનાર માણસે દરરોજ ચૂલો સળગાવ્યા પહેલાં, એક સાવરણી વાંસસાથે બાંધી રાખેલી હોય તેથી અથવા તો તેવાં જ બીજા કોઈ સાધનથી ઉપરની જગા રોજ સાફ કરવી. કારણ કે તેવી જગાએ ઘણું કરીને કરોળીયા વગેરે જાળામાં રહેનારા જીવો ઉપર જાળાં બાંધે છે, તથા તે જાળાંમાં ઉડતાં અથવા તો બીજાં ઝીણાં ઝીણાં અથવા મોટાં જીવજંતુ ભરાયલાં મરી ગએલાં હોય છે, અથવા જીવતાં પણ હોય છે, તે વખતે પવનથી અથવા ચૂલાના અગ્નિની જ્વાળાથી[2] નીચેના ઉઘાડા પદાર્થમાં પડે છે; અને રસોઈ કરનારની બધાં વાસણમાં સરખી નજર રહેતી નથી, તેથી વખતે જીવનું પણ જોખમ થાય છે. કેમકે ઘણા પદાર્થો અથવા જીવો ઝેરી હોય છે. પ્રસંગે ઉપરથી ગરોળી જેવાં ઝેરી જનાવરના મળ વગેરે પડે છે તો તે પણ પદાર્થ ખાનારને મારે છે, અથવા રોગી કરે છે. તેથી રાંધનારાએ રોજ ચૂલો સળગાવ્યા પહેલાં તે જગાને સાફ કરવી, અને બને તો તે જગાએ ઉપર વસ્ત્ર વગેરે બાંધવું. વળી રસોઇ કરવાના પદાર્થો જેવાં કે દાળ, ચોખા, તેને તો પ્રથમથી સારી પેઠે જોઈને વીણવા; કારણ કે તેમાં ઘણી વખત જીવ હોય છે, તેથી ચોકસી કર્યા વિના રાંધે છે તો વખતે તે રાંધેલા અન્નમાંથી કીડી, કીલ્લાં, અથવા ચેળ વગેરે જંતુઓ નીકળે છે ત્યારે સુઘડ જમનારાને અધિક ખેદ તથા અપ્રસન્નતા થાય છે, અને વખતે જમતા પણ નથી; એટલું જ નહિ પણ તે જીવ ખાધામાં આવે તો માણસને મહારોગ વગેરેથી દુઃખી કરે છે. માટે રસોઈનો સઘળો સામાન ચોકસીથી રાખવો, અને પકવવો. વળી તે રસોઈમાં વાપરવાનાં વાસણો પણ ઘણાં સાફ રાખવાં, અને જોઈ તપાસી ઉપયોગમાં લેવાં; કારણ કે તેમાં રહેલો

---

૧ રાંધવાને માટે તૈયાર કરી નજીક મૂકી છાંડેલા પદાર્થો. ૨ ઝાળથી.

કાટ વગેરે માણુસને નુકસાન કરે છે. રાંધનાર માણુસ એટલો બધો ચોકસ હોય કે નહિ હોય તોપણ આપણે આ બાબતોની રોજ સવારમાં ચોકસી કરવી. જે વસ્તુ આપણા જીવનમાં મુખ્ય આધારરૂપ છે તેની સારી રીતે સંભાળ રાખવી એ મુખ્ય કામ છે. વળી રાંધનાર માણુસની સુઘડતા પણ આપણે ફરતાં હરતાં જોવી, તથા તેની ભૂલ સુધારવી. કેટલાંક રાંધનાર નો કડછી, તાવેતા વગેરે વારંવાર પાકમાં ફેરવવાનાં હથીયારને એક વાર ફેરવીને જમીનઉપર મુકે છે, તથા બીજી વાર તપાસ કર્યા વિના ફરી ફેરવે છે. તે વખતે તે હથીયારને જમીન ઉપરથી વળગેલી માટી અથવા જીવ હોય તો તે પાકમાં જાય છે. માટે તે હથીયારોને ચોકસ રીતે મુકવાં, અને તપાસીને ફેરવવા, એવી સંભાળ રખાવવી.

હે સુલક્ષણી[1] સુતા[2]! સારા સારા ખાવાના મિષ્ટ વગેરે પદાર્થોની બાળકને તથા ઘરડાં માણસને વધારે ઇચ્છા હોય છે, તેથી તેમને પ્રીતિવડે બની શકે તો વખતે વખતે તે આપવા. ગરીબ અવસ્થાવાળાં ઘરડાં અથવા બાળક વગેરેને શક્તિપ્રમાણે સારા પદાર્થ આપ્યા હોય તો તેમનું મન વધારે રાજી થાય છે, તથા તેમનાં આનંદભર્યા અંતઃકરણનો આશીર્વાદ પણ કિમતી ગણાય છે.

વળી હે સરસ્વતિ ! દરેક વખતે પણ આપણે ઘેર આવેલાં રોગી અથવા દુઃખીની ખબર બનતા સુધી પહેલી પૂછી લેવી, તથા ઘટતો જવાબ દઇ દેવો, એ ઉત્તમ નીતિ છે.

મનોહર કહે છે, 'સદ્‌ગુરુ દેવકી જય.' હવે અહિંથી સ્મરણ રાખજો, આવતી કાલે વળી કહીશું. હવે પથારી વગેરેની ગોઠવણ કરો.

વિજયા—અહાહા[3]! શું ડોશીએ બોધ દીધો છે ! હેં વારુ, હમણાં આપણા લોકો એનો હજારમો હિસ્સો[4] પણ પાળતા હોય તો કેવું સારું ? પણ કશું પાળતા નથી, ને દુઃખી થાય છે; ને તેએ પણ ખરું કે આવી વાત કેટલાં તો જાણતાંએ નથી. કેમ ખરું કે નહિ ?

મનોહર—હા, એવી વાર્તા આજે કોણ જાણે છે ? જે જાણવાનું છે તે જાણતા નથી, ને વગર જાણવાનું જાણવાને ઘણાએ મહેનત કરે છે; ને દુઃખનુ કારણ એ જ છે કેની કે આપણી બુદ્ધિ પહોંચે નહિ, ને કોઇ કહે તેનું માને નહિ.

વિજયા—ખરે એમ જ છે. પણ જુઓની મને તો ત્યારનું એ થાય છે કે આ ચંચળે શું કર્યું ! વાતનું વતેસર. એને લગારે

---

૧ સારાં લક્ષણુવાળી. ૨ છોકરી. ૩ મીઠા, ગળ્યા. ૪ ભાગ.

શરમ ના પડી ? હાય હાય ! મારાથી તો એવું ન થાય હો.

મનોહર—લે હવે તને શું કહીએ ? તું વળી ડાહી ગાંડી નથી ? જો ? ગઈ વાત ના સંભારવી, તેને ફરી ફરી સંભારે છે; ને બૈરાંની જાતને એ તો ટેવ જ પડી ગઈ હોય છે કે સહજ વાત કરતાં 'હાય હાય.' હાય હાય તે શું ! જરા વિચાર તો કરનો, કે કોઈ મરી જાય ને કુટવા જાય છે ત્યારે બોલવાની ટેવ; તે બધે માંગલિક[1] સમયે પણ તેનું તે ! અને બીજા મૂર્ખ તો બોલે, પણ તું વળી ડાહ્યામાં ખપે છે તેએ તેમ જ બોલે છે. તેનું હવે શું કરવું, કહે ?

વિજયા—(દાંતવડે જીભ દાબીને હસતે મુખે) હાશ હાશ ! 'વાસીદામાં સાંબેલું ગયા જેવું.' હું રાંડ સમજું તોએ સરખી ઠરી, અને ન સમજે ને પણ તેવાં.

મનોહર—લે વળી તને શું કહીએ ? આ 'હાશ હાશ', તે વળી હાય હાયનો પિતરાઇ; અને 'હું રાંડ' તે શું ? તું જાણતી નથી જેનો સ્વામી મરી જાય તે રાંડીરાંડ હોય, પણ તું તારે મોંએ કહે છે કે 'હું રાંડ', એ કેવી ભૂલ છે ? હમણાં તને કોઈ બીજાએ રાંડ કહી હોય તો કેવું દુઃખ લાગે ? ગાંડી ! જે બોલીએ તે વિચાર કરીને બોલીએ. ઘટતા અણઘટતાનો તોલ કરીએ. એક બોલ્યું તેમ બધાએ બોલવું એ તે શા કામનું ?

વિજયા—(વિચારમાં પડતી) ખરી વાત આ તો હવે અક્ષરે અક્ષર વિચારીને બોલવો જોઇએ. બૈરાંની જાતને રડ્યુ બોલતાં આવડતું નથી, તો બીજું તે શું આવડે ?

મનોહર—(હસીને) લ્યો હવે રડ્યુ બોલતાં આવડ્યું !! ડાહી થઇને બોલવા જાય છે, પણ શું બોલે છે તેનો લક્ષ ક્યારે રહે છે ? એનું જ નામ વગરવિચાર્યું બોલવું તે.

વિજયા—(હસીને) આજે તો હવે થયું તે થયુ. પણ થોડું બોલ્યામાં સાર. સારું બોલતાં આવડે તો પછી જ વધારે બોલવું; નહિ તો બોલવું પણ નહિ.

મનોહર—હવે સમજી. હવેથી વિચારીને બોલજે, ને પાછલી વાત સંભારીશ નહિ, હો કે ?

વિજયા—ભાઇ સાહેબ ! ધીરે ધીરે આવડશે. તમે મને ભૂલ પડે ત્યારે ટકોરજો.

---

૧ લગ્ન વગેરે આનંદના સમયે.

મનોહર—શું ધૂળ ટકોરે! હમણાં બોલે છે ને ભાન નથી! ' ભાઇસાહેબ ' કોને કહેવાય ?

વિજયા—(હસીને) લ્યો હવે અત્યારે માફ કરો. હમણાં મારો જીવ ઠેકાણે નહિ રહે. કાલથી સંભાળીશ. જુઓ! સાચું કહેવાની હરકત નહિ. મને ઘડીએ ઘડીએ ભુલવા કરૂં છું તોએ આ ચંચળના બોલ સાંભરી આવે છે તેનું મને દુઃખ નથી, ઉલટી રાજી થાઉ છું, પણ નર્યા ભૂલી જવાતા નથી.

મનોહર—લ્યો ત્યારે. એ ઉપર તમને બે પ્રભાતિયાં જોડી આપુ છું તે સવારમાં ઉઠીને રોજ ગાયા કરજો, એટલે તમારું ને તેનું બેયનું કલ્યાણ થાય.

વિજયા—હા, હા, ત્યારે તો બહુ સારું. પણ જોજો! લડવાડ વધે એવું કાંઈ જોડશો નહિ હો.

મનોહર—સાંભળીને પછી કહેજે. હમણાં તારું કામ કર. લગાર વાર છે. (થોડીવાર પછી) લે જો સાંભળ. (**વિજયા** સાંભળે છે અને **મનોહર** ગાઈ બતાવે છે.)

પદ. રાગ પ્રભાત.

વાંગું વાતાં વહેલાં ઉઠી, **જગત્પતિને** ભજીએ રે;
લોકતણી નિંદાને કુથલી, [1]અંતરમાંથી ત્યજીએ રે. વાંણું૦ ૧
સઉથી પહેલાં પતિને [2]પાયે, [3]મસ્તક મૂકી નમીએ રે;
સાસુસસરાને પછી નમીએ, કોઈને પણ ના [4]દમીએ રે. વાંણું૦ ૨
ઘરનું કામ કરંતાં અબળા, ખોટી રમત ન રમીએ રે;
કામરૂપી છે કામણુ મોટું, તે કરી સઉને ગમીએ રે. વાણું૦ ૩
ખોટે રસ્તે જાવા [5]દુર્જન, ભમાવે પણ ના ભમીએ રે;
પાડોશણુ વઢવાને [6]મિષે, ગાળો દે તો ખમીએ રે. વાણું૦ ૪
મનહર હે કુળવંતી નારી, પતિને જમાડી જમીએ રે;
ભયહર **શ્રીસદ્‌ગુરુને** [7]ચરણે, ચિતડું રાખી [8]શમીએ રે. વાણું૦ ૫

પદ. રાગ એ જ.

જય જય જય જગદીશ્વર[9] મારા, દુર્ગુણ દૂર પરવરજો[10] રે;
મંદમતિ અબળા જાતિનું, સારું સદાએ કરજો રે. જય૦ ૧

---

૧ મનમાંથી. ૨ પગે. ૩ માથું. ૪ દુઃખ દઈએ. ૫ નઠારાં માણસ. ૬ બહાને. ૭ પગે. ૮ શાંતિ પામીએ. ૯ જગતના ઈશ્વર. ૧૦ દૂર જજો.

ચંચળ નારીની ચંચળતા, ટાળી શાંતિ ધરજો રે;
મુજ મન જેમ ઠરે ગુણ ગાતાં, સઉનાં તેમ જ ઠરજો રે. જય૦ ૨
ભણી ગણી પ્રભુ તુજ ગુણ ગાવા, પ્રીતિ ઉરમાં ભરજો રે;
અડોશિપડોશી સગાંસંબંધિ, તમારે નામે તરજો રે. જય૦ ૩
વઢવા ને નિંદા કરવાથી, ચિત્ત અમારાં ફરજો રે;
નિત્ય ઉઠી તમને ભજતાં મુજ, કારજ સઘળાં સરજો[1] રે. જય૦ ૪
મનહર સઉ પુણ્યવતી રામા[2], પાપકર્મથી ડરજો રે;
ભયહર **શ્રીસ**દ્‌ગુરુને સેવી, નિર્ભય થઈ વિચરજો[3] રે; જય૦ ૫

વિજયા—(સાંભળી રહીને) પેલું 'ચંચલ નારીની ચંચળતા' એટલું જરા કઠણ છે. પછી જેમ આપની મરજી; ને વળી 'અડોશી પડોશી' માંહી આવે છે, એટલે આપણે એના ઉપર ન કહીએ તો પણ તે માથે ખેંચી લેશે.

મનોહર—ભલે માથે ખેંચી લેશે તો તે ભારે મરશે ને દુઃખી થશે. તું તારે ગાજે; ને ખરું કહેતાં ખાર શેનો ?

વિજયા—હશે, જેમ આપની મરજી. પણ એમાં 'ચંચળ નારીની ચંચળતા' એટલે ખરું જોતાં કાંઇ એના ઉપર નથી, પણ એ તો મૂરખ છે એટલે શું કહેવું !

મનોહર—હશે, તમે તમારે પરમેશ્વરનું નામ લ્યોની, એટલે બધુંએ સારું થશે. (પછી પોતપોતાને સ્થાને સૂએ છે, ને ઉંઘી જાય છે)

ચંચળાના વર **બાળ**મુકુંદદાસ રાત્રે મોડા દુકાનેથી આવ્યા તે બારણેથી બોલે છે, એ સાંભલોછ કે ? આ જરા બાન્નુ ઉઘાડજો.

વિઠ્ઠલજી—(સામી બારીથી) કેમ શેઠ ! આજે કાંઈ બહુ મોડા મોડા !

શેઠ—હા. **વિઠ્ઠલજી** કે ? જાગો જ છો કેની ? દુકાનનું કામ એતલે ઘરી મોરું વહેલું થાય. ભાઈ ! તમારી પેઠેમ છે, કે સંધાકાલમાં બાજાં ધાંકીને સૂવાનું !

વિઠ્ઠલજી—હાસ્તો, અમારે કાંઈ પેટ બાળીને, વૈતરાં કરીને, વ્યાજનાં વ્યાજ કરીને, લોકનાં ગળાં રેંશીને, બે લાખના ને ચાર લાખના ધણી થવાનું છે ? અમારે તો શેર કમાવું ને શેર ખાવું, ને પરમેશ્વરનું ભજન કરવું.

શેઠ—(હેં હેં હેં એવા શબ્દથી હસીને) ભાઈ, ટમે બઢી વાટે પોંકેલા છો.

---

૧ સફળ થજો. ૨ સ્ત્રી. ૩ ફરજો.

ચંચળા—(બારણું ઉઘાડીને) લો ચાલો હવે, કાંસુધી લખારા કર્યા કરવા છે? મને તો ટાઢ વાય છે ને ખોટી થાઉં છું.

શેઠ—હા ચાલો. એ ટો જરા વિથ્થલજી પૂછટા'ટા ટેનો જવાબ ડીઢાવના ચાલે! પારાપારીસનું કામ!

ચંચળા—હવે દીધા જવાબ. જવાબ તે રડયા કાંસુધી? બાયણે બાર વાગવા આવ્યા તોએ!

શેઠ—સી વાટ કડો છો!! હજી ડડબાડના ડસ હમનાં ઠયા. હું તકોરા ગનીને જ આવું છું; ને એ ટો ટમને ઘરમાં બેથે બેથે એમ જનાય. હમના ટાકીતની ઉઘરાણી હોય ને ટમારા જેવો સાલો ગુમાસ્ટો હોય ટો પછી સી વલે! ખબડ છે? કે'ટાં હો ટો અમનાં બાડ ડડવાજાની ખબડ લઈને આવું. હજુ ટે વલી ખાદુંએ નઠી. કેમ, ટમાડી હિમ્મટ પોંચે?

ચંચળા—પહોંચી હવે હિંમત! અડધી રાત ગઈ. ખાવાનું ભાન છે કે નહિ? જવા દોની એ લખારા કાં સૂધી!

શેઠ—(હેં હેં હેં એમ હસીને) જુઓ. આપને માંઠ આવ્યું ટારે જવા ડો. લો લાવો, પોટીયુ બડલવાનું કાં છે?

ચંચળા—જ્યાં મૂકયુ હશે તાસ્તો. કિયા ઘરમાં ચાકર રાખ્યા છે, તે ઠેકાણે રાખીને આલનારા છે?

શેઠ—લોને કે'ટાં હો ટો રાખીએ કાલઠી. આજ કેમ વાકુ, કાંઈ માંખી છીંકી ગઈ છે કે સુ? ટમાડો સભાવ બહુ જ આકલો. ઢીરજ રાખીએ. ઠાય છે. હવે કંઈ ઢાડ આવે છે?

ચંચળા—હવે ખાવું હોય તો ખાઈ લીધું. નકામ ચાળા શા!! તમને કોઈની પીડા છે? રાંડના જીવને કેમ થતું હશે ત્યારે અકળાતી હશે!

શેઠ—હેં હેં! આજ એવું સું ઠયું છે? કોઈ જોરે લરવાર ઠઈ કે સું? ટેમાં જ ટમારો પહેલો સુકન નીકલ્યો ટારઠી મને વેહેમ જેવું ટો હટું. કો' હવે વિગટવાર સું ઠયું ટે?

ચંચળા—(ધીરેથી) ખાઈ લો એટલે કહીશ.

શેઠ—(ખાઇ ને ઉઠતાં 'હોઇઆં' એવો મોટો અવાજ કરીને) **વિસંભડનાથ! ટારો આસડો છે. હડી ડાટા હડી ભોગટા છો. જે ભંડાડઠી આવ્યું ટે ભંડાડ ભડપુડ ડાખજો. હે બાલકસનજી! આપ જે**

કડસો ટે ખડું. (પછી ચંચળાને) કો' હવે સી વાટ ? ટંબાકુનો વાતવો બાડો ટાં છે ? જોટાં આવજો. ઢીરેઠી. કંઈ ઉટાવલ નહી.

ચંચળે પાન, તમાકુ, તથા સોપારી શેઠને આપતાં ધીરે ધીરે એ વાત ભેળવીને સઘળી હકીકત શેઠને કહી સંભળાવી, ને કહ્યું, જુઓ, પાડાપાડોશમાં રહેવું ને એને રાંડને લાજ ના આવી. આમાં મારો વાંક હોય તો કહી દેખાડો.

શેઠ—ના, ટમે ટો પાઢડું કહ્યું છે. એમાં ટલભાડ આપનો વાંક નહી. ઠીક છે, ટેની ચંટા નહી. કાલ સવાડમાં ટો માટે ઉઘડાનીનુ લફ્ડું છે, ટેઠી લાચાડ. પન જાઓ, ખાસ ટમાડે સાડું સાંજના ડુકાન વેહેલી બંઢ કડીને એના વડને સઘલી વાટે સમજન પારીસું. એ વાટ કહીસું, કે જુઓ, માંહોમાંહી આ રસટો સાડો નહી. કેમ ટમાડી પન એ જ ઢાંન પોંચેછ કેની ?

ચંચળા—હાસ્તો, બીજું શું ? પણ જુઓ, છેક તેની વહુનો વાંક કાઢશો ના. તેના માણસનું જેટલું તેને દાઝે તેટલું આપણું નહિ. તેથી તેને દુઃખ ના લાગે એમ કહેજો, ને વાત વધારશો નહિ. મોંપારખાં કરવાનું કહે તો ના કહેજો, કે વાત વધારીને શું કામ છે ?

શેઠ—અડે ટમે જુઓ ટો ખડાં ટમાસો. એ ટનીઢનીયાનીને સપાતામાં પાની પાની કરી નાંખીસ. ચાલો હવે નિડાંટે સૂઈ જાઓ. (એમ કહી ઉઠીને **રાદેગોવંડ રાઢે, રાઢે ગોવંડ રાઢે. સીજી વિઠ્થલ, સીજી વિઠ્થલ** કહીને પાણી પીને સૂઈ જાય છે.)

દિવસ ૩.

પાછલી છ ઘડી રાત્રિએ ઉઠીને વિજયા પોતાના પતિને પગે માથું મૂકી નમીને, પછી પોતાના કામકાજમાં ફરતી, **મનોહરે** લખી આપેલાં પ્રભાતિયાંને વાંચીને ગોખતી વારાફરતી કડીઓને ગાવા લાગી. **મનોહર** પણ સુબોધ તથા ભક્તિનાં પ્રભાતિયાં ગાઈ પોતાના કામથી પરવારીને સ્નાન કરી સંધ્યા કરવા બેઠો, અને વિજયા પોતાના રસોઈ વગેરે ઘરના કામમાં રોકાઈ. ચંચળાનો વર **બાળમુકુંદદાસ** ઉઘરાણીએ વહેલો ઉઠી ગયો. ચંચળા તો બે ઘડી દહાડો ચઢ્યા પછી, આંખો ચોળતી, પથારીમાંથી ઉઠીને પાણીનો લોટો લઈ ઓટલે બેશી દાતણુ કરતી હતી; એટલામાં તેના મહેલ્લામાં

રહેનારી તેની જીવકોર નામની બહેનપણી બારણે ઉભી હતી તેને જોઈને કહે છે, અલી ઓ ! આમ આવ. એક જાણવા જેવી વાત કહું. બે બોલની છે. જરા આવીને પાછી જજે.

જીવકોર—બહેન ! તમારે તો ઘરમાં કોઈ નાનું મોટું નથી એટલે મોકળે મહાલવાનું છે. મારે તો મારી સાસૂ હમણાં દર્શન કરીને આવશે તો કહેશે, ત્યારનું શું કરતી હતી ? (એમ બોલતી બોલતી તેની પાસે આવીને ઉભી અને બોલી) કહો શી વાત છે ?

ચંચળા—અલી તને તારો વર કાંઈ ન્હાડો ' મારી પ્યારી છોકરી', ' મારી વહાલી દીકરી ' એવું એવું કહે છે કે નહિ ?

જીવકોર—જા, જા, એવું તે વળી કોઈ કહેતું હશે ? આ તારો ભાયડો બિચારો ભોળો ભા છે, પણ તે એ એવું નહિ બોલતો હોય. તેં એવું કયાં સાંભળ્યું ? કે અમથી હસે છે ?

ચંચળા—(વિજયાના ઘરતરફ આંખની ઇશારત કરીને) આ મારી ભણેલી પાડોશણને તેનો વર રોજ રાત પડે છે કે ખાઈને પછી લાડ કરે છે, ને વારે ઘડીએ 'ઓ મારી વહાલી દીકરી ! સાંભળ. ઓ મારી પ્યારી છોકરી ! ' એવું એવું અડધી રાતસુધી કરે છે; ને કોઈ વાર તો કહે છે કે 'સાંભળ બહેન ! ' તારો વર એવું કરતો નથી ? તે પણ મોટો અંગ્રેજી ભણીને લાકડી લઈને છટક છટક છેલબટાઉ જેવો થઈને, માથે પટિયાં પાડીને વાંકી ટોપી ઘાલીને ફરે છે, ને તને આવું હેત દેખાડતો નથી ?

જીવકોર—અરે બહેન ! જવા દેની તેની વાત. વળી મારું મોં શીદ ઉઘડાવે છે ? એ તો બધું ઠીક જ છે. અંગ્રેજી ભણ્યા તેમાં શી ધાડ વળી ગઈ ! કશો કામ ધંધો સુજતો નથી. આજ બે વરસથી ફાંફાં મારે છે પણ પાંચ રૂપિઆનીએ ચાકરી મળતી નથી; ને આખો દહાડો ફકરમાં ને ફકરમાં બળીને ચૂનો થઈ જાય છે; ને અધુરામાં પૂરો વળી રોગ થયો છે, તે રાત પડે છે એટલે છાતીમાં દુઃખ થાય છે. આખી રાત શેક શેક કરીએ છીએ. મારાએ રાંડના કરમના વનેખા છે, તે શું કરું ? ભલા પરમેશ્વરની મરજી.

ચંચળા—પણ તારી સાસુપાસે પાંચ પૈસાનો જીવ છે તો. એટલે બેઠો ખાશે તોએ ફકર નથી.

જીવકોર—અરે બળ્યું બહેન એ ખાવું ને પીવું ! પારકા તાબામાં રહીને પેટ ભરવું તે કરતાં મરવું સારું. તેની ઓશિયાળ તે ક્યાં સુધી રાખવી ? તેની મરજી પરમાણે ચાલવું. રડ્યું સતંતર

હોઈએ તો લોકની બે પૈસાની મજુરી કરી ખાઈએ, પણ કોઈનો ભો તો નહિ.

ચંચળા—(જીવકોરની સાસુને આવતી જોઈને) એ તારી સાસુ તો આવી. જા વેહેલી, નહિ તો વળી લડશે. (જીવકોર જાય છે. આ બે જણને વાત કરતાં જોઈને એક બીજી વખત નામની સ્ત્રી ત્યાં આવી અને)

વખત—અલી એ. સવારના પહોરમાં શી છાની છાની વાતો માંડી છે ?

ચંચળા—તારે સાંભળવી હોય તો આવ બેશ. નવાઈની વાત તો છે.

વખત—શી વારુ ? તમે પણ રોજ નવા બુટ્ટા કાંઈ નહિ તો કંઈ પણ ઉઠાવો છો.

ચંચળા—મેર રાંડ, નવા બુટ્ટા તે કાંઈ ખોટા ઉઠાવીએ છીએ ? તારે સાંભળવું હોય તો આવજે રાતે. મારા ઘરમાંથી બધુંએ સંભળાય છે. પોતાની વહુને દીકરી ને છોકરી કહેતાં સંભળાવું એથી પછી નવાઈ શી હતી ?

વખત—જા જા, એવું તે રડ્યું નિર્લજ ને નફ્ટ કોણ છે જે ?

ચંચળા—(ઈશારતથી વિજયાનું ઘર દેખાડીને) આ સુભલખ્યા છે કેની, એમના ભણ્યાગણ્યા ભાયડા છે તેસ્તો. બહુ ડાહ્યા ગણાય છે તે અમથા ? હશે આપણે શું ? હવે આ કળજુગના વારામાં જે ના થાય તે ઓછું ! ચાલ બહેન ! મારે તો હજી ઘરનું બધુંએ કામ પડ્યું છે. એની કથા જો કહેવા માંડું તો સાંજ પડે તેવડી છે. (એમ કહી ઘરમાં જવા ઉભી થાય છે.)

વખત—હાય હાય, રાંડનું છેક બેહૈયા થઈને ચાલવું એ શું ? પણ છેક એવું હોય તો નહિ. પછી તો દૈવ જાણે. (એમ કહી જાય છે, ને મહેલ્લામાં બે ચાર જણીને ઘેર જઈને આ વાત કહી આવે છે. તેથી ધીરે ધીરે બધે તે વાત ફેલાઈ ગઈ.)

ચંચળનો વર ઉઘરાણી ફરીને આવ્યો, અને નાહી ટાઢું ખાઈને દુકાને ઉતાવળથી ગયો, ને કહેતો ગયો કે આજે વે'લા આવીશું. ચંચળાએ કહ્યું કે તીજે પહોરે હું રસોઈ કરીશ, વહેલા આવજો. પછી તે ગયો. વિજયાલક્ષ્મીએ રસોઈ કરી, ને પોતાના સ્વામિને જમાડ્યા. પછી તે પણ પોતાને કામે બહાર નીકળી ગયા. વિજયા પોતાના ઘરમાં બેઠી બેઠી, જોડી આપેલાં પ્રભાતિઆંની ટુંકો મોંઢે કરતી હતી. તેમાં 'ચંચળ નારીની ચંચળતા' એ કડી ગોખવા

માંડી ત્યારે તેને પોતાના ઘરમાંથી કાન માંડીને સાંભળતી ચંચળા બારીએ નીકળીને મોટેથી બોલવા લાગી.

ચંચળા—અલી એ ચંચળની શોકય ! તારું નામ નથી દેતાં, નિશાન નથી દેતાં તોએ તારા પેટમાં દુઃખે છે ? રડયું મોંમાં આંગળી ઘાલીને બોલાવે છે ! એવડી શી છાકી ગઈ છે ! એવું તારું સાંખે તે તારો ભાયડો–ગુલામ હોય તે ! બીજાને કહેશે તો જીભ કાપશે, ખબર છે ? ગરીબ થાય તેને કંઈ ઘુંટાય નહિ.

(આ હોકારો સાંભળીને ભાગીરથી પોતાને બારણે નીકળી તથા કાવેરી પણ નીકળી, તેમને જોઈને)

ચંચળા—જુઓ બહેન ભાગીરથી ! આજ ભલાની દુનિઆ નથી. ગઈ કાલે આટલું થયું'તું, તે તમે જાણો છો. જુઓ હું બોલીએ છું ? મારા મનથી મેં એનું નામ અડીઠ કર્યું'તું, તારે પાછી આજે એનો માંટી બહાર ગયો ત્યારે ઘરમાં બેઠી બેઠી મને સંભળાવવા કહે છે કે 'ચંચળ નારીની ચંચળતા.' તો રાંડ ! તારી મા ચંચળ નો'તી, તારી બેહેન ચંચળ નો'તી ? જોજે મને બોલાવીને નથી લાભ પામવાની ! હુ તો બોલું નહિ તાં લગી ! ને બોલીશ તે વખત તારા પરીઆના પરીઆ ઉકેલીશ. ઓળખે છે મને ? કે એમ જ ! જો રાંડ સોદી ! પોતાના ધણીનું નામ લે છે તે નરકમાં તો પડશે. જુઓ કાવેરી બેહેન ! મને સંભળાવવા મારું નામ દે છે, ને વળી કહે છે શું કે 'મનોહરની કુળવંતી નારી.' જો તો ખરી, એ કુભારજા કુળવંતી ને બીજીઓ ઉપરવાડાની ! વળી તો કહે છે હું બોલતી નથી. 'થોડું બોલે ને થાંભલા કોરે.' ધણી ઘરમાં આવે ત્યારે ડાહી ડમક, ને બહાર જાય એટલે પાછી જેવી ને તેવી. કહો બહેન ! એનું કોણ સાંખે ? સાચું બોલજો.

આ સાંભળીને વિજયા તો બોલતી બંધ થઈ ગઈ અને વિચારવા લાગી કે અરે ! મેં આ શું કર્યું ? વળી પાછું એનું મોં ઉઘડાવ્યું ! હશે, જો હમણાં હું બોલીશ, તો વાત વધશે; માટે છો એને જે કહેવું હોય તે કહેવા દઉં. એની મેળે થાકીને બેસશે. મેં પહેલેથી જ જાણ્યું હતું કે આ બોલ લડવાડ કરાવનારા છે, તે તેમ જ થયું. હશે મારો એમાં કાંઈ વાંક નથી.

કાવેરી—ચંચળબહેન ! હશે, એ તો હવે બોલતાં નથી. તમે બોલો તે બધા જાણે છે, ત્યારે અમથું થુંક શીદ ઉડાડો છો ? જુઓ, 'રાંધ્યું વરે પડે, ને બોલ્યું બહાર પડે.' કાલ પાછાં એકઠાં થઈને બેસશો; માટે ઝાઝું બોલશો નહિ. હશે, કહ્યું તેમાં તમારૂં કાંઈ ગયું ?

એણે કહ્યું તે તમે જો ના બોલત તો કોઈ જાણનાર નહોતું. તમે બોલીને સઉને જણાવ્યું; તેથી ચોરને ચતુર શીદ કરો છો ? છાનાંમાનાં બેશી રહો. જે બોલશે તે પસ્તાશે. ઝાઝું બોલવામાં કાંઈ સાર નથી. પછી તો તમે ડાહ્યાં છો બાવા. હું કાંઈ તમને શીખામણ દેવા જોગ નથી. ચૌદ જાણે તેને ચાર શું જણાવીશ ? તેથી જવા દો હવે.

ચંચળા—અરે ! જવા તે કાં સુધી દો ! રાંડને કાલે પણ મેં જવા દીધી, ત્યારે પાછું આજે સહેલું પડયું, કોઈ શું જાણે ! એ તો એવી છે કે ધીરે રહીને ઉતરેડ ગબડાવે છે. એવી કપાતરને કોણ જાણે ? કામ પડયું હોય તે જાણે. તોયે પણ હું છેક એના જેવી તો થતી નથી. જુઓ **ભાગીરથી** ! મારો વાંક હોય તો કહો.

ભાગીરથી—બાઈ ! તમે કહો છો તેમ હોય ત્યારે તો તમારો વાંક નહિ હોય, પણ **વિજયાલક્ષ્મી** મુદ્દલે બોલતાં નથી, એટલે અમને શું સમજાય ? તમારી પેઠે જો બહાર નીકળીને બોલે તો સામાને જણાય કે આમાં કોની ભૂલ છે. પણ હશે બહેન ! તમે બોલશો નહિ. છો એના ઘરમાં બેઠાં એ બોલ્યા કરે; ને છેક એવું હોય તો તમારા વર પાસે એમના વરને એ વાત કહેવાડી દેજો, એટલે થયું.

ચંચળા—અરે બહેન ! તે તો મેં કાલનું ધારી જ મુકયું છે. ને મારા ઘરનાએ પણ કહ્યું છે કે આજે દુકાનેથી વહેલો આવીને એને બધુ કહીશ. પણ જુઓની ! ત્યાં લગીએ એ સખણી કે દહાડે રહે છે જે ! પગથી તે માથાસુધી ઝાળ લાગે એવું ધીરે રહીને બોલે છે, ને હું રાંડ ભડભડિયણ તે બહાર નીકળીને લખારા કરું છું, તે સઉ જાણે છે. ના બોલતું જણાય તેને લોક ડાહ્યું કહે; બાકી ખરું જોતાં તો એના વરનેએ પણ એ કે દહાડે ગાંઠે છે જે ? તે બચારો ઢોલામારુ જેવો બહારથી આવે છે, ને ખાઈને લાડ કરીને સૂઈ જાય છે તેમાં જ છાકી ગઈ છે તો ! કહેવત છે કેની 'ધણીની માનીતી બાર ગામ ઉજડ કરે.' ના ના, જુઓ તમે બધાં છો જ તો; તમારી જોડે હું કેમ વઢતી નથી ? પણ એ રાંડ બોલ્યા જેવું કરે છે ત્યારે શું કરું ? એને નિર્લજને લાજ આવે છે કે કાલે ઉઠીને ખપ પડશે ? પણ એને શેનો ખપ પડવાનો છે ? રાંડ ને રંડવો બે જણાં છે. આગળ પાછળ હોય તો આપદા કેની ? પેલી કહેવતવાળી વાત કે 'હુતો ને હુતી, ને સોડવાળાને સતી' ! એને કોઈની મતલબ છે ? પણ બહેન ! બારે ને ચારે સરખા જવાના નથી. એ તો ધૂળનોએ ખપ પડે છે, સમજ્યાં કેની ?

એટલામાં સામી રહેનારી પારવતીબાઈ નામની એક આધેડ

બાઈડી પોતાના ઘરમાંથી નીકળીને કહે છે.

પારવતીબાઈ—અલી ચંચળ ! તને કેમ કશી વાતની શરમ નથી ? તારની નજરમાં આવે છે તેમ બોલબોલ કરે છે? તે બચારી તને મોઢુંએ આપતી નથી, એમ છેક છેડો માંથે નાંખીને ના ફરીએ ! જો બાપા ! મારે તો તેએ સગી નથી, ને તુંએ સગી નથી. પણ રાંડનું રીતે કહેવાય. જો મારી બાઈ! તારની પહોર વારથી ટકટકારો માંડયો છે ? એમ છેક કુતરાની પેઠે ભસ ભસ કરવુ એ તે સારું ? નાનામોટાનો ભારવકર રાખીએ ! તું તે કંઈ હવે નાની છે ? મોટી ગધેડા જેવડી થઈ ને હજુ વિચાર રાખતી નથી ! હવે પછી તે વિચાર કે દહાડે આવવાનો છે? રડયું ખરી વાતમાં બોલ્યાવનું ના રહેવાયું તે કામ મૂકીને બહાર નીકળી. કયારની હમજ્યું વગર હમજ્યું લવ લવ કર્યા જ કરે છે. જરા મોંમાં જીભ ઘાલતી નથી, એમ છેક બેફાટ થઇને ફરવું એ તે શું ? કોઈ નાનામોટાનો ભારવકર રાખીએ ! કેમ અલીઓ ! કોઈ બોલતી નથી ? હું ખોટું કહું છું !

ચંચળા—જુઓ કાકીજી ! તમે મોટાં થઈને મારો રાંડનો વાંક કાઢો છો, પણ જરા તોલ કરતાં નથી ? આજનો દહાડો હુ તમારું સાંખી રહી; પણ તમે શી ચોકસી કરીને બોલ્યાં ? પૂરી વાત જાણ્યા વિના મારા ઉપર ફડફડતાં બહાર નીકળ્યાં, ને ઘોડીને ગધેડી કરતાં નીકળ્યાં ! કંઈ હું તમારી હજી ઓશિયાળી નથી ! રડયું નાયથી બોલે તો ચાલે ! છેક આમ તણખલા જેવી મને કરો છો એ તે સારી વાત છે? મોટાંએ તો બેયને બરાબર ગણવાનાં. હું એ રાંડ ધાન ખાતી હઈશ તે છેક નહિ સમજતી હઈશ ?

પારવતીબાઈ—તારે જા લઢ્યા કર, તારામાં જોર હોય તાં સુધી ! જા ! ભલાની દુનિયાં છે ? એને શીખામણ દેવા આવ્યાં, તારે મારી સાથે બાઝવા આવી ! એનું તો લોઢાનું માથું છે, તે સઉ સાથે ફોડે છે. બાઈ! તારી સાથે પૂરાં ના પડાય. તારું વજ્જરનું મોઢું છે. મેં રાંડે જખ મારી કે તને શીખામણ દેવા આવી ! હશે જા, હવે તારૂં સૂજતું કર. એ તે શું મારી બાઈ! સવારની ઉઠે છે તારની કાગડીની પેઠે કાઉ કાઉ કરી મૂકે છે ! થાકતી નથી ! બચારા બાલુનેએ પજવી પજવીને પેશ પહોંચાડે છે ! કોણ જાણે કરમની કાઢી એને આવી બાયડી કયાંથી મળી ? (એમ કહી પોતાના ઘરમાં જાય છે, ને બારણું બંધ કરે છે.)

ચંચળા—'સરે નહિ, સીઝે નહિ, ને ખાટ બેઠું ખીજે.' રાંડનું ઘરકું થવા આવે છે, એટલે છેક અક્કલ જતી દેખું તો ! પણ

એવું હોય તો કોઈની વાતમાં બોલીએ નહિ. મારા કટંબની હણીજીઓ થઇને બોલવા આવે છે! એવું હતું તો શીદ તેના માબાપે પોતાના દીકરાને પરણાવ્યો! ને હું નઠારી હતી તો બીજી હારી જણીને આપીએની, બહુ દયા આવતી'તી તો! જો વળી, મને બોલાવીને સાર કાઢનારી છે જો! જાને હજી બોલતી નથી! હઉનાં હેતને જાણું છું. મરતાં—સુધી ભૂલવાની નથી. (એમ બડબડતી ઘરમાં જાય છે, તથા હમણાં સાંજ પડશે, તેથી રસોઈ કરવા જાય છે. પછી સઉ પોતપોતાના ઘરમાં જાય છે.)

વિજયાલક્ષ્મી પોતાના મનમાં હસતી વિચારે છે, ખરે, ગરીબનો બેલી પરમેશ્વર છે. જો હું ના બોલી તો બીજાં કેટલાં બોલનાર મળ્યાં! અને જો હું બોલી હત તો બધાંએ તમાસો જોતે, અને એ નીચ સ્વભાવની ગમે તેમ બોલત, તો મારે શરમાઈને ભોંયમા પેશી જવું પડત, ને પાછળથી એના બોલ સંભારીને મને બળાપો થાત. સારું થયું જે પરમેશ્વરે મને શાંતિ આપી, નહિ તો એના આવા કડવા બોલ મારાથી સંખાત નહિ. તેમ છેક એના જેવું નિર્લજ થઈને મારાથી બોલાત પણ નહિ. હશે, પણ આજે સાંજે પાછુ કંઈ થશે ખરૂ. એનો વર આવીને એમના આગળ સાચાંજૂઠાં કરશે. પણ પોતે બધું જાણે છે એટલે મારે કશી ફિકર નથી. અરે! એમની જગાએ જો કોઈ મૂર્ખ હોત તો મારી શી વલે થાત! આવા માણસો મને રોજ માર મરાવીને જીવવા પણ દેત નહિ. પણ ઈશ્વરને સઉની ફિકર છે. જેને જેવું જોઈએ છે તેને તેવું ભગવાન્ મેળવી આપે છે. ચાલ હમણાં સાંજ પડશે. હું પણ મારા કામકાજથી પરવારી લઉ. (આવો વિચાર કરી પોતાના કામમાં પ્રવેશે છે.)

થોડીવાર થયા પછી બાળમુકુંદદાસ આવે છે, તેને ચંચળાએ સઘળી વાત વધારીને પોતાનો વાંક ઢાંકીને કહી સંભળાવી. તે સાંભળીને તેના વરે જમ્યા પછી એ વિષેનો બંદોબસ્ત કરવા કબુલાત આપી. પછી જમ્યા ને પાનસોપારી ખાવા બેઠા.

મનોહર પણ પોતાના કામથી પરવારી ઘેર આવી સંધ્યા કરી વાળુ કરવા બેઠો. તે વખતમાં તેની સ્ત્રીએ દિવસની વીતેલી સઘળી વાત કહી સંભળાવી. એટલામાં બાળમુકુંદદાસ એક પોતડી પહેરી, ધોતીયું ઓઢીને મનોહરને ઓટલે ચઢી બોલે છે.

બાળમુકુંદ—(મોટેથી) કેમ ઘડમાં છો કે? મનોડભત! એ મનોડભત? ભતજી બુવા છો કે? કેમ કોઈ બોલતું નહી!! અડે બીજકોડ ભતાની! એ બીજકોડ ભતાની! અડે ભતજી મ્હાડાજ!

ઘડમાં છો કે ? (જવાબ દીધા જેવું સંભળાયાથી) જડા બાન્તું ઉઘારજો.

મનોહર—(વાળુ કરીને ઉઠયો હતો તે એકદમ બારીએ આવીને, મોટેથી) એ કોણ બોલાવે છે ?

બાળમુકુંદ—એ ટો હું છું મનોાડ ભત ! જડા કામ હટું. કેમ ફુડસડ છે કે ?

મનોહર—આવો. બાળમુકુંદદાસ કે ? પધારો. (બારણું ઉઘાડે છે.) આજ તમે અત્યારમાં ક્યાંથી ? દુકાને નથી ગયા કે શું ? પધારો મેડે. તમે આવ્યા એટલે ફુરસદ નહિ હોય તોપણ કાઢવી પડે, કેમકે એક મોભના પડોશી છો. ભાઈ ! તમારી ઓથે અમે છીએ. ગમે એવા પણ તમે ગામના શેઠ કહેવાઓ. (એમ બોલતાં બે જણુ ઉપર જઈ બેસે છે.)

બાળ૦—એ ટો બદુંએ ઠીક જ છે મેહેડબાન ! સઉ અડસ્પડસ છે. ટમે મોતા ડેવટા ગનાઓ છો. ભૂડેવ કહેવાઓ ટે ટમે. ટમાડા પાકી[1] કોઈને ચાલટું નઠી. કેમ, વાલુ પાની ઠયાં કે હજુ હવે ?

મનોહર—હા, વાળું થયાં. બેસો, હું પાનસોપારી લેતો આવુ.

બાળ૦—અડે બેસોની, ટેની કંઈ અગટ નઠી. આપને ટો ઘડનું ઘડ છે.

મનોહર—એમ તે ચાલે ! હજી મારે પણ ખાવાનું છે. (ઘરમાં જઈ પાનનો વાટવો લે છે. તેને ધીરેથી હસતાં વિજયા કહે છે, જરા એને સમજણ પાડજો કે તમને બોલાવે છે તે છેક નામ બગાડીને બોલાવે છે. એને બોલતાં આવડતું નથી, તે તમને તો મનોાડભત કહે છે; ને મને તો વળી છેક બીજકોડ ભતાની કહે છે, તે જરા રીતસર બોલાવે એમ કહેજો. એવું મને તો ગમતું નથી. પછી આપની મરજી. મનોહર હસતાં હસતાં વાટવો લઈ આવે છે. શેઠ ઉભા થઈ તેમને બેસાડી બેસે છે.)

બાળ૦—આજે ડુકાન જડા વેહેલી પટાવી. સાલુ એ ટો ડોજનું છે. કોઈ ડા'રો બે ઘરી નિરાંટે બેશીએ ટો ખડા.

મનોહર—બહુ સારું થયું. પડોશમાં રહીએ છીએ પણ આજ કેટલે દહાડે મળ્યા ? સંસારઉપાધિ[2] થોડી છે ?

બાળ૦—અડે સંસાડની ઉપાઢિની વાટ ટો પૂછસો જ માં. સાલું આમ નહિ ટો આમ.

મનોહર—(તેને પાન આપતાં) કંઈ નવીજુની જાણવા જોગ છે કે ?

---

૧ વિના. ૨ કામકાજ કરવા વગેરેનું દુઃખ.

બાળ૦—આ બજાડની ટો કંઈ ટેવી જાનવા જોગ નહી. સડ-ભડ ચાલે છે ને આ ધડથી ટો જાનો જ છો કેની ! રાંદોનાં કામ છે, ટે ડારામાં ડસ નવી ને ડસ જૂની થોકવી ને લરવું. સાલાંને કંઈ કમાવા ઢમાવાની કાલજી છે ?

મનોહર— હોય છે, એ તો સંસાર દુઃખનોજ દરિયો છે. એમાં જો આપણે મન ઘાલીએ તો જીવતાં મરવું પડે. કેમ ખોટું કહું છું ?

બાળ૦—અડે મનોડભત ! એ શું બોલ્યા ? આમનો સૂડજ આમ ઉગે ટો પન ટમે ખોટું બોલો ? એ વાટનો મને ભડોંસો છે. પન સાલુ વખટ પરે ટેમાંએ ચિટ નાંખવું પડે છે. કેમ ? નહિ ટો સાલાં માહો માંહી લરી વરીને જુદ્દ મચાવી મૂકે, ને હુદ્દ પીઢા જેવું હોય ટાં એડ પીઢા જેવું ટડટ કડીને મૂકે. ના ના સાચું કહેજો, ભત ! થીક કહું છું કેની ?

મનોહર--ના એમ તો જરા ધાક રાખવો, તપાસ રાખવી, નહિ તો એ તો સ્ત્રિયોનાં કામ છે. મચે તો દેશ ઉજડ કરે. તેમાં પાછી પાની કરવાની નહિ. ને વળી નામ ત્યારે અબળા !

બાળ૦—(હેં હેં હેં એમ હસીને) ખડું કહો છો, મ્હાડાજ ! ખડું કહો છો. એ વાટનો જેને અનુભવ છે ટે જ જાને છે. હું જાનું છું કે આપનાં ભતાની કંઈ છેક એવાં નહી. એમની મડજાડ, એમના બોલવાની મીથાસ, તેમજ સમજન ટેવી સકલગુનસંપૂડન છે. ટેમ ડેવટા તમે પન ટેવા જ છો હોં. આજ કેતલા ડા'રાહી જોઉં છું ટે સીદે ડસ્ટે જવું ને આવવું. આપને ભલા, ને આપનું ધડ ભલું. કોઈની લાંબી નહિ, તુંકી નહિ; એ ઘનું જ સાડું છે. ને ટમાડા જેવો પરોસ મારો નાદજી બાવો સડને આપે એજ માડી ટો માગની છે, હો જુથું નહિ.

મનોહર—જુઓ બાળમુકુંદદાસ ! અમે પણ મહાદેવજીપાસે એમ જ માગીએ છીએ કે તમારા જેવા પડોશી અમને જનમો જ-નમ આપજો; કેમકે તમારામાં કળિયુગનો વા નથી. બાકી આજની પ્રજા તમે જાણો છો, કેવી થઈ છે કે તેની પાસે ઉભા રહેવામાં માલ નથી. ભલા ભગવાન્ જે છે તે ઠીક છે. આપણે મુખે કોઈને ભલું ભુંડું શા વાસ્તે કહેવું જોઇએ; ને તમે એમ જાણતા હશો, પણ ચંચળા શેઠાણીજેવું માણસ તમને પણ ના મળ્યું હોત તો જગ-તનો વધારે અનુભવ થાત હો, જુઠું નહિ. એમનો સ્વભાવ જરા આકળો છે, પણ મનમાં પાપ નથી. ભોળા માણસ છે. એવા માણસ મને બહુ ગમે છે. ગમે તેવી દિલગીરીમાં હોઉં તોપણ ચંચળ શેઠાણી સાથે

જરા વાત કરું એટલે એમનો હસમુખો સ્વભાવ તેથી તરત મને આનંદ થઈ જાય છે. તેથી મને તો એમનો સ્વભાવ બહુ જ સારો લાગે છે. વળી આંખમાં શરમ કેવી ? જો એમને કોઈએ બે અક્ષર દાબીને કહ્યા હોય તો દુઃખ માનવાનાં નહિ, પણ ઉલટાં હસીને બોલવાનાં. હું તો આખા શહેરમાં રાતદહાડો ફરું છું પણ એમનો જોટો નથી, હો શેઠ ! હોય, વખતે તેમનો જીવ અકળાયો હોય તો બે ખરા અક્ષર બોલે, પણ તેનું મનમાં પાપ નહિ. ઘડી પછી પાછાં હસતે મ્હોડે તેને બોલાવતાં જાય. એ બહુ જ સારી ટેવ છે. એવાં માણસ જેને જોઈએ છે, તેને શોધ્યાં જડતાં નથી, ખબર છે ? હું તો સત્ય કહેવાનો. મોંરખી વાત મને ગમતી નથી.

બાળ૦—(જરા હસતાં) હમનાં બાડીએ જ બેથાં હસે. બોલાવો, બોલાવો, જડા બોલાવો ટો ખડા. એમના મનનું સમાદાન ઠસે. બલિહાડી છે મ્હાડાજ ! ટમાડો પન સેહેડમાં જોતા નઠી હો. ખોતી વાટ નઠી કેહેટા.

મનોહર—ના ના, હમણાં કાંઈ કામમાં હશે. એમને ખોટી થવું પડશે. બાકી હું બોલાવું એટલે તો હજાર કામ પડ્યાં મૂકીને આવે. મારા ઉપર એમની સંપૂર્ણ કૃપા છે. પણ જાણી જોઇને એમને ખોટી કરવાં ? વખતે કામમાં જ હશે.

બાળ૦—અડે ટેનું કંઈ નહિ. હમનાં ફુડસડમાં જ બેથાં હસે. જુઓ બોલાવો ટો ખડા. ટેની કંઈ ફિકડ નહિ. કામ ટો ડોજનાં બલ્યાં છે.

મનોહર—(મોટેથી) કેમ ચંચળ શેઠાણી ! છો કે ? એ ચંચળ શેઠાણી ? (ચંચળ ત્યારની બારી આગળ છાની રહીને બધું સાંભળતી હતી, તે પોતાનાં વખાણ સાંભળીને લગાર હસતાં બારીએ આવીને).

ચંચળા—કોણ બોલાવે છે એ !

બાળ૦—સાંભલોછ કે ? જડા ફુડસડ હોય ટો મનોડ ભત ટમને યાડ કડે છે.

મનોહર—આવોને શેઠાણી ! બે દિવસથી જણાયાં નથી. ભાઈ! તમારા વિના બે દિવસ જાય છે કે મને ચેન પડતું નથી. તમારે તો દયા રાખવી. દહાડામાં એક વાર પણ અમને દર્શન દઈ જવું. સવારે અથવા સાંજે. લ્યો, હમણાં જરા નવરાશ હોય તો આવી જાઓ.

ચંચળા—એ બારણું——એ બારણું દઈને આવું છું.

(પોતાને માન તથા પ્રીતિથી બોલાવે છે એ જાણીને પ્રસન્નતાથી બારણાં દઈને આવે છે.)

મનોહર—આવો, બેસો, કાંઈ કામ મૂકીને તો આવ્યાં નથી ?

ચંચળા—બળ્યું, કામનો કંઈ અંત આવે છે? કામ તો રોજનું છે.

બાળ૦—કહો હવે જે કહેવાનું હોય ટે ભતને, એટલે ટમાડે નિકાલ ઠસે.

ચંચળા—એમાં શું કહેવાનું હતું ? તમે પણ સમજ્યા પાકી ! મારે તો કાંઈ કહેવું નથી.

મનોહર—કેમ વારુ ? કાંઈ કહેવાનું હતું ? હા સુખેથી. કોઈ વસ્તુ જોઈએ તો તમારું ઘર છે. એમાં પૂછવાનું શું હતું ? જાઓ ઘરમાં તમારી બેહેન છે તેની પાસે. અરે તેને પણ પૂછવાનું શું ? જે વસ્તુ જોઈએ તે આપણે હાથે આવીને ઘરમાં જ્યાં પડી હોય ત્યાંથી લઈ જઈએ. તમે કાંઈ લોક છો ? જુઓ કશી વાતે જૂદાઈ ના રાખતી. કેમ બોલ્યાં નહિ ? શું જોઈએ છે ? હેં શેઠ !

બાળ૦—ના ના એંગ્રે સેહેજ. કસું જોઈટું નઠી. એ વાટનું ટો આપના ઘડમાં ટમાડી ડયા છે. પન આટો જાનો જ છો કેની, ટમાડા ઘડમાં ભતાનીને ને એમને જડા બોલચાલ ઠઈ હસે. હોય છે, આખો ડારો ભેલા રેહેવું ટે વખતે બોલવું ઠાય. ટારે મેં ઢીરજ આપીટી કે ઘભડાસો નહિ. સાંજે એ વાતનો ટોર કરીસું. જુઓ, પારાપારોસમાં રહેવું, ને ઉંચું ડીલ ઠાય ટે થીક નહિ. કેમ ભતજી મ્હાડાજ ! બોલ્યા નહિ ? ટે હવે ટમાડા આગલ કેહેટાં સડમ આવે છે. પન ટેની કંઈ ચંટા નહિ, બેલાસક કહો, સું ઠયું ડું ટે ?

ચંચળા—એમાં શું કહેવાનુ ? કશુંએ થયું નથી. હોય બે હાંલ્લાં હોય તે ખખડે.

મનોહર—(પોતાના ઓરડામાં બેઠેલી **વિજયા** તરફ નજર કરી જરા મોટે સાદે) કેમ રે ! તે કાંઈ શેઠાણીને ઓછું વધતું કહ્યું-તું કે શું ? બોલ સાચેસાચું. મેં તને પહેલાંથી કહી મૂક્યું છે કે એમના સામું કશું બોલીશ નહિ, ને કેમ તારી જીભ સખણી રહેતી નથી ?

વિજયા—(પોતાના ઓરડામાં બેઠી બેઠી ધીમેથી) પૂછો એમને હું કંઈ બોલી હોઉં તો. એ તો હું જાણું છું કે એમનો સ્વભાવ જરા આકળો છે, તે સહેજ કાંઈ થાય તો બે અક્ષર બોલે. પણ પછી તે વાતનું એમના મનમાં કાંઈ નહિ. તે કરતાં પૂછો એમને. બે દિવસથી હું એમના સામુ કશુંએ બોલી છું ? કાલે તો તમે મને પરમ દહાડે કથા કહી હતી તેનો હું વિચાર કરતી હતી, એટલે

તેવામાં એમણે મને કંઈ પૂછ્યું હશે, તેનો મારાથી બરાબર જવાબ નહિ દેવાયો ને કાંઈ બોલાઈ જવાયું હશે, તેથી એમના મનમાં ખોટું લાગ્યું હશે. અને આજે તો તમે મને જોડી આપેલાં પ્રભાતિઆં ગોખતી હતી, તેમાં એમને કંઈ દુઃખ લાગ્યું હશે. એ વિના હું કાંઈ બોલી હોઉં તો આ રહ્યું એમનું મોં. પૂછો, હું તો ઉલટી એમનાથી દબીને ચાલું છું, કે વખત છે ને મારો વાંક પડે. ને તમે મને વઢો. કેમ ચંચળ બહેન ! મેં તમને કાંઈ ગાળભેળ દીધી છે ?

ચંચળા—(જરા રાજી થઈને) ભટ ! એ વાત જવા દોની. એમાં શું ? હોય એના બોલ્યા સામુ કોણ જુએ છે ? એ તો મારો સ્વભાવ આકળો છે એટલે હું બોલું છું.

મનોહર—મગદુર કે બોલે તમારા સામુ ! મેં એને પહેલેથી ખબર આપી છે કે ખબડદાર, શેઠાણીને કંઈ કહ્યું સાંભળ્યું તો ! એમનો ગરમ સ્વભાવ છે તે કદાચ બોલે તો નહિ, તોપણ કદાપિ બોલે અને સો ગાળો દે પણ તારે એક અક્ષર સામો બોલવો નહિ; ને જો બોલી તો તારી વાત તેં જાણી ! માટે બોલે કેમ ? તમને કહીને એ જાય કયાં ? પાછું મારાથી કામ છે કેની; ને જુઓ શેઠાણી ! તમને પણ આજથી શેઠના દેખતાં કહી મૂકું છું કે એના બોલ્યા સામું જોશો નહિ. હજી એની તમારા કરતાં બાળકબુદ્ધિ છે; તેથી જો કાંઈ ઓછું વધતું બોલે તો તમારે એને કશું કહેવું નહિ, ને હું સાંજે ઘેર આવું ત્યારે મને બધું કહેવું. પછી એની વાત જોજો થાય છે તે ! મારા જેવો કોઈ ભુંડો નથી, એમ જાણવું હો. હા હા, હવે હું સમજ્યો. એ તો મેં એને બે પ્રભાતિયાં લખી આપ્યાં છે, તેમાં મેં એક કડીમાં લખ્યુ છે કે ' ચંચળ નારીની ચંચળતા, ટાળી શાંતિ ધરજો રે ' તેમાં તમને એમ લાગ્યુ હશે કે આ મારૂં નામ દે છે; પણ તેમ તમે ભૂલશો નહિ હો શેઠાણી ! એમાં કાંઈ તમારૂં નામ નથી. એ તો શાસ્ત્રમાં બૈરાંની જાતને ચંચળ જ કહેલી છે. ચંચળા એટલે સ્ત્રી એવો જ અર્થ થાય છે. તેથી એ તો મેં સરૂ બૈરાંનું જોડી આપ્યું છે; ને કદાપિ તમારૂં નામ પ્રભાતિયામાં આવે તો તમારે ખુશી થવાની વાત છે. કેમકે પ્રભાતિયાં તો સવારમાં ગાવાનાં. તેમાં જાણો છો કેની, કે સવારમાં નઠારા પાપી માણસનું નામ તો દેવાય નહિ. કારણ કે નઠારા માણસનું નામ સવારમાં દેવાય તો આખો દહાડો ખાવાએ ન મળે. તેથી જૂનાં પ્રભાતિયામાં જુઓની દ્રૌપદી, અહલ્યા, તારા, સીતા, મન્દોદરી, દમયંતી, કુંતી, લક્ષ્મી, એવાં મોટી મોટી સતીઓનાં નામ આવે છે. ને તમારૂં નામ જો

પ્રભાતિઆમાં ગાય તો એનું મોટું ભાગ્ય જાણવું. તમે પણ કે દહાડે ખોટે રસ્તે જાઓ છો જે ? તમારા જેવાં ઓલાંદોલાં માણસનાં નામ સવારમાં દેવાય તો સારાં, કે આખો દહાડો આનંદમાં જાય. કેમ બાળમુકુંદદાસ ! બોલ્યા નહિ ?

બાળ૦—એ ટો ગાંદાં છે. આપનું એવું ભાયેગ કાંઠી કે પરભાટિયામાં નામું ચરે. કેમ ટમાડા પેતમાં એજ વાટનું હટું કે બીજું કંઈ? જે હોય ટે કહી ડેજો.

ચંચળા—(મનમાં) મેં રાંડે એને ધણીએ ગાળો દીધી પણ એ કશુંએ બોલી નથી. હવે મારે એનો ગુણ માનવો જોઈએ, અને આ તો ભટે જોડી આપ્યું છે, તે એણે ગાયું, ને હું તો ઉધું સમજી. હશે, થનાર થઈ ગઈ. (મોટેથી) ના રે, તેનું તો કાંઈ નહિ; ને બીજું શું બોલવાનું હતું ? એ તો હોય, 'ડાંગે માર્યાં પાણી કંઈ જૂદાં થવાનાં છે' ? મારે એના વિના ચાલવાનું નથી, ને એને મારા વિના ચાલવાનું નથી. મારા મનમાં તો હવે કશુંએ નથી.

બાળ૦—બોલો ડવાડકાંઢીસકી જે. ઠયું હવે સમાઢાન ? ટારની માડા પેતમાં ફાલ પડી હટી કે સાલો આ પારાપરોસમાં પાછો ગેબી ગોલો કાઠી આવ્યો ! લો, હવે કસું બોલસો નહિ, જાઓ ભતાનીની પાસે બેસો, હલી મલીને. ભતાની ! બોલાવજો એમને જડા. જાઓ જાઓ, ઘડમાં જાઓ. મનોડ ભત જેવું માનસ દેસદેસાંટડમાં નઠી, ને ભતાની પન ટેવાં જ છે હો. એ ટો ટમાડો સભાવ જડા આકલો ટે વખટ બેવખટ હોય.

વિજયા—આવો ચંચળ બહેન ! બેસવું હોય તો ઘરમાં.

આટલી વાર સુધી સામી બારીએ બેઠાંને વિઠ્ઠલજી તથા ભાગીરથી બધી વાત સાંભળતાં હતાં, તે ભાગીરથી પોતાના ધણી વિઠ્ઠલજીને કહેવા લાગી.

ભાગીરથી—જુઓ, વગર કારણે બિચારી વિજયાલક્ષ્મીને આર વાત સંભળાવી. મનોહર પણ કેવા સમજુ છે ! પોતાના માણસનો વાંક કાઢ્યો, પણ તેનો રાંડનો બધો વાંક હતો પણ લગારે તેને કહ્યું છે ? મને પૂછ્યું હોત તો એનું બધું કહી આપત. બાપડી વિજયાએ બધી હજારો ગાળો ખાધી છે, પણ કશું એના આગળ કહ્યું નથી. તોબા આવાં માણસથી ! ગાળો દેવી ને વળી તેને સામું દબાવવું !

વિઠ્ઠલજી—બેશની હવે, તુંએ કેદહાડે ડાહી છે ? નહિ સળગતું હોય ત્યાં સળગાવી આપે એવી છે ! એ તો બચારાં બેએ ભલાં છે. લાવ જરા શેઠને બોલાવી જોઉં ! (મોટેથી) કેમ બાલ-

મુકુંદદાસ! આજ કંઈ ભટજીના ઘરમાં બોલો છો ! આજ વહેલા આવ્યા છો કે શું ?

બાળ૦—કોન વિઠ્ઠલજી કે ? અટાર સુઢી કાં ગયા'ટા ? આવો, ફુડસડ હોય ટો. એ ટો ધને ડારે ભતજી મલ્યા, ટારે કહ્યું, ઘરી વાટચીટ કડીએ. સેહેજ બેથા છીએ. આવો આવો.

વિઠ્ઠલજી—ભટજી મહારાજ! [1]નિવૃત્તિમાં બેઠા છો કે કાંઈ ખાનગી પ્રસંગ ચાલે છે ?

મનોહર—ના ખાનગી તો કાંઈ નથી. આવવું હોય તો આવો. (વિઠ્ઠલજી આવે છે.)

બાળ૦—કેમ ભાગીડડી ! ટમે પન ફુડસડ હોય ટો આવો. ટમાડી [2]કોંસલ પન ઘડમાં જુડી બેથેલી છે. જુવો હલીએ મલીએ પડસ્પડને ટેમાં આનંડ છે. કો' કો' વિઠ્ઠલજી ! એમને પન બચાડાંને ઘડમાં એકલાં ધુદની પેથેમ કેમ ગમે ?

વિઠ્ઠલજી—(ભાગીરથીને) તારે પણ આવવું હોય તો બારણાં બંધ કરીને આવ. ઘરમાં સઉ બેઠાં છે ત્યાં ઘડીભર બેસજે. (શેઠ તરફ જોતાં) શેઠની મરજી કેમ તોડાય ? (ભાગીરથી પણ બારણાં દઈને આવી ઘરમાં જાય છે.)

વિજયા—(તેને આવકાર દેતાં) આવો ભાગીરથી બહેન ! બેસો.

બાળ૦—વિઠ્ઠલજી ! કંઈ પડસંગ કારો. મહીંઠી સીખામન આવે ટેવો.

વિઠ્ઠલજી—મને શું કહેવડાવો છો ? ભટજી મહારાજને [3]જિહ્વાગ્રે છે, શાસ્ત્રપુરાણ જે પૂછો તે. પણ શેઠાણી રોજ કથામાં જાય છે, ને બધાં જોડે લઢે છે ત્યારે તો પાછીપાની મેલતાં નથી !

બાળ૦—અડે બાઈ ! સી વાટ કહું ટમને. જુઓ મંડિડમાં ટો ટમે જાનો જ છો કે કસું કહેટા નડી. આ 'જે જે, જે જે,' કડવું ને ડડસન કડીને ઘેડ આવવું, ટેમાં સાલો સો બોધ લાગે ? ટેમ છટાં વલી આપની પરોસન પેલી વખટ બામની કહેટી'ટી કે એક સંનાસી કઠા કડે છે, ટે થીક છે. ટો કહ્યું જાઓ, ભકિટના કામમાં કોન સાલો કમબખ્ટ આરી જીભ ઘાલે ? પન જાનો જ છો કેની, બદ્ધું સમા પડમાને. ટે પન વલી કહેછ કે વેડાંટની કઠા કડેછ ! અડે બાઈ ! રાંઢોની જાટને બોધ તકેછ. ઘરી પછી ટેનું ટે. ટોપન નહિ મામાના કાના મામા સાડા. કેમ ભતજી ! બોલ્યા નહિ ?

---

૧ નવરાશમાં. ૨ મંડળી. ૩ જીભને ટેરવે.

વિઠ્ઠલજી—(પોતાની સ્ત્રીને મોઢેથી પેલી વાત સાંભળેલી કે ભટ તો પોતાની વહુને દીકરી, બહેન, એવું એવું કહે છે તે ઉપરથી) અરે ભાઈ! સ્ત્રિયોને એવી નઠારી ટેવ છે કે જૂઠી સાચી એક બીજાની ન કરે ત્યાં સુધી અન્ન પચે નહિ. રોજ એક ગપ ગમે ત્યાંથી પણ ઉડાડવી, એ જ એમનો [1]સિદ્ધાંત છે. ભટજી મહારાજ! સાંભળજો, અપરાધ ક્ષમા કરજો. આજ આખા મહોલ્લાની સ્ત્રિયોમાં એક એવી ગપ ચાલી છે કે આપણા મહોલ્લામાંનો કોઈ પુરુષ પોતાની સ્ત્રીને 'વ્હાલી દીકરી, પ્યારી છોકરી, બહેન સાંભળ,' એવું પ્રીતિના [2]અંગમાં રોજ રાત્રિએ કહે છે. સાળી આ વાર્તા તે સંભવે છે? પણ મૂર્ખ સ્ત્રિયોને [3]સંભવ અસંભવનો[4] કાંઈ વિચાર છે? એવા અજ્ઞાનના સ્વભાવ તે એકદમ શી રીતે બદલાય? જરા પણ ચોકસી કરીને બોલવાનો તો એમને ચાલ જ નથી. બહુ જ દિલગીરીની વાત છે કે જ્યાં સુધી આ સ્ત્રિયોનો નઠારો સ્વભાવ જાય નહિ ત્યાં સુધી કંઈ પુરુષોને સુખ થનાર નથી. હશે, પરમેશ્વરની જે ઇચ્છા હશે તે ખરું.

મનોહર—(જરા હસીને) એ વાત પણ ચાલી છે કે? સાંભળો, વિઠ્ઠલજી! એ વાતનું તો એમ છે કે સ્ત્રિયોની રીતભાત તથા વ્યવહાર સારી રીતે સુધરે તેટલા માટે એક ધર્મકુટુંબનું આખ્યાન મેં હાલ બે દિવસથી રાત્રિએ કહેવા માંડ્યું છે. તેમાં માતાએ પોતાની પુત્રીને બોધ કરેલો છે, તે વાર્તા હાલ ચાલે છે. તેમાં સ્થળે સ્થળે માતાનાં વચન આવે છે કે 'હે વહાલી દીકરી! હે સુપુત્રિ! હે બહેન!' ઇત્યાદિ. આ વાર્તાઉપરથી કોઈએ વગર સમજથી ગપ ચલાવી હશે, પણ તે મારે માટે જ ઉડી હશે. ખેર, હવે એ વિષે વધારે ચોકસીની કાંઈ ગરજ નથી.

બાળ૦—(એકદમ) હેં ભટજી મ્હારાજ? ટે કઠા કેવી છે? ને આજે ઠવાની છે કે સી ડીટે? અડે ભાઇસાહેબ! એમ હોય ટો વિવા'ઠી હુડું સું હટું જે! આજઠી જ માડો ટો એ અભિપ્ડાય છે કે સઘલા મોહ્લાનું બૈડાંમંડલ બેસીને સાંભલે. ટેની સઘલી ટજવીજ માડે કરવી. (પોતાની સ્ત્રીની સંમતિ[5] લેવાના વિચારથી ચંચળાને) કેમ સાંભલોછ કે? આ ભટજી મ્હાડાજ આજઠી કઠા કંકડે ને આપને બઢાં સાંભલીએ. મોહ્લાનાં નાનાંમોટાં જેની મડજી હસે ટે આવસે. એમાં સી બેસરામન છે જે? કેમ થીક કે નહિ?

ચંચળા—હા, એમ હોય તો સોનાથી પીળું શું? જે ખરચ

---

૧ નિશ્ચય. ૨ સંબંધમાં. ૩ ખરાપણાનો. ૪ ખોટાપણાનો. ૫ સલાહ.

થશે તે આપણે આપીશું. ભલા, સઉને કથા સાંભળવાનું થશે ને આ કરમકથા છૂટશે.

બાળ૦—કેમ વિથ્થલજી ! બોલ્યા નહિ ? એમાં સી હડકટ છે ? કહો ટાડે ભતજી મ્હાડાજ ! સી આગના છે ?

વિઠ્ઠલજી—હા ભટજી ! આપ કૃપા કરો તો સઉનું દુઃખ જાય, અને ધીરે ધીરે ઘણો જ સારો સુધારો થઈ જશે. મને પણ એ ઉત્તમ વાર્તા લાગે છે. જો આપને અડચણ ન હોય તો તો આજથી પ્રારંભ[1] કરો.

મનોહર—આરંભ તો બે દિવસથી થયો જ છે. આજે ત્રીજો દિવસ છે. ભલે સઉની મરજી હોય તો, બેસવાનું કરો. હવે સમય થયો છે. એમાં ખરચ તો કશોએ નથી. દીવો તો આપણા ઘરમા બળે જ છે.

બાળ૦—કેમ ટાડે, હું આપનાં ચાડ અરોસીપરોસીને ખબડ કડી આવું ?

વિઠ્ઠલજી—ના, તે તો કહો તો હું કહી આવું. એ તો ધર્મનું કામ છે. હા, જેની મરજી હશે તે આવશે. એમાં કાંઈ જોરજુલમ નથી.

બાળ૦—(ઉભા થઈને) બેસો, હું હમનાં કહી આવું છું. (તે જાય છે, અને સર્વને એ વાતની ખબર કરી આવે છે. તેથી સર્વ ભેગાં થાય છે.)

નિયમિત[2] આસને મનોહર બેઠા છે, અને સંમુખ[3] સર્વ બેઠાં છે. રોજના નિયમપ્રમાણે સર્વને પલાંઠીવાળી હાથ જોડી બેસવાનું કહ્યા પછી મનોહર કહે છે, બોલો 'સદ્‌ગુરુદેવકી જય.' જય બોલ્યા પછી મનોહરે પાછલી કથા સંક્ષેપમાં[4] સર્વને કહી સંભળાવી પછી જ્યાંથી રહી હતી ત્યાંથી આગળ કહે છે.

લક્ષ્મી માતા કહે છે, હે દીકરી ! તને ગઈ કાલે અંતમાં એ વાત કહી હતી કે આપણે ઘેર આવનાર ગરીબ તથા રોગી માણસની સઉથી પહેલી ખબર પૂછવી, તથા તેને ઘટતો જવાબ દઈ દેવો કે તે વિનાકારણ ખોટી થાય નહિ. હે સરસ્વતિ ! આ કાળમાં કેટલીક બુદ્ધિવિનાની સ્ત્રિયો પોતાના ધણીને વશ કરવાના વિચારથી, કોઈ ઢોંગી બાવા, ખાખી, ગુંસાઈ વગેરે જેઓ ખોટા વેષ કરીને લોકોને ઠગવા ફરે છે, તેવાઓની પાસે છાનામાના જઈને જંતરમંતર કે જડીબુટ્ટી લેવાવાસ્તે મહેનત કરે છે, અને તે ઢોંગી લોકો પણ તે બુદ્ધિવિનાનાં બૈરાંપાસે પૈસા અથવા પદાર્થ માગી લે છે અને તેને

---
૧ શરૂઆત. ૨ રોજના નિમેલા. ૩ સામા. ૪ ટુંકામા.

ખોટી આશા આપીને નઠારાં આચરણ શીખવે છે, અને ઉલટાં પાપી કરી નાંખે છે. તેથી તેનો ધણી બુદ્ધિમાન્ હોવાથી વશ તો થતો નથી, પણ ઉલટો ક્લેશ થાય છે. માટે હે સુલક્ષણી પુત્રિ! તારે એવા માર્ગમાં પગલું ભરવું નહિ, કારણ કે એ ધિક્કારવાજોગ વાર્તા છે. બુદ્ધિમાન્ તથા કુળવાન્ સ્ત્રીએ પોતાના ધણીને વશ કરવા આ ઉપાય કરવા. તે ઉપાયને પણ તું પ્રીતિવડે સાંભળી યાદ રાખજે.

પ્રથમ તો તે બુદ્ધિમાન્ સ્ત્રીએ પોતાના ધણીને વશ કરવા સારુ તે જે જે આજ્ઞા કરે તે તે પાળવી, અને તેની મરજી પ્રમાણે ચાલવું. તેના કહ્યા ઉપરાંત એક પણ કામમાં આપણું ડહાપણ ચલાવવું નહિ. કદાચિત્ તે ખોટું કામ દેખાડે તો તેને તેની પ્રસન્નતા જોઈને આપણો વિચાર જણાવવો. તેમ છતાં પણ જો તેની ન નિવારણ કરાય એવી ઇચ્છા હોય તો તે નમ્રતાથી જરુર પાળીને તેની પ્રીતિ મેળવવી. વળી ઘરમાંથી પોતાના ધણીની રજાવિના પોતાનાં માબાપને ઘેર પણ જવું નહિ. હે દીકરી! તે બુદ્ધિમાન્ ધણીની જ્યારે અપ્રસન્નતા[1] જોઈએ ત્યારે ત્યારે તો તેની મરજી ઘણી જ પ્રીતિથી સંભાળવી. તેના સામુ કદાચિત્ પણ ઉંચે શબ્દે ક્રોધ કરીને બોલવું નહિ, તેના ઉપર મોં ચઢાવવું નહિ, તેની નારાજીના વખતમાં તેના સામુ હસવું નહિ, પૂછ્યા વિના વધારે બોલબોલ કરવું નહિ, ઘડીએ ઘડીએ તે ધણીના દોષ હોય તે તેને મોંઢે કહ્યા કરવ નાહ, તથા આપણા ધણીના અવગુણ બીજાની આગળ પણ કહેવા નહિ. કારણ કે જ્યારે તે વાત તે જાણે છે ત્યારે આપણા ઉપર નારાજ થાય છે. હે ડાહી દીકરી! ટુંકામાં એ જ કે દરેક કામમાં પોતાના ધણીની મરજી સંભાળી લેવાથી જ્યારે તે પતિ આપણા ઉપર વિશ્વાસથી પ્રીતિ રાખે ત્યારે પણ આપણે ઉન્મત્ત[2] અથવા અભિમાની થઈને તેના મનથી ઉલટી રીતે કોઈ પણ કૃત્ય[3] કદી કરવું નહિ તેમ જ તેની મર્યાદા તોડવી નહિ. તેમ છતાં પણ કદાપિ આપણા ઉપર વિશ્વાસને રાખનાર તે પતિ ભૂલથી અથવા ભોળપણથી કાંઈ ઉલટા કામમાં પ્રવેશની[4] ઇચ્છા કરે તો તેને આપણાથી બનતા પ્રયત્ને રોકવા વિચારવું; પણ હરેક સદ્યુક્તિથી[5] તે પતિની પ્રસન્નતા મેળવવી. આ પ્રમાણે ધણીની પ્રસન્નતા મેળવનાર સ્ત્રી આ લોકમાં ઉત્તમ પ્રકારનાં સુખને તથા સારી કીર્તિને પામે છે, અને પરલોકમાં પણ સર્વોત્તમ[6] ગતિને પામે છે. માટે સ્ત્રીજાતિનો મુખ્ય ધર્મ તો પોતાના પતિની ઇચ્છાને અનુકૂળ

---

૧ નારાજી. ૨ છકી જઈને. ૩ કામ. ૪ પેસવાની. ૫ સારા ઉપાયથી. ૬ સહુથી સારી.

ચાલવું એ જ છે. અને એ જ ઉપાયથી તે વશ થાય છે. માટે બીજા અયોગ્ય ઉપાય કરવા જવું નહિ.

હે સરસ્વતિ ! કોઈના આગળ પણ જૂઠું બોલવું એ મોટું પાપ છે. માટે જેમ બને તેમ જૂઠું બોલવાથી બચવું. પોતાના ધણીઆગળ તો કદાચિત્ પણ જૂઠું બોલવું નહિ. કારણ કે જે સ્ત્રી પોતાના ધણી આગળ જૂઠું બોલી છળ[1] કરી તેને છેતરવાની યુક્તિઓ રચે છે, તે સ્ત્રીએ એ સઘળા અપરાધ પરમેશ્વરઆગળ કર્યા એમ ગણાય છે; કારણ પતિ એ પરમેશ્વરરૂપ જ ગણાય છે. તેથી એવા પોતાના ધણીઆગળ જૂઠું બોલવા વગેરેથી થતા પાપની માફી પરમેશ્વર પણ આપતા નથી. માટે પોતાના ધણીઆગળ કાંઈ પણ જૂઠું બોલવું નહિ. જૂઠું બોલવાથી એક એ જ પાપ થાય છે એમ નથી, પણ તે જૂઠું ન જણાય તેને માટે બીજી અનેક યુક્તિઓ જૂઠી જ રચવી પડે છે. જેથી એકવાર જૂઠું બોલવાથી અનેક પાપ થઈ જાય છે. એ સઘળું છતાં પણ જૂઠું ઝાઝા દિવસ ટકતું નથી તેથી જ્યારે આપણી જૂઠ જાહેર પડે છે, ત્યારે આપણને મરણથી પણ અધિક દુઃખ થાય છે, એટલું જ નહિ પણ પછી આપણી સાચી કહેલી વાતનો પણ કોઈ ભરોંસો રાખતું નથી. જૂઠું બોલવામાં એવાં એવાં ઘણાં નુકસાન છે, માટે તેથી સદા બચતા રહેવું. તેથી આપણું આ લોકમાં તથા પરલોકમાં ભલું થાય છે, અને આવરદા વધે છે. માટે જેમ બને તેમ સાચું બોલવાની ટેવ પાડતા જવી, અને જૂઠું બોલનારને આપણી પાસેથી કાઢી મૂકવાં, અને સાચું બોલનારને જ પાસે રાખવાં તથા તેની દયા રાખવી.

વળી હે દીકરી ! આપણે સ્ત્રીજાતિને કરવાનાં વ્રત ઘણાં છે, તથા તેનાં ફળ પણ ઘણાં છે. તે વ્રતોમાં અગીઆરસ, શિવરાત્રિ, પ્રદોષ, સોમવાર, કારણસર સાત વારમાંનો ગમે તે દિવસ, તથા આપણાં ધર્મનાં પુસ્તકોમાં ગણેલા ઈશ્વરાવતારના જન્મદિવસ જેવા કે નૃસિંહચતુર્દશી, વામનદ્વાદશી, રામનવમી, કૃષ્ણજન્માષ્ટમી, નાગપંચમી વગેરે દિવસ, તથા તેવા જ ચોમાસાના ચાર માસ, તથા વરસ આખામાં આવતા મોટા મોટા વ્રતના દિવસો હોય છે. તે દિવસોમાં નિરાહાર એટલે નકોરડા ભૂખ્યા રહેવાનું અથવા ફળ આહાર કરી રહેવાનું હોય છે, અથવા એક વાર જમીને અથવા એક ધાન ખાઈને રહેવાનું હોય છે. એ વગેરે જૂદા જૂદા નિયમથી વ્રત કરવાનો આપણા લોકનો ચાલ છે. તે પ્રમાણે બને તેટલું કરવું એ સારી વાત

૧ પ્રપંચ.

છે, તોપણ અંતરૂમાં ઘણું કષ્ટ વેઠીને દુરાગ્રહથી[1] વ્રત કરવું નહિ, કારણ તે દુરાગ્રહી[2] વ્રતવડે થનારૂં ફળ તામસી[3] હોય છે. સાત્વિક[4] ફળને આપનાર વ્રત જરૂર કરવાં. વળી ગૌત્રાટ અને ચાંદ્રાયણ વગેરે મોટાં વ્રત હોય છે, તે પણ અનુકૂળતા જાળવીને કરવાં. પણ હે દીકરી ! આપણા ધણીની મરજી ન હોય તો તેને નારાજી કરીને તેની આજ્ઞાવિના કોઈ પણ વ્રત કર્યું તો તે બિલકુલ ફલ આપતું નથી. એટલું જ નહિ પણ તેથી પોતાના ધણીનું આવરદા ઓછું થાય છે. માટે સુવાસણ સ્ત્રીએ ધણીની આજ્ઞાથી શક્તિપ્રમાણે વ્રત કરવાં, એ સારું છે; પણ ક્લેશ કરીને હઠવડે ઘણાં વ્રત કરવાં એ બિલકુલ સારું નથી.

હે સુવિચારવાળી ! આપણા કુળનો અથવા પતિનો માનેલો અથવા આપણી પ્રીતિનો જે ધર્મમાર્ગ હોય તેને અનુકૂળ વર્તવું. ત્યાં મૂળ તો વેદમાર્ગ સર્વ પ્રાણિનો છે. પણ તેમાંથી, કાળે કરીને થયેલા વિચારવાન્ પુરુષોએ, તે મૂળ માર્ગના કોઈ કોઈ અંશને મુખ્ય ગણીને જૂદા જૂદા જથાબંધ લોકોપાસે મનાવેલા અનેક માર્ગો છે; જેવા કે—શિવ, વિષ્ણુ, શક્તિ, ગણપતિ, સૂર્યવગેરેના ઉપાસક[5] તથા બુદ્ધ, જૈન, ચાર્વાક, નાસ્તિક, શૂન્યવાદી, શિખાનષ્ટ,[6] યાવનિક માર્ગ વગેરે. એવા અનેક માર્ગો તથા તે તે માર્ગોમાંથી થયેલા અનેક ફાંટાઓમાં ચાલનાર સઘળી જાતનાં મનુષ્ય પ્રાણિઓસાથે આપણો સંબંધ કોઈ નિમિત્તથી થાય, તો કોઈના ધર્મરૂપ માનેલા માર્ગની અથવા તેના સિદ્ધાંત તથા નીતિનિયમોની નિંદા કરી તેના જીવને ક્લેશની ઉત્પત્તિ કરવી નહિ. કારણ કે ધર્મમાં વિરોધી[8] થઈ તેની સાક્ષાત્ નિંદા કરનાર ઉપર સહજ વૈર આવે છે. તેથી તેવા કોઈ પણ ધર્મમાર્ગની નિંદા કરવી નહિ પણ ઉલટી તેમના ધર્મમાર્ગમાં જે જે ઉત્તમ અને સર્વમાન્ય[9] નીતિઓ હોય તેની સ્તુતિ કરવી, તથા તે તે નીતિઓને તેવી પરંપરામાં[10] ચાલનારને પાળવા પળાવવા-વિષે પ્રીતિપૂર્વક બોધ કરવો. પણ તેમનો કોઈ નિમિત્તથી તિરસ્કાર કરવો નહિ. આપણે જે ધર્મમાર્ગને પાળતાં હોઈએ તેની જો કોઈ નિંદા કરતું હોય તથા આપણને આપણા ધર્મમાર્ગથી ભ્રષ્ટ[11] કરનારાં

---

૧ ખોટી હઠથી. ૨ ખોટી હઠથી કરેલા. ૩ હલકા પ્રકારનું વહેલું નાશ થાય એવું, વધારે દુઃખવાળું. ૪ વધારે સુખવાળું. ૫ ભજનારા. ૬ ચોટલી નહિ રાખનારા. ૭ પેદા કરવું તે. ૮ ઉલટા. ૯ બધા લોકો જેને કબુલ કરતા હોય એવી. ૧૦ હારમાં, લંબા-રમાં. ૧૧ દૂર.

અધર્મ તથા અનીતિનાં વચનો સંભળાવતું હોય તો તેવાં માણસને જો તેઓ આપણી સત્તામાં હોય તો એકદમ દૂર કરવાં, અને નહિ તો આપણે તેમનાથી દૂર થઈ જવું. દરેક ધર્મમાર્ગમાં ઉત્તમ નીતિઓને જ કહેલી હોય છે. કારણ કે અનીતિ દેખાડનાર તથા અનીતિમાં ચલાવનાર માર્ગને ધર્મમાર્ગ કહેવાતો નથી. માટે તે ઉત્તમ નીતિધર્મને પાળવાપળાવવામાં સર્વેનું કલ્યાણ છે. કોઈ મંદબુદ્ધિ માણસ કદાચ તે ધર્મમાર્ગના ખરા સિદ્ધાંતને તથા ખરા નીતિનિયમને ન જાણનાર હોય, અથવા તો તે સિદ્ધાંતને ખોટી રીતે સમજીને તેનો ખોટો અર્થ કરીને અનીતિ તથા અધર્મને ધર્મ માની બેઠો હોય તો તે પશુસરખા માણસ-સાથે વાતચીત કરવાનો અથવા સમીપ રહેવાનો પણ સંબંધ રાખવો નહિ. કારણ કે તે બુદ્ધિવિનાનું પશુસરખું માણસ આપણને સદા-કાળ દુઃખનું આપનાર તથા અકલ્યાણ કરનાર થઈ પડે છે, તેથી તેવા માણસની સોબત પણ કરવી નહિ. હે સરસ્વતિ! જે સ્ત્રીને પોતાના ધર્મની ખબર નથી, જે નીતિને પણ જાણતી નથી, તથા તે ધર્મ-નીતિને જાણવાની આતુર ઇચ્છા પણ જેને નથી, એવી સ્ત્રીને પાપિણી તથા શંખિની જાણવી. તેના દર્શનથી પણ પાપ લાગે છે, માટે તેને ઓળે પણ ઉભા ન રહેવું. અને ધર્મનીતિને જાણનારી અથવા જાણ-વાની પ્રીતિવાળી સ્ત્રીને તો પુણ્યવાન્ જાણવી, તથા તે સુભાગ્યવાળી સ્ત્રીની સાથે બેસવું ઉઠવું, અને હરેક વખતે નીતિધર્મસંબંધી વાત-ચીત કરતા રહેવું. અને ખોટી વાર્તામાં કાન પણ દેવો નહિ.

હે સુલક્ષણી સુતા ! આપણા લોકની સ્ત્રિયોમાં એવી એક નઠારી ચાલ હાલ કાળે પડતી જાય છે કે એક બીજાસાથે હુંકારા-તુંકારાથી બોલવું તથા હસવામાં અને મસ્કરીમાં એક બીજાને ગાળો દેવી તથા ન ઘટે એવા શબ્દો બોલવા. એ ચાલ નીચ કુળની અને અવિદ્વાન્[1] મૂર્ખ સ્ત્રિયોમાં વધારે હોય છે, અને તેમના સહવાસવાળી નાનાં વયની કાચી બુદ્ધિની છોકરીઓ અથવા સ્ત્રિયોને પણ એવી કુટેવ પડી જાય છે, તે સહજ ઉપાયથી જતી નથી. માટે તેવાં નીચ કુળનાં અથવા ઉચ કુળનાં ગણાતાં છતાં નીચ સ્વભાવવાળાં બૈરાંની સંગતિ કરવી નહિ, કારણ કે સંગતિ જેવી હોય છે તેવા ગુણ દોષ તેનામાં આવે છે. વળી તેવી નીચ કુળની તથા નીચ સ્વભાવની કુછંદી સ્ત્રિયોને એ એક મોટી કુટેવ હોય છે કે સહજ કારણમાટે તેઓ એકદમ માંહોમાંહે લઢી પડે છે, તથા પાછળથી જાહેર રીતે સામ-સામા એક બીજાને ગાળો દેઈને લડે છે. તે વખતે ઘણા વ્યસની

૧ વગર ભણેલી.

પ્રીતિને તથા ઘણા કરેલા ઉપકારને ભૂલી જઇને તત્કાળ તે વેરને ઉત્પન્ન કરે છે. અને નહિ બોલી શકાય એવા શબ્દો પણ બોલે છે; એટલું જ નહિ પણ હે દીકરી ? જે વખતે ક્રોધવડે પ્રતિકૂળ અંતઃકરણ થાય છે, ત્યારે તે મૂર્ખ નીચ સ્ત્રી લોકની મર્યાદા, કુળની મર્યાદા તથા પ્રીતિના સર્વે નિયમોને ભૂલી જાય છે, અને જાહેર રીતે લોકોના સંમુખ ઘરમાં અથવા તો ઘરથી બહાર નીકળીને મોટો વિરોધ જણાવે છે, ગાળો દે છે, થોડો અપરાધ હોય તોપણ જૂઠું બોલી ઘણો અપરાધ પ્રકટ કરે છે, તેની સઘળી ગુહ્ય વાર્તાને બીજાના આગળ પ્રકટ કરે છે, અને લોકોઆગળ પોતાને નિરપરાધી જણાવે છે. તેથી બીજી તેના જેવી નીચા સ્વભાવની સ્ત્રિયો પણ તેનાં આ નઠારાં આચરણને ટેકો આપે છે, અને લડાઈને વધારાવે છે. તેથી પરિણામે તે ઉંચ કુળની તથા સારા સ્વભાવની સ્ત્રીને ઘણો ખેદ થાય છે, તથા મૂર્ખ લોકમાં તેમ જ કાચી સમજના મિથ્યા ગણાતા ઉચ્ચ લોકમાં તેની ખોટી અપકીર્તિ થાય છે, તેથી તેને વારંવાર દુઃખ થવાનું કારણ બને છે. માટે હે દીકરી ! આ વાર્તાને હૃદયમાં રાખજે કે સહુથી પ્રથમ તો નીચા કુળની, નીચી જાતિની, અથવા નીચ સ્વભાવની સ્ત્રીસાથે કદી બેહેનપણાં કરીશ નહિ, અને કદાપિ તેવાંનો ભોગજોગે સંબંધ થાય તો મૂળથી જ પ્રીતિવડે તેવાં નીચની સાથે વારંવાર બેશી વાતો કરવાનો અભ્યાસ રાખીશ નહિ, અને તેમ કરતાં વાત કરવાનો પ્રસંગ આવે તો આપણી ગુપ્ત ગૃહછિદ્રરૂપ[1] વાર્તાને તેના આગળ પ્રકટ કરીશ નહિ. આટલું છતાં પણ કદાપિ તે મૂર્ખ સ્ત્રી કોઈ ઘટના અણઘટતા કારણથી આપણા જોડે લડવાનો ઉપાય રચે તો આપણે નમી જવું, અને તે છતાં પણ જો તે નીચ સ્વભાવની સ્ત્રી ન માને તો તેની સાથે સામું બોલી લડવું નહિ. અને ઘરમાંથી બહાર નીકળીને તો કદાપિ પણ ઉંચે શબ્દે બોલવું કે લડવું નહિ, તથા લોકોને ભેળાં કરી આપણી નિંદા કરે અથવા આપણને ગાળો દે, તોપણ આપણે તેને જરા પણ ઉત્તર આપવું નહિ. કારણ કે ક્રોધ ચડેલાં માણસને તરત જ જો સમજાવવા જઈએ તો તે માનતું નથી અને ઉલટું જે જે આપણે પાધરૂં કહેવા જઈએ તે પણ વાંકું પડે છે. તેથી ક્રોધના વખતમાં કોઈને વારવું નહિ. તેમ જ તેને ટેકો પણ સારા માણસે આપવો નહિ. તે દુષ્ટ સ્ત્રીની હજારો ગાળ ખાવી, પણ સામી તેને એક ગાળ દેવી નહિ, અને ત્યાંથી દૂર આપણા ઘરમાં એકાંત જઈને બેશી તે વખતે

---

૧ ઘરના કલંકની.

પરમેશ્વરનું ભજન કરવું. પણ તેની વાત સાંભળી આપણા મનમાં ખેદ કરવો નહિ, તથા બળવું પણ નહિ. આપણો અપરાધ નહિ છતાં પણ કોઈ આપણો અપરાધ માને અને તે બદલ ક્ષમા માગવાથી જો તે લડાઈ પતતી હોય, તો તે દુર્બુદ્ધિ[1] સ્ત્રીની પાસે ક્ષમા માગી ક્લેશ મટાડવો, પણ વધારવો નહિ.

વળી હે સુપુત્રિ ! કાચા કાન રાખવા નહિ. તેથી ઘણા ગેરફાયદા થાય છે. કાચા કાન એટલે કોઈ માણુસ બીજાની સાચીજૂઠી આપણને આવીને કહે તેનો ખરો તપાસ તથા વિચાર કર્યાં વિના તે વાતને સાચી માનવી એ છે. આ ચાલ તો બહુ જ નઠારી છે. પ્રથમ તો આપણી પાસે જે માણુસ આવીને વાત કરે તેની પરીક્ષા કરી જાણવું કે એ માણુસ કેટલા વજનનુ છે. ત્યાર પછી તે માણુસ જેની વાત આપણા આગળ કરતું હોય, તેને માટે ખરી રીતે જાણવું કે તે માણુસ કેવા પ્રકારનું છે. ત્યાર પછી માનવા જોગ વાર્તા હોય તો તે માનવી. અને પછી તે બાબતમાં આપણને નુકસાન થવાજેવું હોય તો તેનો વિચાર કરી એવો બંદોબસ્ત કરવો કે આપણને નુકસાન થાય નહિ; અને જો બીજાને નુકસાન થવાજેવું જણાય અને આપણા કોઈ ઉપાયથી તેનો બચાવ થતો હોય તો તે ઉપાય દેખાડવો, અથવા ઘટે તો આપણે કરવો. પણ અવિશ્વાસુ માણુસની વાત સાંભળીને તે વાત જાહેરમાં આપણે ન મૂકવી, અને વિશ્વાસુ માણુસથી સાંભળી હોય તોપણ તે વાર્તાનું સ્વરૂપ જોઈને તરત તે વાતને ભૂલી જવા જેવું કરવું, અને કોઈને કહેવું નહિ. એકની વાત બીજાને મોઢેથી સાંભળી તે વાતને સાચી માની એકદમ કોઈ ગરીબ નિરપરાધી પ્રાણીને નુકસાન પહોંચાડવું નહિ; પણ તેની પાકી તપાસ કાઢીને તેનો એવો બંદોબસ્ત કરવો કે આપણને તથા કોઈને નુકસાન થાય નહિ. વાતનું સ્વરૂપ તથા કહેનારનું વજન વિચાર્યા વિના એકદમ તેની કહેલી વાત ખરી માની તેને આધારે આપણે ચાલવું અથવા કાંઈ કરવું નહિ.

હે સરસ્વતિ ! આ સંસારમાં માણુસની પરીક્ષા કરવી એ જ કામ સઉથી કઠિન છે, કારણ કે કોઈનું અંતઃકરણ બહારથી દેખાતું નથી. તેથી ગુપ્ત વસ્તુની પરીક્ષા કરવામાં ઘણી વખત સંશય[2] રહી જાય છે. માટે કેટલાક બુદ્ધિમાન્ પુરુષ તો એમ પણ કહે છે કે જેમ સોનાની પરીક્ષા ચાર પ્રકારથી કરવામાં આવે છે તેમ પુરુષની પરીક્ષા પણ ચાર પ્રકારથી કરવી ઘટે છે. ત્યાં સોનાની પરીક્ષા તો કસોટી કરીને, કાપીને, તાવીને, તથા ટીપીને એ ચાર રીતે કરવામાં આવે છે

૧ નઠારી બુદ્ધિવાળી. ૨ શક.

અને માણસની પરીક્ષા તો જ્ઞાન, શીલ,[1] ગુણ, તથા કર્મ એ ચાર બાબતમાં અનુભવ લેવાથી થાય છે. તેથી સહજમાં કોઈ માણસની કિંમત કરી મૂર્ખાઈથી આપણે તેની હલકી કિંમત ગણી તિરસ્કાર કરવો એ બહુ જ નઠારૂં કામ છે. તેથી જેની સાથે આપણે કામ પાડવું હોય અથવા વ્યવહાર બાંધવો હોય તેનાં જૂદાં જૂદાં લક્ષણથી પરીક્ષા કરીને પછી વધારે સંબંધ બાંધવો. અને ખરો સંબંધ બંધાયા પછી પણ જ્યાં સુધી તે માણસ ખરા વિશ્વાસનું પાત્ર[2] ન જણાય ત્યાં સુધી આપણા અંતરનો પાર તેને આપવો નહિ; એ સૌથી ઉત્તમ બુદ્ધિમાનોની નીતિ છે. માટે દરેક વાત સાંભળી તેને વિચારવી તથા પછી ઘટે તેમ ઉપયોગ કરવો. સારાંશ[3] એ કે કાચા કાન રાખવા નહિ.

વળી હે બહેન ! જે માણસને ચાડી કરવાની ટેવ હોય એવાં ચાડિયાં માણસઉપર વિશ્વાસ રાખવો નહિ. કારણ કે જેને ચાડી કરવાની ટેવ હોય છે, તે બીજાની વાત જેમ આપણા આગળ કરતાં ડરતું નથી, તેમ આપણી વાત પણ બીજાઆગળ કરતાં ડરશે નહિ. તેથી એવાં છાલકાં અંતઃકરણવાળાં માણસો હલકાં ગણાય છે. માટે એવી એકની વાત બીજાને કરવી અને તેની વાત ત્રીજાને કરવી એવો સ્વભાવ રાખવો નહિ. કારણ કે એવો સ્વભાવ રાખવાથી ધીરે ધીરે એ વાત ખોટી વધારીને કરવાની ટેવ પડે છે, તેથી વધારે જૂઠું બોલવામાં આવે છે. અને એમ કરતાં પછી ઘણે દિવસે બિલકુલ ખોટી વાત પણ કરવાનું મન થાય છે. માટે સાચી વાત પણ ખરા કારણુસર કહેવી પડે તો કહેવી, પણ વિના પ્રસંગે કોઈ આગળ કોઈની વાત કરવી નહિ; અને એવી ખરી ખોટી વાત કરનાર ચાડીઆં માણસને આપણા ખાનગી વ્યવહારમાં ભેળવવાં નહિ. કેમકે તે આપણી ખાનગી વાતો જાણીને બીજા આગળ કહેતાં ફરે છે. આવાં માણસો વખતે બેસમજથી કોઈના જીવનું જોખમ પણ કરી નાંખે છે. કેટલાક મૂર્ખ માણસોને તો એવી ટેવ જ હોય છે કે આખા દિવસમાં ગમે તેની પણ ખરી ખોટી વાત શોધી લાવવી અને બીજાને કહેવી; અને તેવાં જ બીજાં બુદ્ધિવિનાનાં માણસોનો એવો સ્વભાવ હોય છે કે ગમે તેની ખરી ખોટી વાતો કરનાર ચાડિયા માણસઉપર પ્રીતિ કરી તેમને સાધીને લોકોની વાત તેમના મુખથી સાંભળીને રાજી થવું. આ બંને ટેવ સારી નથી. માટે તેનાથી જરૂર દૂર રહેવું. ખરી અગત્ય જેટલી વાત કહેવી તથા સાંભળવી. એવી ટેવવાળું માણસ ઉત્તમ પંક્તિમાં ગણાય છે.

---

૧ સારી ચાલ. ૨ ભરોંસા લાયક. ૩ ટુંકામાં.

હે સદ્ગુણુમાં પ્રીતિવાળી દીકરી! તું આળસને દૂર રાખીને ઉદ્યમી થતી રહેજે. આ જગતમાં આળસુ માણસ કોઈને પણ વહાલું લાગતું નથી. માબાપ પણ આળસુ છોકરાઉપર વધારે પ્રેમ રાખતા નથી, તથા તેનાથી રાજી થતાં નથી. માણસના શરીરમાં આળસ એ કાંઈ નાનો દુર્ગુણ નથી. આળસ એ ખરું જોતાં તો માણસનો શત્રુ છે. કારણ કે જેમ શત્રુ આપણને દિનપ્રતિદિન[1] નબળા પાડે છે, આપણું સઘળું સુખ નાશ કરે છે, અને પરિણામમાં આપણને જીવથી મારે છે, તેમ આળસ પણ સઉથી પહેલાં તો આપણને દરેક કામ કરવા જતી વખત નબળા પાડે છે, કામ કરવાનું આવે છે ત્યારે માંહીથી ક્રોધને ઉપજાવે છે, અને પછી મનમાં નાખુશી પેદા કરે છે. ત્યાર પછી કદાચિત્ તે કામ કર્યા વિના ન જ ચાલે એમ હોય તો તે [2]રોષસાથે આપણને ઉઠાડે છે અને જેવું તથા જેવી રીતે કામ કરવું હોય તેવું તથા તેવી રીતે કરવા દેતી નથી. તેથી અંતે આપણો કાળ જાય છે, અને તેના પ્રમાણમાં કામ થતું નથી. જેથી પાછળથી તે કામના પ્રમાણમાં આપણને મળવા જોગ સારો લાભ પણ મળતો નથી, અને વધારે સુખની ઇચ્છા આપણા મનમાં છતાં તેવું સુખ આપનાર ખરો લાભ આળસથી આપણને મળતો નથી, ત્યારે અંતરમાં ક્લેશ થાય છે, તેમ જ બીજાને સારો લાભ થતો જોઈને આપણા મનમાં વધારે બળતરા થાય છે. આથી બેવડો ક્લેશ આપણને થાય છે. અને એ પ્રકારે આપણા મનમાં ખેદ થવાથી આપણું અંગું બળ હણાઈ જાય છે, શરીરની નસોમાં ફરનારા લોહીની ગતિમાં ફેરફાર થાય છે, અને તેથી તેવા વખતમાં ખાધેલું અન્ન બરાબર પાચન થતું નથી. કારણ કે ખેદને લીધે શરીરનો સઘળો વ્યાપાર નિયમિત ચાલતો નથી. તેથી ધીરે ધીરે શરીર માંહેલા વાયુ, પિત્ત, તથા કફ એ દોષો [3]વિષમપણાને પામે છે, અને તેથી ખાધેલા અન્નને પચાવનાર જઠર નામનો અગ્નિ જેને પિત્ત અથવા કોઈ પાચન રસ પણ કહે છે તે મંદ થઈ જાય છે. તેથી ખાધેલું અન્ન બરાબર નહિ પચવાથી એકએકમાંથી પેદા થનારા રસ, [4]રુધિર વગેરે પદાર્થો પણ રોગી થાય છે. તેથી જૂદા જૂદા પ્રકારના રોગો શરીરમાં થાય છે, અને તેથી ધીમે ધીમે નિર્બળ થઈને આપણે એ આળસના પ્રતાપથી મરીએ છીએ. તેમ જ જ્યારે આળસ વધે છે ત્યારે આપણને કોઈ પણ કામ કરવાનું મન થતું નથી, પણ એકલું સુખ ભોગવવાનું

---

૧ દિવસે દિવસે. ૨ ગુસ્સાથી. ૩ અધિક ન્યૂન સ્થિતિને. ૪ લોહી.

મન થાય છે. તેથી કદાચિત્ આપણે પૈસાદાર હોઈએ તો આપણને કાંઈ સુખ ન મળવાથી ખેદ થવાનું કારણ નથી તોપણ તે આપણી સુખી અવસ્થામાં પણ આળસ આપણને શત્રુ જેવો જ અવગુણ કરે છે. કારણ કે આળસ વધવાથી આપણે કોઈ પણ મહેનતનું કામ તો કરવાનાં નહિ, અને પછી તો એક જગાએથી ઉઠીને બીજી જગાએ પાણીનો લોટો સરખોએ ભરવાને જવાનાં નહિ; તેથી બેશીને તથા સૂઈને સઘળો વખત કાઢવાને ઇચ્છીએ છીએ. વધારે મહેનત અથવા હરફર થયા વિના શરીરમાં લોહીની ગતિ મંદ થાય છે અને તેથી પેટમાં વાયુ તથા [1]મેદ વધે છે, અને તેથી પણ ધીરે ધીરે પાચનશક્તિ ઓછી થાય છે, અને પછી ધીરે ધીરે જૂદી જૂદી જાતના રોગોને ઉત્પન્ન કરવા માંડે છે, ત્યારે પછી પસ્તાવો કરીને રડીએ છીએ. પણ પછી એ દુઃખ કોઇથી લેવાતું નથી, પણ આપણે ભોગવીને મરવું પડે છે. માટે હે દીકરી ! શત્રુના સમાન આળસને ગણીને તું તેનાથી સાવધ રહેજે, નહિ તો ઘણા મૂર્ખ ધનવાન્ માણસો આ સંસારના સુખને પામેલા છતાં ભોગવી શકતા નથી પણ ઉલટા પોતે દુઃખના ભોગ થઈને મરે છે તેમ થશે. આપણે આળસુ ન થવું એટલું જ નહિ પણ આળસુ માણસની સોબત પણ કરવી નહિ. તેની પાસે બેસવું અથવા તેની વાત પણ સાંભળવી નહિ, અને આપણી સત્તા નીચેના કોઈ પણ માણસને આળસુ થવા દેવું નહિ અને તેમ છતાં આળસુ થઈને આપણા બોધને ન માને તો તેવાંને દૂર રાખવાં. આ વાર્તાને નિરંતર યાદ રાખજે.

વહાલી સરસ્વતિ ! મોટાઈ એટલે અભિમાન પણ આળસકરતાં નાનો શત્રુ છે એમ તું જાણીશ નહિ. જ્યારે માણસને મોટાઈ એટલે અભિમાન આવે છે, ત્યારે તે માણસ પોતાને સર્વથી ડહાપણવાળું, અને સર્વ વાર્તા જાણનાર માને છે. તેથી તે મૂર્ખ હોય છે તોપણ મિથ્યા અભિમાનવડે કોઈની પાસે ગુણ અથવા ડહાપણ લેવા જતું નથી. કોઈ વાત બીજાને પૂછતાં પોતાની ઓછી સમજ જણાશે એમ સમજી કોઈને તે પૂછી શકતું નથી. તેથી આપણામાં જ્યારે અભિમાન આવે છે, ત્યારે પછી તો આપણે [2]ગુણહીન જ રહીએ છીએ. એટલું જ નહિ પણ હે દીકરી ! અભિમાનવડે આપણે સર્વને તુચ્છ જેવાં ગણીએ છીએ, અને તેથી સર્વ પ્રાણીનો આપણા મનથી [3]પ્રસંગોપાત્ત તિરસ્કાર કરીએ છીએ. તેથી વિચારવાન્ સર્વ મનુષ્ય આપણા દોષને જાણીને આપણા ઉપરની અંતરની પ્રીતિ ત્યજી દે છે.

૧ ચરબી. ૨ ગુણવિનાનાં જ. ૩ વખતે વખતે.

અને જે આપણા જેવાં જ અવિચારવાન્ અભિમાની માણસો છે તે તો પોતાના અભિમાનની રક્ષા[1] વાસ્તે આપણી પાસે પણ આવતાં નથી તેથી આ જગત્માં એક અભિમાન આપણને સર્વને અપ્રીતિનું પાત્ર કરે છે. જેમ આંધળું માણસ પોતાની પાસે પડેલા પદાર્થને પણ જોઈ જાણી શકતું નથી, તેમ અભિમાનરૂપી [2]પડળ આવવાથી આપણે નિકટનાં સગાં તથા મિત્રવગેરેના ઉચ્ચપણાને પણ જોઈ જાણી શકતાં નથી; એટલું જ નહિ પણ [3]સર્વત્ર વસેલા તથા સર્વના આધાર હોવાથી આપણા પણ આધારરૂપ તે પરમેશ્વરને પણ જોઈ જાણી શકતાં નથી. તો એ અભિમાન આપણને ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ પ્રકારના આ જગત્માં સિદ્ધ કરવાના ચાર પદાર્થોથી ભ્રષ્ટ કરી રાખે છે, એથી બીજું નુકસાન શું છે? માટે હે સારા સ્વભાવવાળી! સઘળા અનર્થનું મૂળ જાણી એ અભિમાનનો તું મૂળથી જ સંગ કરીશ નહિ. કારણ કે અભિમાનવડે ઘણાં માણસો આદિકાળથી આ જગત્માં મોટાં મોટાં દુઃખને પામ્યાં છે, હાલ પામે છે, અને હવે પછી પણ તેવાં અભિમાની માણસો અગણિત દુઃખને પામશે. તેથી પોતાનું કલ્યાણ ઇચ્છનાર માણસે કદાચિત્ પણ અભિમાન રાખવું નહિ. અભિમાન ધરનારાઓમાં કોઈ તો પોતાના ધનનું અભિમાન રાખે છે. તે ધન સદા રહેવાનું નથી. ઘણા ધનવાનોને ભીખારી થતા આપણે જોઈએ છીએ. માટે સદા નહિ ટકે એવા ધનનું અભિમાન મૂર્ખ માણસો જ રાખે છે. કોઈ તો પોતાના રૂપનું અભિમાન રાખે છે. તે રૂપ પણ દિવસે દિવસે ઓછું થતાં ઘડપણ આવે છે, ત્યારે કુરૂપ થઈ જાય છે. તેથી ક્ષણે ક્ષણે નાશને પામનાર આપણા રૂપનું પણ અભિમાન ડાહ્યાં માણસે રાખવું નહિ. વળી કોઈ તો આપણા બળનું અભિમાન રાખે છે. તે બળ પણ દિનપ્રતિદિન ઘટતાં પછી ઘડપણ આવે છે ત્યારે અથવા જૂદા જૂદા રોગો થાય છે ત્યારે ઘટી જાય છે, ને અંતે શરીર પણ બળસહિત નાશ પામી જાય છે; તેથી વિવેકી માણસે બળનું પણ અભિમાન રાખવું સારું નથી. એ વિના કુળનું, રાજ્યનું, ગુણનું, વિદ્યાનું, સગાંસંબંધીનું તથા તેવા જ અનેક પ્રકારનું અભિમાન બુદ્ધિવિનાનાં માણસો જેઓ જગત્ના ખરા સ્વરૂપને જાણતાં નથી તેવાંને હોય છે. તેવડે તે પ્રાણીઓ અનેક દુઃખને વેઠે છે પણ અભિમાન છુટતું નથી. માટે હે સરસ્વતિ! તું તો એમાંના કોઈ પ્રકારના અભિમાનથી દૂર રહેજે, તથા તેવાં અભિમાની માણસ રાજાની રાણી હોય કે ગરીબ ભીખારણ હોય તોપણ તેનો સંગ કરીશ નહિ.

---

૧ બચાવમાટે. ૨ ઝાંપ, પડદા. ૩ બધી જગાએ. ૪ દુઃખનું.

હે દીકરી ! આ જગત્માં લોભ પણ જીવનો મોટો શત્રુ છે, તેથી લોભને પણ ઓળખવો જોઈએ. લોભ એટલે આ સંસારમાં જેટલા ભોગવવાના પદાર્થો છે તેને મેળવવાની વારંવાર ઇચ્છા થવી તે. ત્યાં આપણા ઉપયોગજેટલું મળ્યા છતાં એમ થાય કે હજી આથી વધારે મળે તો સારું, અને વધારે મળે તો એથી પણ વધારે મળે તો ઠીક, એમ જેટલું જેટલું મળે તેથી પણ ઘણું ઘણું મેળવવાની ઇચ્છા રાખ્યા કરવી તેને આપણા લોકોમાં લોભ કહ્યો છે. એ લોભને શાસ્ત્રમાં નરકનું બારણું કહેલું છે, તેથી તે ત્યજવા યોગ્ય છે, લોભ સઘળાં પાપનું માબાપ છે. કારણ કે દરેક જાતનાં પાપ લોભથી જ પેદા થાય છે. લોભી માણસ ચોરી કરતાં શીખે છે, જૂઠું બોલતાં શીખે છે, ઠગાઈ શીખે છે, હિંસા એટલે બીજા માણસને દુઃખ દેવા તથા મારવાની ઇચ્છા તે પણ લોભથી થઈ આવે છે. ટુંકામાં એટલું જ કે જેટલી જાતના દુર્ગુણ છે, તે એકલા લોભથી પેદા થાય છે: માટે લોભને વિચારવાળાં માણસોને નરકનું બારણું કહેલું છે. તેથી કલ્યાણ તથા સુખની ઇચ્છા રાખનારે લોભને આપણા અંતરમાંથી કાઢવો જોઈએ. જ્યારે આપણા શરીરમાં લોભ પેદા થાય છે, ત્યારે આપણા ઘરમાં આપણને મળેલા સુખના સઘળા પદાર્થો અળખામણા થાય છે. અળખામણા એટલે બીજાને આપી દેવા જેવા લાગતા નથી, પણ તેનાથી જે સુખ મળે છે તેથી આપણે ધરાતા નથી, અને તે વિનાના બીજા પદાર્થો જેવા કે લુગડાં, ઘરેણાં વગેરે મળે તો સારું એવી ઇચ્છા થાય છે. તેથી જ્યાં સુધી ઇચ્છેલા પદાર્થ મળતા નથી, ત્યાં સુધી આપણી પાસેના પદાર્થોવડે મળતું સુખ આપણે ખુશીથી ભોગવી શકતાં નથી; તેથી બેવડું નુકસાન થાય છે. એક તો મેળવેલી વસ્તુવડે સુખ મનાતું નથી. તેથી ભોગવતાં છતાં મનમાં ખેદ થયા કરે છે, અને તેથી વધારે ઇચ્છેલી વસ્તુ મેળવવા મહેનત કરવી પડે છે તેથી પણ ખેદ થાય છે. અને મહેનત કરવા છતાં નહિ મળે તોપણ ખેદ થાય છે. અને મળે તોપણ તેનાથી વધારે મેળવવાની ઇચ્છા રહે છે એટલે અંતે પણ ખેદ જ રહે છે. અને મેળવવાની વસ્તુઓનો કાંઈ જગત્માં છેડો નથી, તેથી મરતાં સુધી પણ મનમાંથી ખેદ મટતો નથી. આમ થવાથી સુખ ભોગવી આનંદ લીધા વિના ખેદમાં ને ખેદમાં જ તે લોભી માણસ મરે છે. માટે હે દીકરી ! આપણને ઈશ્વરકૃપાથી અને આપણા ખરા પ્રયત્નથી જે જે વસ્તુઓ મળે તેટલામાં સુખ માનીને આનંદમાં રહેવું એ ઘણું સારું છે. આથી એમ સમજવાનું નથી કે કોઈ પણ સારી સારી નહિ મળેલી વસ્તુઓ

મેળવવા ઉદ્યમ ન કરવો. પણ એટલું જ માત્ર સમજી રાખવાનું છે કે આપણને મળેલા પદાર્થથી સુખ લેવું, અને આનંદવડે બનતી મહેનત કરીને બીજી વસ્તુઓ મેળવવી, અને ન મેળવી શકાય તો તેથી દુઃખ માનવું નહિ.

મનોહર કહે છે, બોલો "સદ્ગુરુ દેવકી જય." આજ જ્યાંથી અધુરુ રહ્યું છે ત્યાંથી કાલે આગળ કહેવાશે. માટે સઘળાં સાંભળનારાંએ આજની સઘળી વાત યાદ રાખવી હોં. ઘેર જઈને કરીથી પોતાની મેળે સઘળું સંભારી જવું, અને મનમાં વારંવાર વિચાર કરીને આપણામાંથી તે તે દુર્ગુણને કાઢવાની મહેનત કરતાં જવું હોં. શું કહું છું બાળમુકુંદદાસ! ધ્યાનમાં આવ્યું?

બાળ૦—અહોહો! ભતજી મ્હાડાજ! અમાકું આજ મોતું બાયગ છે કે આટલી વાડ કાન પવિટડ કીઢા છે, ને ટમાડી ડયા હસે ટો ઢીડે ઢીડે બઢા વાટે સાડાં વાનાં ઠસે. જેના ભોગ હોય ટે ન ચેટે બાવા! આ ઘેડ એથાં ગંગા આવી છ! જેનાં પેલા ભવનાં પાપ હસે ટે નહિ સુઢડે. કેમ વિથ્થલજી! બોલ્યા નહિ?

વિઠ્ઠલજી—અરે ભાઈ! આજના વખતમાં આવો બોધ કરનાર કોણ છે? અને વળી કરે છે તોપણ પાળે છે કોણ? માટે આજથી આપણા મો'લ્લાનું નસીબ ઉઘડ્યું છે એમ જાણવું. જો આ પ્રમાણે આપણો તથા બૈરાંનો સુધારો થાય તો પછી દુઃખ શેનું? આ કળિયુગમાં સતયુગ વર્તાયો એમ જાણવું.

મનોહર—જુઓ વિઠ્ઠલજી! જે માણસને કાળજી હોય કે હું સુધરું તો સારું તેને તો સુધરતાં કશી વાર નથી. આજે સાંભળેલાં વચનોને વિચારે, અને એવી જ રીતે રોજ ચાલવા માંડે અને નવાં નવાં સાંભળે, ને તે રીતે ચાલે તો કેટલો ફેર રોજ પડતો જાય. અને સદ્ગુણ આવ્યા વિના માણસ થવાતું નથી. માણસના જેવું શરીર મળ્યું તેમાં શું થયું? તેવા ગુણ આવે ત્યારે માણસમાં ગણાય; નહિ તો સઘળાં જનાવર જ જાણવાં જોઈએ.

બાળ૦—કેમ પાડવટી કાકી! કદા કેવી! હવે ડિન પરટે એક વાડ બે ઘરી આવટાં ડેહેજો.

પારવતી૦—ભાઈ! સહુથી સારું. આવું હોય તે તો મને ગમે. હવે મારે તો કાડયાં એટલાં કાંઈ કાઢવાં નથી. પણ ભલા રોજ બબ્બે ઘડી સાંભળીને સમજશો તો આગળ જતાં તમને સુખ થશે. આજ તારી વહુએ મને ઘણીએ બોલી સંભળાવી, પણ હું મારી મેળે હારીને ઘરમાં જઈને બેઠી, શું કરું? મને કહ્યું કે હું કંઈ

તમારી ઓશિયાળી નથી. તો ભલે બાપા ! પરમેશ્વર તમને ઓશિયાળાં ન રાખે. હું તો તમારે રુડે રાજી. પણ રાંડનું છેક એમ કહેવાય ? કેમ બોલ બાઈ!

બાળ૦—(હેં હેં હેં એવા ઉચ્ચારથી હસીને) વલી એ વાટ સીડ કડો છો ? ગઈ ટહી ટો જોસી પન વાંચટા નહી. ટેમાં અહુડામાં પડી વલી કહા સાંભલી, ને હવે એ વાટ સી ! જવા ડો, એ ટો નાદાન છે. (ચંચલાને) સાંભલો છ, હવે પછી કાકીને કસું કેહેમો નહિ હો. એ ટો આપના માંઠાનાં મુગત છે. જો આજે કહામાં આયવુંડું કેની કે કોઈનો અપડાદ દાય ને દુઃખ લાગે તો મારી માગીએ ટેમ (પારવતીતરફ જોઈને) ટમે મોતાં છો, માફ કડજો.

ચંચળા—(લગાર હસીને) હા કાકીજી ! મારું બોલ્યુ માફ કરજો હોં, હું તો તમારું છોકરું છું. બળ્યું, મારો સભાવ નઠારો છે, તે બોલીને પછી પસ્તાઉ છું.

બાળ૦—બોલો **સીગોડહન** નાદકી જે. કેમ **પાડવટી** કાકી ! હવે દેચું સમહાન ? આ સઘલું આજની કહાનું પુન છે હોં. **મનોડ**-ભત મ્હાડાજ ! ટમાકું ભલું દજો. જુઓ, ટમે બઢાંએ જાનો છ, આપના મો'લ્લામાં આ **બિજ**કોડ ભતાની જેવું પન માનસ નહી હોં ! ખુબ કડીને જાનજો.

ભાગીરથી—બળ્યું **બાળ**મુકુંદદાસ ! તમે નામ બગાડીને શીદ બોલતા હશો ? વિજયાલક્ષ્મી નામ તમને આવડતું નથી તે **બીજ**-કોદ ભતાની ને ભતાની એવું એવું કહો છો. જોજો બાઈ ! દુઃખ ન માનતા. મારાથી તો બોલ્યાવનું ના રહેવાયું તારે બોલી છું.

બાળ૦—લો બાઈ ! ટાડે અવેઠી **વિજી**યાલખમી કહીસું, એમાં દુઃખ સેનું ? ટમે પન અમાડે ટો પૂજનિક છો. આ **વિથ્થલજી** પન હમાડે ટો મુડબ્બી છે.

મનોહર—(મનમાં) આજ તો હજી પહેલો દિવસ છે, માટે હશે; પણ કથા બંધ થયા પછી કાંઈ પણ ઘડી ભજન થાય તો સારું. આવી નકામી વાતો શા કામની? હશે સઉ થઈ પડશે. (પ્રકટપણે) કેમ **વિઠ્ઠલજી** ! હવે શી ઇચ્છા છે ?

વિઠ્ઠલજી—હવે સઉસઉને ઘેર જાય, ને કાલથી બોલાવ્યાવિના એમની મેળે વખતસર આવે, ને સાંભળીને સઉ પોતપોતાનું કલ્યાણ કરે ને દુર્ગુંણુ છોડે.

બાળ૦—ઠીક્કા કેહેજો. બસ એતલું જ જોઈએ છે. કેમ ટાડે હવે ઉથસો કે ?

ચંચળા—સઉની મરજી. હું તો મારે આવું હોય તો સુવાનું નામે ના દઉં. પણ હવે રાત ગઈ છે, માટે સરવે ચાલો. જો બહેન વિજીયાલક્ષ્મિ! બોલ્યું ચાલ્યું માફ કરજો હોં. તમે તો ડાહ્યાં છો ને હું તો રાંડ ગાંડી છું, તે હવેથી મને રોજ સુધારજો. (એમ કહી સઉ સાથે ઉભી થાય છે.)

બાળ૦—બોલો ડવાડકાંઠીસકી જે. હુડ હુડ માહાદેવ. આપને તો હુડિને હુડ બેએ બડાબડ. (મનોહરને નમીને સઉ પોતપોતાને ઘેર જાય છે.)

વિજયા—સઉના ગયા પછી આવીને હસતે મુખે મનોહરને પગે માથું મૂકીને નમે છે.

મનોહર—કેમ આજે કંઈ અત્યારસુધી બોલ્યાવિના ચુપચુપ રહ્યાં.

વિજયા—આપણે ઘેર કોઈ આવ્યું હોય તેના દેખતાં વગર કારણે વધતુંઓછું બોલાઈ જાય, એમાં આપની અને મારી શોભા શી? કેમ ના બોલી તે ઠીક કર્યું કે નહિ?

મનોહર—એ તો ઘણું સારું કર્યું. એ જ પ્રમાણે ધીરે ધીરે સુધરશો તો તમારી આબરુ વધશે. કેમ હવે તમારી લડવાડ પતી કે નહિ? તમારુ ગમતું થયુ કે નહિ?

વિજયા—થયું તો બધુએ સારું, પણ વારુ તમે બધું જાણતા હતા ને અજાણ્યા થઈ મને ધમકાવવા જેવું કર્યું, ને કદાપિ હુ વધારે ઓછુ બોલી ગઈ હોત તો પછી શી વલે થાત?

મનોહર—વલે શી થવાની હતી? બંનેની શોભા જાત, ને લઢાઈ વધત. જો! તને સમજ નથી? એ તો અજ્ઞાન અને અભિમાની માણુસ હોય તેને રાજી કરવાની યુક્તિ તને દેખાડી. તારો મને ભરોંસો હતો કે તું વધારે ઓછું બોલનાર નથી. અને જો! ડાહ્યા માણુસનું એવું લક્ષણુ છે કે બનતાસુધી કોઈને નુકસાન ન થાય એમ હોય તો આપણા માણુસને ઠપકો દેઈને લડાઈ પતાવવી, અને સામા માણુસનું મન રજંન[1] કરવું. તેમ છતાં તે ન માને તો પછી ઘટતો ઉપાય કરવો. તને ખબર છે? જગત્માં અભિમાની માણુસને તો તેનાં વખાણુ કરીને રાજી કરવાં, મૂર્ખ માણુસને તો તેમની કહેલી વાતમાં હાજીહા કરવાથી રાજી કરવાં, અને વિદ્વાન્ માણુસને જેમ હોય તેમ સાચી વાતથી રાજી કરવાં, એવો નિયમ છે. તોપણુ વળી જેવો વખત તેવી વાત કોઈવાર કરવી પડે. તેમાં કોઈને નુકસાન થાય તેવું ન કરવું. કારણુ કે તે પાપ ગણાય છે.

૧ રાજી.

વિજયા—આજની કથા પણ તેવી જ આવી ગઈ, કેમ વારુ?

મનોહર—હા. અરે! તું જો તો ખરી, થોડા દિવસમાં બધાંના દુર્ગુણ નીકળી જાય છે. કેમ હવે પથારીયોનું શી રીતે છે? રોજ કરતાં આજ મોડું થયું છે.

વિજયા—મારું તો સઘળું કામ મેં કીધું છે. આપની ઇચ્છા થાય ત્યારે પાણી પીને પોઢી જાઓ.

મનોહર—ચાલો ત્યારે સૂઈ જાઓ. પરમાત્માનું સ્મરણ કરતાં નિદ્રાવશ થઈએ એટલે નઠારાં સ્વપ્ન ન આવે, અને સર્વે વાતે રુડાં વાનાં થાય. (ત્યાંથી ઉઠી પાણી પી પરવારીને સૂઈ જાય છે.)

दिवस ४.

બાળમુકુંદ—(સવારમાં વહેલાં **ચંચળાને**) કેમ સાંભલોછ કે? કાલે **મનોહ** ભતની કહામાં વહેલાં ઉથવાનું સાંભલીને કેહેટાં'ટાં, જે મને વહેલી ઉથારજો, ટે ઉથવું હોય ટો વાનું વાવા દયુ છે હાં. કેમ જાગોછ? (**ચંચળા** બોલી નહિ ત્યારે તેને ઢંઢોળીને) કેમ ઉથવું છે કેની?. પાછલહી મને થપકો ડેસો. હુ ટો માડે ઉઘડાની જાઉછ. ચાલો ઉથો, સવાડના પોહોડમાં બે ઘડી પડભાટિયાં ગાઈએ, નહિ ટો **ભ**ગવટનું નામ સમડન કરીએ. ટેમાં કાયાનું કલ્યાન છે. સાલું ઉંઘવાનું તે કેતલુ! પોહોડવાડ સૂટાં એટલે બસ.

ચંચળા—(જરા ચીડાઈને) અત્યારમાં તે શી એવી ધાડ આવે છે? તમને તો કશો ધંધો જ સૂજતો નથી. રાંડનું અડધી રાતથી કાઉ કાઉ કરવા માંડયું છે! આપણે ધાડ આવતી હોય તો ગયા, બારણાં દઈને. બીજાને શીદ પજવપજવ કરીએ? કંઈ ભાન છે કે નહિ?

બાળ૦—(હેં હેં હેં એવા સ્વરથી હસીને) એ ટો એમ છે!! કહેવાનું ટો ઘનું સહેલું છે, પન ટે પડમાને હાય ટાડે ખડું? અડે **ભ**ગવાન્! કેહેવટ છે કે 'કહા સાંભલીને ફુતા કાન, ટોએ ન આયવ્યાં આટમગનાન!' સાલી એક હાટ ટો પૂડી ગઈ નહી, ને ટેનું ટે. એવું હટું ટો કાલે સા વાસ્ટે કેહેટાં'ટાં કે જાઓ ટાડે મને ઉથારટા જજો. કેમ હવે કંઈ બોલટાં નહી? આ બાવાં જોજો. હું ટો માડે જાઉં છું.

મનોહર—(બાળમુકુંદદાસને ઓટલે બડબડતા સાંભળીને બારીએથી) કેમ **બાળમુકુંદદાસ** ! શી વાત ચાલે છે ! કંઈ હરિસ્મરણ થાય છે કે ? સવારના પહોરમાં તો આનંદથી એ જ કરવું.

બાળ૦—કોન ભતજી બુવા કે ? ના, એ ટો સેહેજ બાડ જવાનું હટું ને હજી ઘડમાંથી ઉથ્યાં નહી; ને રાટે કહામાં વેહેલાં ઉથવાનું કહ્યું'ટું, ટે વિસે જડા એમને કહેટો'ટા. જાનો જ છો કેની, એમનો સભાવ ટો. આથ વાગતાં ઉથવાનો ડિવાજ છે ને હજી ટો સારા પાંચનો અમલ ઠયો છે. ઉથસે હવે. હજુ એક ડાહારામાં ટે સું ? (ચંચળાને મોટેથી) એ આ બાન્તું જોજો.

મનોહર—કેમ હજી શેઠાણી ઉઠયાં નથી ! એમનો તો એવો બીજા એદીની પેઠે પડી રહેવાનો સ્વભાવ નથી ! એ તો ઉઠયાં હશે, પણ તમને જરા ખેલવતાં હશે. (ચંચળાને) કેમ **ચંચળ** શેઠાણી ! હજી ઉઘો છો કે ?

ચંચળા—(પોતાની હોંશીઆરી જણાય એથી વહેલી વહેલી ઉઠીને બારીએ આવી હસતે મોઢે) કોણ ભટજી કે ? જુઓ મહારાજ ! હું કારનીએ જાગું છું પણ કહ્યું ઉઠું છું. પણ એટલામાં એમને તો જાણે ધાડ આવી હોય તેમ બુમો પાડી મૂકી. રડયું છેક ધાડધાડ કેમ ગમે વારુ ? કહો.

મનોહર— નહિ જ તો. ધીરે ધીરે ઉઠીયે. આજે આટલાં વહેલાં ઉઠયાં છો તો વળી કાલે એથી પણ વહેલાં ઉઠાશે. કેમ શેઠ બાળમુકુંદદાસ ! તમે તો કહેતાતાની કે હજી ઉઠયાં નથી ?

બાળ૦—મ્હાડાજ ! ટમાકું કામ ટો ડેવટઈ છે. ના, ટે એ જાગ્યાં'ટાં ટો ખડાં, પન જડા જાનો જ છો કેની ! સભાવના કંઈમેલ છે. ઘરીમાં આમ ને ઘરીમાં આમ. હજી તો બાલાડાજજેવું કામ છે.

મનોહર—એ તો એમ જ હોય. પણ જોજો ! કાલથી તમારા જાગ્યા પહેલાં શેઠાણી પરભાતિયાં ગાઈને તમને ના જગાડે તો મને કહેજો. એમની ખબડદારી કેવી છે તે હું જાણું છું.

ચંચળા—હા હા મહારાજ ! મને પણ બે ચાર પરભાતીઆં શીખવજો. બજ્યું સવારમાં ઉઠીએ તો ખરાં, પણ કામકાજવિના પડી રહીએ છીએ.

મનોહર—ના, એમ કેમ ? સવારમાં સૂર્યનારાયણ ઉગ્યાપહેલાં નહાવાનું કેટલું પુણ્ય લખેલું છે; ને વળી શરીરમાં એક રોગ થાય નહિ, તોપણ હવે પરભાતીઆં શીખી લેજો. તે ગાતાં જવું ને વહેલું દાતણપાણી કરીને દહાડો નીકળ્યા પહેલાં નાહી લેવું. તારા છતાં

નાહ્યા તો મોટી જાત્રાકરતાંએ વધારે ફળ છે. ને વળી ઘરમાંથી દળદર જાય ને લક્ષ્મીનો વાસો થાય છે. પાપમાત્ર ટળે છે ને સુખી થવાય છે. પછી નાહીને કામ નહિ હોય તો ચાર માળા ફેરવીએ, કેમ સમજણ પડી કેની?

બાળ૦—(નીચેથી હેં હેં હેં એવા ઉચ્ચારથી હસીને) એતલું ઠાય ટાડે ટો પછી બાકી સેની!

ચંચળા—હવે હેં હેં ને હીં હીં કરતા ઉઘરાણી જવું હોય તો જાઓને. પછી પહોર દહાડો ચડશે ત્યારે કોણ મળનાર છે? રહ્યા લોકો તે તમારી પેઠે નવરા છે કે ઘરમાં બેશી રહેશે!

મનોહર—હા શેઠ પધારો. પણ હવે તમેએ કાલથી જાણશો, પાંચ વાગતામાં ઉઠીને નહાવું પડશે તે. શેઠાણી તો ચાર વાગ્યામાં ઉઠીને પાણી મૂકશે. પછી ખબર પડશે કે તમારી હોંશીયારી વધારે છે કે એમની? હમણાં હસો છો તેથી શુ થયું?

બાળ૦—ભગવાનને ગમસે ટે ખરુ. (ચંચળાને) સાંભલો છ? હું જાઉં છું (જતાં જતાં) જે **સીગો**વડદનટાડી' ટાડો આસડો છે. (એમ કહી ચાલી જાય છે).

મનોહર—ત્યારે શેઠાણી' તમે પણ હવે દાતણપાણી કરીને નાહી લ્યો. હું પણ નીચે નહાવા જાઉ છુ. (વિજયાને મોટેથી) એ તમે નાહી રહ્યાં હો તો પાણી કાઢજો, હું આવું છું.

વિજયા—હું તો ક્યારની નાહી છું. આપ પધારો તો પાણી તૈયાર છે. (મનોહર નહાવા જાય છે, ને ચંચળ પણ પોતાના કામે લાગે છે.)

વિજયા—(નહાવાનું પાણી આપી પોતાના પતિને શરીર ચોળી નવરાવીને પગે લાગી) હવે આજ્ઞા હોય તો મારા રસોઈના કામમાં જાઉં. આપને બીજું કાંઈ જોઈશે? પૂજાની સામગ્રી તો બધીએ તૈયાર કરીને મૂકી છે.

મનોહર—જુઓ, સ્ત્રીનો ધર્મ છે કે પતિને સ્નાન કરાવવું. પણ હવે પછી તો મને સ્પર્શ કરીને તમારે દૂર રહેવું. હું મારું શરીર મારી મેળે ચોળીને નાહીશ. કારણ કે પોતાની મેળે ચોળીને નહાવાથી શરીરને બળ પડે છે. એટલી કસરતથી બધા શરીરના અવયવો હલકા પડે છે. તેથી દરેક માણસે પોતાનું શરીર સારી પેઠે ચોળીને નહાવું એ બહુ ગુણ કરનાર ઓસડજેવું છે,

વિજયા—જેવી આપની આજ્ઞા હશે તે પ્રમાણે હવેથી કરીશ. (એમ કહી પોતાને કામે જાય છે, ને મનોહર પૂજામાં બેસે છે.

ચંચળા—(ઘરમાં પાણી ઊનું મૂકી પરવારીને દાતણ કરવા ઓટલે બેસે છે; અને રોજ સવારમાં તો દાતણ કરવા નીકળે ત્યારે પણ ફલાણી બાઈ, ઢીંકણી બાઈ, એમ બોલાવીને દશપાંચ જણીઓને ભેગી કરી સાચી જૂઠી વાતો કરતી પણ આજે તો બોલાવવાનું મન થાય, પણ વિચાર આવે કે રાત્રે કથામાં કહ્યું હતું કે ભેગાં થઈને લોકોની નકામી વાત કરવી નહિ, તેથી પાછું મન મારીને બેશી રહે તો પણ પાછળથી ધીરજ ના રહી તે એક જમનાં નામની બીજા મહોલ્લામાં રહેનારી સ્ત્રી જતી હતી, તેને દેખીને) અલી એ જમનાં! વેહેલી વેહેલી ક્યાં જાય છે? આવ તો ખરી, કંઈ બહુ દહાડે જણાઈ!

જમનાં—એ તો આજે બારશ છે. વેહેલું જંબાનું છે. તે દરશન કરતી આવું ને જમાઈને નોતરું દેતી આવું. કેમ અલી! કંઈ હમણાંની મુદ્દલ જણાતી નથી? કંઈ બહુ માન વધ્યું કે શું?

ચંચળા—મારે કંઈ સાસુ નણંદ છે તે માન ઘટવાનું હતું ને વધવાનું હતું? એ બધું તો તમારે. મારે તો ભાયડો બચારો મરતાને મેર કહે એવો નથી. પોતાનો ધંધો ભલો ને ઘર ભલું, પણ તારે ઘરમાં કેમ ચાલે છે? હવે બધાં પાધરાં ચાલે છે કે નહિ?

જમનાં—અરે બહેન! જે ભાગ્યમાં હોય તે ભોગવવું. નશીબમાં હશે તે કોણ મિથ્યા કરનાર છે? મારા રાંડના ભોગ છે, તે હું ભોગવીને પૂરા કરું છું. બહેન! મારા જેવું તો કોઈ ના વેઠે. રાંડનું કુતરાની પેઠે ખાવું ને આખો દહાડો વૈતરૂ કરવું, ને બધાંનું ઓશિયાળું થઈને રહેવું. ઘરમાં કોઈને કશું કહેવાય નહિ. સાસુને તો સહેજ કંઈ પૂછવા જઈએ તો વાંદરાની પેઠે દાંતિયાં કરે, ને પૂછ્યા વના દીઠું કામ કર્યાં જઈએ તોએ દુઃખ; પાછળથી બડબડે કે આ આમ કેમ કર્યું, પેલું આમ કેમ ના કર્યું; એમ સહેજમાં વાંક કાઢીને હજાર બોલ સંભળાવે ને જો જરા હું બોલવા જાઉં તો તાગું કરીને રડે, મને ઓશિયાળી પાડે ને હજારો ગાળો દે. અડોશીપડોશી આવે તેના આગળ મારા ખોટા અવગુણ ગાય ને ઘરમાંએ પોતાના દીકરાને સાચુંજૂઠું ભેરવીને મને ગાળો ખવાડે ને વખતે મરાવે ત્યારે પછી રાજી થાય. બળ્યું એ ખાવું ને પીવું. બહેન! ખાતેપીતે રોજનું શેર શેર લોહી બળી જાય છે! તેમાંએ સારું ખાવાનું હોય તે તો મારા દીઠામાંએ ના આવે, ને વેરોવંચો કરે. છાનું રાખીને પોતે ને પોતાનાં છોકરાં મળીને ખાય. તોયે રડ્યું મારો કેડો મૂકતી નથી. શું કહું બેહેન! દુઃખની વાત. આપણું

અંગ ઉઘાડીએ તે આપણે લાજી મરીએ. રાંડનું બીજાને શું? બીજાને તો જોવાનો તમાસો થાય, પણ એક દહાડો મને રાંડને જંપીને બેસવા કે ખાવા દેતી નથી. ભલા ભગવાન્, તને ગમે તે ખરું.

ચંચળા—ના રે બાપ ? મારાથી તો એવું ના સહેવાય. હું તો તેની ધૂળ કાઢી નાખું. રડયું રોજ 'પાણીમાં રહેવું ને મગરસાથે રુસણું,' એ કેમ ખમાય ! રહેને જૂદી, તારા ધણીને લઈને, એ તે કયાં લગી સેન[1] થાય ? પણ તારો વરે બચારો ભોળો ભા છે તો ! એને કશું ભાન નથી કે આ મારું માણસ છે ને આટલું દુઃખી થાય છે.

જમનાં—અરે બહેન ! એ તો નર્યો માવડીમુખો છે, તે મા કહે એટલું કરે છે. મારો સરેસરીયાન વાંક ના હોય, તે એ જાણે, પણ માને એક અક્ષરે કહેતા નથી. ઉલટી મને ધમકાવવા આવે. હવે એ બધાંને હું એકલી તે શું કરું ?

ચંચળા—ત્યારે તેનેએ મેલને વહેતો, ને જા પીયર, જઈને મહિનો બે મહિના રહેજે, ને તેડવા આવે તો કહીએ કે જૂદો રહે તો આવું. મેર રાંડ ! હવે તે તું કંઈ નાની બાળક છે? સાત વરસની છોકરી થઈ. જમઈ બારણે આવે, વેવઈ વેવાણ આવે, ને ઘરમા આપણો વકર નહિ ! બળ્યુ એ ઘર ને બધુએ બળ્યુ.

કાવેરી—(કાંઈ કામસર બહાર નીકળી, તે આ બેને વાત કરતાં જોઈ) કેમ ચંચળ બહેન ! હજી દાતણ થાય છે કે ? શી વાતો ચાલે છે, સવારના પહોરમાં !

જમનાં—(ચંચળાને) ચાલ બહેન ! વળી વાર થશે તો મારી ફજેતી કરશે. વળી સપરમે દહાડે ઘરમાં લડવાડ થશે. અલી આવજે હોં કે ? જાઉ છું (એમ કહીને જાય છે.)

ચંચળા—(જમનાંને) આવજો. (પછી કાવેરીતરફ જોઈને) ઓહો ! તમે તો નાહ્યાંએ ખરાંને શું ! હું તો રાંડ ઉઠી ત્યારની પાછી કડાકુટમાં પડી ! અરે રામરામ ! મારી તે શી વલે થશે ? ઉઠી ત્યારની વિચાર કર્યા કરતી હતી કે આજે કોઈ જોડે નકામી વાતો કરવી નથી પણ એટલામાં તો વગર બોલાવી આ જમનાં આવીને ઉભી, એટલે મારો રાંડનો જીવ વશ ના રહ્યો, તે નકામી કુથલી કરવા બાઝી. જો ! આટલે તો નાહીને બેઠી હોત ! સારું થયું બહેન, તમે બહાર આવ્યાં; નહિ તો હું તો પહોર વારસુધી થાકત નહિ, ને વળી તેને બીચારીને ઘરમાં ગાળો પડશે, ને મારી સલાહે

૧ સહન.

ચાલશે તો વધારે દુઃખી થશે. હાય હાય! હું રાંડ ઉંધી સલાહ આપતાં બીનીએ નહિ. જો! હાથીને પણ અંકુશ હોય છે તો સારું! એને સાસુનો ધાક હતો તો કેવી અત્યારમાં નાહી ધોઈ ઘરનો ધંધો કરીને નીકળી હશે, ને હું તો ફુવડની પેઠે હજી ખાટલેથી પાટલે, ને પાટલેથી ખાટલે; તે પથારીમાંથી ઉઠીને હજી આ દાતણે કરી નથી રહી. તે મને જો કોઈનો ધાક હોત તો આમ થાત નહિ. ઓહો ! આ તમે બધાં પછી મારી રાંડની મશ્કરી કરો તેમાં કંઈ વાંક છે? કાલે સાંજે તો બધુ કથામાં આપણે સાંભળ્યું હતું ને તમે તો તે પ્રમાણે ઉઠી નાહી પરવારીને બેઠાં, ને હુ ટાઢી પથ્થર જેવી છું. મારી તે શી વલે થશે! (એમ કહી ઘરમાં જવા ઉઠે છે.)

કાવેરી—હોય, કોઈ દહાડો એમે હોય. ને બાઈ! અમારા કરતાંએ તમે તો ખબડદાર છો; તે કાલથી તમે તો તમારા મનને વશ કરશો. પણ અમે તો આજ કર્યું ને વળી કાલે થાય ત્યારે ખરું; (પછી બને પોતપોતાના ઘરમાં જાય છે.)

વિઠ્ઠલજી—(પોતાની સ્ત્રાને સંધ્યા કરી રહીને) એ કયાં ગઈ? સાભળે છે? હવે કેટલી વાર છે? વૈશ્વદેવને માટે ભાત તૈયાર થયો છે? થયો હોય તો લગાર આપી જજે.

ભાગીરથી—એ લાવું છું. હું તો તૈયાર કરીને જ બેઠી છું. ભાત તો કયારનો ઉતારીને અંગારાપર સીજવા મૂકયો છે, ને આ દાળ ઉકળી ગઈ છે. એને ઉનારીને આવુ. નહિ તો નીચે તાપ છે તે પછી ઉભરાઈ જાય.

વિઠ્ઠલજી—હજી બરાબર ના ઉકળી હોય તો જરા તાપ ધીમો કરીને આવ, એટલે નહિ ઉભરાય. મારે હવે સમય થયો છે. દાળ નીચે ઉતારીશ તો પછી જમતાં સુધી ટાઢી નહિ થઈ જાય?

ભાગીરથી—ના, એમ તો પછી ધીમો તાપ રાખીને પાછી ચુલે જ મૂકીશ. રોજ તમે જમો છો ત્યારે ટાઢું થઈ જાય છે? એમ કાંઈ છેક હુ સમજતી નથી? એ ભાત લાવું છું હો, હવે કશી વાર નથી. (ભાત લઈ જાય છે. વિઠ્ઠલજી વૈશ્વદેવ કરી રહ્યા પછી જમીને પોતાને કામે જાય છે.)

મનોહર ભોજન કરીને બહારના ઓરડામાં સોળું બદલીને બેસે છે, અને પાનસોપારી ખાય છે.

વિજયા—(આજે પાન તૈયાર કરી મૂકયુ નથી એવું સાંભળ્યું તેથી ઘરમાંથી) સાંભળ્યું કે? હું આજે પાન કરવાનું ભૂલી ગઈ છું, તે હમણાં આવીને કરી આપું છું. તમે જરા આમ તેમ ફરો એટલામાં આવું છું, હો કે.

મનોહર—એ તો હું કરી લઉં છું. તું તારી મેળે ધીરજથી જમીને આવજે. આ તારું પાન પણ કરી મૂક્યું છે. જમતાં જમતાં ઉતાવળ કરીશ નહિ. સમજી કે ?

વિજયા—(જમી રહી હતી તે હાથ મોં ધોઈને વહેલી વહેલી બહાર આવીને) કેમ વારુ જમતાં ઉતાવળ કરીએ તો શું થાય ?

મનોહર—તને ખબર છે? ઉતાવળથી જમેલું અન્ન બરાબર ચવાતું નથી તેથી તે અન્ન વહેલું પચતું નથી; અને બહુ ઉતાવળ કરીએ તો અન્નને જવાના માર્ગમાં બહુ ભીડ થાય, એટલે છાતીએ ડચુરો બાઝે, તેથી વખતે ઉલટી પણ થઈ જાય, નહિ તો ઓકારી આવે. તેથી આ તો ઠીક છે, પણ કોઈ સુઘડ જમનાર પાસે એહું હોય તો તેને કંટાળો આવે. માટે ધીરે ધીરે પ્રસન્ન ચિત્તથી જમવું; નહિ તો અનેક રોગ પેદા થાય છે. કેમ હવે સમજ પડી કેની ?

વિજયા—એ વાત તો ખરી પણ મને તો રડી એવી ટેવ જ પડી ગઈ છે, તે એકલી જમવા બેસું એટલે ધાડાધાડ કરીને જમુ છું. બાકી કોઈ સાથે જમનાર હોય ત્યારે કાંઈ નહિ.

મનોહર—જો ! તારી એવી રડી ટેવ તે શા કામની ! એકલા જમીએ શું કરવા ? મારી સાથે જમવા બેસતી હોય તો શુ ખોટું ? ખરું જોતાં તો ધણીધણીઆણીએ સાથે જ જમવું જોઈએ, એવી શાસ્ત્રની મરજાદા છે.

વિજયા—પણ હવે જમતાં જમતાં એઠે હાથે તમને પીરસવુ તે સારું ? કોઈ આવે તોએ કેવું દેખાય ? ને ચોખે હાથે પીરસું તો પણ રડ્યું જમતાં જમતાં તે સારું કહેવાય ?

મનોહર—ના રડ્યું, તે તો સારું ના કહેવાય !

વિજયા—(હસીને) તમે મારા ચાળા પાડો છો ?

મનોહર—તને સો વાર ટોકીએ પણ તારું રડ્યું, બળ્યું, રાંડનું એ મટવાનું નથી.

વિજયા—ઠીક છે વારુ, હવે જોજો ? ફરીથી એવું બોલું તો.

મનોહર—જો ! એવું બોલ્યાની બીજી તો કશી ફિકર નથી, પણ જ્યાં સુધી સારું બોલતાં આવડતું નથી ત્યાં સુધી તે માણસમાં ગણાતું નથી. રડ્યું, બળ્યું, એવા શબ્દો મૂર્ખ બૈરાં બોલે છે, અને તું તો ભણેલી છે, તારે એવું બોલવું ઘટતું નથી. તેથી તને કહું છું. વારુ ત્યારે હવે તો હું જાઉં છું. બેચાર જગાએ પ્રયોજન[1] છે તે જઈને આવું છું. (એમ કહી કપડાં પહેરીને જાય છે. અને

[1] કારણ.

વિજયા પોતાને કામે લાગે છે. પછી પોતાના કામથી પરવારી તે ભરત ભરવા બેસે છે, એટલામાં ચંચળા પોતાના કામથી પરવારીને તેને ઘેર આવે છે.)

ચંચળા—(ઉપર આવતાં) કેમ વિજીયાલક્ષ્મી ! શું થાય છે ? આવું કે ?

વિજયા—હા, આવો ચંચળ બહેન ! તમને હમણાં નવરાશ મળી કે શું ? આવો.

ચંચળા—જુઓ, સવારની ઉઠી ત્યારની છેક હમણાં પરવારી; ત્યારે મેકું લાવ જરા જઈ આવું. લો ત્યારે તમે લગાર કામમાં છો એટલે હું ભાગીરથીને ઘેર જઈને આવું છું, તે મને બોલાવતી હતી. જોઉ વારુ, શું કામ છે ? બિચારી એકલી છે તે કંઈ કામ હોય તો કરી આવું.

વિજયા—ભલે એમ કરો. આવજો હોં બા ! અને ના જવું હોય તો બેસો, હું કાંઈ એવા ઝાઝા કામમાં નથી. આ તો નવરા બેઠાં આળસ આવે માટે થોડું ભરવાનું હતું તે લઈ બેઠી છું.

ચંચળા—ના, તે હું કંઈ ખોટું લગાડીને જતી નથી. એ તો તેણે મને બોલાવી હતી તેથી. (એમ કહી જાય છે, અને ભાગીરથીના ઘરમાં જઈને) કેમ ભાગીરથી બહેન ! શું થાય છે ? મને શુ કહેતાં'તાં !

ભાગીરથી—આવો ઉપર, હું તો તમારી વાટ જ જોતી હતી. બેસો, હું પાનસોપારી લાવું છું. (ભાગીરથી તે લાવે છે, અને બે જણાં બેસે છે. એટલામાં ભાગીરથીની પડોશણ કમળા તેના વર ગોકળસાથે વઢી પડી, તેથી બન્ને જણ તે સાંભળવા બારી—આગળ જાય છે.)

ગોકળ—(બહારથી આવ્યો ને જોયું તો રસોઈ કરી નથી, તેથી પોતાની સ્ત્રી કમળાને) કેમ હજી ચૂલો સળગાવ્યો નથી? તને એટલું ભાન નથી કે સાળો સવારનો ગયો છે તે હમણાં ભૂખ્યો આવીને શું ખાશે ? (કમળા કાંઈ બોલી નહિ ત્યારે) આજે શું થયું છે તને ? કેમ બોલતી નથી ?

કમળા—(ક્રોધથી) આ એવડી પેટમાં ધાડ પડતી હોય તો હાથે ઠોકી ખાધું ! કંઈ છેક હાથ પગ ભાગી ગયા છે ? આવડો તગાદો કોના ઉપર ? હું કંઈ એવડી તમારી હએલી નથી ! એક કાંચળીની કસનીએ તમારી ઓશિયાળી નથી ! એ હાંલ્લામાં દાળ ચોખા, ને ચૂલાઆગળ વાસણ, રાંધો ને ખાઓ. વગર લેવેદેવે

મને બોલાવશો નહિ! મારે તો રાંધવુંએ નથી ને ખાવુંએ નથી. જો! મને ન્યાલ કરવા જઈને આવ્યા તે!!

ગોકળ—ઓ મૂરખ! મને ખરું કહેની, આજે થયું છે શું? કંઈ ભૂતખુત ભરાયું કે શું વળી?

કમળા—એવું લાંબુંટુંકું બોલ્યા તો તમારી વાત તમે જાણી! મૂરખ ને બુરખ કહેજો તમારી હોય તેને! ને ભૂત ભરાયની તમારી હગલીઓને! મારે શું છે?

ગોકળ—અરે ભગવાન! મારાએ સાળાના કરમના ભોગ છે. અરે તું પાધરૂં બોલની, કે તેનો ઉપાય થાય. જો! મેં તને આજે તો કશું કહ્યું નથી, ને વગર કારણે શું કરવા અમથી બળે છે ને બાળે છે! તારા મનનો મેલ હોય તે બધો કાઢી નાંખ. બોલ, કોઈ જોડે લડવાડ થઈ કે શું થયું?

કમળા—તમારે શું કરવા પારકી પીડા જોઇએ? તમારું બરાબર થયું એટલે મુઓ વર ને બળી જાન! ના ના, એટલું સૂઝે છે કે રાંડના પગ ઉઘાડા છે, ને આજ ચાર વરસથી બુમો પાડે છે તેનું કંઈ કરું! આપણી મતલબ થઈ એટલે બીજાની શું કરવા ફકર કરીએ! ગરજ સરી એટલે પછી વૈદ વેરી. હું રાંડ રોજ બૂમો પાડું છું, તે આ કાને સાંભળે છે, ને પેલે કાને કાઢી નાંખે છે! તો ખાસડે મારી, હુંએ કંઈ કોઈને ધરાવતી નથી! મેં કંઈ કોઈની ગધેડી નથી પકડી, ખબર છે? પરમેશ્વરનું આપ્યું પિયર છે, હજી બાર વરસના મારા ભાઈ ને બાપ બેઠા છે. કોઈ દહાડો રુપિયાનોએ સાલ્લો લાવી આપ્યો છે? હશે, મારી ફકર તમને નથી તો તમારી ફકર મને નથી. જાઓ, ને તેથીએ ઘણું કરશો તો હું મારે પિયર જાઉં છું! શેર દાણાએ તેને મળશે. હું કંઈ તમારી વેચાણ ખરીદીની લુંડી નથી, જાણ્યું?

ગોકળ—(તેની પાસે બેશીને ધીરેથી) જો! તું છેક આમ શું કરે છે? હું તારી ફિકરમાં જ છું. હવે વગેસગે તને કરાવી આપું છું. તું આમ કરીશ તેણે કંઈ આજ ને આજ થનાર છે?

કમળા—બળી તમારી વગસગ. રહ્યાં ચાર વરસથી વગસગ!! એ તો મરતાં સુધીએ તમારી વગસગ પૂરી થવાની નથી. બધુંએ મને ખબર છે. આખો જન્મારો એમને એમ જનાર છે. 'જનમભીખારી તે [1]જરાભીખારી.' હવે તો લાકડાંમાંએ પૈસો મળવાનો નથી!

---

૧ ઘડપણ.

ગોકળ—જો ! ચાર લોક સાંભળે એમાં શો માલ છે ? સમજ. કાંઈએક સમજ. છેક ઘરની આબરૂ કોડીની શા વાસ્તે કરે છે? અને હવે હું તેના વળમાં જ છું. તને કંઈ ખબર છે ! એની ને એની ફિકરમાં મારું રાત ને દહાડો શેર શેર લોહી બળે છે, ને મારું ખાધુંપીધું ઝેર થઈ જાય છે. જ્યારે આટલું તારું સમાધાન થશે, ત્યારે મારા જીવમાં જીવ આવશે. વાસ્તે આટલા દહાડા કાઢ્યા તો વળી મહિનો પંદર દહાડા જવા દે. ઉઠ રાંધવાનું કર.

કમળા—બળ્યો તમારો વળ. આખો જનમ વળ ને વળ રહ્યો. બીજી બધી વાતે મળે છે, પણ મારી વાત આવી એટલે વળ ! મુઈ રાંડ હું ! ને બળ્યું આ ઘર ને એ રાંધવું ! ને ખાવું ! મારે તો ખાવુંએ નથી ને પીવુંએ નથી. જેને ખાવું હોય તે રાંધે ને ખાય. મેં કંઈ કોઈના હાથ બાંધ્યા નથી. જો ! મોટા આબરુદારની પૂંછડી ! ! તે એમની આબરુ જતી રહે છે ? એવડી આબરુની બીક હોય તો લાવીને કરાવીએ નહિ ! હું બુધાબાવળીયા જેવી બહાર ફરું છું, તે લોક રડયા આંધળા હશે ! બધાંએ જાણે છે કે રાંડપાસે વાલની વીંટીએ નથી, ને તે પરમાણે ઘરમાં હશે. એ તો જવા દોની બધી વાતો ! બીજી મળી હત તો જાણત. હું રાંડ બોલતી નથી એટલે ફાવી ગયું છે. પણ યાદ રાખજો કે જે દહાડે હું નહિ હઈશ તે દહાડે ચીંથરેહાલ થશો ને ઘરનુ ધંધોલીયુ થઈને રહેશે. એ તો મારાં માબાપ ભલાં તે તમને દીધી; નહિ તો હવે કોઈ ફરીથી હું નહિ હઈશ તો ડામે દેનાર નથી ! ખબર છે કેની ? જુઓ ! એમની આ ગાડેગાડાં આબરુ છે તે હું બોલું છું એટલે કોડીની થઈ જશે ! રાંડનું પગથી તે માંથાસુધી ઝાળ લાગે એવું તો બોલે છે ! આ ઘરમાં આડો વાંસ ફરે છે, તે લોકને અજાણ્યું હશે ! જવા દોની, હવે મને વધારે બોલાવશો નહિ.

ગોકળ—જો હવે વધારેમાં સાર નથી હોં. જા, તારા સમ ખઈને કહું છું કે હું કાલે કંઈ પણ એનો વળ કરું છું. મારે પાલવે તો ચાર ટકાના કાઢીશ, પણ તારું કામ કરી આપીશ, પછી કંઈ ! જા ઉઠ. જો ! હવે ડાંગે માર્યાં પાણી કંઈ જૂદાં થવાનાં નથી, ને ફોકટ થુંક શીદ ઉડાડે છે ?

કમળા—આ હું રાંડ મરીશ તેમાં તમારું શું જનાર છે ? જઈશ મારાં માબાપની, ને મારા જીવની જઈશ ! તમારે તો પાધરું. મારા રાંડના ખોટા સમ મફતમાં ખાવા એમાં શું ? પરભાર્યું ને પોણાબાર. એવા સમ ખાવાનાએ ક્યાંથી મળે ?

ગોકળ—અરે લે, મારા સમ. પછી કંઈ. તને તો પાધરૂં કહીએ તોએ વાંકું પડે છે; કોણ જાણે શી જાતનો તારો સ્વભાવ પડ્યો છે. આ ખોટો ક્લેશ કરે છે! તને કશી ખબર છે? રોજ ઘરમાં ક્લેશ થાય તેથી ગોળીનું પાણી નીઠે! કંઈ જરા સમજણુ- વાળી થા.

કમળા—(એકદમ ચીડાઈ જઈ) હાય કરમ ! (એમ બોલી બે હાથે કપાળ કૂટે છે) મોઈ રાંડ અભાગણી હું ! આ બધાનું મોત આવે છે ને મારૂં રાંડનું મોત ક્યાં બેશી રહ્યું છે! એ જમરાજાનેએ શું કહું? પીટ્યો પાનું ખોળતો નથી ! (એમ કહી રડતી રડતી ઉઠીને ઓરડામાં જાય છે, ગોકળ પણ તેની પાછળ ઘરમાં જાય છે, અને તેના બે હાથ ઝાલી રાખીને ધીરેથી કહે છે).

ગોકળ—જો ભાઈ! તું કહે તો તને પગે લાગું. મને જવા દે હવે ઘણી થઈ, અમથી ફજેતી શું કરવા કરે છે? મેં તને એક વાર કહ્યું કે મારા સમ, કાલે એની તજવીજ કરી લાવીશ.

કમળા—હમણાં મને બોલાવશો નહિ. હવે જાઓ છાનામાના પોતાનું કામ હોય તે કરો.

(ગોકળ અત્યંત દિલગીરીમાં બહાર આવી બેસે છે. કમળા થોડી વાર બેશી રહીને પછી લાકડાં લાવી ચૂલો સળગાવી રાંધવાનું કરવા માંડે છે)

ચંચળા—(ભાગીરથીને) કેમ ભાગીરથી! તમારે કોઈ દહાડો આવી વઢવાડ થાય છે કે?

ભાગીરથી—ના રે બહેન ! મારાથી તો આવું બોલાય જ નહિ. મને તો એના બોલ સાંભળીને જ કમકમાટ આવે છે, તો બોલાય શેનું? અને ખરૂં પૂછો તો મારા મનમાં એવો વિચાર છે કે સંસારમાં કશું આપણું નથી. એક પરમેશ્વરની ભક્તિ થાય કે કાંઈ [1]સુપાત્રને દાન અપાય તો તે આપણું છે, અને લૂગડાંઘરેણાં તો અહિંજ પડ્યાં રહેવાનાં છે. આપણે જીવતા સુધી તે તો ઉપયોગનાં છે. વળી સારાં કે નબળાં ગમે તેવાં લૂગડાં હોય, તો આપણે શું? ગમે તે રીતે શરીર ઢાંકીને ફરવું, એટલું કારણ છે, તે તો બેએથી ઢંકાય છે. અને રૂપ તો પરમેશ્વરે આપ્યું હોય તે કાંઈ નઠારાં લૂગ- ડાંથી જતું રહેતું નથી. અને સારાં લૂગડાંથી કાંઈ કુરૂપ મટીને તે સારુ થતું નથી. લોકમાં દેખાડવાને જો પહેરવાની મરજી થાય તો તે સ્ત્રીને પાપણી જાણવી. કારણ કે આપણે તો આપણા ધણીની

૧ દાન આપવાને લાયક માણસને.

મરજી પ્રમાણે ચાલી તેની પ્રીતિ મેળવવાનું કામ છે; કાંઈ લોકને દેખાડવાનું કામ નથી.

ચંચળા—હા, એ વાત તો ખરી, પણ જુઓ બહેન ! બારે ને ચારે કંઈ સરખા જતા નથી. કોઈ વખતે દુઃખ આવી પડ્યું, તો ઘરમાંની બે જણુસો હોય તો તે મૂકીને આપણે દહાડો કાઢીએ. કંઈ પહેરીને શોભા દેખાડવા સારું જ ઘરેણું કરાવવાનું છે ? એ તો ઘરેણાં ઘરમાં હોય તો પહેરાય, ને દુઃખ પડે ત્યારે તેને વટાવીને ખાઈએ. પણ રડ્યું છેક ઉઘાડુંએ મારાથી તો ન ફરાય. રાંડતું રૂપાવાળી કે સોનાવાળી એકે જણુશ ના હોય તો માંહીથી મન તો બળે ખરું, ને બીજાનું જોઈને પણ મનમાં બળાપો થાય કે આપણા પાસે કશુંએ નથી. સાચું કહેજો **ભાગીરથી** ! તમારા મનમાં એવું હોય તો કંઈ થાય ખરું કે નહિ ?

ભાગીરથી—જુઓ ! થાય કે ન થાય તે ઉપર મારું કહેવું નથી. પણ એટલો વિચાર આપણે બૈરાંએ કરવો જોઈએ કે આપણા ઘરમાં સત્તા છે કે નહિ? ઘરમાં પૈસો પડ્યો રહે ને જણુસ ના કરાવે ત્યારે તો જરા ખોટું લાગે, પણ બીજાનું કરજ કાઢીને મને ઘરેણું ઘડાવો, એવી ખોટી હઠ કરવી એ કંઈ સારું નથી. કેમકે કરજ કાઢીને બે જણુસ કરાવી, ને પછી તેનું કરજ ના વળે, ત્યારે રોજ ઉઘરાણી કરે, ને ન અપાય તો ગાળો દે; એટલે લોકમાં ફજેતી થાય. ને વળી તે ફરીયાદ કરીને આપણી બે જણુસને બદલે બધુએ જપત કરીને લઈ જાય, તેથી પછી શો ફાયદો ? જણુસની જણુસ જાય, ને લોકમાં ફજેતી થાય. વળી બીજાને કહેવાનું થાય કે 'બાઈ, બે જણુસ ના પહેરીએ, એવી ખોટી શોભા લોકને ના દેખાડીએ; પેટે પાટો બાંધીએ, પણ કોઈનું લીધું હોય તે દૂધે ધોઈને વગર માગ્યે આપીએ, ત્યારે આપણી આબરૂ ખરી.' જુઓ ચંચળ બહેન ! એવાં અથવા એથીએ કઠણ લોકનાં વચન સાંભળવાં, પારકું દેવું કરી રાતદહાડો બળતી શગડી ડોકે બાંધ્યા જેવું કરવું, અને વળી તેની ગાળો ખાવી, આપણી ફજેતી કરાવવી, ને આખરે જણુસ ખોઈને બેસવું તે કરતાં પહેલેથીજ મનને વાળવું, કે જો ઈશ્વરની મરજી હશે ને આપણા ઘરમાં બે પૈસા આવશે તો જણુસ કરાવીને પહેરીશું નહિ તો હરિઇચ્છા, અને ડાહી બઈરીએ તો પોતાનો ધણી કરજ કરીને જણુસ કરાવે તો પણ ના કહેવી જોઈએ ને ઉલટી તેને ધીરજ આપવી જોઈએ કે મને જણુસ કરાવી આપવાની ફિકર તમે કરશો નહિ. જણુસો ગમે તેટલી પહેરીશું, તેથી કંઈ આપણું ખરું [1]હિત

[1] કલ્યાણ.

થવાનું નથી. ખરેખરું કલ્યાણ કરનારું ઘરેણું તો સારા સારા ગુણો છે. તે ગુણને ધારણ કરનાર, ઘરેણું પહેરનાર કરતાં પણ ઘણા લોકોમાં વધારે માન પામે છે, તેથી જો ખરું પૂછો તો મારો મત તો એવો ખરો કે પરમેશ્વરે આપણને પૈસો આપ્યો હોય, ને આપણા ધણીની મરજી હોય તો ઘરેણું કરાવી આપે તે પહેરવું, અથવા તેમની મરજી લઈને કરાવવું, પણ તે સારુ લડવું કે ઘરમાં કંકાસ કરવો, એ બિલકુલ સારું નથી. પછી તો બાઈ! કોઠે કોઠે બુદ્ધિ છે. જેની નજરમાં જે સારું લાગે તે ખરું, મેં તો મારો વિચાર તમે પૂછ્યું ત્યારે જણાવ્યો, તેનું ખોટું ના માનશો હોં.

ચંચળા—અરે રામ રામ! એમાં તે ખોટું શું માનવું હતું? જેવું હતું તેવું તમે કહ્યું છે. રડ્યો ક્લેશ ઘરમાં ઘાલીએ, તેથી શું ફળ થનારું છે? જે સુખશાતાથી થાય તે જ સારું છે. ચાલો બાઈ! હેક સાંજ પડવા આવી છે. હજી રાંધવાનું છે. પાછી કથા વખત થશે. કેમ મારું કંઈ કામ છે હવે કે જાઉં?

ભાગીરથી—ના હવે તો વખત થઈ ગયો છે, એટલે જાઓ; વળી કાલે. મારે કંઈ બહુ અગત્યનું એવું કામ નહોતું. સહેજ કહ્યું એ ઘડી બેશીશું. વાતચીત કરીશું.

(એટલામાં વિઠ્ઠલજી બહારથી આવે છે. ચંચળ તેમને આવતા જોઈ ઉઠીને જાય છે. પછી પોતપોતાના કામથી પરવારી વાળું કરીને કથાનો વખત થયો એટલે મનોહર ભટને ઘેર સર્વ એક પછી એક આવી એકઠાં થાય છે.)

બાળ૦—ભતજી મ્હારાજ! વાલુંપાની કયાં કે?

મનોહર—હા, તમે પરવારીને આવ્યા કે? આવો, હવે કથાનો આરંભ કરીએ છીએ હોં. સઉને આવવા દો.

બાળ૦—એક વિથ્થલજી હજી આવ્યા નહી. કેમ બોલાવી લાવું?

મનોહર—ના, તમે તમારી મેળે બેસો, હમણાં આવશે. હજી સમય થાય છે.

બાળ૦—(બારીઆગળ બેસતાં મોટેથી વિઠ્ઠલજીને) કેમ વિથ્થલજી! કેતલી વાડ છે? ટમાડા પાકી કડાનો આડંબ કયો નકી હોં. ઝતપત આવો.

વિઠ્ઠલજી—કોણ શેઠ બોલ્યા કે? એ હવે કશી વાર નથી. તમારા હુકમની જ રાહ જોતાં હતાં. (વિઠ્ઠલજી તથા ભાગીરથી આવે છે, અને પોતપોતાના સ્થાને બેસે છે)

બાળ૦—કેમ **વિથ્થલજી**! આજે કંઈ ધીલ ઠઈ! કંઈ કામે ગયા'ટા કે સું?

વિઠ્ઠલજી—અરે ભાઈ! જરા કામ હતું, તે એના ભાઈએ મને બોલાવ્યો હતો, તેથી ત્યાં ગયો હતો; એટલે જાણોજ છો કેની, સહેજ વાર લાગી ગઈ. હમણાં જ આવીને વાળુ કર્યું.

બાળ૦—હા, હા, ટેમાં જ. ભાઈ! સાસડે ગયા એટલે પછી ટાં કહેવાનું સું! કેમ ભતજી બુવા! બોલ્યા નહિ? આ કાલમાં સઉઠી વહાલું સાસડું છે. કેમ, **વિથ્થલજી**! ખોતું કહુંછ?

વિઠ્ઠલજી—શેઠ, તમે તો ઓલિયા છો. આ કાળમાં તો શું પણ મૂળથી જ શ્વસુરગૃહ એટલે સાસરાનું ઘર સઉને જ વહાલું હોય છે. જુઓ, **મહાદેવજીથી** તો કોઈ મોટું નથી? તે પણ પોતાને સાસરે હિમાલયે જઈને વિરામ[1] લે છે. તેમ જ [2]લોકપાલક **વિષ્ણુ** પણ પોતાને સાસરે **ક્ષીરસાગરમાં** જ જઈને પોઢે છે. તો મારા તમારા સરખાની શી વાત કરવી? સમજ્યા કે નહિ?

બાળ૦—વાહ **વિથ્થલજી**! હન છે ટમને પન. સું મજેનું ડસ્ટાન કર્યું છે જે! કેમ ભતજી બુવા! એમને ટો છેક મૂલની જ વાટ કાડી. એતલે કંઈ ઉપાય જ નહી. હસે, હવે આપનું ચાલવા ડો. બોલો **સી** હવાડકાંઢીસકી જે.

મનોહર—કેમ **બાળ**મુકુંદદાસ! સઉ આવી ચુકયું છે? તેમ હોય તો સઘળાં સાવધાન થઈને બેસો, એટલે પછી કથાનો આરંભ થાય.

બાળ૦—(બધાને જરા મોટેથી) એ સઉ સઉની મેલે સાવ-ઢાન ઠઈને એકે કાને ઠજો હોં. કઠાનો આડંભ ઠાય છે. (**મનોહરને**) હાં ભતજી મ્હાડાજ! હવે ઠવા ડો.

મનોહર—**બાળ**મુકુંદદાસ! તમારું મોટું નામ છે. તે વારે ઘડીએ બોલતાં અડચણ પડે છે, તેથી જુઓ, **બાળ**મુકુંદ એ કૃષ્ણનું નામ છે, તો તમે **બાળ**મુકુંદ એટલે **વિષ્ણુ** અને તેના દાસ એટલે **બાળ**મુકુંદદાસ. ત્યારે તમને હવેથી એકલા 'દાસ' એવું કહીશું તો કંઈ ફિકર છે?

બાળ૦—અડે મ્હાડાજ! આપની નજડમાં આવે ટેમ કહે-જોની. આપને કંઈ ટેનું દુઃખ લાગવાનું નહી. એ ટો નાનપનઠી **બાલુ બાલુ** કહેટા'ટા ને હવે ટમે વલી આ પડમાને કહો છો; ટો ટેનું કંઈ નહિ; સમજ્યા કેની!

૧ નિરાંત, સુખ. ૨ જગતને પાળનાર.

મનોહર—ત્યારે સારું. હવેથી તમને સઉ દાસ કહીને બોલાવે તો બોલજો હાં. બોલો **સદ્ગુરુદેવકી** જય. (સઉ જય બોલે છે) હવે કાલે ક્યાંથી રહ્યું છે તે કોણ કહેશે ?

વિઠ્ઠલજી—કાલે તો એ કથા છેલ્લી થઈ કે લોભ એ માણસનો મોટો શત્રુ છે. માટે મળે તે પદાર્થમાં સંતોષ માનવો, અને આનંદમાં રહેવું, તથા ઘણી વસ્તુ મેળવવાનો લોભ રાખવો નહિ. સહજ મળે તેમાં સુખ માનવું.

મનોહર—હા. પછી તે લક્ષ્મી માતા પાછા પોતાની છોકરીઓને લેઈ કામથી પરવારી એકાંતે બેઠાં, અને કહેવા લાગ્યાં.

લક્ષ્મી કહે છે હે **સરસ્વતિ** ! સઘળા વ્યવહાર નિયમિતપણે[1] કરવાની ટેવ બનતાંસુધી રાખવી, કારણ કે નિયમિતપણે ચાલનાર માણસ ઘણું કરીને દુઃખી થતું નથી. તેથી સુખની આશા રાખનાર સર્વ માણસે રોજ નિયમ પ્રમાણે સર્વ કામ કરવાં એ ઘણી સારી વાત છે. ત્યાં ખાવાપીવામાં, સુવામાં, બેસવા ઉઠવામાં, હરવાફરવામાં, મોજમજામાં, ભણવાગણવામાં, વાતચીત કરવામાં, લેવાદેવામાં, તથા બોલવાચાલવામાં વગેરે અનેક પ્રકારના વ્યવહારમાં નિયમસર ચાલવું, એ શરીરને તથા મનને આનંદ આપનારું છે. સારાં માણસોમાં નીતિનિયમથી ચાલનાર માણસ વખણાય છે, તથા વધારે માન પામે છે. તેથી જુદા જુદા વ્યવહારમાં સાચવવાજોગ નિયમને સંક્ષેપમાં કહું છું, તે ધ્યાનમાં રાખજે.

હે દીકરી ! સઉથી પહેલાં તો તને આ જગત્ નિયમથી જ ચાલે છે, તથા મોટા જનો પણ નિયમને છોડી ચાલતા નથી, એ વાત જણાવવા વાસ્તે થોડું કહું છું. જો ! આ નવ ગ્રહોને ફરવાના માર્ગરૂપ બાર રાશિઓ છે. તે એક રાશિરૂપ માર્ગને એ ગ્રહો નિયમિત કાળમાં અતિક્રમણ[2] કરે છે. ત્યાં શનિશ્ચર તો આશરે અઢી વર્ષે એક એક રાશિને ઓળંગે છે, અને રાહુ તથા કેતુ તો દોઢ વર્ષે પોતાના રાશિમાર્ગને ઓળંગે છે, તથા સૂર્ય તો આશરે એક એક માસે એક એક રાશિને ઉલ્લંઘન કરે છે, અને ચંદ્રમા તો સવાબે દિવસમાં એક એક રાશિને ઓળંગે છે, તથા દેવતાઓના ગુરુરૂપ ગણાતા બૃહસ્પતિ એટલે ગુરુ તો તેર તેર મહિને જ એક એક રાશિને ઓળંગે છે. એ જ પ્રમાણે મંગળ, બુધ અને શુક્ર પણ પોતાના સરાસરી નિયમિત કાળે જ રાશિમાર્ગે ચાલી જાય છે. વળી દિવસ અને રાત્રિ પણ નિયમથી જ થયા કરે છે. શિયાળો, ઉનાળો,

૧ ઠરાવેલા વખત પ્રમાણે. ૨ ઓળંગે છે.

ચોમાસું એ પણ નિયમપ્રમાણે ચાર ચાર મહિનાનાં જ હોય છે, હેમંત, શિશિર, વસંત, ગ્રીષ્મ, વર્ષા, અને શરદ્ એ છ ઋતુઓ પણ નિયમથી બે બે માસની જ આવ્યા કરે છે; તથા ઉત્તરાયણ અને દક્ષિણાયન, એ બે પણ આશરે છ છ માસના નિયમમાં જ આવ્યા કરે છે. હે બહેન ! આ ગ્રહો વગેરેની વાત ઘણા વિચારની, તથા સમજવા જેવી અને કઠણ છે, માટે તને કોઈ વખત તારી સારી સમજણ થયા પછી વિસ્તારથી કહી બતાવીશ. હમણાં તો તને આ જગત્ નિયમથી ચાલનાર છે એટલું જ જણાવવાસારુ મતલબ—જેટલું કહું છું તોપણ આ વાત ધ્યાનમાં રાખવા જેવી નથી એમ તું જાણીશ નહિ. હે દીકરી ! એ વગેરે મોટા જ નિયમમાં વર્તે છે એમ નથી, પણ છેક નીચાં પશુઓ પણ નિયમિતપણે વર્તતાં દેખાય છે. તેનો દાખલો જો, આ આપણા ઘરમાં આવનારાં બિલાડાં છે, તેને જો એક વખતે આપણા જમવાના સમયે ખાવાનું નાંખીએ છીએ, તો બીજે દિવસે તે જ વખતે ગમે ત્યાંથી પણ આવી પહોંચે છે. તે જ પ્રમાણે કુતરાં પણ આવે છે. હવે ખરું જોતાં કાંઈ એમની પાસે આપણા જેવાં કાળના માપને જણાવનારાં ઘટીયંત્ર[1] નથી; તેમ છતાં પણ નિયમિત સમયે નિયમિત વ્યવહારમાં તેમને તૈયાર થતાં આપણે જોઈએ છીએ. તે જ પ્રમાણે આ ઘોડીને દાણા ખાવાનો સમય રોજ થાય એટલે ઘણુંએ ઘાસ નાંખીએ છીએ. તોપણ બુમો પાડે છે, અને તેના નિયમપ્રમાણે દાણા ખાય છે ત્યારે શાંત થાય છે. તેથી એ જનાવરો પણ નિયમે જ ચાલે છે. વળી પક્ષીઓ પણ નિયમે જ ચાલતાં જણાય છે. કારણ કે આ વનવાગોળો, જે દિવસે ઝાડઉપર ઉંધી લટકે છે તે સંધ્યાકાળના આરંભે રોજ પોતાનો ચારો મેળવવા જાય છે, તે આપણે જોઈએ છીએ તથા કાગડા વગેરે, સવારમાં રાત્રિનો અંત થયા પહેલાં વિશેષે કરીને શબ્દ કરતા પોતાના માળામાંથી ઉડે છે, તથા આપણને પણ સવાર થયાની વાત સૂચવે છે. એ પણ રોજ તે જ નિયમે આપણે જોયા કરીએ છીએ. વળી મરઘાં, કુકડાં વગેરે પણ તે જ પ્રમાણે કરે છે. એ વગેરે નાનાં મોટાં સર્વ પ્રાણિઓ નિયમથી જ ચાલે તો સુખ મળે એવો સંકેત[2] જગત્પતિનો કરેલો જ જાણે નહિ હોય એવું દેખાય છે. માટે હે સુવિચારવાળી સરસ્વતિ ! તું સઘળી રીતે આ જગત્માં વર્તવાના બાંધેલા નિયમને સારી પેઠે જાણજે, તથા તે નિયમને વિચારી તને અનુકૂળ પડતા નિયમને પાળવા તું સાવધ થજે.

---

૧ ઘડિયાળ. ૨ ઇરાદો.

હવે કેટલાએક આપણા દેશકાળને અનુકૂળ આહારાદિ[1] વ્યવહારના નિયમને હું કહું છું, તે તું ધ્યાનમાં રાખજે.

હે દીકરી! આહાર એટલે ખાવુંપીવું વગેરે. ત્યાં ખાવાના તથા પીવાના પદાર્થો નિયમિત કાળે અને નિયમિત પ્રમાણમાં લેવાય તો વધારે સારું છે. કારણ કે તેમ કરવાથી આપણું શરીર નીરોગ રહે છે, અને શરીરને સુખ રહેવાથી સર્વ સુખ ગમે છે, અને શરીરે જ્યારે દુઃખી થવાય છે, ત્યારે સઘળું સુખ પણ દુઃખ જેવું થાય છે. માટે ખાવા પીવા વગેરેમાં ખરેખરા નિયમથી ચાલવું. સવારમાં પહેલો પહોર છોડીને પછી બીજા પહોરમાં રોજ જમવાનો વખત રાખવો, અને બીજી વખત રાત્રિના પહેલા પહોરમાં જમવાનો વખત રાખવો. આહાર છે, તે પ્રાણીને સંતોષ ઉત્પન્ન કરે છે, દેહને ધારણ કરી રાખે છે, તથા બળ, આયુષ્, વર્ણ[2], તેજ, શોભા, સત્ત્વ[3], તથા સ્મૃતિ[4] વગેરે શક્તિને આપે છે; માટે આહાર પ્રાણીના જીવવામાં મુખ્ય આધાર છે. તેથી રોજ સાંજસવાર દેશ અને કાળનો વિચાર કરીને જમવું સારું છે.

હે દીકરી! ભોજનશાળા વગેરેના નિયમો પૂર્વે મેં તને કહ્યા છે, તો પણ કેટલાક શારીર શાસ્ત્રને અનુકૂળ વિચાર કહું છું. હે સરસ્વતિ! માણસે ભોજન તથા મળત્યાગ બનતાં સુધી એકાંતે કરવા વિચારવું. કારણે કે તેથી સામર્થ્ય[5] અને સુખ વધે છે. તેમ છતાં પણ જમવાના વખતે માબાપ, વૈદ્ય, પાકના કરનાર, હંસ, મોર, સારસ તથા ચકોર એમની દૃષ્ટિ પડે તો તે સારી જાણવી; અને હલકાં ક્રૂર સ્વભાવનાં, ભીખારી, ભૂખ્યાં, પાપી, રોગી, પાખંડી, સર્પ, કુતરાં વગેરેની દૃષ્ટિ સારી નથી. પ્રથમ [6]પ્રહરમાં દિવસે જમવું નહિ. કારણ કે તે વખતે પેટમાં, ગયે દિવસે ખાધેલા અન્નનો રસ સારી રીતે થાય છે. જો બીજા પ્રહરમાં ભોજન ન કરે તો તેથી બળનો નાશ થાય છે, માટે નિયમિત સમયે જમવાનો અભ્યાસ રાખવો. જો ભૂખ લાગ્યા છતાં આપણે ન ખાઈએ તો જેમ લાકડાં મળ્યાવિના અગ્નિ ટાઢો થઈ કજળાઈ જાય છે, અથવા રાખ થઈ જાય છે, તેમ ખાધાવિના આપણા પેટમાં રહેનારો જઠરાગ્નિ મંદ થઈ જાય છે. અને મંદ થઈ જાય છે એટલું જ નહિ પણ ખાવાની ભૂખ છતાં ન ખાય તો પ્રથમ તે અગ્નિ કફાદિક દોષોને બાળે છે, પછી ધાતુઓને બાળે છે, ને પાછળથી પ્રાણને નિર્બળ કરી પોતે મંદ થાય છે. માટે ભૂખ લાગે ત્યારે બનતાં સુધી ગમે તે પણ ખાવું; પરંતુ એક જ પ્રહરમાં

૧ ખાવા વગેરે. ૨ રંગ. ૩ વીર્ય. ૪ યાદદાસ્ત. ૫ જોર. ૬ પહોરમાં.

બે વખત જમવું નહિ; તેમ જ ભૂખકરતાં વધારે અથવા ઓછું જમવું નહિ. વધારે જમવાથી આળસ, જડપણું અને પેટમાં ગડગડાટાદિ શબ્દ વગેરે થાય છે, અને ઓછું જમવાથી શરીર સૂકાય છે, અને બળનો નાશ થાય છે. ભોજનનો નિયમિત સમય હોય તે પહેલાં જમે તો શરીર દુર્બળ થાય છે, અને બીજા પણ ઘણા રોગો થાય છે, અને તે રોગ ઉપાયથી ન મટે તો આખરે મરી પણ જવાય છે. જમવાનો વખત થઈ ગયા પછી જો ભોજન કરીએ, તો વાયુનો કોપ થઈ અગ્નિ મંદ થાય છે, અને ખાધેલું અન્ન દુઃખે કરીને પચે છે, તથા ફરી સુખરૂપ ભોજનની ઇચ્છા થતી નથી. હે દીકરી ! આપણા પેટનું પ્રમાણ વિચારીને તેના ચાર ભાગ રાખવા. તેમાં બે ભાગ પૂરાય એટલું જમવું, એક ભાગ પાણીથી પૂરવો, અને ચોથો ભાગ વાયુને ફરવા માટે ખાલી રાખવો.

વળી હે પ્રિય પુત્રિ ! ઘણું પાણી પીધાથી અન્ન વહેલું પચતું નથી, માટે અગ્નિને વધારવા થોડે થોડે અંતરે થોડું થોડું પાણી પીવું સારું છે. તેમાં પણ ભોજન કરવા વખતે તરત પહેલેથી પાણી પીવું નહિ, કારણ કે તેથી અગ્નિ મંદ થાય છે, અને શરીર સૂકાય છે. જમતાં વચમાં પાણી થોડું પીએ તો અગ્નિ વધે છે, અને ભોજન કરીને અંતે તરત જ પાણી વધારે પીવામાં આવે તો તેથી શરીર ભારે લાગે છે અને કફ પેદા થાય છે. ભૂખ લાગી હોય અને જમ્યાવિના પાણી પીએ તો જળોદરનો રોગ થાય છે, અને ખરેખરી તરસ લાગી હોય ને તેને પ્રથમ પાણીથી નરમ પાડ્યાવિના જો જમે, તો પણ ગોળાનો રોગ થાય છે. માટે કદાચિત્ બહુ તરસ લાગે તો સહજ પાણી વગેરેથી શાંત થઈને ઘડી બે ઘડી પછી જમવું, એ સારું છે. વગર સમજે થોડું અથવા વધારે ખાવું તેને વિષમાહાર કહે છે; તે પણ ન કરવું એ સારું છે. હે સરસ્વતિ ! આ વિનાના બીજા પણ કેટલાક નિયમો છે તે આગળ તને કહીશ. હમણાં તો કેટલીક બીજી નીતિ કહું છું તે ચિત્ત દઈને સાંભળી સ્મરણમાં રાખજે.

હે શાણી સુતા ! નીતિવાન્ માણસ જ આ લોકમાં સુખી થાય છે, માટે સંસારવ્યવહારની નીતિ તથા ધર્મની નીતિઓ આપણે જાણવી જોઈએ. ત્યાં આ જગતમાં ઘણું કરીને પ્રાણિઓના એકબીજા સાથેના સંબંધ પાંચ પ્રકારના જણાય છે. (૧) સેવ્ય એટલે ઉપરિપણાનો, જેવો કે શેઠનો, માબાપનો, ધણીનો, ગુરુનો, ઈશ્વરનો વગેરે. (૨) સેવક એટલે નીચાપણાનો અથવા તાબેદારીનો, જેવો કે ચાકરનો, પુત્રપુત્રીનો, પત્ની એટલે ધણીયાણીનો, શિષ્યનો, ભક્તનો,

વગેરે. (૩) સખાપણાનો એટલે સરખાં વય, તથા સરખાં તન, મન, ધન, કુળ, રૂપ, ગુણ વગેરે મળતા સ્વભાવ હોવાથી પરસ્પરસાથે સ્નેહવડે બંધાઈ મિત્ર ગણાય છે તેનો. (૪) સામાન્ય સંબંધ એટલે સંસારવ્યવહારના કામમાં વખત બેવખત લેવડદેવડ અથવા બોલવા ચાલવાથી તથા ઘડી સાથે બેસવા ઉઠવાથી ઓળખાણ થાય છે તે, તથા પાડોશી વગેરેનો. (૫) ઉદાસીન એટલે એકને બીજાની ગરજ હોય પણ તે બીજાને કોઈની પણ ગરજ નહિ હોય એવા નિઃસ્પૃહી[1] માણસસાથેનો ગરજવાળાનો જે સંબંધ તે; જેવા કે સર્વ પ્રકારની ઇચ્છાથી રહિત મહાત્મા, તથા આપણી સ્પૃહાથી[2] રહિત થયેલો સેવ્ય વગેરે. આ પાંચ પ્રકારના સંબંધમાં સઉનો સમાવેશ થાય છે; તો તે દરેક પ્રકારના સંબંધને આખરસુધી અડચણવિના નીભાવવાની જે કળા અથવા યુક્તિઓ તેને આ ઠેકાણે નીતિ કહી છે. તે સઘળી નીતિઓ તારે જાણવાની જરુર છે. કારણ કે આપણાથી વડિલની સાથે તો આપણે સેવકની નીતિથી ચાલવું જોઈએ; અને આપણા તાબામાં રહેનાર માણસની સાથે આપણે ઉપરિપણાની નીતિઓ પાળી રહેવું જોઈએ. તે જ પ્રમાણે જેનો જેવા પ્રકારનો સંબંધ છે, તેની સાથે વર્તવાની તે તે નીતિઓને આપણે ન જાણતાં હોઈએ તો તે સઘળાની પ્રીતિ આપણે મેળવી શકતાં નથી; અને આપણી સાથે સંબંધવાળાં માણસોની પ્રીતિ આપણે રુડે પ્રકારે નહિ મેળવી શકીએ તો તેમના સાથે આપણો ઘડી ઘડીનો સંબંધ હોવાથી તે અપ્રીતિવાળું માણસ આપણને કોઈ વખત મોટું નુકસાન કરી નાંખે. તેથી દરેક સંબંધીની આપણા ઉપર પ્રીતિ મેળવવાના ઉપાયની નીતિને સારી રીતે જાણી લેવી એ બધાં માણસોનું કામ જ છે. હે સુપુત્રિ ! મેં તને એવી નીતિઓનો થોડો થોડો ભાગ ગયા બે દિવસોમાં કહ્યો છે, તોપણ એવી ઝીણી બાબતો વિસ્તારથી અને વારંવાર સાંભળવાથી મનમાં ઠરે છે, તેથી વળી ખુલાસાવાર તને સમજાવું છું તે તું ધ્યાનમાં રાખજે.

હે સરસ્વતિ ! આ સંસારમાં પુરુષને તો માતા, પિતા, ગુરુ, સદ્‌ગુરુ, ઈશ્વર, જેના તાબામાં ચાકરી કરી પૈસો મેળવવો હોય છે તે, તથા તે વિનાનાં વડિલ બંધુ, વૃદ્ધ સંબંધિ, તથા સાસુસસરા વગેરે સેવ્ય એટલે સેવા કરવા યોગ્ય છે; અને સ્ત્રીજાતિને તો માતા પિતા, ગુરુ, સદ્‌ગુરુ, પતિ, ઈશ્વર, સાસુ, સસરા, તથા પોતાના પતિને સેવા કરવા યોગ્ય હોય તે સઘળા, સેવા કરવાયોગ્ય ગણાય

૧ ગરજવિનાનો. ૨. આશા, ગરજ.

છે. તોપણુ તને સંક્ષેપમાં મુખ્ય સેવા કરવાયોગ્ય કોણુ છે અને તે સઘળાસાથે સાધારણુ રીતે કેમ વર્તવું એ વગેરે વાર્તા કહી સંભળાવું છું તે પ્રીતિવડે સાંભળ.

હે દીકરી ! આ જગતમાં સ્ત્રીજાતિએ સહુથી પહેલાં જન્મના આપનારાં માબાપની સેવા ઉઠાવવી ઘટે છે, કારણુ કે આ શરીરનાં માલિક માબાપ છે. માતા નવ માસ ઉદરમાં રાખે છે, તે વખતે આપણુને દુઃખ ન પડે તેટલા માટે તે માતા ઉત્તમ પ્રકારના ખાવા-ના પદાર્થોને પણુ નુકસાન કરનાર જાણી ત્યજી દે છે, તથા રાત્રિદિવસ આપણાવડે થનારી પીડાઓને પ્રીતિથી સહન કરે છે; અને આપણો જન્મ થયા પછી તો તે માતા ઘડી ઘડી આપણી ફિકરમાં રહીને આપણુને વારંવાર ખવાડવા, નવાડવા, સૂવાડવા, વગેરે કામમાં રોકાય છે, અને પોતાના ખાવાપીવા, ફરવાહરવા, બેસવાઉઠવા વગેરે કા-મમાં ઉચા જીવે પ્રવેશ કરે છે. આ પ્રમાણે આપણુને સમજણુ આ-વતા સુધી પોતાના સુખનો નાશ કરીને માતા આપણુને સુખ આપે છે. આપણે ન ઘટે એવા શબ્દો બોલીએ છીએ તે સહન કરે છે, ન મળી શકે એવા પદાર્થો આપણે હઠ કરી માગીએ છીએ તો તે બનતાંસુધી આપણુને ગમે ત્યાંથી પણુ લાવી આપે છે, અને નહિ બને તો આપણુને બીજી ગમે તે વસ્તુ આપીને આપણું મન મનાવી સમાધાન કરે છે. જ્યારે બાળક છેક આડે રસ્તે ચાલે છે ત્યારે આગળ તેનું ભલું થાય એટલાસારુ, તેને ભય તથા પ્રીતિના ઉપાયો કરી સારી સમજણુ આપી સીધે રસ્તે વાળે છે. બાળક બીજાનું નુકસાન કરી આવે ત્યારે, અથવા બીજાં બાળકસાથે વઢી આવે ત્યારે તે માતા બીજાં માણુસોનાં ન સહન કરી શકાય એવાં કઠોર વચનો સાંભળી સહન કરે છે, અને છોકરીની માતા તો જીવતાં સુધી વખતો વખત સંભાળ રાખતાં છતાં ભયમાં ને ભયમાં જ રહે છે, અને પુત્રીનાં સાસરિયાંનાં કઠોર વચનો સાંભળ્યા કરે છે; અને ભો-ગજોગે દુઃખી ઘરમાં છોકરી દીધી હોય તો તેની ઘટતી સંભાળ રાખવી પડે છે. દુર્ભાગ્યથી જો પુત્રી વિધવા થાય છે તો તે કુળવતી માતા જીવતાં મરણુસમાન દુઃખને માને છે, અને જીવતાં સુધી અગ્નિથી અધિક તાપથી બળ્યા જ કરે છે. આ વગેરે ઘડીએઘડીએ વ્યવહારમાં દીકરીના તરફનાં દુઃખને ઘણે ભાગે ભોગવનારી માતાના ગુણુનો બદલો કોઈ ઉપાયથી પણુ વાળવાને છોકરી સમર્થ નથી. તેથી આ સંસારમાં છોકરીને સહુથી પહેલાં સેવવાયોગ્ય માતાપિતા છે. તેમાં પણુ સઘળી વાતે અનુકૂળ હોવાથી છોકરી માતાની સેવામાં વધારે

ઉપયોગી છે, અને છોકરો પિતાની સેવામાં વધારે ઉપયોગી છે. પરંતુ સામાન્યપણે તો પુત્ર તથા પુત્રી બંનેનો માતાપિતાની સેવા કરવાનો હક્ક છે.

હે સદ્‍ગુણી પુત્રિ ! માતાપિતાના ગુણનો ખરો બદલો તો કોઇથી વાળી શકાવાનો નથી જ, પણ સારી રીતે સેવા કરનાર પુત્ર પુત્રી તેમનાં દુઃખનો ભુલાવો કરે છે. તેથી તે બદલો વાળ્યા સમાન જ ગણાય છે. હવે તે સેવાની રીત વગેરે ટુંકામાં કહું છું.

જ્યાંસુધી છોકરી સમજણવાળી થાય એટલે કામકાજ કરવાને તથા હરેક બાબત શીખવાને યોગ્ય આશરે આઠ વરસના વયની થાય, ત્યાં સુધી તો માતાપિતા તેને તેની શક્તિપ્રમાણે દરેક બાબતની રીતભાત વગેરે હલકાં કામકાજમાં સાથે રાખી દેખાડે છે, તથા સહેજસાજ કામ કરાવે પણ છે; અને આઠ વર્ષની થાય ત્યારે તો તે છોકરીને હોંસથી દરેક કામમાં દોરાવાની ટેવ પાડવા યત્ન કરે છે. અગિયાર વર્ષની થાય ત્યારે તો તે છોકરી શીખવાજોગ ઘરનાં સઘળાં કામ શીખીને પોતાની માને દરેક વખતે મદદ કરે એવી થઈ શકે છે. હે સુબુદ્ધિવાળી સુતા ! જ્યાંસુધી તે છોકરી પોતાની મેળે સમજીને ઘરના વ્યવહાર અથવા ધર્મના વ્યવહારને કરી શકતી નથી, ત્યાંસુધી તો માતાપિતાવડે શીખવાયેલા સઘળા નિયમોપ્રમાણે ન ચાલવાથી તે વધારે દૂષિત ગણાતી નથી, પણ સમજ્યા પછી પાળવાજોગ નીતિ ન પાળે તો તે છોકરી પાપી થાય છે, અને તે પાપનું ફળ તે જાતે જ ભોગવે છે, તથા તેનાં માબાપ અને પતિને પણ તેના પાપનું ફળ નડે છે; તેથી સમજણમાં આવતાં છોકરીએ રોજ સવારમાં પાછલી રાત્રે ચાર અથવા પાંચ વાગતાં ઉઠીને પોતાનુ નિત્યકર્મ, મળત્યાગ, દાતણ તથા સ્નાન વગેરે કરવું, અને માતાના દરેક કામમાં આપણાથી બનતું કામ તો કરી મૂકવું. ત્યાં સવારનાં કરવાજોગ કામોને પણ યાદ રાખવા ચોકસ કરીને કહું છું. આપણા ઘરમાં નોકર નહિ હોય તો સવારમાં ઉઠી મોઢું સાફ કરીને, પાણી ગરમ કરવાનો ચૂલો હોય તેને પ્રથમ ધોઈ સાફ કરીને, એટલે માંહી જીવજંત ન હોય એની તપાસ કરીને, પછી અગ્નિ સળગાવવો. પછી પાણી ઊનું કરવાના વાસણમાં પાણી ગાળીને ભરવું, તથા તે વાસણઉપર ઢાંકણું ઢાંકીને ચૂલે ચઢાવવું. ત્યાર પછી ઘરમાં તથા આંગણાના કચરા વાળીને પછી નાહ્યા પહેલાં કરવાનાં, સઘળા લોટાવગેરે વાસણ અજવાળવાના કામથી પરવારીને પછી નહાવું, અને નાહ્યા પછી પીવાના પાણીની જગા જેને આપણે પાણીઆરું કહીએ

છીએ, તેને અડકવું. ત્યાં આગલા દિવસે ગાળીને ભરેલાં માટીનાં ગોળી વગેરે વાસણોને, તેમાંનું પાણી બીજાં વાસણમાં કાઢી લઈને માંહીથી તથા બહારથી સાફ કરવાં. કારણ કે રોજ પાણી ભરવાનાં માટીનાં વાસણોને માંહેથી મેલ થાય છે. તેને જો રોજ સાફ ન કરીએ તો બે ત્રણ દિવસે તે મેલની અસર પાણીને થાય છે. તેથી તે પાણીમાં નઠારી વાસ આવે છે, એટલુંજ નહિ પણ તે ગંદું પાણી પીનારને ઘણા રોગ પેદા થાય છે. માટે રોજ પાણી ભરવાનાં માટીનાં વાસણને માંહેથી સારાં ઘસીને ધોવા વીંછળવાની આળસ કદી પણ રાખવી નહિ. આ પ્રમાણે માટીનાં વાસણોને સાફ કરીને પછી પાણીઆરાની ઉપર નજર કરવી, અને જો ઉપરના ભાગમાં માળ અથવા છાપરાસાથે જીવડાંને રહેવાનાં ઘર અથવા કરોળિયા વગેરેનાં જાળાં અથવા કચરો હોય તો તેને ઝાડીને સાફ કરવો તથા તે જાળાં પાડ્યા પછી પાણીઆરાને પાણીથી ધોઈ સાફ કરી પાછા ગોળી વગેરે વાસણોને સ્વચ્છ કરી ગોઠવવાં, અને તેમાં એક જાડા કપડાના ચોખ્ખા ગળણાથી ગાળીને પાણી ભરવું. ગાળ્યા વગરના પાણીમાં કચરો તથા પોરાવગેરે જીવ પેદા થાય છે. તે જો આપણા પીવામાં આવે તો શરીરમાં વાળા, કરમિયા વગેરે બીજા ઘણા રોગોને પેદા કરે છે. માટે પાણીને ગાળવામાં જરા પણ આળસ કે ગફલત રાખવી નહિ. એ જ પ્રમાણે માટીવિનાનાં બીજાં તાંબાપીતળનાં વાસણો જેમાં પાણી ભરી રાખતા હોઈએ તે સર્વને પણ રુડી રીતે ખટાશ વગેરે દઈને અજવાળી સાફ કરી પીવાના ઉપયોગનું પાણી તેમાં ભરવું. કારણ કે તેમાંથી પણ કાટ તથા મેલ થઈ પાણીને બગાડે છે.

હે દીકરી! પાણીઆરાને સાફ કર્યા પછી રસોઈનાં સાહિત્યને તૈયાર કરવાં. તેની પણ થોડી વિગત સાંભળી યાદ રાખવા કહું છું. રસોઈ કરવાનાં તપેલાં હોય તેને સઉથી પહેલાં, ચોખ્ખી માટી પલાળીને બહારની સઘળી બાજુએ પાતળો લેપ કરવો, તેને આપણા લોકો કંટેવાળો કહે છે. તે લેપ કર્યા પછી તેના ઉપર કોરી રાખ અથવા રાખ ન હોય તો ચોખ્ખી કોરી બગરી માટી અથવા ધૂળ ભરભરાવવી. અને પછી માંહીથી પાણી નાંખી કચરો ન રહે તથા કંટેવાળો ધોવાઈ ન જાય એવી રીતે વીંછળી નાંખવાં અને ચૂલાઉપર અથવા રસોડામાં મૂકવાં. એ રસોઈને માટે સાફ કરેલાં વાસણોને ઉઘાડાં મૂકવાં નહિ. તેના ઉપર થાળી અથવા લોઢી ઢાંકી મૂકવી કે માંહે કાંઈ કચરો વગેરે પડે નહિ. આ સઘળું કર્યા પછી દાળ, ચોખા,

લોટ વગેરે અનાજને વીણી સ્વચ્છ કરી રસોડાઆગળ તૈયાર રાખવાં. અને અડચણ ન હોય તો ચૂલો તપાસીને સળગાવવો, તથા પ્રથમ દાળના સુમારપ્રમાણે તપેલામાં પાણી ભરી તેને ચૂલે ચઢાવવું. એને આપણા લોકો આધરણ મુકવાનું કહે છે. આ સઘળું તૈયાર કરવું, એ પણ માતાની સેવામાં જ ગણાય છે. કારણ કે આપણે એ કામ ન કરીએ તો એ સઘળા કામનો બોજો તે માતાને શિર પડે છે.

હે સરસ્વતિ! આ કામ કરતાં છતાં આપણાથી નાનાં ભાઈબહેન હોય તેમને પણ ઘટતી રીતે નહાવાનું પાણી આપવા વગેરે કામમાં ગફલત રાખવી નહિ. આ વિનાનાં જે જે કામ માતાને કરવાનાં હોય તે તે સઘળાં કામોમાં જેટલું આપણાથી થઈ શકે એવું હોય તે આપણે કરી આપવું. એ કામ કરવામાં આપણું શરીર કસાય છે. એવા એવા ઘણા ફાયદા એમાં રહેલા છે. એક તો આપણો સેવકધર્મ સચવાય છે, તથા આપણા ઉછરતા શરીરના દરેક અવયવો રોજ વપરાયાથી બળવાન્ થાય છે; તેથી આપણો ખોરાક પણ સારી રીતે પચે છે; જેથી આપણને ઝાઝા રોગ પણ થતા નથી, અને આયુષ્ વધે છે. મતલબ કે આપણે ઘણાં વરસસુધી સુખથી જીવીએ છીએ. જો બહેન! પહેલા વયમાં કામ કરવાથી શરીર મજબુત થાય છે એ બીજો ફાયદો છે, અને ત્રીજો લાભ એ છે કે દીકરીની જાતને સાસરે [1]પરાધીનપણે રહેવાનું ઘણું હોય છે, તેથી તેને દરેક માણસની મરજી સાચવવા ઘરનું વારંવાર ઘણું કામ કરવું પડે છે. તેથી પહેલેથી કામ કરવાનો અભ્યાસ પડ્યો હોય તો પછી તેને અણગમો કે આળસ થતી નથી, અને કામ કરવાની હોંસ રહે છે. તેથી જેના કામમાં મદદ કરીએ તેની આપણા ઉપર દયાની નજર રહે છે. આપણા લોકમાં એ જ કારણથી એવી કહેવતો કહેવાય છે કે ‘જેણે કામ કર્યું તેણે કામણ કર્યું.’ ‘કામ વહાલું છે, કાંઈ ચામ વહાલું નથી.’ આ ઉપરથી એમ સિદ્ધ થાય છે કે ઉદ્યમી અને કામમાં ચકોર એટલે ચતુરાઈથી કામ કરનાર માણસ સહુનું માનીતું થાય છે. કહેવત છે કે ‘વનો[2] વેરીને વશ કરે.’ તેથી કામગરું માણસ સહુની પ્રીતિ મેળવે છે, એ ત્રીજું ફળ છે. વળી ચોથું ફળ એવું પણ છે કે, જો આપણા પીએરમાં સારી સ્થિતિ હોય અને મૂળથી કામકાજ કર્યું ન હોય, અને સાસરું ગરીબ હોય તો પાછળથી જ્યારે આપણે સઘળું કામ કરવું પડે છે, ત્યારે આપણે ત્રાસ પામીએ છીએ, અને રાત્રદિવસ દુઃખથી ખેદ કરીએ છીએ અને

૧ પારકાને તાએ. ૨ વિનય.

રડીએ છીએ; તોપણ કામ કર્યા વિના ચાલતું નથી. તેથી આખરે આપણે ખરું સંસારનું સુખ પણ મેળવી શકતાં નથી. માટે મૂળથી જ કામ કરનાર મહેનતુ માણસને ગરીબ અવસ્થામાં ઘણા કામના બોજાથી દુઃખ પામી અકળાવું પડતું નથી. તેથી તે ગરીબ ઘરમાં પણ સુખથી દહાડા કાઢે છે.

હે દીકરી! આ સંસાર કેવો છે તેની હજુ તમને કાંઈ ખબર નથી. અમે તો તાપછાંયડા જોયા છે, એટલે બધુંએ સારી રીતે જાણીએ છીએ. ઘણાંએ માણસો જન્મથી પૈસાદાર હોવાથી પૈસાના મદમાં છાકી જઈને આગળપાછળનો વિચાર કર્યાવિના મોજશોખમાં પડી અભિમાની અને આળસુ થયેલાં, પણ પાછળથી તેમને રહેવા ઘર કે ખાવાનાં વાસણ તથા પહેરવાનાં લૂગડાં પણ બરાબર મળતાં નહોતાં, અને અભિમાની તથા આળસુ થએલાં તેથી તેમનાથી કશો ઉદ્યમ પણ થતો નહિ. આખરે એવાં ઘણાંને અમે ભીખ માગતાં જોયાં છે. તે ભીખ પણ એવાં મૂરખ માણસને કોઈ આપતું નથી, જેથી દુઃખ પામી પામીને મરતાં તેમને દીઠાં છે, માટે આ સંસારમાં જન્મીને આજે છે તેવું કાલ રહેશે એવો પણ ભરોંસો રાખવો નહિ. સુખદુઃખ વારાફરતી આવ્યા જ કરે છે. જેમ દિવસ પૂરો થાય છે એટલે રાત આવે છે, તેમ સુખને છેડે દુઃખ આવશે જ, એવો વિચાર કરી રાત્રિદિવસ અભિમાન તથા આળસ છોડીને શરીરને કસોટી આપતા જવું. આપણા ઘરમાં ઘણું કામ ન હોય તો ગમે તે પણ કામ કાઢીને બેસવું, કારણ કે જ્યારે કાંઈ પણ કામવિના આપણે નવરાં બેશી રહીએ ત્યારે આપણને હજાર સારાનઠારા વિચારો આવે છે, અને તેથી બીજા દુર્ગુણ આપણામાં આવતા જાય છે; જેથી અંતે આપણી ખરાબી થઈને પરમેશ્વરથી તથા આ લોકથી પાછાં પડી નીચ લોકના દુઃખીઆરા અવતાર ભોગવવા પડે છે. માટે આપણી શક્તિ વધારતા જવું, અને નિરંતર સારાં સારાં કામ નજર પહોંચાડીને કરતાં જવું, એથી અગણિત લાભ થાય છે.

હે સુલક્ષણિ! હવે સાંભળ. રસોડામાં રસોઈનો સઘળો જોઇતો સામાન એટલે થાળી, કડછી, તાવેતો, પેણી, વાડકા, ભુંગળી, સાણસી વગેરે જૂદી જૂદી જાતનાં ઉપયોગી વાસણો તથા હીંગ, મેથી, હળદર, રાઈ, મીઠું, ધાણાજીરું, આદુ, મરચાં, કોથમીર, ગરમ મસાલો, તેલ, ઘી વગેરે સઘળો સામાન રસોઈ કરનારને લેવો સુગમ પડે એવી રીતે ચોખવટથી મુકી છાંડવો. પછી માતાપિતાએ સ્નાન કર્યું હોય તો તેમનું ચંદન તથા ફૂલથી પૂજન કરવું, અથવા ખરી

અડચણ હોય તો એકઓ નમસ્કાર કરવો. પછી કરેલું કામ માતાને કહેવું, અને બીજું કાંઈ આપણી અજાણમાંનું હોય તો પૂછી જોવું. જ્યારે માતાને રસોઈ કરવાની અડચણ હોય ત્યારે આપણે નાહીને પવિત્ર ધોવાએલાં વસ્ત્ર પહેરીને રુડી રીતે સંભાળથી સ્વાદવાળી રસોઇ કરવી; અને જો માતા રસોઈ કરવા બેસે તો આપણે પાસે હાજર રહેવું, અને જે જે પદાર્થો માગે તે તે લાવીને તરતાતરત આપતા જવું. તેનો કંટાળો કરવો નહિ. જ્યારે રસોઈ તૈયાર થાય ત્યારે પિતા, ભાઈ વગેરે જમનારને માટે પાટલા તથા પાણીના લોટા વીંછળીને સ્વચ્છ પાણી ભરી ઉપર નાનું પવાલું કે લોટી ઢાંકીને, આગળ તને જમવાના વિધિમાં કહ્યું છે તે પ્રમાણે, સુઘડતાથી મુકવાં. પછી ભોજન કરનારને પ્રિય તથા વિનયવાળી વાણીથી જમવા બોલાવવા. જ્યારે તે જમવા બેસે ત્યારે તેમની થાળીઉપર નજર કરી સામે અથવા નજીક બેસવું નહિ, પણ નજર ન પડે એવી રીતે આજુબાજુ બીજું કાંઈ કામ લેઈ બેસવું, અને કાંઈ વસ્તુ માગે તો તરત ઉઠીને આપવી. આ રીતે પુરુષના જમ્યા પછી આપણા કુટુંબનાં આપણાથી નાનાં સર્વેની તપાસ કરી પછી ભુખ્યાં હોય તેમને સાથે લઈ જમવા બેસવું. ત્યાં જમવામાં પણ ચતુરાઈ રાખવાની છે, તે પણ જાણવી જોઈએ, માટે હમણાં જ કહું છું, તે સાંભળી લે.

જમવા બેશીએ ત્યારે મનમાં ક્રોધ રાખીને ખેદ રાખતાં અથવા શોકવાળાં થઈને જમવું નહિ. જમવાનો વખત થયા પહેલાં જ જો કોઈ ખરા કારણસર અથવા આપણી ખોટી સમજણથી ખેદ, ક્રોધ કે શોક વગેરે મનમાં પરિતાપ દેનારા બીજા દુર્ગુણ પેદા થયા હોય, તો તેને સારા વિચારવડે અંતર્માંથી દૂર કરીને પછી પ્રસન્ન ચિત્તથી હસતાં બોલતાં જમવા બેસવું, કારણ કે ખેદ, ક્રોધ, શોક વગેરેથી તપેલું અંતઃકરણ વાત, પિત્ત, કફ વગેરે દોષોને વિષમ[1] અવસ્થામાં લાવે છે તેથી પ્રથમ તો સારી રીતે રુચિથી જમાતું નથી; અને જમાય છે તો તે ખાધેલું અન્ન બરાબર પચતું નથી. તેથી સઘળા શરીરને પુષ્ટ કરનારા ધાતુઓ શુદ્ધ પેદા થતા નથી, પણ વિકારવાળા થાય છે; અને ત્રણે દોષ વધે છે. તેથી અનેક રોગો થાય છે. માટે આનંદસહિત જમવું ઘણું સારું છે.

જમતી વખતે આપણી થાળી તથા તેમાંના પદાર્થોઉપર નજર રાખી જમવું. આડીઅવળી નજર કરવી નહિ, અને આડી બાજુ નજર કે લક્ષ રાખી જમવું નહિ. કારણ કે દાળ વગેરે પાતળા

૧ રોગ પેદા કરે એવી.

પદાર્થોમાં માંખી, મગતરાં વગેરે ઉડતાં પ્રાણીઓ અચાનક આવી પડે છે, તથા થાળીમાં પણ કીડી, કિલ્લાં, ધેળ વગેરે જંતુઓ ચઢી આવે છે. અને તેવા વખતમાં આપણે આડું કે ઉંચું જોઈ જમતાં હોઈએ તો પેલાં જીવજંતુ વખતે આપણા ખાધામાં આવે છે, અને તેથી ઘણા રોગ થઈ આપણે દુઃખી થઈએ છીએ. માટે થાળી-ઉપર નજર રાખી સાવધાનતાથી જમવું, એ સુઘડપણું તથા ચતુરાઈ જણાવનાર લક્ષણ છે. વળી જમવામાં જૂદા જૂદા પદાર્થોનો સ્વાદ લેઈ જમવા, પણ શેળભેળ કરી ગંદવાડ કરવો નહિ. હાથમાં કોળીઓ લઈને મુખમાં મૂકતાં કેટલાંક મૂર્ખ માણસ અર્ધું પાછું નીચે તથા થાળીમાં વેરે છે. તેથી પાસે બેશી જમનાર સુઘડ માણસને ઘણી ચીડ ચઢે છે. માટે આપણા મુખમાં સુખપૂર્વક રહી ચાવી શકાય એવડો ગ્રાસ (કોળીયો) લેવો અને તેમાંથી પાછું જરા પણ વેરાવા ન દેવું, એ સુઘડનું જમવું છે. વળી હે શાણી સુતા ! ઘણી ઉતાવળથી ન જમવું, કારણ કે તેમ કરવાથી અન્ન બરાબર ચવાતું નથી; તેથી તેને પચતાં વાર લાગે છે; તથા કોઈ વખતે એમ ઉતાવળથી જમતાં તે અન્ન વાયુની નળીમાં ઉતરી પડે તો તેથી ભયંકર પરિણામ નીપજે છે. એ જ રીતે છેક ધીરે ધીરે પણ આળસ કરી ન જમવું. કારણ કે ઘણીવાર સુધી ફેંદીને પછી તે ટાઢું અન્ન વાર કરી ખાનારને કફનો કોપ થઈ બરાબર રુચિ રહેતી નથી; જેથી તે માણસ સુખથી સારી રીતે જમી શકતું નથી. માટે ઘણું ધીરૂં અથવા ઘણું ઉતાવળું જમવું નહિ. જમતી વખતે હાથનો ભોંય ઉપર ટેકો મૂકી અથવા એક બાજુએ શરી-રને નમાવી અથવા બીજી કઢંગી રીતે જમવા બેસવું નહિ. જમેલું અન્ન સુખે કરી પેટમાં અન્નની નળીના માર્ગે જાય એવી રીતે પલાંઠી વાળી અથવા ફાવતી રીતે સીધાં બેશી જમવું. પાસેના માણસને સૂગ ચડે એવા અપશબ્દો એટલે ગંદી વસ્તુઓનાં નામ અથવા મલિન ક્રિયાની વાત વગેરે ન કરવું, તથા બીજું કાંઈ પણ તેવું અપચિહ્ન કરવું નહિ. હે દીકરી ! એ વિના પણ આજુ-બાજુ બેશી જમનાર સુઘડ માણસોની નીતિ જોઈને તે પ્રમાણે શીખીને ચાલવું.

આ પ્રમાણે આપણા કુટુંબના સર્વ માણસો જમી રહ્યા પછી આપણી માતાને કષ્ટ ન પડે માટે તે રસોડું સ્વચ્છ કરવા તથા વાસણ માંજવાનું કામ જેને આપણે એઠવાડ કાઢવાનું કહીએ છીએ તે કરવાને સાવધ થવું. જમીને મુખવાસમાં સોપારી અથવા કાંઈ

પણ વસ્તુ હાજર હોય તે અને કંઈ ન હોય તો તુળસીનું પત્ર મોંમાં મૂકી થોડો વખત વિરામ લઈને પછી ચોખવટથી એંઠવાડ કાઢવો. પછી આપણા જાણવામાં ઘરનું કરવા જેવું કામ હોય તે કરવું અને આપણા જાણવામાં ન હોય તો માતાને પૂછવું, અને પછી જો કામ ન જ હોય તો શીવવા, ભરવા અથવા બીજા કામમાં બેસવું અથવા નીતિધર્મનાં પુસ્તક વાંચતાં આવડતું હોય તો વાંચવાં; અને ન આવડતું હોય તો વ્યવહારનીતિ અથવા ધર્મની બાબતમાં આપણને જાણવાજોગ હોય તે વિષે માતાને વિવેકથી પૂછવું અને તે જે કહે તે સાંભળીને ધ્યાનમાં રાખવું. આપણી માતા જે જે કામ કરવાની આજ્ઞા કરે તે ક્રોધ, આળસ, કે રોષ રાખ્યા વિના કરવા માંડવું. ન સમજ પડે તો પૂછીને શીખીને કરવું પણ ના પાડવી નહિ. જેમ માતાની આજ્ઞાપ્રમાણે કામ કરવું તેમ પિતાની આજ્ઞા પણ જરુર પાળવી. આ માતાપિતાનું કામ કરવું તથા આજ્ઞા પાળવી એ તેમની સેવા ગણાય છે. માટે દરેક સેવકરૂપ છોકરીએ વિશેષે કરી માતાની અને છોકરાએ વિશેષે કરી પિતાની કામ કરવા તથા વચન પાળવારૂપ સેવાને જરુર કરવી. એથી તેમનું આ લોક તથા પરલોકમાં કલ્યાણ થાય છે. હે સરસ્વતિ ! આજે અહિં સુધી ધ્યાનમાં રાખજે. આથી વધારે વળી કાલે કહીશ.

મનોહર કહે છે, આ પ્રમાણે તે લક્ષ્મી માતા તે શાણી છોકરીને બોધ કરી પાછાં પોતાના કામમાં ગુંથાયાં. બોલો 'શ્રીસદ્ગુરુદેવકી જય.' (સઉ જય બોલે છે.)

બાળમુકુંદ૦—બોલો સીદવાડકાંઠીસકી જે. બોલો હુડા હુડા માહાડેવ (સઉ બોલે છે.)

વિઠ્ઠલ૦—ધન્ય છે દાસ તમને પણ; તમારો કથામાં પ્રેમ જોઈને હું બહુ સંતોષ પામુ છું.

દાસ—જુવો વિથ્થલજી ! ખડું પૂછો ટો ઢન ટો પેલી દોસીને કે જેને આપની છોકડિયોને લાખ લાખ તકાની એકેક વાટ સમજાવી છે. ને વલી કહીએ ટો ઢન છે આપના ભતજી મ્હાડાજને કે આવી કપડી કઠા જીમને અગડે કડી છે. હું ટો એતલું જાનું છું કે આપના મો'લ્લાનું ટો સું, પન આખા સેહેડનું નસીબ ઉઘરયું છે. કેમ વિથ્થલજી ! ખોતું કહું છું ?

વિઠ્ઠલજી—એ વાત તો સાચી જ છે. હજુ તો આ ઘરના વેહેવારની સમજણ આપે છે, પણ હજુ આગળ ભારી સમજણની વાતો આવશે એમ જણાય છે. કારણ કે દરેક ઝીણી વાતને પણ

લક્ષ્મીમાતા ભૂલતી નથી, અને વળી કારણોસહિત સઘળી નીતિઓનો બોધ કરે છે. આ સઘળું બૈરાં જાણે અને એવી ચતુરાઇથી વર્તે તો પછી ઘરમાં જ, વૈકુંઠપુરી અને કૈલાસ જાણવાં.

ચંચળા—ભટજી! તમે કાલે કહ્યું હતું કે તમને ભજન ગાવા જેવાં શીખવીશ, તે કેદહાડે શીખવાડશો ? (આમ બોલી પછી ફક્ત બૈરાં જ સાંભળે એમ ધીમે સાદે) મને તો રાંડને બધી વાતની ઉતાવળ. મારા મનને તો એક વાત સાંભળી એટલે તે કારે થાય એમ થયા કરે છે. કેમ **ભાગીરથી** ! તમને એમ થાય ખરું ?

ભાગીરથી—ના બા, છેક એમ તો નહિ; પણ હવે મને એમ લાગે કે આ વાત તો આપણું ભલું કરનારી છે અને તે થઇ શકે એવી છે, તો બનતી ઉતાવળ કરીને તે કરું, ત્યારે મને જંપ વળે, એટલું તો ખરું. બાકી જે કામમાં ઘણી મહેનત હોય ને તેથી આપણું ભલું થવાને બદલે ભુંડું થાય એવું હોય તો તે કામમાંથી તો હું જીવને કાઢી નાખું છું. પછી એ સારી ટેવ છે કે નઠારી એ તો પરમેશ્વર જાણે. કેમ **વિજયાલક્ષ્મિ** ! તમારો શું મત છે ?

વિજયા—હા, તમે કહ્યું એ ટેવ તો સારી જ છે, પણ આપણને એમાં વહેમ પડતો હોય કે આ ટેવ સારી છે કે નઠારી તો આપણો પતિ પરમેશ્વર જ છે માટે તેને પૂછી ખુલાસો કરી લેવો. તે જો સારી ટેવ કહે તો તે રાખવી, ને નઠારી ટેવ કહે તે ટેવ છોડવી એમાં આપણું ભલું થાય છે, એટલું હું તો જાણું.

દાસ—(કાન માંડી કાંઈએક સંભળાયાથી) કેમ **બીજ**કોડ બતાની (જરા અચકાઈને) અડે ભુલું થું. કેમ **વિજયાલખમી** ! ટમાડે સી કઠા ચાલી છે ?

ચંચળા—કથા શેની હવે ! એ તો ખાનગી વાતો. ભાયડાએ બૈરિયોની વાતમાં પૂછ્યા વિના શીદ બોલવું પડે !

દાસ—હા, એ પન સહૂડઆના વાટ કહી છે. ચાલો હવેઠી વલી ટેમ. કેમ **વિઠ્ઠલજી** !

વિઠ્ઠલજી—હા શેઠ ! એ વાત તો ખરી કહી, તેની ના નહિ કહેવાય.

ચંચળા—કેમ ભટજી ! મારી વાતનો કંઈ જવાબ દીધો નહિ ને આ તો આડી કથા ચાલી, ને સઉએ ઉઠવા માંડયું.

ભટજી—મારે શી વાર છે ! શીખનારને બળ જોઈએ. હું તો તમે કહો તેવું ભજન શીખવું. સવારમાં ગાવાં હોય તો પરભાતિયાં શીખો ને બીજી વખતે ગાવાં હોય તો ગરબી, ગરબા અથવા જે તમને ગમે તે શીખો. મારે કંઈ લેવા જવાનું છે ?

ચંચળા—એ તો ખરું. પણ હવે એક વારે રડયું સાંભળ્યાવનું કેમ જણાય કે સારું કર્યું નઠારું કર્યું? અમારી બૈરાંની જાતનો તો એવો સ્વભાવ કે જે સારું લાગે તે શીખીએ. તો એવું હોય તો આજે તમે અમને ગાઈ સંભળાવો, પછી મને ગમશે તે કહીશ ને શીખીશ.

દાસ—હા ભતજીઆવા ! એ વાટ ટો પંચપડમાન છે. કેમ વિઠ્ઠલજી ! બોલ્યા નહિ.

વિઠ્ઠલજી—હા, એ વાત તો સાચી છે. ભટજી મહારાજને અનુકૂળ હોય તો કૃપા કરીને કહે.

દાસ—હા હા ભતજી મ્હાડાજ ! એતલી કિડપા ટો ડવી જ જોઈએ. (પછી મોટેથી સર્વને) સઉ બેસજો ડે ભાઈઓ ! હજી કિડટન ડાય છે.

સર્વે બૈરાં—(માંહોમાંહે) હા, આ તો બહુ સારું. રડી આડી અવળી વાતો કરીને ઘેર જઈએ તે કરતાં ભજન ગવાય ને પછી ઉઠીએ તો નઠારાં સમણાંએ ના આવે.

મનોહર—સઉની મરજી છે તો આજે બે મુખપાઠ છે, તે ગરબીઓ કહી સંભળાવું છું. સઉ ધ્યાન રાખી ઝીલજો. બોલો **શ્રી સદ્ગુરુદેવકી** જય. (સઉ જય બોલે છે. પછી **ભટજી** ગવરાવે છે ને બીજાં સઉ બોલે છે.)

પદ. ગરબી.

પ્રથમ નમું પરમેશ્વર તમને, જગતપતિ સુખદાતા જી;
વેદ ને શાસ્ત્રપુરાણ મળીને, રાત્રદિવસ ગુણ ગાતા; બુદ્ધિ આપો જી.
યોગી ઋષિ મુનિ ને તપસી જે, વનમાં જઈને રહેતા જી,
તે પણ સિદ્ધિ ધારી મનમાં, નામ તમારું લેતા; બુદ્ધિ આપો જી.
હું સંસારી અબળ ગણાઉં, યોગધ્યાન ના જાણું જી,
નામ તમારું હરખ ધરીને, સમરું વાતાં વહાણું; બુદ્ધિ આપો જી.
પાપવડે મારી આ બુદ્ધિ, દુર્બળ થઈ છે બાપ જી,
પાપતણું ફળ આ દુઃખ ભારે, દે છે મુજને તાપ; બુદ્ધિ આપો જી.
દુર્ગુણ સઘળા છૂટે મારા, સર્વ શમે પરિતાપો જી,
કરી કરુણા સત્વર પ્રભુ મુજને, ચરણસમીપે સ્થાપો; બુદ્ધિ આપો જી.

પદ. ગરબી.

વિશ્વાધાર વિનતી ઉર ધરજો, દયા ધરી દિલ આજ જી,
દિનદિનપ્રત્યે દુઃખ રોતાં તો, આવે મુજને લાજ, દુઃખડાં કાપો જી.
ધન વિદ્યા તન બળ નથી મારે, નથી સગાંનું જોર જી,
આશ્રય તો નથી અવર કોઈનો, તમપર રાખું તોર; દુઃખડાં કાપો જી.

પ્રાતઃ થતાં ચિંતા પેસે છે, અન્ન વસ્ત્રની મોટી જી,
બીજા પણ સઘળા વિષયોની, ઇચ્છા ઉપજે ખોટી; દુઃખડાં કાપો જી.
રંકરાય સઉને આપો છો, નથી એ વાત અજાણી જી,
તો પણ અણુવિશ્વાસવડે હું, હાય હાય વદું વાણી; દુઃખડાં કાપો જી.
હરઘડીએ આ વાત વિષયની, મન આણી દુઃખ પામું જી,
વિશ્વપતિ સંતોષ દિયો હું, ચરણે મસ્તક નામું; દુઃખડાં કાપો જી.

મનોહર—(ગરબી પૂરી થતાં જ) બોલો **શ્રીસદ્ગુરુદેવકી** જય.

વિઠ્ઠલજી—વાહ ભટજી મહારાજ! અતિ ઉત્તમ સુબોધની ગરબીઓ કહી છે, અને સઘળાં બૈરાંએ શીખવાજેવી છે. કેમ હવે આજ્ઞા છે? બારનો સુમાર થવા આવ્યો છે. રોજ કરતાં આજે વિશેષ મોડું થયું છે. (એમ કહી ઉઠે છે)

દાસ—(ઉભા થતાં) બોલો **સીગો**ડઢનનાઠકી જે. કેમ **પા**ડવટી કાકી! ગડબીઓ કેવી? આપના આખા સહેડની રાંદો ગડબા ગાય છે પન આવી કોઈ ડાંરો સાંભલીટી? ઢન છે ભતજી! આવીને આવી નિટંટડ સંભલાવવા કિડપા કડજો. (ભટજીને પગે લાગી જાય છે)

પારવતી—જો ભાઈ બાલુ! હવે તારી વહુ શીખશે એટલે આપણા મો'લ્લામાંનાં બૈરાંને ભટજીની શીખાડેલી ગરબીવના બીજી ગાવા ના દેવી. આમાં તો ગાનારનું ને સાંભળનારનું બંનેનું કલ્યાણ થાય એવું છે. (પછી સઉ સઉને ઘેર જાય છે.)

મનોહર—(વિજયાને) કેમ હવે શા મનસુબા છે? ઉંઘ આવે છે કે નહિ?

વિજયા—(હસતે મુખે) હજી ઉંઘ આવી તો નથી. પણ હવે સૂવાનું મન થાય છે; પછી આપની આજ્ઞા હોય તેમ કરું. મેં તો પથારીઓ ને પાણીના લોટા ભરી સઘળી તૈયારી કરી રાખી છે.

મનોહર—ચાલો ત્યારે રાત્રિ વધારે ગઈ છે તેથી પરમેશ્વરનું સ્મરણ કરતાં સૂઈ જઈએ. (સૂઈ જાય છે.)

दिवस ५.

મનોહરના ઉઠ્યા પહેલાં પોતાના નિયમપ્રમાણે વિજયાલક્ષ્મી ઉઠી પતિને પગે લાગી નીચેનું પ્રભાત ગાતાં ગાતાં પોતાના કામને કરે છે.

પ્રભાત.

શ્રીસદ્‌ગુરુ ભજ ભાવે પ્રાણિ ! **શ્રીસદ્‌ગુરુ** ભજ ભાવે રે,
વિશ્વેશ્વર તે વિઘ્નવિનાશક, ભક્તતણે વશ કહાવે રે; **શ્રીસદ્૦**
કુટિલ હૃદયે યુગ ધ્યાન ધરે પણ, સ્વપ્ને નાથ ન આવે રે,
સરળપણે ધરી પ્રેમ ભજે તો, સત્વર આવે દાવે રે; **શ્રીસદ્૦**
અનંત નામ તણા પતિ તદપિ, નામાતીત સુહાવે રે,
હરિહર બ્રહ્મ ગુરુ **પરમેશ્વર**, સ્મરીએ જે મન ફાવે રે; **શ્રીસદ્૦**
અધિક અધિક ધરી પ્રીત **પ્રભુશું**, ભજીએ જેમ જેમ તાવે રે,
જગત્પતિ વળતાં કરુણા કરી, દુઃખ ટાળી સુખ લાવે રે; **શ્રીસદ્૦**

મનોહર પથારીમાંથી બેઠાં થતાં જ હે **સદ્‌ગુરો** ! **હે ભગવન્** ! હે **પરમાત્મન્** ! હે **સચ્ચિદાનંદ** ! એવા પવિત્ર શબ્દોને બોલતા આવીને બારીઆગળ બેસે છે.

દાસ પથારીમાંથી ઉઠીને બારીએ આવી ઉભા રહીને જરા મોટેથી ' હે **સીનાદજીબાવા** ! હે **સીઆચાદજી** મ્હા પદભુજી ! હે **ગોકુલમઠુરાંના** વાસી ! **વિસંભડનાથ** ! માડા મા ને બાપ ! ટમાડો આસડો છે ! આવાં વચનો બોલીને પાછા ઘરમાં જઈ **ચંચળાને** કહે છે, કેમ હજુ નિડડાવસ છો કે ? ગુલાબિયા ઉઘ વાનાના પ્હોડમાં આવટી હસે ! ફિકડ નહિ ! હજુ ખુને ખુને રાટ છે. સાંભલો છ, આ **મનોડભત** બોલાવે છે, કેહે છ કે સેથાની સું કડેછ ?

ચંચળા—(આંખો ચોળતી) બળ્યું આ કામ તમારૂં સારું નથી, તમને એ શી ટેવ પડી છે વારુ ? રાંડનું બે પહોર રાત ગયા પછી સૂતાં ને અતારમાં તે શી ઉઠવાની ધાડ આવી છે ! ને આપણે ઉઠ્યા તો છાનામાના બેશી રહીએ, બીજાંને શીદ પજવીએ ! પછી હું રાંડ બોલું તારે તમને ચટકો લાગે ને લોકમાં મારી ફજેતી થાય.

દાસ—લો જે ઠયું ટે ઠસું. હવેઠી ટમે કો'છો ટેમ. માડો ટો એ સભાવ છે કે ભુલા ટાંઠી ફડીને ગનવું. કાલઠી ટમને દુઃખ ડઉં ટો કહેજો. પન મેં જાન્યું કે ટે ડા'રે કઠામાં વે'લાં ઉઠવાનું કહ્યું ડું

ને ટમે પન કેહેટાં'ટાં કે કાલઠી આપને ડા'રો ઉગટાં પહેલાં નાહીને ભગવડસમડન કડીસું ટેઠી, નહિ ટો પો'ર ડા'રો ચરટા સુધી ટમે ઉધસો ટો આપને એકનું બે કે'વાના નઠી; સમજ્યાં કેની ? આ વાટનું ડુઃખ ના માનસો. ચાલો હું ટો જાઉ છું. વલી ભતજી બાવા કેહેશે કે સેથાનીને જોવા ગયા ટે સેથ પન સૂટા કે સું ? (એમ કહી જાય છે.)

ચંચળા—(વિચાર કરે છે) હું રાંડ એમને ઠપકો દેવા આડું અવળું બોલી તે ખોટું થયું. હજુ મારો સભાવ ફર્યો નહિ. એમણે ના ઉઠાડી હોત તો ક્યારેય ઉઠત, ને પછી સઉ જાણત તો મારે શરમાઈ મરવું પડત. જો ! ગુણના બાઈ દોષ ! મેં ઉલટા બે છણકા કર્યા ! ભલા ભગવાન્ ! એમનો સભાવ સારો છે એટલે બધું નીભે છે. પણ હવે મારે સમજવું જોઈએ; નહિ તો ' કથા સાભળીને ફુટયા કાન, તોએ ન આવ્યાં આતમજ્ઞાન ' એ કહેવતજેવું થવાનું. (એમ કહી ઉઠીને લગાર હસતું મોં કરી બારીએ આવે છે અને મનોહરને) ભટજી મહાડાજ ! જેસીકષ્ન.

મનોહર—જે શ્રીકૃષ્ણ. કેમ ઉઠયાં કે શું ? આજે તો તમારા પહેલાં શેઠ ઉઠયા હતા !

ચંચળા—(જરા હસીને) એમને તો ઉંઘ બહુ થોડી છે. હું પણ જાગતી તો હતી પણ મને રડી આળસ બહુ છે. હશે, પણ હવે ધીરે ધીરે એ આળસ મટશે, કેમ ભટજી ! નહિ મટે !

મનોહર—નહિ કેમ મટે ! એ તો એમ જાણો કે આઠ દસ દહાડામાં મટી. તમે કાળજી રાખજો ને.

વિજયા—(પોતાનું સ્નાનસુધીનું સઉ કામ કરીને પછી દાદરે ચઢીને) હવે આપ પધારશો ? ગરમ પાણી તૈયાર છે. જો વિલંબ હોય તો હું બીજા કામમાં પ્રવેશ કરૂં.

મનોહર—ના, હવે મને કશો વિલંબ નથી. ચાલો તમારી પાછળ આ આવ્યો.

ચંચળા—(મોટેથી) હેં વિજયાલક્ષ્મિ બેહેન ! તમે તો નાહીને પરવાર્યાં કે શું ! હું તો રાંડ ફુવડજેવી હજુ આંખ ચોળતી ઉભી છું. બૈરાંની જાતને તારા છતાં રોજ ના'વાનું કહ્યું છે, પણ આ દહાડો તો ઉગવા આવ્યો છે. દાતણ કરતાં સોરો દહાડો ઉગશે. ચાલ બહેન ! હુંએ ઉતાવળ કરૂં.

મનોહર—હા હા. જલદીથી પરવારી લો. એ નીચે ગઈ છે એટલે હું પણ નહાવા જાઉં છું. (પછી નાહીને પોતાના નિત્યકર્મમાં બેસે છે.)

ચંચળા—(દાતણ કરતાં કાવેરીને ઓટલે આવેલી જોઈને)

કેમ કાવેરી બેહેન ! શું થાય છે ? નાહ્યાં કે શું ?

કાવેરી—હા, નાહીને દીવો કરીને જે આપણાથી બની તે બે માળા ફેરવી ને આ તુળશીએ પાણી રેડવા આવી છું. હવે ઘરમાં જઈને રસોઈનું હાર પાડું છું. બહેન ! તમે તો સુખિયાં છો તે પહોર દહાડે નાહો તોએ ફિકર નહિ.

ચંચળા—અરે બળ્યાં એ સુખ ! પહોર દહાડે નાહે ત્યારે ભાગશાળી કે સુખિયાં ગણાતાં હોય તો વળી કેટલાં ગરીબ લોક તો બીજે પહોરે કે ત્રીજે પહોરે નાહે છે, તે શું વધારે સુખી ગણાય કે ? એ તો કેહેવાની વાતો. આ જગતમાં ખરો સુખિયો તો તે છે કે જેને ખાવાનું ને લૂગડાં મળ્યાં એટલે વધારે લોભ છોડીને ભગવાનનું ભજન કરે; એ જ સાથે આવવાનું છે. બીજું તો બધું હજાર ગાડાં સુખ હશે તે અહિંને અહિં પડી રહેવાનું છે. કેમ કાવેરી બહેન ! ખોટું હોય તો કહો.

કાવેરી—ખોટું કેમ કેહેવાય ? એ જ ખરું છે. આ બીજી તો બધી મિથ્યા માયાની જંજાળ છે. આપણે મારું મારું કરીને રાતદહાડો તેમાં ને તેમાં જાત તોડીએ છીએ, પણ મરતી વખત એ બધુંએ ત્યાંનું ત્યાં રહેવાનું. એક વાલની વીંટીએ હશે તો કાઢી લેશે. બહેન ! બધુંએ જાણીએ છીએ પણ પાછાં આ મોહની જાળમાં પડીને ભુલી જઈએ છીએ. ભલા ભગવાન્ ! કોઈ દહાડો આમ કરતાં કરતાં મરવું છે, માટે જેમ કાંઈ ચેતીને ચલાય તેમ સારું છે; નહિ તો પછી કશુંએ થવાનું નથી. જેવાં આવ્યાં તેવાં જવુ છે. કેમ બહેન ! ખોટું કહું છું ?

ચંચળા—ના, સાચી વાત છે; અને વળી ખરું પૂછો તો આવ્યાં તેવાંએ જવાનું નથી. બેહેન ! આવ્યાં તો બાંધી મૂઠીએ ને જવાનું તો ઉઘાડે હાથે; તેથી હાથે તે સાથે. જે કર્યું તે ખરું ને કરીશું એ ખોટું. ચાલો બેહેન ! તમે બધાં પરવારીને બેઠાં છો, ને હું તો હજી પહેલાં પરગણુમાં છું. (એમ કહીને જાય છે.)

વિઠ્ઠલજી—(ભાગીરથીને પૂજા વગેરેથી પરવારીને) કેમ ક્યાં ગઈ ? હવે કેટલી વાર છે ? મારે જવાનો વખત થવા આવ્યો છે. પછી તડકો ચઢશે ને ઘણું મોડું થઈ જશે હોં.

ભાગીરથી—મારે તો તમારી વારે વાર છે. આ પાણીપાત્ર ને પાટલો મૂકી છાંડ્યો છે. થાળ પીરસું જો આપ પધારો તો. મને ઠપકો મળશે એ ધાકથી તો મેં મારે બધું જલદીથી કરી લીધું છે. કેમ શી આજ્ઞા છે ત્યારે, થાળ પીરસું ?

વિઠ્ઠલજી—હા હા, મારે હવે કશો વિલંબ નથી, આ આવ્યો. (એમ કહી જાય છે ને જમે છે.)

દાસ—(પહોર દિવસ ચઢ્યા પછી ઉઘરાણી ફરીને ઘરમાં આવી) કેમ કાં સુઢી? આજ કંઈ સપાતાબંદ કામ લીઢું જનાય છે. કહો હવે કેતલી વાડ છે?

ચંચળા—(લગાર મોં મલકાવતાં) કરવા બેઠાં એટલે વાર શી? આ દાળ તો ચઢી ગઈ છે. હવે ચોખા ઓસાવીને દાળ ઉકાળું છું; ને રોટલી તો તમને, બેસશો એટલે ઉની ઉની કરતી જઈશ ને મુકતી જઈશ, કેમ ઠીક કેની?

દાસ—હા, આજ ટો ટમને ઈનામ આપવા જેવું છે ખડુ. ભલે ઢીડે ઢીડે બઢુંએ ડસે. ટમાડો ગડમ સભાવ છે ટે છૂતી જસે. ને બસ જાડે જોઈએ ટાડે હસટે મોરે ડેખીસ એતલે પછી માડી ઢાડના છે ટે પડમાને તમને ખુસ ડવા જેવું ઈનામ મલસે. કેમ ઢાનમાં આવ્યું કેની?

ચંચળા—(લગાર હસીને) હવે વળી છૂટવામાં શી બાકી છે જે? ઈનામ લાવવાનું હોય તે લાવો. ફરીથી જો ગુસ્સો કરૂં તો વળી પાછું લેજો. કેમ આજે દુકાનેથી આવતી વખત લાવશો કેની?

દાસ—હેં હેં હેં, ટમાડે ટો ઉપડું ટાડે લીપનું. એમ ટાટે ધાએ બને છે? એ ટે કંઈ ખાવાની ચીજ છે કે બજાડમાંહી લેટો આવું! પન એટલું ખડું કે હવે જેમ બને ટેમ ટાકીડ કડીસ. કેમ થીક કેની!

ચંચળા—હશે, હવે ચાલો. પછી આ રોટલીઓ ટાઢી પડી જશે, ને વળી તમે કહેશો જે ચીવડ પડી.

દાસ—માડે સી વાડ છે? આ બેથો, ચાલો પીડસો. (જમે છે ને પછી દુકાને જાય છે. પછી એઠાંઅબોટ વગેરેના કામથી પરવારીને ચંચળા ભાગીરથીને ઘેર જાય છે.)

ભાગીરથી—આવો ચંચળ બેહેન! આજે કંઈ બહુ જલદી બપોરમાં જ પરવારીને આવ્યાં. કહો શી ખબર છે?

ચંચળા—આજે તો હું વહેલી રસોઈ કરી પરવારી, ને એ પણ ઉઘરાણીથી વહેલા આવી જમીને દુકાને ગયા, એટલે હું પણ કામ આટોપીને અહિં આવી. તમે પણ આજે વહેલાં પરવાર્યાં કે શું?

ભાગીરથી—હા, એમને આજે પાસેના ગામમાં જવું હતું, તે વહેલા જમીને ગયા, એટલે વહેલું થયુ. (આ પ્રમાણે વાતો કરતાં ભાગીરથીની સાથે ચંચળા પણ ચોખા વીણવા લાગી. એટલામાં તેનો પાડોશી ગોકળ બહારથી આવ્યો તેની વાતચીત સાંભળવાને

આતુરતાથી કાન માંડી ચંચળા બોલતી બંધ રહી, એટલે ભાગીરથી પણ મૌન ધરી બેશી રહી.)

ગોકળ—(બહારથી આવતાં કમળાને) કેમ શું કરે છે, સાંભળ્યું ?

કમળા—પોતાને માટે આગલા દિવસના ઠરાવપ્રમાણે કલ્લાં લાવશે એવા ભરોંસાથી જરા રાજી થઈને) એ હું તો રસોડીમાં છું. કંઈ કામ છે ? હોય તો આવું. આ દાળ ઉભરાય છે તેથી જરા રહીને આવું છું. નહિ તો તમે જ અહિં આવોને.

ગોકળ—(પાસે આવીને) કેમ શું થાય છે ? રસોઈની બહુ વાર છે ? પાછું મારે જવાનું છે.

કમળા—હવે બહુ વાર નથી, તમે નાહી લ્યો એટલી જ વાર છે. કેમ આજે કંઈ ઉતાવળ છે ?

ગોકળ—હા. આ બે જોડા કલ્લાં તારે માટે લાવ્યો છું, તે તું જો. તને ગમે તો પછી ચોકસીને ત્યાં અંકાવીને રાખીએ. ઘરઘરાઉ છે, ને તેને નાણાની ઘણી અગત્ય છે.

કમળા—(જરા હસીને) કાલે મેં આટલું કર્યું તો કેવાં આજ ને આજે આવ્યાં !

ગોકળ—અરે તું તો ગાંડી છે. તું ના બોલત તો મને કાંઈ તારી ફકર નહોતી ? તું તો રોજ એની એ ફકરમાં હતો. જો આ.

કમળા—(હાથ ધોઈ ચૂલો નરમ પાડી પાસે મૂકેલાં કલ્લાંને જુએ છે ને) આ બાજરી ભાતનાં છે તે સારાં તો પણ બહુ હલકાં છે, ને આ મકાઈ ભાતનાં છે તેની ભાત બહુ સારી નથી પણ ઘાટમાં ઠીક છે. (બન્ને પગમાં પહેરીને જુએ છે ને) પેલાં ઘઉં ભાતનાં નહોતાં ?

ગોકળ—અરે દસ દુકાને ફર્યો ત્યારે આ બે જોડા મળ્યા. મે કહ્યું આજે ને આજે જોઈએ. તે કહે છે કે જણુસ લેવાનું કામ ઉતાવળનું નથી. ઉતાવળીઓ છેતરાય છે. તેમ છતાં બહુ અગત હોય તો આ બે દાગીના તાકીદના છે. એના ધણી પાકી રહ્યા છે, તે ઠીકમાં આવશે; ત્યારે એ બે લાવ્યો છું. પાંચ દહાડા પછી મળે, પણ તે શા કામનાં ? મેં તારા સમ ખાધા છે તેથી આજે જ નક્કી કરવું, એવો મારો વિચાર છે. તેથી જો આમાંથી ગમે તો સારું, નહિ તો પાંચ દસ દહાડા નીકળી જશે.

કમળા—હશે તારે. આ મકાઈ ભાતનાં રાખો. વળી આગળ ઉપર થઈ પડશે. એ કંઈ જનમ પોહોંચવાનાં છે ?

ગોકળ—ઠીક છે ત્યારે. થાળી પીરસ. હું જમીને જઈને એનું નક્કી કરી લાવું. (પછી જમીને બહાર જાય છે.)

કમળા—(જમી રહીને બારીએ આવીને પોતાના ઘરની સામાં રહેનારી **ચંદન** નામની સ્ત્રીને બારીએ ઉભેલી જોઈને) કેમ અલી ચંદન ! જમી કે ? બારીએ ઉભી રહીને કોની વાટ જુએ છે ?

ચંદન—(મનમાં ખેદ પામીને) જરા વિચારીને બોલીએ તો કોઈને દુઃખ ના લાગે. જુઓ કમળાબહેન ! બોલવાનું કેવું છે કે મીઠું બોલીએ તો આપણું મોં શોભે છે. અને સામાનું મન રાજી થાય છે. એટલે તેનું પણ મોં શોભે છે. આપણા કરતાં નાનાં માણસને પણ માન આપીને બોલાવવું એ રીત ઘણી સારી છે. તોછડાઈથી બોલવા કરતાં ન બોલવું એ સારું છે. મારાથી ખરું કહ્યા વિના રહેવાયું નહિ માટે કહું છું. જો બહેન કમળા ! તમે મનમાં દુઃખ માનશો નહિ. તમને હર વખતે એવું બોલવાની ટેવ છે, માટે આજે કહ્યું છે.

કમળા—અલી ! મેં તને એવડું શું ખોટું કહ્યું જે આવડું ચોળીને ચીકણું કરે છે ? બાઈ, વાતનું વતેસર કરતાં તો તમને ભણેલી-ઓને આવડે ! અમે તો અમારે ભોળે ભાવે બોલીએ. ના ના, તેં મને આવડું કહ્યું તેનું મને દુઃખ ના લાગે ? પણ તારામાં બહુ ડહાપણ છે તારે એવું તું કેમ બોલી કે 'બોલતાં આવડે તો બોલીએ, નહિ તો ના બોલીએ.' તો હું રાંડ વીસ બાવીસ વરની બાયડી થઈ; મને હજી બોલતાં ના આવડે; અને તું મારા જેવડી હઈશ કે વળી વરસે નાની મોટી હઈશ તે તું એટલામાં ભલી બોલતાં શીખી ગઈ ! જા મારી બાઈ ! પરોઢીએ ઉઠીને મોં જોવું, ને લગાર આખમાં શરમે નથી. ખરું પૂછાવે તો મેં તને શી ગાળ દીધી છે તે કહે.

ચંદન—માફ કરજો બહેન ! મારો જીવ ઠેકાણે નથી, તે મારાથી કાંઈ વત્તું ઓછું બોલાઈ ગયું હશે, તો મેં મારા વિચારમાં ને વિચારમાં તમારી વાત બરાબર સાંભળી નહિ હોય ને આડુંઅવળું બોલાઈ ગયું હશે. (એમ કહી ઘરમાં જાય છે.)

કમળા—(ઘરમાં જતાં બડબડે છે) ઓહોહો ! મોટી અફ-લાતુનની દીકરી ! જાણે બધું રાજ તો એને જ ઘેર આવી ગયું છે તો ! આવડો છક કોના ઉપર ! મોટી એના ઘરની ! ના બોલે તો પેંજારે મારી ! જાની, તને બોલાવવાએ કોણ નવરું છે જે ! તારા જેવી તો છપ્પનસેં મારા લેખામાં નથી, ખબર છે ?

આ સાંભળીને તેની બીજી બાજુની પાડોશણ **વિજળી** ઘરમાંથી બોલી, કેમ **અલી કમળા** ! ઓ કમળા ! આજ વળી કોના ઉપર સપાટો ચાલ્યો છે ! આજે તો સવારની છેક હમણાં જ બોલતી સંભળાઈ છે ! મેંકું કંઈ પીયરભણી ગઈ છે કે શું ? શું હતું જે આવડું બોલવું પડયું ?

કમળા—અરે જોને બહેન ! મારો કંઈ વાંક નહિ, વિસાત નહિ ! રાંડનું છીંકતાં છીંડું પડે એ શું ?

વિજળી—કોની વાત કરે છે ? આજ કોઈ જોડે થયું કે શું ?

કમળા—અરે ! પેલાં સુભલખ્યા નથી ! આ સામે બારણે રોજ પિયર ને સાસરું કરનારાં ! આ હમણાં વળી પગ બાંધીને રહ્યાં છે તે ! એમને જરા એટલું જ પૂછ્યું કે 'કેમ જમ્યાં કે ? કંઈ બારીએ ઉભાં છો.' એટલામાં તો એને વાંકું પડ્યું, તે મરજાદવની ફાટેલી બોલેછ શું કે 'બોલતાં જ તને તો આવડતું નથી ! બરોબર બોલતાં આવડે તો બોલવું, નહિ તો બોલવું નહિ.' લે મારી બઈ! મોટી રોઝ-જેવી થઈ પણ એટલું સમજતી નથી કે કોઈ બોલાવે તેને આમ છેક તરછોડી નંખાય ? ના ના, સાચું બોલજે વિજળી ! પેલી પાતરોની પેઠે ચીપી ચીપીને બોલે તે ડાહી ને બીજી બધી ગાંડીઓ ! આવો સકો બજાવવા જશે તો મોહ્લામાં બધે હડધૂત થશે. કોઈ એની સાથે બોલશે નહિ ને કોઈ એને પાસે બેસાડશે નહિ. સમજી કેની ? રડ્યું સામે મોંઢે રહેવું ને છેક આમ કરશે તે ચાલવાનું છે ! હજુ મારા ઘરમાં તો બચારાને ખબર નથી, નહિ તો એ તો વળી એવા છે કે ભલા ધનંતરનીએ ધૂળ કાઢી નાંખે, સમજી કેની ?

વિજળી—અલી દેખઈતી તો બહુ ગરીબ જણાય છે ને તારી સાથે એમ કેમ થયું ? બાકી એ તો મરતાને મેર કહે એવી જણાતી નથી, પછી તો બાવા કોણ જાણે.

કમળા—અલી એ તો ઢાંક્યા રતનજેવી છે. સમજી કેની ? ઉપરથી તો ડાહી ડમક પણ છેક નીચેથી ઉતરડ ગબડાવે એવી છે ! પણ કંઈ ફિકર નહિ. હુંએ એના માથાની છું. મને છેડીને એ ક્યાં જનાર છે ? કાલ સવારને પહોર એ પણ જાણશે કે મને પણ કોઈ માથાની મળી'તી.

વિજળી—હશે બચારી ગરીબ હોય તો એને ઝાઝું સતાવીશ નહિ. હશે જે કરશે તે ભરશે.

કમળા—કેમ અલી ' તારે એને બહેનપણાં છે કે શું ? મેર રાંડ ! તુંએ વળી એના ગમીતું બોલે છે ? એ તે વળી ગરીબ શેણે છે ? શું એના માથામાં આંગળી ખુંચે છે ? એ તો તને ને મને વેચીને ચણા ખાય એવી છે. તેનો ધણી તો બીચારો બકરી જેવો છે. એના આગળ કશું ચાલતું નથી. જે એ કહે તે સાચું માને, ને એના કહ્યા પ્રમાણે ચાલે. બીચારો ઢોલામારુ જેવો છે.

વિજળી—અલી સાચાબોલી સાસરે ના સમાય. જો ખરું બોલ્યાવનું રહેવાતું નથી; વળી મારી જોડે વઢીશ નહિ. એને કહે

છે પણ તારા ઘરમાંએ તારૂં જ કર્યું થાય છે કેની? બીચારા ગો-કળ તો ગાયજેવા છે. તું તેને વજ્જરજેવા બોલના ઘા મારે છે, પણ કેવા નીચું જોઈને સાંભળે છે! એ તો બધુંએ ઠીક જ છે. ઘેર ઘેર કાદવના ચૂલા છે.

કમળા—અલી તને એનું બહું દાઝતું દેખાય છે તો! એનું ઉપરાણું લઈને મને મહેણું મારે છે તે જરા લાજતીએ નથી! તારો ભાયડો તે કયો છચોક છે જે મોં કાઢીને બોલે છે? બેશી રહેને છાનીમાની. વળી મને રાંડને બોલાવીને સાર કાઢવાની નથી. પણ જો! એ તો સામી ઓળે રહે છે એટલે એને આપણે તો ઓછો વહેવાર છે પણ આપણે તો સાખ પડોશી છીએ એટલે માથા-સાથે કાન જડયા છે, તેથી વિચારીને બોલ.

વિજળી—અલી કમળી! તું કંઈ બોલતાં બહેકી કે શું! મારો ધણી છચોક નથી તો ચાલ્યું, તારો તો છચોક છે કેની? કરજે તું પેટીમાં ઘાલીને પૂજા તારા ધણીની. મારે શો ઘશી ચોપડવા કામ આવશે જે. સઉને પોતપોતાનું માણસ લાખનું છે, પોતાની માને કોણ ડાકેણ કહેનાર છે! તું તારા ધણીને પજવે છે તારે એ બી-ચારો મારા ઘરમાં આવીને પોશ પોશ આંસુએ રડે છે. તને કંઈ તેની લાજે આવે છે? બીચારાની લગાર દયા પણ લાવતી નથી, ને વળી ડહાપણમાંથી તો હાથ કાઢતી નથી! દાયણ આગળ પેટ છુ-પાવે તે રાંડનું કેમ ચાલે! હું તો તારી જડબોમિયણ છું, ખબર છે કેની!

વિજળીને જોરથી વઢવા જેવું બોલતી સાંભળીને તેની પાડો-શણ **પ્રાણકોર**, **વિજળીના** ઘરમાં આવીને હસતાં હસતાં કહે છે, કેમ અલી **વિજળી**! વળી કોની સાથે ઝબકારો માર્યો? તનેય દ-હાડામાં એક વાર વઢયાવિના કળ પડતી નથી તો! કહે, આજ વળી કોણ મળ્યું છે?

વિજળી—(**પ્રાણકોરના** સામે જરા મોં મલકાવી આંખમી-ચામણાં કરીને પછી પાછી આંખો ચઢાવીને) જો તો ખરી મારી બઈ! આતે કોઈ માણસ છે કે કોણ છે? પાધરૂં કહેવા જતામાં તો નાક ફુલાવીને ધુરકિયાં કરવા માંડે છે! કહેવત છે કેની કે હ-રામી ભાગું ભૂત નાસે, તેમ એને કોન છેડે? બધાને એ પૂરી પડે, પણ મને હજુ જાણતી નથી. તું વીંછણ છે તો હુ કાળી નાગણ છું. હું તો વળી ઠેઠ પહોંચાડીશ, સમજણ પડી કેની? જો અલી **પ્રાણકોર**! મેં એને રીતની વાત કહી એટલામાં તો મારી જોડે જ

બાઝી પડી ! (એમ કહી ચંદનસંબંધી વાત ધીરે ધીરે કહી સંભળાવે છે ને પછી) કહો, હવે મારો વાંક છે ?

પ્રાણકોર—મરો રાંડો ! પારકી વઢવાડ ઘરમાં શીદ ઘાલો છો ? કંઈ કામધંધો સૂઝે છે કે નહિ ? અલી કમળા ! તુંએ સમજતી નથી ? બંને સરખી થાઓ છો ! બળ્યું વગરલેવેદેવે આપણે માંહોમાંહે શીદ વઢી મરીએ ! ચાલો થયું. હવે કોઈ કશું બોલશો નહિ. જે મ્હોડે પાન ચાવીએ તે મ્હોડે કોયલા ના ચાવીએ. કંઈ સમજણ છે કેની ! મેં રાંડે તમને વઢતી સાંભળીયો ત્યારે મેં કું ચાલ એ વાત કહી આવું. રાંડનું છેક માલવનું લઢવું એ તે શું ?

કમળા—જુઓ પ્રાણકોર ! મારો વાંક હોય તો મને ખાસડું કાઢીને મારજો. મેં એને કહ્યું કે અલી આપણે તો માથાસાથે કાન જડ્યા છે તે કંઈ છુટાવાનું નથી; તોએ પણ વત્તું ઓછું બોલ બોલ કરે છે. ત્યારે મેકું બોલ બઈ ! તને બોલવાનું જોર હોય ત્યાં સુધી. મને કંઈ એવડું જોર નથી.

વિજળી—જો પ્રાણકોર ! એ પહેલેથી મને આડું બોલીને બાઝી નહિ હોત તો મારે આવડું બોલવાનું શું કારણ હતું ? મારું કામ તો કેવું છે કે મળે તેને માથું આપુ, ને ના મળે તેનાં મૂળ કાપુ ! હું તો છંછેડ્યા સાપજેવી છું. મારો સભાવ આગનો ભભુકો છે. હું તો ખરું કહેવાની.

પ્રાણકોર—(તેનો હાથ ઝાલીને) લે હવે છાની મેર. મોંએ આવ્યું તે બોલ્યાં. તેનો વિચાર કરવો કે નહિ ? લે અલી કમળા ! અહિં આવ. હું તમારે બેનો મેળાપ કરાવીને જાઉં. ખબરદાર હવે કોઈ કંઈ વત્તું ઓછું બોલશો નહિ. (કમળા વિજળીના ઘરમાં જાય છે ને ત્રણેજણ હસી બોલી વેરાઈ જાય છે.)

ચંચળા—ભાગીરથી બ્હેન ! ખરું પૂછો તો હુંએ રાંડ આ કમળાની પેઠે વા જોડે વઢું એવી હતી, પણ જે દહાડાથી આ કથા સાંભળું છું તે દહાડાથી હવે કોઈ લઢતું હોય તોએ મને ગમતું નથી. મારો પાછળનો સભાવ સંભારીને હું લાજી મરૂં છું. ભલા ભગવાન્ ! હવે સારી બુદ્ધિ આપજો.

ભાગીરથી—હવે આપણે નવરાં થયાં છીએ, તે જો તમારી મરજી હોય તો હજી સાંજ પડવાની ઘણીવાર છે, તો બે ઘડી વિજયા લક્ષ્મી પાસે જઈને બેશીએ; ને એમણે કંઈ સારું ગાવાનું શીખી લીધું હોય તે સાંભળીએ ને શીખીએ. સાચું પૂછો તો મને પણ હવે એ વના બીજા કાથાકબલા તમારી પેઠે ગમતા નથી. કેમ ત્યારે ચાલીશું !

ચંચળા—હા હા ચાલો. બહુ સારું થયું; મને તો આજ સવારથી જ એવો વિચાર હતો. (બંને જણી વિજયાપાસે આવે છે.)

ભાગીરથી—(દાદરઉપર ચઢતાં વિજયાને જોઈ) વિજયાલક્ષ્મિ ! શું થાય છે ? કાંઈ ખાનગી કામમાં તો નથી બેઠાં ?

વિજયા—(બંનેને જોઈ) આવો, કંઈ ખાનગી નથી; ને તેમ હોય તો પણ વળી તમે ને ચંચળ બહેન ક્યાં લોક છો ?

ભાગીરથી—(બેશીને) આજે તો તમને મહેનત આપવાનો વિચાર કરીને જ અમે આવ્યાં છીએ.

ચંચળા—મેહેનત તો ખરી પણ ગમે તેમ કરીને લેવી પડશે; કંઈ ચાલવાનું નથી. (જરા હસે છે.)

વિજયા—મારાથી થઈ શકે એવું જે કાંઈ કામ હશે તે હું જરુર કરીશ. કહો શી મહેનત છે ?

ભાગીરથી—મને મન થયું છે કે કંઈ પણ સારી શીખામણ મળે એવું ગાવાનું તમારી પાસે સાંભળીને શીખવું છે.

વિજયા—ઘણું સારું. એમાં મહેનત શાની ! જો તમારી મરજી હોય તો આપણે નાનપણમાં સામસામા બેશીને ગાતાં, એવા રાગનાં ઉપદેશી ખાંયણાં એમણે હમણાં બનાવીને મને શીખવ્યાં છે. જો તમને પસંદ પડે તો પહેલેથી તે શીખો. એ ઘણાં સારાં છે.

ચંચળા—મારા સમ વિજયાલક્ષ્મિ ! તમે ગાઈ સંભળાવો. મને તો એવાં ખાંયણાં ગાવાની ઘણી જ હોંસ છે. મને તો રાંડને હજી કશુંએ આવડતું નથી. પણ ભલા, મહાદેવમળતો સાંઢીઓ પૂજાય, તે ભાગીરથી ! તમારે લીધે મારાથી પણ શીખાશે. હા બહેન હવે કહો, અમે સાંભળીયે છીએ.

વિજયા—(ધીમે રાગે ગાય છે.)

ખાંયણાં.

શાણી શીખામણ હેતે સમજી રહીએ,
સાંભળે તેને કહીએ, આ સંસારમાં.　　　૧
માત, પિતા, પતિને નિત્ય વા'ણું વાતાં,
હરિગુરુના ગુણ ગાતાં કે નમવું પ્રીતથી.　　　૨
જે કોઈ પૂછે આપણને જે રીતે,
ઉત્તર દઈએ પ્રીતે, કે સુખ બહુ ઉપજે.　　　૩
કઠોર વેણ ન આણો મુખમાં કદીએ,
નમ્ર વચન બહુ વદીએ,[1] કે સર્વ સ્તુતિ[2] કરે.　　　૪

---

૧ બોલીએ. ૨ વખાણ.

જો કોઈ ગાળો આપણને દે દાઝી,
તો પણ સામા બાઝી, ન વઢીએ આપણે. ૫
ખાવું, પીવું ને મિથ્યા હરવું ફરવું,
કુકર્મો કરી મરવું, તે કામ ન આપણું. ૬
આ રે જગતમાં એક જ મોટી ખોડ,
સરખે સરખી જોડ, ન દીઠી કોઈની. ૭
હરતાં ફરતાં હરિગુરુ સંતને સ્મરીએ,
દુર્ગુણ સઉ પરહરીએ[1], કે સુખને પામવા. ૮
જન્મી જગમાં જગજીવન[2] ના જાણ્યું,
મિથ્યા ધુંસરુ તાણ્યું કે ઘરકુટુંબનું. ૯
આ રે શરીરનો જાણ ભરોંસો ખોટો,
જેમ જળનો પરપોટો, કે વાર ન ફુટતાં. ૧૦
આ રે જગતની માયા સર્વે જૂઠી,
એકલાં જાવું ઉઠી, કે સંગ ન કોઈનો. ૧૧
સંગ કરો તો સદ્‌ગુરુકેરો કરજો,
માનમમત પરહરજો, તો સુખ બહુ પામશો. ૧૨
આ રે શરીરે જ્ઞાનનો શણગાર સજીએ,
સદ્‌ગુરુબ્રહ્મને ભજીએ, તો જન્મ સફળ થયો. ૧૩
આ સંસારમાં જન્મીને શું મરવું,
એવું સાધન કરવું, કે જન્મમરણ મટે. ૧૪
આ રે શરીરમાં મન છે શત્રુ મોટો,
ગુરુજ્ઞાનનો સોટો, કે લઇને મારીએ. ૧૫
આ રે શરીરમાં તમોગુણની ટાટી,
બુદ્ધિને નાંખી દાટી, કે સર્વે જીવની. ૧૬
આરે શરીરમાં પાપણી છે એક સુર્તી,[3]
પાડી જગતની મૂર્તિ, કે સઉના ઉરમાં. ૧૭
આ રે શરીરમાં ક્રોધ કુકર્મી દીસે,
ક્ષમાખડ્ગ લઈ રીસે, કે સત્વર મારીએ. ૧૮
સત્ય વચન વદવું એ તપ છે મોટું,
બીજું છે એથી છોટું, કે સર્વે વિચારજો. ૧૯
જૂઠાં વેણ સખી કદીએ ના ભાખો,
હરિગુરુનો ભય રાખો, કે નિત્ય હૃદયમાં. ૨૦

---

૧ છોડી દઈએ. ૨ જેના વડે આ જગત્ જીવે છે તે. ૩ ઇંદ્રિયોવડે જે જે અનુભવમાં આવ્યું હોય તેને યાદ રાખનાર વૃત્તિ.

જે જીવ લોભે પરવસ્તુને[1] જોશે,
સુકૃત સર્વે ખોશે, કે જન્મોજન્મનાં. ૨૧
આ સંસારે લોભ જ પાપનું મૂળ,
મુખપર પડશે ધુળ, જો તે નવ છોડીએ. ૨૨
આ રે શરીરમાં મોટી પીડા આધિ[2],
એથી સર્વે વ્યાધિ,[3] કે આવે દેહમાં. ૨૩
આ રે જગતમાં સઉ જન ના કહે રુડું,
છો કહે રુડું કે કુડું, સત્યે ચાલવું. ૨૪
જીવદયા અંતરૂમાં રાખી રહીએ,
નિર્દયતા ના ગ્રહીએ, કે જન્મી જગવિષે. ૨૫
શત્રુમિત્રને સમદૃષ્ટિથી[4] જોઈએ,
રાગદ્વેષને ખોઈએ, કે સત્ય વિવેકથી. ૨૬
આપણે મુખે આપણી સ્તુતિ ન કરવી,
નિંદાબુદ્ધિ ન ધરવી, કે અંતર્ કોઈની. ૨૭
જેહ મળે તેમાં સંતોષે રહેવું,
માગી ન કોઈનું લેવું, કે સુખની આશથી. ૨૮
લાભ થવાથી મન હરખી ના જઈએ,
અંતર્ દુઃખી ન થઈએ, હાનિ[5] થયા થકી. ૨૯
સંકટમાં પણ હરિનું સ્મરણ ના ત્યજવું,
શુભ આચરણ જ સજવું, કે સુખસંપત્તિમાં. ૩૦
સત્યાચરણે[6] દુઃખ પડે તો સહેવું,
દુરાચરણે ન વહેવું, કે જો સુખ સાંપડે. ૩૧
સંસારસાગર મોહજળેથી ભરિયો,
એ સમ દેખ્યો ન દરિયો, કે પૂર્વાપર[7] કદી. ૩૨
ભવસાગરમાં અન્ય નાવ ના ચાલે,
સદ્‌ગુરુચરણ જો ઝાલે, તો જન સહજે તરે. ૩૩
ભવરણમધ્યે ભય ઝાઝેરો લાગે,
સદ્‌ગુરુભોમિયો આગે[8] ન હોય તો લુંટાઈએ. ૩૪
ઘરમાં રહો કે જંગલ જઈને મા'લો,
સન્માર્ગે[9] જો ચાલો, તો સુખ અતિ પામશો. ૩૫

---

૧ પારકી વસ્તુને. ૨ મનનું દુઃખ. ૩ રોગ. ૪ સરખીનજરથી. ૫ નુકસાન. ૬ સદાચરણે. ૭ આદિકાળથી તે અંતકાળસુધી. ૮ આગળ. ૯ સારે રસ્તે.

જોજો વિચારી ઘરને, તો નથી ત્યજવું,
મમત્વભાવે ભજવું, એ દુઃખનું મૂળ છે. ૩૬
દુઃખના ભયથી ઘર છોડીને ભાગે,
સમજીને ના ત્યાગે, તો સુખ કયાંથી મળે ? ૩૭
ઘરમાં રહીએ ને દુઃખસુખ સર્વે સહીએ,
નિત્યાનંદે વહીએ, તો જન્મ સફળ થયો. ૩૮
કુટુંબ આપણું આખા જગતને જાણો,
છો હોય રંક કે રાણો, પિતા પ્રભુ એક છે. ૩૯
જેના આધારે જગત્ સઘળું થાયે,
જેમાં રહે ને જાયે, તેને બ્રહ્મ જાણજો. ૪૦
આ રે શરીરને પંચભૂતનું જાણો,
આપણું ના પરમાણો,[1] તો ક્લેશ શમી જશે. ૪૧
હું ને મારું જે જન કરતા રહેશે,
દુઃખના ભારા વહેશે, તે જન્મોજન્મમાં. ૪૨
દુષ્ટ જનોનો સંગ સદા પરહરીએ,
અંતર્ નિર્મળ કરીએ, ગુરુશરણે જઈ. ૪૩
અસત્ય જગને સત્ય કરીને જાણે,
અધોમુખ[2] થઈ ખાણે,—કે પડશે નરકની. ૪૪
નરકવિષે પડી અનંત કાળ ગમાશે,
તોપણ મુક્તિ ન થાશે, કે પાપી જીવની. ૪૫
અધર્મી તમે અધર્મે શું ચાલો,
સત્યના માર્ગને ઝાલો, કે યમના ત્રાસથી. ૪૬
યમરાજા તો મૃત્યુને તમે જાણો,
મોજમજા ઘણી માણો,[3] તો અંતે વિમાસશો.[4] ૪૭
અનેક જન્મમાં કીધી સુકર્મકમાણી,
ભોગવી સુખ તે પ્રાણી કે સ્વર્ગસદન[5] જશે. ૪૮
મારું ને તારું કરતાં કરતાં મરવું,
ફરી ફરીને ફરવું, કે ભવના ફેરમાં. ૪૯
ઋદ્ધિ ને સિદ્ધિ મેળવીને શું કરીએ,
કાળ થકી ન ઉગરીએ, સદા એ ત્રાસ છે. ૫૦
પાપનો પૈસો દશ સંવત્સર[6] પહોંચે,
આખર અંતર શોચે,[7] કે દુઃખદારિદ્રયથી[8]. ૫૧

૧ માનો. ૨ ઉંધે આથે. ૩ ભોગવી. ૪ પસ્તાશો. ૫ ઘર. ૬ વર્ષ. ૭ પરિતાપ પામે. ૮ ગરીબીથી.

સુખને અંતે દુઃખ મળે આવીને,
દુઃખ જાશે લાવીને, સુખ નિજ અંતમાં. ૫૨
ધૂપને છાયા વારા ફરતી આવે,
સુખદુઃખ તે પણ લાવે, કે પ્રારબ્ધ[1] સર્વનાં. ૫૩
પૈસો ને પદવી અખંડ કો નથી રહેતું,
સર્વ જુએ છે વહેતું, તોએ નથી ચેતતા. ૫૪
આ સંસાર તો પરમેશ્વરની માયા,
એમ કહે જન ડાહ્યા, તે સમજી માનવું. ૫૫
સંસારમાં શું પ્રીત ઘણેરી બાંધો,
હરિશું[2] મનને સાધો, જો સુખ હોય પામવું. ૫૬
આ જગજનશું પ્રીત કરી ન મ્હોવું,
આખર અંતરૂ રોવું, કે દુઃખના ભાનથી. ૫૭
સુખ ચાહો જગમાં સખિ ! તો આ કરજો,
એક પ્રભુ ઉર ધરજો, ને તરજો દુઃખથી. ૫૮

વિજયા—(ગાઈ રહીને) સદ્‌ગુરુદેવકી જય. આ વિના પણ બીજાં ઘણાં છે. પણ તે જરા અઘરાં છે, એટલે ધીરે ધીરે શીખાશે.

ભાગીરથી—વાહ ! શું મજેનાં ખાંયણાં છે જો ! નર્યો ઉપદેશનો ભંડાર જ છે ને ! રોજ સમજીને સવાર, સાંજ, બપોર ગાયા કરે, તો તેના મનના મેલ બધાએ ધોવાઈ જાય. કેમ ચંચળ બહેન ! ખોટી વાત છે ?

ચંચળા—અરે બહેન ! ખરુ ખોટું જાણવાની મને રાંડને શી ગતિ છે જે ! તમારા એના આગળ હું તો જાણે જંગલમાંનું રોઝ આણ્યું હોય તેવી છું. આટલા દહાડા તો હું મારા મનમાં જાણતી હતી કે મારા ડહાપણનો પાર નથી. કોઈ ગમે તેવું આવે તો તેને હું લેખામાંએ ગણતી નહોતી. પણ હવે રડચું સમજાય છે કે હુ જ કશા લેખામાં નથી. ખરું પૂછો તો નાનપણમાં હુ ખાંયણાં ગાતી'તી પણ તે કેવાં ખાંયણાં ! આવાં, 'હોડીવાળા હોડીવાળા તારી હોડીમાં ખજુર, ફલાણા છે મજુર, કે મારે બારણે'. તે ફલાણાની જગાએ જમાઈનું, બનેવીનું, ભાઈના સાળાનું અથવા બહેનના દિયર કે જેઠનું નામ દઈએ. એમ ખોટા ખોટા લખારા કરતાં. હાય હાય ! આવાં ખાંયણાં ગાયાં હોય તો તો કાયાનું કલ્યાણ જ થાય તો ! પણ ખરે ! વિજયાલક્ષ્મિ ! આજથી મને રોજ બબ્બે ચચ્ચાર ખાંયણાંના બોલ આપતાં રહેજો. એ તો ફરતાંફરતાં, કામ કરતાં ગાવા-

૧ નસીબ. ૨ સાથે.

જેવાં છે. મારા ઘરવાળા તો સાંભળીને ગાંડાઘેલા થઈ જશે. એમને એવું કંઈ ગાઈએ તે બહુ ગમે છે. (પછી બંને જણીઓ ખાંયણાંના બોલ લઈ ગોખતી ગોખતી ઘેર જાય છે).

સઉ સાંજ પડવાથી પોતપોતાના ઘરમાં રાંધવાખાવાની તૈયારી કરવા લાગ્યાં. બહારથી પુરુષો આવ્યા એટલે પરવારીને કથાનો સમય થવા આવ્યો એટલે એકઠએકઠ આવવા માંડયાં. મનોહર તથા વિજયા પણ પરવારીને બેઠાં હતાં.

બાળમુકુંદ—(સઉથી પહેલા આવીને જુએ છે તો કોઈ નથી આવ્યું તેથી) ભતજી મ્હાડાજ! હજુ કોઈ આવ્યું નઠી? ચાલો હું હોકાડો કડટો આવું છું. આપને હવે પડવાડીને બેથા છો કે હજુ વાડ છે?

મનોહર—ના. હું તો પરવાર્યો છું. પણ સારું થયું તમે એકલા જ છો. મારે તમને એક વાનું કહેવાનું છે. બેસો. જુવો દાસ! તમારી બુદ્ધિ સારી છે. તમારાં વાણી બોલવાનાં સ્થાન[1] બધાં સાબુત છે, તે છતાં તમે ત ની જગાએ ટ બોલો છો, ને ટ ને બદલે ત બોલો છો; તે જ પ્રમાણે ડ નો ર ને ર ની જગાએ ડ, થ નો ઠ ને ઠ ને સ્થાને થ વગેરે બોલો છો. એ મને બહુ સારું લાગતું નથી. બીજાને તો હસવા જેવું થતું હશે, પણ તે ઠીક નથી. તેથી તમારી વાણી સુધારવા તમે રાજી છો કે નહિ? જો તમે પોતે ધારશો તો તરત સુધરી જશે. બોલો જોઈએ મો...ટો...બો...ટું...બે...ઠો.

દાસ—(અચકાતાં અચકાતાં) મો...ટો...બો...ટું....બે...ઠો.

મનોહર—હા, હવે કેવું બોલાયું! માટે એ પ્રમાણે હવે સંભાળીને બોલતા જજો, એટલે ધીરે ધીરે સુધારો થશે. બહુ દિવસનો અભ્યાસ પડયો છે, એટલે એકદમ તો નહિ જાય, પણ કાળજી રાખજો.

દાસ—કાલજી તો રાખું છું પન સાલું આ...ડ...ત...પડી...છે તે બોલી જવાય છે.

મનોહર—ફિકર નહિ. આ વખત જ તમે ઘણું સુધારીને બોલ્યા છો. એ તો જલદી સુધરી જશે. જાઓ ત્યારે સઉને હોકારો કરી આવો, એટલે જલદી આવે; પછી રાત્રિ જાય છે. (દાસ જાય છે.)

વિજયા—તમે તો ધણી ધણીયાણી બંનેનો સુધારો કરવા માંડયો–ને શું? પણ ખરે, એ બચારાને બોલ્યા વિના રહેવાતું નથી. ને બોલે છે ત્યારે બોબડું, તે સઉને હસવું તો આવે છે; પણ એમને બંનેને ખોટું લાગે માટે દાબી રાખીએ છીએ. પણ હવે આપની

---

[1] ઠેકાણા, અવયવ.

કૃપા થઈ છે એટલે ધીરે ધીરે બધો સુધારો થઈ જશે. ચંચળનો સ્વભાવ તો આ ચાર દિવસમાં ખરું પૂછો તો બહુ જ સુધરી ગયો છે હો; તોપણ બળ્યો બહુ દહાડાનો પડેલો સ્વભાવ છુટવો બહુ જ કઠણ છે.

મનોહર—(જરા હસતાં) એ બધાંનો સુધારો થવાનો છે, પણ તારો સુધારો થતાં થતાં આંખમાં પીયા આવવાના છે. હજુ તું બોલે છે તે વખતે તારો બળ્યો સ્વભાવ ઝટ આવીને ઉભો રહે છે.

વિજયા—(હસીને) જુઓ આપ એમ કહો છો, પણ આજે ત્રણ ચાર દહાડે એ શબ્દ બોલી હઈશ. ને એમ વારુ છેક એક દહાડે તે બધું શી રીતે મટે ? તમે તો જાણો એક ઘડીમાં મટે તો સારું !

મનોહર—અરે એ વિના પણ તારાં બોલેલાં વાક્યોમાંએ એક સરખો ઢંગ ક્યાં હજી આવે છે ? તોપણ હું તો કહું છું, શાબાશ છે તને કે આજ પાંચ દિવસમાં તારા ઘણા દુર્ગુણો તેં છોડ્યા છે, અને હજુ છોડવા ઉપર તારો પ્રયત્ન પણ જારી છે.

વિજયા—હું આપની કૃપાથી બોલવામાં ઠરીને બોલું, તો તો ઠીક નહિ, પણ આપ મારું હાસ્ય કરી કાઢો છો. અને ઉપરાઉપરી મારા દોષ કાઢો છો, ત્યારે હું ગભરાઈ જાઉં છું. તેથી ઠામઠેકાણા-વિનાનું બોલી જવાતું હશે. પણ હવે ધીરે ધીરે સુધરીશ. કેમકે આપ ઘડી ઘડી મારા દોષ કાઢો છો, તે હું ધ્યાનમાં રાખું છું; અને વળી એકલી બેસું છું ત્યારે પણ હું મારા દોષને મારી મેળે શોધી કાઢું છું. આટલું કરતાં જ્યારે સુધારો નહિ થાય, ત્યારે પછી નસીબનો વાંક ! કેમ ખરું કે નહિ ?

મનોહર—નસીબનો વાંક તો ઠીક જ છે પણ ખરો વિચાર કરીને કાળજીથી ચાલે, તો તેનો સુધારો થયા વિના રહે જ નહિ. મને આશા છે કે બે ચાર માસમાં તારો સારો સુધારો થશે. તું તારા દોષને રોજ જોતી રહેજે. અને કોઈ તારો દોષ દેખાડે, તેનો રોષ રાખીશ નહિ, એટલે થયું; સમજણ પડી કેની ?

વિઠ્ઠલજી—(દાદરે ચઢતાં) કેમ ભટજી મહારાજ ! શું થાય છે ? પરવારીને બેઠા છો કે વાર છે ?

મનોહર—પધારો, હવે કાંઈ વિલંબ નથી. દાસ સઉને તાકીદ કરવા ગયા છે, તે આવે એટલે આરંભ કરીએ. (એટલામાં ભાગી-રથી, ચંચળ વગેરે સ્ત્રિયો તથા પુરુષો આવે છે.)

દાસ—(આવીને બેસતાં) હે વિસંભડ નાડ ! (બેસીને) કેમ વિથ્થલજી ! સી ખબ્બડ છે ?

વિઠ્ઠલજી—તમ દીઠે વધારે ખુશીમાં છીએ. કેમ, સઉ આવી ચુક્યાં કે વાર છે ?

દાસ—આવનાડ ટો સઉ આવી ચુકું છે. એ ટો પેલા ડવાડકાને ને હડજીવનને કહેટો આવ્યો. સાલાઓની ધડમાં બેથાં બેથાં બુદ્ધિ બીગડે. કહ્યું કે અક્કડમીયો ! બબ્બે ઘડી આવટા જાઓ. મઢમાખીની પેથેમ સંસાડમાં સું વલગી રહો છો ? ટારે બોલ્યા કે આવીએ છીએ. મેં કહ્યું, ટમારી ઢાંન પોંચે ટો આવજો બાવા ! અહિં કંઈ જોરજૂલમ નઠી. કેમ ભતજી ! બોલ્યા નહિ ? ખોતું કહ્યું ? જુવો **વિથ્થલજી** ! એ ટો સઉ **ભ**ગવટનો ખેલ છે. ને મનનાં કારન છે. આ ટમારો પરોસી બેટીનો બાપ **ગો**કલ, માંચીમાંનો માંકન, ગઠ્ઠાવૈટરૂ કરીને મરે છે, પન એક દહાડો સુખે બેથેલો મેં જોયો નઠી. સું ટમને વાટ કહું ! હું ટો એતલું જાનુંછ કે ' જબ ડીનોનાઠ કીડપા કડે, ટબ સબ બની આવે.' કેમ **વિથ્થલજી** ! બોલ્યા નહિ ?

વિઠ્ઠલજી—ખરી વાત છે, પણ જુઓ દાસ ! શરીર, મન અને વાણીવડે બીજાનું ભલું ઇચ્છવું એવો સઉનો ધર્મ છે, માટે એને કહ્યું એટલે તમારો ધર્મ તમે બજાવ્યો. હવે તેના ભાગ્યમાં હશે તો આવશે. આવા કામમાં આવવું એ કાંઈ સહેલું નથી. પૂરાં પુણ્ય હોય તો બને છે. હશે. હવે આપણું ચલાવવા દો; આપણો વખત નકામો જાય છે.

દાસ—હા ભાઈ ! બોલો 'સડગુરુડેવકી જે.' (સઉ જય બોલે છે. દ્વારકાદાસ, હરજીવનદાસ, તથા ભીખભુખણદાસને આવ્યા જોઈ) આવો **ભીખભુખનદાસ** ! ટમે પન ખડા ભાએગસાલી છો ટમને પન મેં બુમ પાડી'ટી, પન કોઈ બોલ્યું નો'ટું. બેસો ભાઈ સઉ; આવો વખટ ફડી ફડીને નઠી આવવાનો. કેમ સેઠ ! બોલ્યા નહિ ?

+**હરજીવનદાસ**—જુઓ તમને કહું શેઠ ! આ સંસારનું તમને કહું કેવું કામ છે જો, તમને કહું મરતાં સુધી પન તમને કહું ઉચ્યુ આવવાનું નથી. સાલો 'સઇનો દીકરો જીવે તાં સુધી સીવે' તમને કહું. જુઓ આ સાસતર પુરાન તમને કહું તે પણ બામનો રાત દાહાડો વાંચે છે તમને કહું, પન સઉ નસીબપરમાને સમજે છે, તમને કહું, કેમ દ્વવારકા ! ખોટું છે ?

દ્વારિકાદાસ—હા, જે છે તે કહેવતવાલી વાત. ' નર ડેસ ગયો

+ હરજીવનદાસને વાક્યમાં ઠેકાણે ઠેકાણે 'તમને કહું' એવું બોલવાની, તથા દ્વારિકાદાસને ' જે છે તે ' બોલવાની અને ભીખભુખણદાસને ' તંઇયાડી ' (તહીંઅગાડી) બોલવાની કુટેવ છે.

પરદેસ ગયો, પન ભાયગવના કોડી ના પાયો ' જે છે તે. પરમેસરની કિરપાવિના જે છે તે હજાર ઉપાય કરો, પન જે છે તે પથ્થર-ઉપર પાની. અરે આ જુવોની જે છે તે આ પાંચ ઘરનું છેટું નથી. પન જે છે તે પાંચ દહાડાથી કથા જે છે તે ચાલે છે, પન આજે સેઠે આવીને કહ્યું તારે જે છે તે જાણ્યું. કહ્યું ચાલો બચ્ચા ! સેઠ જે છે તે કહેવા આવ્યા તો જવું જે છે તે. કેમ બીજભુખન ! મેં જે છે તે તમને એ જ કહ્યું કેની ?

બીજભુખણદાસ—હા જ તો. તમે તંઈઆડી મને બૂમ પાડી તારે મેંકું તંઈઆડી જવું જ જોઈએ. બાકી તંઈઆડી હું હમના જ વાલુ કરીને તંઈઆડી ઉઠયો. મેંકું ચાલ તંઈઆડી તંબાકુ ખાઇને જાઉ, તંઈઆડી. જ્યાં પંચ તાં પરમેસડ છે જ. બાકી આજે તંઈ-આડી આખો દહાડો રખડપટ્ટી તહીંયાડી પોંકી છે. પન કહ્યું, ધરમનું તંઈઆડી કઠાનું નામ સાંભલ્યું કે તંઈઆડી કહ્યું ગયા પાકી તંઈ-આડી ના ચાલે. કેમ સેઠ ખરૂ કે ખોટું ?

દાસ—આમ જુવો, એ બઢુંએ ખડું, પન સેઠ માડા, ધડમાં એથાં બુદ્ધિ ધટે છે; માતે આ ભતજીબાવાજેવા સટપુડસનું ડડસન કરવું, ને ટેમના મોંના બે બોલ સાંભળવા, ટેમનો સમાગમ કરટા જવું. આ મારા જેવા સાલા બબુચકપાસે બેસીને સી કમાની ઠવાની છે ? લોકનાં કમડબંઢન ટો છે. ટેહી કહું છું કે જુઓ ' સાથ ઘડી ઘડકી ને બે ઘડી હડકી ' સમજ્યા કેની ? અહિં તો પોટ પોટાનું ટપાસવાની વાત છે ! જુવો, જ્યાં સુઢી આપના ડુરગુનને સોઢીને મેડાન મૂક્યા નહી, ટાંસુઢી સોલે સોતકી કાચી જાનજો. કેમ ડવા-રકા ! સમજન પરી કેની ?

દ્વારિકા૦—હા, જે છે તે સેઠ ! તમે જે છે તે ખરૂં કહો છો.

દાસ—બોલો **સી** કુંજબિહાડીલાલકી જે. માપ કડજો, ભતજી મ્હાડાજ ! મેં આતલી આડકઠામાં સઉનો વખટ ગાલ્યો ટે.

મનોહર—કાંઈ ચિંતા નહિ. પાંચ માણસ મળે ત્યાં એમ પણ હોય છે. બોલો 'સદ્ગુરુદેવકી જય.' (સઉ બોલે છે.) કહો વિઠ્ઠલજી ! કાલે ક્યાંથી રહ્યું છે ?

વિઠ્ઠલજી—' દરેક છોકરીએ વિશેષ કરીને માતાની તથા છોક-રાએ વિશેષ કરીને પિતાની આજ્ઞા પાળવી, તથા બીજી સઘળી યોગ્ય સેવા કરવી; જેથી તેનું આ લોકમાં તથા પરલોકમાં કલ્યાણ થાય છે ' ત્યાંથી રહ્યું છે.

મનોહર—લક્ષ્મી માતા પાછાં બીજે દિવસે કામથી પરવારીને પોતાની છોકરીઓને પાસે બેસાડી મોટી છોકરી સરસ્વતીને કહે છે.

લક્ષ્મી કહે છે, હે દીકરી સરસ્વતિ ! મેં તને ગઈ કાલે માબાપની સેવા છોકરીએ કરવાવિષે ટુંકામાં કહ્યું છે. હવે કહું છું કે જે પ્રમાણે છોકરીએ પોતાના પીએરમાં રહીને માબાપની સેવા કરવી, તે જ પ્રમાણે વિશેષ કરીને સાસરામાં રહીને સાસુસસરાની સેવા કરવી. તેમાં છોકરાએ પોતાના બાપની સેવા કરવી વિશેષ યોગ્ય છે. વહુએ પોતાની સાસુની સેવા માતાના પ્રમાણે કરવી. તે સાસુ આપણા ઉપર માતાના જેટલું હેત ન રાખે, તોપણ આપણે તેનો દોષ જોવો નહિ. કારણ કે સાસુ તથા સસરો એ ધર્મનાં માબાપ છે; માટે તેમના દોષ જોવાથી પાપી થવાય છે.

હે શાણી છોકરી ! માબાપ, તથા સાસુ સસરાવિના બાળપણમાં છોકરીને ગુરુ પણ સેવવા યોગ્ય કહ્યો છે. ત્યાં એવી નીતિ છે કે ઘણું કરીને તો માબાપે દીકરીને વિદ્યા ભણાવવી તથા દરેક કામને શીખવવું, તેથી તે ગુરુપણું પણ માબાપને વિષે જ ઘટે છે. પણ કદાચિત્ માબાપથી તેમ નહિ બને, તો એ છોકરીને કોઈ વિદ્વાન્, ધર્મ તથા નીતિને જાણનાર વૃદ્ધ અથવા ઉત્તર વયના[1] બચરવાળ[2] બ્રાહ્મણને સોંપી વિદ્યા અપાવવી. પણ પ્રથમ અવસ્થાવાળા તથા નીતિધર્મથી રહિત વિદ્વાન્ પુરુષપાસે વિદ્યા ભણવા સોંપવી નહિ. જ્યારે છોકરીને દશ પૂરાં થઈ અગિઆરમુ વર્ષ પ્રવેશ થાય, તે સમયે તો માતાપિતાએ અનેક અગત્યનાં કારણુસર પણ પોતાની પુત્રીને અન્ય પુરુષના સહવાસમાં[3] ન રાખવી. બનતા સુધી તો મૂળથી જ કોઈ ભણેલી તથા ગૃહસ્થનાં ધર્મકર્મને જાણનારી સાધ્વી[4] સ્ત્રીપાસે જ છોકરીને વિદ્યા વગેરે બાબતોની કેળવણી અપાવવી જોઈએ. તે કોઈ ઉપાયથી નહિ જ મળી શકે, તો પુરુષપાસે વિદ્યા અપાવવી; અને અગિયારમુ વર્ષ બેઠા પછી તો જરુર જણાયાથી કુલવતી પતિવ્રતા સ્ત્રીની સાથે વિદ્યા વગેરે સ્ત્રીનાં અનેક ધર્મકર્મને જાણવા તેનો સંબંધ કરી આપવો. જ્યાં સુધી છોકરી ભણતી હોય ત્યાં સુધી તેણે પિતાની પેઠે ગુરુની આજ્ઞા પાળવી, તથા તેમના ઘરનાં સામાન્ય[5] કામકાજમાં પડેથી બનતી સેવા કરવી. અગીયારમું વર્ષ થયા પછી તે લૌકિક વિદ્યાના[6] આપનાર ગુરુની એકાંત દેશમાં રહીને સેવા કરવાનો અધિકાર નથી, માત્ર આપણી માતા તથા સાસુની સમીપ[7] રહી તેમની

૧ ઘરડા. ૨ છોકરાંછૈયાંવાળા. ૩ સોબતમાં. ૪ સારા ગુણુવાળી. ૫ સાધારણ. ૬ વ્યવહારની વિદ્યાના. ૭ પાસે.

આજ્ઞાપ્રમાણે ચાલવું. વૃદ્ધ ગુરુની પિતા તથા સસરાની પેઠે ઘટિત સેવા કરવી.

હે સારાં લક્ષણવાળી ! હવે સ્ત્રીજાતિને આ લોકમાં સેવવા યોગ્ય સર્વેથી શ્રેષ્ઠ પોતાનો પતિ છે; તેની સાથે કેમ વર્તવું, એ વાર્તા મેં ઘણી વખતે તને પાછળ કહી છે, તોપણ ઘણી અગત્યની બાબતને ફરી ફરી કહેવાથી વધારે દૃઢ થાય છે માટે, અને તે આ પ્રસંગને લગતી હોવાથી ટુંકામાં કહું છું, તે તું જરુર ધ્યાનમાં રાખજે. બીજી સઘળી બાબતકરતાં આ વાર્તા ઘણી જ ઉપયોગની છે. જ્યારથી સ્ત્રીજાતિ પતિને સ્વાધીન થાય ત્યારથી તેણે પોતાના ધણીને ઈશ્વરજેવો જાણી તેને વિધિથી પૂજવાનો અભ્યાસ રાખવો. ત્યાં ઘણા અકુશળ મનુષ્યોનું એવું મત છે કે "સ્ત્રીએ પોતાના ધણીઉપર મનમાં પ્રીતિ રાખવી, તેની મરજી સાચવવી, અને તેની આજ્ઞા પાળવી એ જ સેવા છે, જેથી ફૂલચંદન વગેરે સાધનથી પૂજા કરવાની જરુર નથી." પણ આ તેમનું મત પુખ્ત વિચારનું નથી. માત્ર કાચી બુદ્ધિવાળાં માણસનો આ વિચાર છે. તેથી કુળવાન્ વિચારવાને એ મતને પ્રમાણ[1] અથવા કિમતી જાણવો નહિ. અને વિધિથી પૂજા કરવાનો દરેક કુળવતી સ્ત્રીએ નિયમ રાખવો. હવે સરસ્વતિ ! એ વિધિથી પૂજા કરવામાં જે લાભ છે, તે પણ ટુંકામાં કહું છું તે તું લક્ષમાં રાખજે.

સહુથી પહેલાં તો પતિની સમીપ જઈ પૂજા કરવાથી તે પતિનો મનમાં ડર હોય છે, તે ભાગી જાય છે, તથા ધીરે ધીરે પરસ્પરને બોલવાનો મહાવરો થાય છે, તથા એક બીજાના ઉપર મૂળથી જ પ્રીતિની દૃષ્ટિ બંધાઈ જાય છે, તથા એક બીજાના ગુણદોષની સમજણ પડે છે, તથા ધણીનો તથા સ્ત્રીનો કેવો અને કેટલો નજીકનો સંબંધ છે તે જણાય છે, તથા પૂજા કરનાર સ્ત્રીની વૃત્તિઓ રોજ ધણીના અભિમુખ[2] રહે છે; તેમ જ કોઈ કારણસર એક બીજાને બોલચાલ થઈ હોય, અને તેથી એક બીજાને ક્રોધ ચઢ્યો હોય તોપણ, 'પૂજા કરીને ખાવું, નહિ તો નહિ' એવો તે સ્ત્રીનો નિયમ હોય છે, માટે તે સ્ત્રીને પૂજા કરવાની તથા તે પતિને કરાવવાની જરુર પડે છે અને જ્યારે તે સ્ત્રી પૂજા કરે, ત્યારે તેણે અંતમાં પોતાના ધણીને વિનયથી પગે લાગવું પડે છે, તે વખત સ્ત્રીનો જબરો રોગ સ્ત્રીએ મુકવો પડે છે; અને વિનયથી નમનાર તે અબળાઉપરનો તે કુળવાન્ પતિનો પણ ક્રોધ ઉતરી જાય છે, કારણ કે ગરીબીથી આ

---

૧ ખરો. ૨ તરફ.

જગતમાં સહુને વશ કરી શકાય છે. વળી હે સરસ્વતિ ! પૂજા કરવાના નિયમથી તે સ્ત્રીપુરુષની એકબીજા તરફ દોરાએલી વૃત્તિઓ રહેવાથી ધીરે ધીરે એકબીજાના સ્વભાવ મળતા આવે, એવો ગુણ બંધાતો જાય છે; જેથી પાછળથી તેમનો મજબૂત થયેલો પ્રેમ કોઈ દિવસ પણ તૂટતો નથી. 'પૂજા નહિ કરવી' એવા મતના ઓછી બુદ્ધિના માણસોનો વિચાર ભૂલ ભરેલો છે. કારણ કે મૂળથી તો આપણા લોકના રિવાજ પ્રમાણે ચોકસ વિચાર કર્યા વિના છોકરા છોકરીને પરણાવવામાં આવે છે તેથી તેમજ તેમનું પુખ્ત વય થતાં સુધી એકબીજાને મળવા અથવા બોલવાનો પણ અભ્યાસ હોતો નથી તેથી, તેમની વૃત્તિઓ નિકટ સંબંધથી બંધાતી નથી; અને પાછળથી સહવાસ થાય, ત્યારે બંનેના ગુણ, પ્રકૃતિ[1] તથા કેળવણી જુદી હોવાથી એકબીજાને અનુકૂળ ભાગ્યે જ પડે છે, અને ગુણ તથા પ્રકૃતિ મળતાં આવતાં નથી, તેથી એકબીજાને વારંવાર વિરોધ[2] થાય છે; અને વિરોધ થવાથી પરસ્પરને બોલવાનો પ્રસંગ આવે છે. તેમાં પુરુષની સત્તા પોતાના ઘરમાં હોવાથી બળવાન્ છે, અને પારકા ઘરમાં આવેલી તે સ્ત્રીની સત્તા નિર્બળ છે, તેથી તે પુરુષ અબળાને મારે છે, તથા કઠોર વચનો કહે છે, તથા ન સહન થાય એવી ગાળો પણ દે છે; જેથી ઉપાયવિનાની તે સ્ત્રી સહન કરે છે, પણ તેનું મન મૂળથી એકતાને નહિ પામેલું હોવાથી તેના ઉપર રોષ રાખે છે; અને એક વાર મન ખેદ પામે છે, તેનો વિરોધી સંસ્કાર[3] તેના મનમાં બંધાઈ જાય છે; જેથી વારંવાર તેવો વિરોધ થવાનો પ્રસંગ આવે એટલે તેના મનમાં પડેલી છાપ પાકી થતી જાય છે. હે દીકરી ! આ જગતમાં મોટામાં મોટા પડેલા ઘા ઓસડથી રુઝે છે, પણ કડવા વચનથી પડેલો ઘા કોઈ ઉપાયથી રુઝાતો નથી. તેથી રોજ કઠોર શબ્દો તથા ગાળ ખાનારી અબળા પોતાના મનમાં ઘડી ઘડી ખેદ કરે છે, એકાંતમાં રડીને શોક કરે છે. તથા પોતાના પતિનું ભુડું ઇચ્છીને તેના ઉપર વૈર બાંધે છે. પછી તે વૈર અનેક કારણથી વધે છે, એટલે એકબીજાની પ્રીતિ છેક ઓછી થતાં એક બીજા સાથે ક્રોધમાં આવીને અણઘટતા શબ્દો બોલે છે. તેથી તે પતિ ગુસ્સે થઈને આખરે તે સ્ત્રીને મારે છે; અને એ પ્રમાણે અનેક વાર માર ખાનાર સ્ત્રી નિર્લજ્જ[4] તથા નિર્ભય[5] થઈ જાય છે. તેથી તે પોતાની મરજી પ્રમાણે નઠારે રસ્તે ચાલે છે; જેથી પરિણામે

૧ સ્વભાવ. ૨ લડાઈ. ૩ મનમાં રહી ગયેલી છાપ. ૪ લાજવિનાની. ૫ બીકવિનાની.

તે પુરુષ તેને પોતાના ઘરમાંથી મારીને કાઢી મૂકે છે. આથી લોકમાં બંનેની ફજેતી થાય છે, એટલું જ નહિ પણ બંને જણ નઠારે રસ્તે ચાલનાર થવાથી બંને કુળનાં સઘળાં માણુસો આ લોકમાં [1]અપકીર્તિને પામે છે, અને મુઆ પછી નરકમાં પડે છે. માટે હે દીકરી ! હું એ જ કહું છું કે કુળવાનની છોકરીએ તો પોતાના ધણીની વિધિથી પૂજા કર્યાવિના સાસરે રહેતાં સુધી જમવું નહિ એવો નિયમ રાખવો જોઈએ. જ્યારે આપણો પતિ દૂર દેશ કે ગામ હોય ત્યારે, તથા આપણે પૂજા કરવાને અયોગ્ય અવસ્થામાં હોઈએ ત્યારે માત્ર પૂજા કર્યાવિના મનમાં આપણા પતિને સંભારીને તેને મનથી પગે લાગીને જમવું, પણ પાસે હોય ત્યાં સુધી તો ગમે તેમ થાય પણ પૂજા કર્યાવિના જમવું નહિ. હે સરસ્વતિ ! સ્ત્રીપુરુષનું મૂળથીજ સરખા વિચાર તથા રૂપગુણનું જોડું તો સંસારમાં લાખે કે કરોડે એકાદ ભાગ્યે જ મળી આવે છે. તેથી સઘળાં બૈરાંને મૂળથી ધણીઉપર મનમાં પ્રીતિ રાખવા વગેરે ઉત્તમ ગુણો આવતા જ નથી. માટે તેમણે પૂજા કરવાનો નિયમ રાખવો જરુરનો છે. વળી જે ધણી પૈસાવાળો હોય, શરીરે સુખી હોય, સ્ત્રીને ઉચા પ્રકારનાં લૂગડાં ઘરેણાં વગેરેથી સુખ આપતો હોય, તથા સ્ત્રીની મરજી સાચવતો હોય તેના ઉપર સ્ત્રીની પ્રીતિ જણાય એમાં કાંઈ નવાઈ નથી, કેમકે પોતાની મરજીપ્રમાણે પૂરું પાડનાર પતિઉપર તો સઘળી સ્ત્રી પ્રીતિ કરે છે. પણ જ્યારે તેજ પતિ એ સ્ત્રીની ઇચ્છાપ્રમાણે સુખ આપી શકતો નથી, ત્યારે તે સ્ત્રીના કુળવાનપણાની તથા પ્રીતિની પરીક્ષા પડે છે. આ લોકમાં કેટલાક કાચી બુદ્ધિના પુખ્ત તથા કાચા વયના પુરુષો પોતે સ્ત્રીને અનુકૂળ ચાલે છે, તેથી તે સ્ત્રી જ્યારે તેમના ઉપર પ્રેમ દેખાડે છે, ત્યારે તે અવિચારી માણસ એમ મિથ્યા માની લે છે કે મારી સ્ત્રી મારા કહ્યાપ્રમાણે ચાલે છે, અને મારા ઉપર પ્રીતિ રાખે છે. એ માનવું કેવું છે કે જેમ સૂકું હાડકું કૂતરું દાંત મારીને ચાવવા જાય છે, ત્યારે તે કૂતરાના પોતાના મુખમાંથી લોહી નીકળે છે, તે લોહીનો તે સ્વાદ લે છે, અને હાડકાને વારંવાર ચાવે છે, અને એમ માને છે કે આ હાડકામાંથી લોહી મને મળે છે; આ જેમ સૂકા હાડકાને ચાવનારું કૂતરું પોતાના લોહીને ચાટી સુખદાતા માને છે, તેમ આ મૂર્ખ માણસ પોતે સ્ત્રીને અધીન[2] ચાલીને પ્રીતિ દેખાડીને અનેક દુઃખ સહન કરે છે, અને ભૂલથી એમ માને છે કે એ મારા હૂકમમાં રહીને પ્રીતિ રાખે છે. આ પ્રમાણે માનનાર પુરુષ જ્યારે તેની ઇચ્છા—

---

૧ ગેરઆબરૂને. ૨ તાબે.

પ્રમાણે ચાલવા શક્તિવાન્ નથી હોતો, ત્યારે તે માથે ચઢાવેલી મૂર્ખ સ્ત્રી એને ન સહન થાય એવાં અનેક પ્રકારનાં દુ:ખ દે છે, તથા અપ્રીતિ દેખાડે છે; તોપણ એ મૂર્ખ ચેતતો નથી, અને કદાચિત્ ચેતે છે, તોપણ પંહેલેથી બગડેલી કેટલીક વાતનો પછી દુ:ખે કરીને પણ સુધારો થતો નથી. આખો જન્મ પસ્તાવો કરીને તે મોતને જ પામે છે, અને તેવી સ્ત્રીઓ પણ અનેક પાપ કરે છે, તથા અનેક દુ:ખો ભોગવી મરણપછી પણ નરકમાં દુ:ખને જ ભોગવે છે. માટે હે કુળદીપક[1] દીકરી ! તું તો જ્યાં સુધી પતિના સમીપ હોય ત્યાં સુધી તેમની પ્રસન્નતાપ્રમાણે વિધિથી અથવા તો ટુંકામાં પણ રોજ પૂજા કરજે. ત્યાં વિધિથી એટલે પાટલો વગેરે ચોખ્ખું આસન તથા સઘળો સામાન તૈયાર કરીને પતિની અનુકૂળતાપ્રમાણે તેમને વિનતિ કરી બોલાવવા, તે આસનઉપર બેસાડીને પ્રથમ જમણા પગનો અંગુઠો ધોઈને તે જળ પીવું, પછી ચંદનને પગે, મસ્તકે અથવા કપાળે વાવું,[2] તથા ફૂલને ચઢાવવાં. ધૂપ અને દીવો તો પહેલેથી તૈયાર કરી જ મૂકેલા જોઈએ. પછી પૂજા થઈ રહી કે જમવાની થાળ આગળ મૂકી પ્રીતિથી જમાડવા. જમાડ્યા પછી મુખવાસ એટલે પાનસોપારી વગેરે જે હોય તે આપવું, અને પછી તેમના [3]ઉચ્છિષ્ટસહિત તેમની આજ્ઞા માગીને પ્રસન્ન ચિત્તથી જમવું. હે દીકરી ! જ્યારે પતિની પ્રકૃતિ અનુકૂળ ન હોય, અથવા કામની ઉતાવળ હોય તો ચંદન, પુષ્પ, ધૂપ, દીપ વગેરેની કાંઈ વધારે જરુર નહિ રાખવી. માત્ર ચરણોદક[4] લેઈને થાળ જમવાની મૂકીને નમસ્કાર કરવો, અથવા ખરી અડચણે દૂરથી માત્ર નમસ્કાર કરીને પછી આજ્ઞા માગી જમવું. આ ટુંકામાં પૂજનનો વિધિ જાણવો.

હે સદાચરણવાળી ! આ સંસારમાં આપણે અબળા જાતિને પતિવિના સઘળા વ્યવહારસુખનું કારણ, બીજું કાંઈ જ નથી. માટે પરમાર્થસુખના સાધક[5] સદ્ગુરુ તથા પરમેશ્વરને જે જે પ્રકારે સેવવામાં આવે છે, તે પ્રમાણે આપણે વ્યવહાર સુખના સાધકે[6] પોતાના ધણીને ઘણી પ્રીતિથી સેવવા જોઈએ. ધણીએ પોતાના સેવકરૂપ સ્ત્રીસાથે કેમ ચાલવું, વગેરે વાર્તા આગળ પતિના સેવ્યના ધર્મમાં કહીશ. પણ હમણાં તો તારા ધર્મને તું બરાબર જાણીને તેને પાળનારી થજે, નહિ તો આ અમારી કરેલી સઘળી સેવા ફોકટ જઈને તું અધોગતિએ એટલે દુ:ખને આપનારા નીચ લોકને પામીશ, એટલું

---

૧ કુળના દીવારૂપ. ૨ લગાડવું. ૩ એંઠું. ૪ ચરણ ધોએલું પાણી. ૫ સાધી આપનાર. ૬ સાધનારે.

જ નહિ, પણ આખા કુળને લાંછન લગાડનાર થઇશ. માટે હે સુપુત્રિ ! તું સાવધ રહી આ મારા વચનોને ત્યજીશ નહિ.

રોજ સવારમાં ઉઠીને પતિને પગે લાગીને સાસુ હોય તો તેની મરજીપ્રમાણે કામમાં પ્રવેશ કરવો, અને સાસુ ન હોય તો આપણે સ્ત્રીજાતિએ કરવાનાં સઘળાં કામને કરવાં. ત્યાં સૌથી પહેલાં પોતાના કેશને સમારી બીજા કામમાં લાગવું. આપણે સ્ત્રીજાતિએ ચોટલો છૂટો મૂકીને કદાચિત્ પણ ફરવું નહિ, કારણ કે છૂટો ચોટલો મૂકી ફરનાર સ્ત્રીના મસ્તકઉપર યમના દૂતનો વાસો રહે છે. વળી છૂટા ચોટલામાંથી વાળ ખરે છે, તે વખતે પાણીમાં, લોટમાં, કે બીજા ખાવાપીવાના પદાર્થોમાં ઉડીને પડે છે, અને તે માણુસના ખાધામાં આવે છે, તો પ્રસંગે ગળામાં ખાંસી વગેરે રોગોને પેદા કરે છે. તેથી ચતુર સ્ત્રીએ તો અંબોડો વાળ્યાવિના ઘરમાં કે બહાર ફરવું જ નહિ. છૂટે ચોટલે ફરવાની ચાલ નીચ લોકને કદાપિ રુચે તો ભલે પણ આપણુને ઘટતી નથી. વળી હે દીકરી ! આપણો સ્ત્રીઓનો એવો સ્વભાવ છે કે જ્યારે માથું ચોળીએ છીએ ત્યારે જ્યાંસુધી વાળ ભીના હોય છે, ત્યાંસુધી સૂકવવાના વિચારથી તેને છૂટા મૂકી ફરીએ છીએ; પણ તે વધારે સારું નથી. નાહ્યા પછી એક સ્થળે બેશીને અથવા ઉભાં રહીને કોરા વસ્ત્રથી સારીપેઠે વાળને લૂછવા, અને પછી તરત એક લટને ગાંઠ બાંધી રાખવી, અને જ્યાં સુધી તે જગાથી આઘાં પાછાં ન જઈએ, ત્યાંસુધી સઘળા વાળ છૂટા મૂકવા. પણ જ્યારે આજુબાજુ કામમાં પ્રવેશ કરીએ, ત્યારે પોચો અંબોડો વાળી ફરવું, અને એક છૂટી લટને ગાંઠ બાંધી રાખવી. વળી એક જગાએ બેશીએ, ત્યારે કેશને મોકળા કરી સૂકવીએ. આ રીત સારી છે. પણ આખો દિવસ છૂટે ચોટલે ઘરમાં ફરવું તથા સઘળું કામ કરવું, એ રીત બહુ જ નઠારી છે. માટે હે દીકરી ! તું સંભાળીને ચાલજે.

પોતાનાં શરીરનાં દાતણપાણીવગેરે કામથી પરવારીને ચોકશાથી કચરા વાળવા, વાસણ માંજવાં, પાણી ગાળવાં, રસોઈ કરવી, સર્વને જમાડવાં વગેરે સઘળાં કામ તને પાછળ કહ્યા પ્રમાણે ઉત્તમ રીતે કરવાં; અને જો આપણું ગરીબ સાસરું હોય, તો દળવું, ખાંડવું વગેરે મહેનતનું કામ પણ કરવાનો અભ્યાસ રાખવો. એથી પણ શરીર કસાઈને મજબૂત થાય છે. એ પ્રમાણે ઘરનાં સઘળાં કામ કરતાં છતાં વારંવાર આપણા ધણીની પ્રીતિ શી રીતે વધારે થાય, એવા વિચારને કરતા જવું; તથા પતિને જોઈતાં જરૂરના કામને તેમની મરજીપ્રમાણે કરી આપતાં જવું; આળસ તો બિલકુલ રાખવું નહિ.

નવરાશનો વખત મળી શકે એમ હોય તો પતિપાસે બેશી પ્રીતિનાં વચનથી તથા અનેક ઉપાયથી તેમનું મન આનંદ પામે એવી રીતે કરવું, કારણ કે પુરુષને ઘર ચલાવવામાં જેવું સંકટ છે, તેવું બીજા કોઈને નથી. સઘળા સંસારતાપથી તપેલા તે આપણા પતિને દરેક વાતમાં ધીરજ આપતાં તેને અનુકૂળ રહીને હાસ્યવિનોદ એટલે પ્રીતિવડે હસી બોલીને તેમનું મન સંતોષને પમાડવું. આ જગતમાં પ્રીતિપાત્ર[1] સ્ત્રી તથા બાળક, પુરુષના મનના સઘળા જુજ પરિતાપને મટાડી શાંતિનાં આપનાર છે. માટે તેમને સુખ ઉપજે તેમ જરૂર કરવું. કેટલીએક મૂર્ખ સ્ત્રીઓનો એવો સ્વભાવ હોય છે કે પોતાના પતિને દુઃખના સમયમાં ઘણો તિરસ્કાર કરે છે, તેની પાસે પ્રીતિથી બેસતી નથી, અને તેને થતી પીડા મટાડવા પ્રીતિથી ઉપાય પણ કરતી નથી, તથા તેના કમાએલા પૈસાને પણ પોતાને કબજે રાખીને તેને દુઃખના વખતમાં તે પૈસામાંથી બિલકુલ ખરચ કરવા દેતી નથી, તથા તેના પરિતાપને શમાવનારાં પ્રીતિનાં વચનો પણ બોલતી નથી, તથા તેની મરજી સાચવી સેવા પણ કરતી નથી; પણ ઉલટી તે પાપણી પોતાના મનમાં એવા વિચાર કરે છે તથા તેને મુખે આવી કહે છે કે જુઓ, આ તમારો મંદવાડ તો કેમે કર્યો મટતો નથી. આટલા આટલા દહાડા થયા, પણ એવુંને એવું! રડયો આવો મંદવાડ તો કોઈનો જોયો નથી! તમે તો જનમના માંદા રહ્યા તે જરાસુધી[2]. તમારા મંદવાડનો કંઈ પાર આવવાનો નથી. આ બે મારી જણસો છે, તેએ બળી, એમાં ને એમાં પૂરી થવાની ને ચારે દહાડે તમારું માથું દુખ્યું તે દહાડે આ છોકરીની ને મારી રાંડની માહી વલે છે! ના, ના, ઘરમાં તે કંઈ પૈસા વિયાય છે? એક વરસે પૂરું કમાવાનું નહિ ને ચાર વરસ ખાટલે પડીને ખાવું, એ તે રાંડનું શી રીતે પહોંચે? આ છોકરાનાંએ નસીબ ફુટેલાં છે. કોઈ શું કરે! આ ઘરમાં ફલાણું નથી, ઢીકણું નથી, વગેરે દુષ્ટ વચનો—દુઃખનો વધારો થાય એવાં—બોલે છે, પણ તેને ધીરજ આપતી નથી. વળી કેટલીક દુષ્ટ સ્વભાવની શંખિનીઓ તો આથી પણ એવાં કઠોર વચનો બોલે છે કે આ તું તો મરવા પડયો છે, તે તને કંઈ આગળ પાછળનું ભાન છે કે રાંડને આ કરતાં કેમ થતું હશે? કંઈ તારી પછાડી અમારે સઉને મરવાનું નથી! તું જનમનો માંદો તે મારી છાતીએ બળતી હૈયાસગડી જેવો? મુઓ મરતો નથી ને માંચો મૂકતો નથી? કમાવા જવું પડે એટલે માંદા થઈને પડયા. પણ આ ઘરમાં હોળી ઉઠી છે, તેનું કંઈ ભાન છે?

૧ પ્રીતિ કરવા યોગ્ય. ૨ ઘડપણ.

ઘણુાએ માંદા પડે છે, પણુ આવા રહ્યા રોજના માંદા તે કેમ ખમાય ? મરે તોએ છૂટકો થાય કે સુખે બેશીએ તો ખરાં. આ વગેરે છાતીતોડ વચનો બોલીને તેના સામુ પણુ જોતી નથી, તો સેવા કરવાની શી આશા ? હે દીકરી ! આવી દુષ્ટ સ્ત્રિયોને સાપણી જાણુવી. તેને ઘરમાં રાખીને પાળવી પણુ ન જોઈએ. તોપણુ બિચારો સંસારભારને વહેનારો બળદિયાસરખો પુરુષ તેના ઉપરથી મમતાને મૂકતો નથી, અને પાછો મજુરી કરીને મરતાં સુધી સુખને સ્વપ્નામાં પણુ જોતો નથી. ધિક્કાર છે એવાં સ્ત્રી તથા પુરુષોને ! એમના કરતાં તો પશુનો જન્મ પણુ સારો કે ઝાઝું કરીને એક બીજાને અન્નવસ્ત્રની કાળજી રાખવાની નથી. આવાં સ્ત્રીપુરુષ સંસારમાં હોય છે, તેનું કારણુ સારી કેળવણી નહિ એ જ છે, બાકી જે છોકરો અથવા છોકરી સઉથી પહેલાં ઉત્તમ માબાપના હાથથી કેળવાયાં છે, તથા ગુરુના હાથથી કેળવાયાં છે, તથા પછી સદ્ગુરુને શરણુ થયાં છે, તેમનામાં આવા વિચાર સ્વપ્ને પણુ ઉઠતા નથી,.. અને પોતપોતાના ધર્મ જાણી પરસ્પર પ્રીતિથી રહી આખો જન્મ સુખમાં અને આનંદમાં જ કાઢે છે; પછી તે ગરીબ હોય કે પૈસાદાર, પણ મરતાંસુધી પોતાના ધર્મને છોડતાં નથી. એવાં માણસો પરમેશ્વરની પ્રીતિ મેળવીને આ દુઃખના ભરેલા સંસારદરિયાને તરી જાય છે. માટે હે દીકરી ! આ મારાં શીખામણનાં વચનને મરતાં સુધી ભૂલીશ નહિ, અને પતિને ઈશ્વરની પેઠે પ્રીતિથી પૂજજે.

માત્ર પૂજા કરવી એ જ પતિની પ્રીતિ મેળવવાનો ઉપાય છે એમ નથી, પણુ સર્વ પ્રકારે તેમની મરજી સાચવવી. તેમનું મન કદી પણુ નારાજ થાય એવું કરવું નહિ. પતિએ શરીરથી કરવાનુ કામ કહ્યું હોય, અને આપણું શરીર સારું ન હોય તો ઘણી નમ્રતાથી તેમને કહેવું કે ' મારા શરીરને આજ અસુખ છે, માટે આ કામ મારાથી થઈ શકતું નથી, તે આપ ક્ષમા કરજો. ' અથવા એ જ પ્રમાણે કામ ન થવાનું બીજું જે કાંઈ કારણુ હોય તે કારણુ જણુાવીને દીનતા[1] દેખાડવી. પણુ કુળવતી અબળાએ પ્રાણુ જતાં સુધી પણુ પોતાના ધણીઉપર ક્રોધ કરવો નહિ, તથા રોષ રાખીને તેમના સામે મોં ચઢાવવું નહિ, તેમ જ વિરોધ મનમાં રાખવો નહિ, અને ઉપર દેખાડવો પણુ નહિ. કારણ કે આપણા સર્વ વ્યવહારસુખને આપનાર પતિને ઈશ્વરની પેઠે જાણ્યા છતાં જો તેમના ઉપર આપણે વિરોધભાવ દેખાડીએ, અથવા મનમાં ધરીએ, તો

૧ ગરીબી.

આપણી કરેલી પૂજા વગેરે સેવા ફોકટ જાય છે, અને અપરાધી થઈએ છીએ. માટે હે શાણી સુતા ! સહુથી અગત્યની વાત પતિની દરેક મરજી સંભાળવી એ છે. તેમાં તું આળસ કે અભિમાનથી કોઈ દિવસ પણ ચૂક કરીશ નહિ.

આ પ્રમાણે ધણીની સેવા કરતાં છતાં તે ધણીના દોષ કે અવગુણ આપણા જાણવામાં આવે તો તેથી તેને અપરાધી ગણી તિરસ્કાર કરવો નહિ, પણ બને તેવી યુક્તિઓ રચીને તે પતિના દુર્ગુણ છૂટે એવો પ્રયત્ન કરવો. પણ તેનાથી વિરોધ કરીને અધર્મથી સુખ મેળવવાની પાપરૂપ ઇચ્છા આપણે સ્વપ્નમાં પણ રાખવી નહિ. કારણ કે પાપબુદ્ધિનાં માણસ કદાપિ તરત સુખને દેખે અથવા માની લે, તોપણ થોડા વખતમાં તે પાપીને પાપનું ફળ દુઃખ આવે છે તે જન્મસુધી હટતું નથી, એટલું જ નહિ પણ જન્મોજન્મ નડે છે. માટે રોજ સવારમાં ઉઠીને પરમેશ્વર તથા પતિપાસે એ જ માગવું કે મને માઠી બુદ્ધિ આપશો નહિ. આવી રીતે ચાલનાર સેવકરૂપ સ્ત્રી જરૂર પતિની પ્રીતિપાત્ર થાય છે.

હવે હે દીકરી ! જ્યારે આપણને પ્રજા થાય, ત્યારે તે છોકરા તથા છોકરીરૂપ પ્રજા સાથે વર્તવાના માબાપના ધર્મને પણ ટુંકામાં કહું છું. ત્યાં છોકરાં પ્રતિ માતાપિતાનો ધર્મ એવો છે કે જ્યારે છોકરાં સમજવાયોગ્ય વયનાં થાય, કે તરત તેમને પોતપોતાના ધર્મને અનુસરીને ચલાવવા માંડવાં. ત્યાં કેટલીક મૂર્ખ માતા તો છોકરું બોલવા શીખે કે તેની પાસે તેના બાપને ગાળો દેવડાવે છે, અને કામ પડેથી તારા બાપને આમ કહે, તેમ કહે એવા ખોટા શબ્દો શીખવી બાપના સામે બોલાવે છે. તે જ પ્રમાણે ઘણા અક્કલવિનાના બાપ હોય છે તે હેત દેખાડવાનિમિત્ત[1] છોકરાંને શીખવે છે કે "તારી માને કહે કે રાંડ બોડી ! રાંડ ગધેડી !" આવા નઠારા બોલો બોલાવે છે અને એક બીજાસાથે નીતિથી ચલાવતા નથી. વળી મા છોકરાંને શીખવે છે કે 'જા તારા બાપને માર;' ને બાપ શીખવે છે કે 'જા તારી માને માર.' આમ થતાં તે છોકરાં મૂળથી જ માબાપને મારવાની કેળવણી લે છે; તે પછી મોટાં થાય છે ત્યારે ખરેખર મારે છે, અને તે મૂર્ખા માબાપ પાછળથી રડે છે; ને છોકરાનો વાંક કાઢે છે કે આ નઠારાં ઉઠયાં. પણ મૂળ પોતાની ભૂલને જાણતાં નથી. વળી એ જ પ્રમાણે આડોશીપાડોશી ને સગાંવહાલાંને મારવા તથા ગાળ દેવાનું શીખવે છે, અને તે છોકરાં તેમ

૧ હેત દેખાડવાને બહાને.

કરે છે, ત્યારે સામાં રાજી થાય છે. આ ટેવ બહુ જ ધિક્કારવાજોગ છે. માટે કુળવાન્ માબાપે પોતાનાં છોકરાંને આવી કુટેવ પાડવી નહિ.

હે સારી સમજણવાળી છોકરી! કુળવાન્ માબાપે તો પોતાનાં છોકરાંને સમજણ આવવા માંડે ત્યારે માએ, છોકરાંને બોધ કરવો કે 'જા હાથ જોડીને તારા બાપને પગે લાગ.' 'લાંબો ભોંયપર સૂઈને પગે લાગ.' 'હાથ જોડી પગઉપર માથું મુક.' એવો બોધ જ કરવો એમ નહિ, પણ તેની પાસે રોજ સવાર સાંજ તે પ્રમાણે કરાવવું; અને બાપે તે છોકરાંને શીખવવું કે 'આ પ્રમાણે જા તારી માને હાથ જોડીને પાયે પડ.' આમ પરસ્પરનું માન વધારીને છોકરાંના મનમાં મૂળથી જ [1]પૂજ્યબુદ્ધિનો ઉદય[2] કરવો જોઈએ; તથા બોલતાં આવડે ત્યારે તેને નઠારા શબ્દો નહિ શીખવવા, પણ પરમેશ્વરનાં નામ શીખવવાં, કે જેથી આખો દિવસ તે કલ્યાણકારી[3] શબ્દોના ઉચ્ચારથી તેની વાણી તથા મન ધીરે ધીરે સુધરીને પવિત્ર એટલે દોષરહિત થાય. એ જ પ્રમાણે માબાપે પોતાનાં સગાં તથા પાડોશી વગેરેની સાથે નઠારી વર્તણુક ન શીખવતાં તેમના દરજ્જા પ્રમાણે વર્તવા તેમને ફરજ પાડી શીખવતાં રહેવું; જેથી તેની બંધાતી બુદ્ધિ જ સારા પાયાઉપર રચાય છે, અને અંતસુધી પણ તેવા સારા જ સંસ્કારવાળી[4] રહે છે. વળી હે સરસ્વતિ! તે છોકરાંને સમજણ આવતી વખતથી જ માએ બાપની તથા બાપે માની પૂજા કરતાં શીખવવું જોઈએ. રોજ સવારમાં છોકરાં નહાય કે તરત તેમને પૂજા કરવાની ટેવ પાડવી. પૂજા કર્યાવિના ખવાય નહિ એવો નિશ્ચય તેમના મનમાં દૃઢ સ્થાપવો; જેથી તેમને અભ્યાસવડે માબાપમાં ઇષ્ટબુદ્ધિ અથવા પૂજ્યબુદ્ધિ દૃઢ થાય છે. જો બાપે છોકરાંને કોઈ કામ કરવાનું કહ્યું અને તે આડું થાય, તો માએ તેનું ઉપરાણું લઈ બાપની આજ્ઞા ભંગ કરવાની ટેવ શીખવવી નહિ. પણ તે બાળકને શીખવી, સમજાવી, તથા ભય દેખાડી યુક્તિથી તેની પાસે તે પિતાની આજ્ઞા જરુર પળાવવી; અને તે જ પ્રમાણે માનું વચન પાળવાને પિતાએ છોકરાંને જરુર શીખામણથી કેળવવાં જોઈએ. જો માનું વચન ન પાળીને છોકરું બાપના પક્ષમાં[5] જાય, તો બાપે તેની હઠને મદદ આપવી નહિ; અને બાપના સામે થઈને છોકરું માતાપાસે આવે, તો તેણે પણ તે છોકરાના મતને ટેકો આપવો

૧ આ પૂજા કરવા યોગ્ય છે એવી. ૨. ઉત્પન્ન કરવી જોઈએ. ૩ સુખ કરનારા. ૪ અસરવાળી. ૫ તરફેણ.

નહિ. આ સમજ્યું છતાં વખત બેવખત બાળક ન માને એવી હઠ કરે, તો માબાપે તેને નિર્દય થઈ મારવું નહિ, કે ગાળો દેવી નહિ; પણ જરા વખત જવા દઈને પાછું સમજાવી તે કામ કરાવવું, નહિ તો પગે લગડાવીને માફ માગતાં શીખવવું. પણ આપણું વચન ન પાળ્યું એમ જાણી ક્રોધથી તેના ઉપર બેદરકારી દેખાડવી નહિ, તેમ જ માર તથા ગાળ દેવાની ટેવ પણ રાખવી નહિ. આ પ્રમાણે માબાપસાથે વર્તવાની ઉચી નીતિ શીખવવી એટલું જ નહિ, પણ કાકા, કાકી, તથા મોટા ભાઈ, ભોજાઈ વગેરે વડિલની સાથે પણ સારી રીતે વર્તવાની ટેવ શીખવવી જોઇએ.

વળી આપણા લોકમાં આ કાળમાં માબાપની સેવા છોકરાં મોટપણે નથી કરતાં તેનું એ પણ કારણ છે કે છોકરાને નાનપણથી જ કેડમાં ઘાલીને મંદિરમાં અથવા દેવળોમાં લઈ જઈને તેને શીખવે છે કે પગે લાગ. આ આપણાં માબાપ છે. એ પરમેશ્વર છે. કહે કે 'મારું સારું કરજો, મારાં મા ને બાપ ! ' આ રીતે છોકરાંને શીખવે છે, પણ ખરાં માબાપ પોતામાં ઈશ્વરબુદ્ધિ ઉત્પન્ન થાય એવી નીતિને શીખવતાં નથી. તેથી એવો પરિણામ નજરે પડે છે કે ઘરમાં માબાપને મારે, દુઃખ દે, જૂદો રહીને તેમને ખાવા પણ ન આપે, અને મંદિરોમાં જઈને ઘણા રુપૈયા ખરચ કરે. બીજો લોકને દેખાડવા ધર્મ કરે, અને તેમાં પોતાનું કલ્યાણ માને, પણ મૂળથી ટેવ નહિ હોવાને લીધે, તેમ જ માબાપ છે એ જ આ જગત્માં આપણું ખરું દૈવત છે, એમ પહેલાંથી દઢ નહિ થયેલું હોવાને લીધે ખરાં સેવ્ય માબાપ છે, તોપણ તેમને દુઃખ દઈને બીજા ઉપાયોથી આપણું કલ્યાણ માને છે. તેથી હે દીકરી ! સારી સમજણનાં માબાપે તો સૌથી પહેલાં પોતાની પૂજા કરાવી છોકરાંને કેળવવાં. પછી પોતપોતાના પાળેલા ધર્મપ્રમાણે છોકરાંને મંદિર અથવા દેવળોમાં લઈ જવાં હોય તો લઈ જવાં. તેમાં કાંઈ વધારે વિરોધ નથી. પણ માબાપને દુઃખ દઈને તથા માબાપની સેવા છોડી દઈને લોકમાં ધર્માત્મા કહેવડાવવા જે માત્ર પરમેશ્વરની સેવા કરે છે, તેના ઉપર પરમેશ્વર પણ પ્રીતિ કરતા નથી. માટે છોકરાનું હિત વિચારનાર માબાપે તો છોકરાંને માબાપમાં જ ઈશ્વરબુદ્ધિવડે સેવા કરતાં શીખવવું; એ વિના પરમેશ્વરને પ્રસન્ન કરવાનો બીજો ઉત્તમ માર્ગ નથી.

જ્યારે છોકરાંની વાણી બરાબર ખુલે, ત્યારે તેમને ભણવા માટે શાળામાં મૂકવાં. ત્યાં આળસુ, ક્રોધી, વિદ્યા પૂરી નહિ જાણનારો, નિર્દય, લોભીઓ, કામી, વ્યવહારનીતિમાં અકુશળ, પ્રથમ શીખનાર

બાળકોને શીખવવામાં ઉપયોગી યુક્તિઓને ન જાણનાર, તથા બાળકની પ્રીતિ ન મેળવી શકે એવો, તથા મનનો મેલો, પાપાચરણમાં પ્રીતિવાળો, આ વગેરે દુષ્ટ લક્ષણોવાળો ગુરુ હોય, તેનો ત્યાગ કરીને ઉદ્યોગી એટલે એક વાર શીખવ્યા છતાં ન આવડે અને ફરી પૂછે તો તેને વારંવાર પ્રીતિથી શીખવવામાં ખેદને ન માનનાર, શાંત સ્વભાવવાળો એટલે અપરાધની ક્ષમા આપવામાં કુશળ, સારા ગુરુ પાસેથી વિદ્યાને વિધિવત્ શીખેલો, દયાવાળો એટલે છોકરાંની શક્તિનો વિચાર કરીને ભણવારૂપ ભાર મુકનારો, સંતોષી એટલે પૈસાદાર તથા ગરીબના છોકરામાં ભેદભાવને ન રાખનાર, સ્વાર્થબુદ્ધિરહિત એટલે છોકરાંપાસે જૂદા જૂદા સારામાઠા પદાર્થો માગવાની ઇચ્છા વગરનો તથા તેમને ભણવામાં વિઘ્નરૂપ પોતાના ખાનગી કામમાં રોકી રાખવાની ઇચ્છાવગરનો તથા વ્યવહારનીતિને જાણનારો એટલે માબાપે છોકરાંસાથે તથા છોકરાંએ માબાપસાથે, ગુરુએ બાળકસાથે અને બાળકે ગુરુસાથે, તેમ જ બીજા પરસ્પરના વ્યવહારના સંબંધવાળાએ એક બીજા સાથે કેમ ચાલવું એ વાર્તાને જાણનારો, વિદ્યાગુરુના કામમાં કુશળ એટલે નાનાં, મોટાં, તથા ઉત્તમ, મધ્યમ, મંદબુદ્ધિવાળાં, તથા આરંભ કરનાર અને વિશેષ ભણેલાં, તથા ગરીબ અને ઉચ્છૃંખલ[1], સદ્‌ગુણી અને દુર્ગુણી વગેરે છોકરાંઓનાં શરીર તથા અંતઃકરણની પરીક્ષા કરીને તેમને જૂદી જૂદી યુક્તિથી ભણાવવામાં ભોમિયો, તથા સર્વજનપ્રિય સ્વભાવનો એટલે સઘળાં બાળકોના મનમાં મારા ઉપર ગુરુની ઘણી કૃપા છે એવો ભાવ પેદા કરનાર, તથા બીજે દિવસે છોકરાંને નિશાળે જવાની પ્રીતિ કાયમ રહે એવી બાળકસાથે પ્રેમબુદ્ધિથી સખાભાવને[2] જોડનારો, તથા મોકળા મનનો એટલે જો આ થોડા વખતમાં હું છોકરાંને ભણાવી દઇશ તો પછી મારી આવક જતી રહેશે એવું ધારી શક્તિમાન્ બાળકનો મિથ્યા ઘણો કાળ ન બગાડનારો તથા આ વિદ્યા જો હું પૂરેપૂરી શીખવી દઇશ તો પછી મારો ગુરુભાગ કાંઈ રહેશે નહિ એમ જાણી બાકી અંશ ન રાખીને વિદ્યા ભણાવનારો, તથા સ્વધર્માચરણી એટલે પોતાનું હિત વિચારી છોકરાંના હિતને ન બગાડનારો તથા ચોરી, વ્યભિચાર, જૂઠું બોલવું વગેરે પાપારૂપ આચરણવિનાનો તથા માતા, પિતા, ગુરુ, ઈશ્વર અને સદ્‌ગુરુ એ ઇષ્ટોની પૂજા કરવારૂપ પોતાના ધર્મને જાણી પાળનારો, આ વગેરે અનેક સારા લક્ષણથી ભરેલા ગુરુને પોતાનાં છોકરાં વિદ્યા ભણાવવા કુળવાન્ માબાપે સોંપી આપવાં. નહિ તો ગમે તેવા પેટ-

૧ ઉછાંછળાં, તોફાની. ૨ મિત્રભાવને.

ભરા ગુરુને સોંપાવાથી બાળકો અનેક દુર્ગુણને શીખે છે, અવિદ્વાન્ રહે છે, તથા બીજા અગણિત ગેરફાયદા થાય છે. માટે જેવા જોઈએ તેવા સારા ગુરુપાસે બાળકોને વિદ્યા અપાવવી એ પણ માબાપોનું મુખ્ય કામ છે.

વળી હે નીતિમાન્ છોકરી ! વિદ્યા આપ્યા પછી છોકરી, સ્ત્રીજાતિના દરેક ઘરવ્યવહારવગેરે જાણવાયોગ્ય કામોમાં કુશળ થઈ છે કે નહિ, એ વાર્તાની માતાએ તપાસ કરવી; તથા છોકરો પોતાનો વ્યવહાર ચલાવવા યોગ્ય વિદ્યાને રુડે પ્રકારે ભણ્યો છે કે નહિ તથા સદ્‌ગુણી થયો છે કે દુર્ગુણી, એ વગેરે વાર્તાની પિતાએ રુડે પ્રકારે તપાસ કરવી જોઈએ. ત્યાર પછી કન્યાનો આઠથી બાર વર્ષની ઉમરમાં વિશથી ત્રિશ વર્ષના પતિસાથે વિવાહ કરવો. મતલબ એ છે કે વિશ વર્ષની ઉમર થાય ત્યારે છોકરાનું લગ્ન કરવું. કારણ કે એટલી ઉમરમાં તે છોકરાનું રૂપ, ગુણ, સામર્થ્ય સર્વે ઉઘાડું જણાઈ આવે છે. અને છોકરીને બાર વર્ષસુધીમાં પરણાવવી. આ કાળમાં તો જ્ઞાતિની રૂઢિપ્રમાણે છોકરાને ફરી કન્યા મળશે કે નહિ એવા ભયથી છેક નાનપણમાં પરણાવે છે, અને ખોટા રૂઢિમાર્ગથી ઘણી વખતે એમ જોવામાં આવે છે કે કુળવાનના મોટી ઉમરના છોકરાને કન્યા મળતાં વિલંબ પણ થાય છે. આ દુષ્ટ રિવાજથી કેટલાંક વિચારવંત માબાપ પણ છોકરાને કન્યા નહિ મળશે એવા ભયથી નાનપણમાં લગ્ન કરે છે, અને પાછળથી વિપરીત થવાથી ખેદને પામેલાં દેખાય છે, અને છોકરીને પણ ફરી સારો વર કે ઘર મળશે કે નહિ એવા વિચારથી છેક બાળપણે ગુણ તથા દોષનો વિચાર કર્યાવિના પરણાવે છે, તથા વરનાં રૂપ, ગુણ, વય વગેરે લક્ષણોની પાકી તપાસ કર્યા વિના દીકરી આપે છે, તેથી પણ તે આપનાર, લેનાર, તથા છોકરી એ સઘળાં પાછળથી મોટા દુઃખનો અનુભવ કરી રાત્રિદિવસ અગ્નિની પેઠે પરિતાપને દેખે છે. આથી આ સંસારમાં ઘણા ગેરલાભ થાય છે. પણ ઉપાયને ન જાણનાર પ્રાણિઓ દુઃખનાં ભોગ થયાવિના રહેતાં જ નથી.

હે દીકરી ! આ સંસાર દુઃખનો દરિયો છે, એવું મોટા પુરુષો મૂળથી કહેતા આવ્યા છે. તેમ જ સંસાર એ સુખની ખાણ છે, એમ પણ ઘણા પુરુષો કહેતા આવ્યા છે. આ બે વાતમાં ખરું શું, અને ખોટું શું, એ વિષે સંસારના સુખદુઃખનો વધારે અનુભવ કરનારા ચતુર પુરુષો તથા સ્ત્રિયો પોતાની બુદ્ધિ તથા વિચારના પ્રમાણમાં સારી રીતે નિશ્ચય કરે છે. પણ ન્યાયથી તોલ કરવા જઈએ

તો મારા વિચારપ્રમાણે બંને વાર્તા બરાબર અને અનુભવસિદ્ધ[1] છે. ત્યાં સદ્વિચારને નહિ પામેલાં એવાં, તથા કુળવાન્ અને વિદ્વાન્ માબાપ, ગુરુ તથા સદ્‌ગુરુવડે નહિ કેળવાયલાં એવાં મંદમતિ પ્રાણિને તો આ સંસાર મૂળથી તે ટોચસુધી દુઃખના ડુંગરજેવો દેખાય છે; અને ઉત્તમ માતા પિતા, ગુરુ, તથા સદ્‌ગુરુવડે અનેક પ્રકારના ઉપાયથી કેળવાએલાં બુદ્ધિમાન્ પ્રાણિને તો આ સંસાર સુખની ખાણ છે, એમ લાગે છે. તોપણ આ સંસારને વિશેષે કરીને સુખરૂપ અથવા દુઃખરૂપ કહેવામાં તથા માનવામાં જે મોટાં કારણો છે, તે સમજવા સરખી તો હજી તારી બુદ્ધિ થઈ નથી; પણ સાધારણ રીતે તું સમજી શકે તે પ્રમાણે હમણાં કહું છું, તે તું એક ચિત્તથી સાંભળીને મનમાં લખી રાખજે, અને ખપ પડે તે વખત એ સમજણથી સુખી થજે. સઉથી પહેલાં તો આ સંસારને વિચારવાન્ પુરુષો દુઃખનો દરિયો શા માટે કહે છે તે સાંભળ. હે બુદ્ધિમાન્ સરસ્વતિ! આ જેના ઉપર આપણે હરીએ ફરીએ છીએ તે ધરતી, તથા આ ઉપર આકાશમાં દેખાય છે એ સૂર્ય, ચંદ્ર, તથા એ વિનાના બીજા મંગળ, બુધ, ગુરુ, શુક્ર, શનિ, રાહુ, કેતુ, તથા એ વિના નાનામોટા સઘળા તારા, તથા આ પૃથ્વીઉપર વસનારાં માણસ, પશુ, પક્ષી તથા બીજા જીવો, તેમ જ ઝાડવગેરે અનેક નાનામોટા પ્રાણિપદાર્થોનો જથો, એ સર્વ સદાકાળ રહેતાં નથી, અને પાણીના રેલાની પેઠે વહ્યા જ કરે છે. મતલબ કે જન્મ પામે છે, પછી કેટલોક કાળ દેખાય છે, અને પછી મરી જાય છે. આ પ્રમાણે નિરંતર વહ્યા કરનાર પ્રાણિપદાર્થના સમુદાયને[2] સંસાર કહે છે. એ સંસાર જેવો છે તેવો સદા રહેતો નથી, માટે એને દુઃખરૂપ કહ્યો છે. અને વહેતો છે માટે જ એનું નામ ડાહ્યા પુરુષોએ સંસાર પાડયું છે. હવે વહેતા સંસારને દુઃખરૂપ કહેવામાં એ કારણ છે કે આ દેખાતી ચીજોમાં જે જે ચીજને આપણે જોઈએ છીએ, ને તે સાચી છે એમ આપણા મનમાં જાણીએ છીએ, તે તે વસ્તુ આપણને મળે તો સારું એવું આપણને મન થાય છે, અને તે મેળવવાને આપણે મહેનત કરીએ છીએ. તે મહેનત કરવામાં પણ આપણને ઘણું દુઃખ વેઠવું પડે છે. મહેનત કરતાં છતાં જ્યારે તે વસ્તુ આપણને મળતી નથી ત્યારે ફરી ઘણું દુઃખ થાય છે, અને જો મળે છે તો તેને સારી રીતે ભોગવવાની ઇચ્છાવાળાં આપણે મંદવાડ અથવા તો બીજાં અનેક કારણોને લીધે તેને ભોગવી શકતાં નથી. ત્યારે પણ તે મેળવેલા પદાર્થને જોઈ

૧ અનુભવથી નક્કી થએલી. ૨ જથાને.

જોઈને દુઃખ ભોગવીએ છીએ, અને પછી તે પદાર્થ અને આપણે બંને વહેતાં છીએ, તેથી જો આપણે તેને મૂકીને મરીએ છીએ, તો આપણે દુઃખ ભોગવતાં મરીએ છીએ અને જો તે વસ્તુનો નાશ થાય છે તો આપણે જીવતા સુધી તેના વિયોગમાં તે વસ્તુને સંભારી સંભારીને દુઃખ ભોગવીએ છીએ. આથી એમ જણાયું છે કે આ સંસાર અવિનાશી[1] નથી માટે દુઃખરૂપ છે.

હવે સંસારને સુખની ખાણ કહેવામાં એવો વિચાર છે કે જેમાંથી જૂદા જૂદા પ્રકારે સુખનો જથો આપણને મળે તેને સુખની ખાણ કહીએ. ત્યાં આ સંસારમાં ઉત્પન્ન થએલાં સઘળાં પ્રાણિઓને, ભોગ ભોગવનાર ઇંદ્રિયોને પ્રીતિ ઉત્પન્ન થાય તેવા, આપણી [2]ઇચ્છાનુસાર ખાવા, પીવા, ઓઢવા, પહેરવા, તથા બીજા અનેક પ્રકારના સઘળા ભોગ મળી શકે છે તથા તે તે ભોગથી આપણને સુખ દેખાય છે, તથા મનાય છે; માટે અનેક [3]ભાતિના ભોગોથી સુખનો અનુભવ કરાવનાર આ સંસાર છે, તેથી એને સુખની ખાણ માની છે. વળી આ સંસારમાંહેલાં સઘળાં પ્રાણિઓને મનુષ્યશરીરદ્વારા સદ્ગુરુની કૃપાથી તથા આપણને મળેલા સદ્વિચારની સહાયતાથી ક્ષણે ક્ષણે નાશને પામી જનારા આ વિષયોથી રહિત આપણા મૂળ સ્વરૂપનું સુખ મળી શકે છે, મતલબ એ કે જેવો બીજા વિષયભોગથી આપણને આનંદ આપનાર આ સંસાર છે તેવો તે આપણા મૂળ આનંદ સ્વરૂપની [4]પ્રતીતિરૂપ જાણપણાના આનંદને આપનાર છે. માટે વિષયી તથા [5]નિર્વિષયી એ બે પ્રકારના સુખને જણાવનાર આ સંસાર, સુખનો સમુદ્ર છે એમ વિચારવાન્ સત્પુરુષો કહી ગયા છે, એ વાર્તા ખોટી નથી. પણ હે સારી બુદ્ધિવાળી શાણી છોકરી! જેમ આ લોકમાં આપણને મોટા દુઃખને તથા મોતને આપનાર સોમલ, અફીણ, વછનાગ, ઝેરકચોલાં વગેરે જૂદા જૂદા ઝેરી પદાર્થો છે, તથા સોનું, રુપું, ચાંદી, તાંબું, કલઈ, હીરા, મોતી વગેરે ધાતુરૂપ પદાર્થો છે, તે જો અવિવેક તથા અવિચારથી ખાઈએ તો મોતપર્યંતનાં [6]મહાભારત દુઃખને આપનાર થાય છે; અને એજ પદાર્થો જો સારા વિવેક અને વિચારથી અને અનુભવી પુરુષોની સમજણથી ખાધામાં આવે છે તો મોત અથવા દુઃખને મટાડી ઉલટાં સુખને આપનાર થાય છે; તેમ આ સંસાર પણ સદ્ગુરુની સહાયતાવડે સદ્વિવેક અને સદ્વિચારથી ભોગવવામાં આવે તો સુખની ખાણ થાય છે, નહિ

૧ નાશને નહિ પામનાર. ૨ ઇચ્છાપ્રમાણે. ૩ તરેહના. ૪ અનુભવરૂપ. ૫ વિષયરહિત. ૬ મોટાં.

તો એ જ સંસાર દુઃખનો દરિયો જણાય છે. માટે હે સરસ્વતિ ! સંસારને ભોગવનાર સઘળાં વિવેકી પ્રાણિઓએ સદ્‌ગુરુની સહાયતાવડે સદ્વિવેકને પામી સાચી યુક્તિથી સંસારને ભોગવવો, જેથી દુઃખ નહિ પામતાં અંતે સુખસ્વરૂપ પરમેશ્વરને જ પમાય છે.

હવે કેવા વરને સારાં માબાપે દીકરી પરણાવવી, જેથી છોકરી તથા માબાપ સુખી થાય એ વાર્તાને ટુંકામાં કહું છું તે સાંભળ. આપણા લોકમાં ઘણું કરીને બાર વર્ષથી મોટી કન્યા કરતા નથી; તો તેને વિશ વર્ષનો વર જોવો, અને ખરી અડચણ આવે તો ઘણામાં ઘણો ત્રિશ વર્ષનો જોવો, પણ એથી મોટો સારો જાણવો નહિ. બીજા લોકો કે જેમાં વિશ વર્ષની કન્યાઓ થાય છે, તેમણે પણ ત્રિશ વર્ષનો જ વર જોવો જોઈએ. કાંઈ બમણો અથવા અઢીગણો મોટો એટલે ચાળીશ કે પચાશ વર્ષનો ન જોવો જોઈએ; કારણ કે તે અયોગ્ય વિવાહ ગણાય છે. ખરી આપત્તિના કાળમાં કમતીમાં કમતી કન્યાકરતાં પાંચ વર્ષે મોટો જોવો, અને ઘણામાં ઘણો પદર વર્ષે મોટા વયનો વર જોવો. પણ એથી નાનોમોટો જોવો, એ અણઘટતું છે. ત્યાં એકલું વય જોવું એમ નથી; પણ રૂપ, ગુણ, કુળ, તથા બળ એ સુદ્ધાં પાંચ વસ્તુ જોવી જોઈએ. આપણી છોકરીના રૂપથી લગભગ સમાન અથવા સારો રૂપવાળો જોઈએ. તથા ગુણ એટલે વિદ્યા, વિનય, વિવેક, વગેરે સારા ગુણોવાળો અથવા તો આપણી છોકરીથી અધિક ગુણવાળો ન હોય તો સાધારણ રીતે સરખા ગુણનો હોવો જોઈએ; તથા કુળ એટલે તેનાં માબાપ તથા તેના મોસાળની આશરે ચાર પેઢીસુધીમાંનાં માણસો નઠારાં આચરણ એટલે પાપકર્મને કરનાર ન હોવાં જોઈએ. કારણ કે માબાપના ગુણ છોકરાંમાં થોડા ઘણા પણ હોય છે. તેથી તેના માબાપની ત્રણ ચાર પેઢીસુધીમાં અધર્મી પ્રાણી થયાં હોય, તો તેને નીચ કુળનો જાણી બનતાં સુધી તેને દીકરી આપવી નહિ; તથા બળ એટલે શરીર સારું, [1]નીરોગ જોઈએ, તથા પોતાનો વ્યવહાર ચલાવી શકે એટલું ધન મેળવવાને શક્તિમાન્ એવા બુદ્ધિબળનો પણ જોઈએ; તેમ જ માબાપ વગેરે આજુબાજુનાં સારી ચાલનાં, અને સુખી અવસ્થાનાં જોઈએ. આ સઘળું બળમાં ગણાય છે. એ સર્વ ન મળે તોપણ શરીર સારું તથા નીરોગ હોવું જોઈએ, અને વ્યવહાર પુરતા પૈસા મેળવવાની શક્તિવાળો તે હોવો જોઈએ. આ વિના તે પુરુષનાં તથા કન્યાનાં સામુદ્રિક લક્ષણ એટલે શરીરના વિભાગોસહિત [2]આકૃતિ તથા તેમાં

૧ રોગવિનાનું. ૨ આકાર.

જન્મથી જ પડેલાં સારાંમાઠાં ચિહ્ન જોવામાં આવે છે; તેમ જ તેની જન્મકુંડળીમાં પડેલા ગ્રહોથી તેના ભૂતભવિષ્યનાં લક્ષણો તેનામાં સિદ્ધ કરી શકાય છે; તેવડે પણ માબાપે પોતાથી બનતી ચોકસી કરવી. આ સામુદ્રિક તથા જ્યોતિષ્‌ને કેટલાંક માણસો ખોટા વહેમજેવાં ગણે છે, પણ બુદ્ધિમાન્ પુરુષોના મનથી તે ખોટા છે એમ નથી. તોપણ એ વાર્તા ઘણી ઝીણી સમજણની છે, માટે હાલમાં તને કહેવાની જરુર નથી. પણ કહેવાની મતલબ એટલી જ કે માબાપે છોકરીને પરણાવવા પહેલાં અનેક વાર્તાનો વિચાર કરવો, અને પછી યોગ્ય જણાય એટલે તેને વિધિવડે કન્યાનું દાન કરવું. આ પ્રમાણે પોતપોતાની [1]બુદ્ધિઅનુસાર તથા પોતાના વિશ્વાસવાળા ડાહ્યા માણસોના વિચારપ્રમાણે બંદોબસ્ત કરી કન્યાનું દાન દીધા પછી તે છોકરીનાં સાસુ, સસરા, અથવા પતિની નાની ઉમર હોય તો તેના બીજા ભરોંસાદાર રક્ષક[2] મોટા ભાઈ, ભોજાઈ, કાકા, કાકી વગેરે, અથવા પુખ્ત વયનો પતિ જે ક્ષણે તે છોકરીને પોતાને ઘેર તેડી જવાની ઇચ્છા દેખાડે, તે જ ક્ષણે ગમે તેવી (માત્ર છોકરીના શરીરે અસહ્ય[3] પીડાવિનાની) અડચણ હોય તોપણ તેને વિદાય કરવી; અને છોકરી શરીરે દુઃખી હોય, અને તે લોક તેને ઔષધ વગેરે કરવાના નિમિત્તે[4] તેડી જાય તોપણ મોકલવી; અને જો રાખવી, તો તેમને ખરું કારણ દેખાડી તેમની પ્રસન્નતા હોય તો જ રાખવી, નહિ તો જેવી હોય તેવી તેમને સ્વાધીન કરવી, એ કન્યાના વડિલોનો મુખ્ય ધર્મ છે. આ કાળે ઘણા મૂર્ખ માબાપ વગેરે છોકરીનાં વડિલો એવાં અવિચારી અને જીદવાળા[5] હોય છે કે તે છોકરીના સ્વાર્થને બગાડે છે, અને પોતાની નજરમાં આવે છે તો જ તે છોકરીને તેને સાસરે મોકલે છે. પ્રસંગોપાત્ત[6] તેનાં સાસુ, સસરા, તથા પતિને નારાજ કરીને પોતાને ઘેર છોકરીને રાખે છે. તેથી તે પતિ અથવા તેનાં માબાપ હઠમાં આવીને તેને તેડતાં નથી, અને વખતે બીજી કન્યાસાથે લગ્ન કરે છે; જેથી આ પરાધીન ગરીબ છોકરીનો આખો જન્મ દુઃખમાં જાય છે. જ્યાંસુધી છોકરું બાળક હોય અથવા પુખ્ત સમજણવિનાનું હોય, ત્યાં સુધી તો તેના વડિલોએ તેનું હિત[7] શેમાં છે તેનો વિચાર કરીને તે જ પ્રમાણે કરવું જોઈએ. કોઈ વેળા વગર સમજણથી છોકરી હઠ કરે કે 'મારે તો હમણાં સાસરે જવું નથી,' તો માબાપ વગેરે તેની

૧ પ્રમાણે. ૨ રક્ષણ કરનાર. ૩ ખમી ન સકાય એવી. ૪ કારણથી. ૫ ખોટી હઠવાળાં. ૬ ઘણી વખતે. ૭ કલ્યાણ.

મરજી રાખવાને તેને મોકલતાં નથી. પણ તે વખતે માબાપે એવો વિચાર કરવો જોઈએ કે આ છોકરીનું ખરું સુખ સાસરામાં જ છે, અને જો એના ન જવાથી એનાં સાસરિયાં દુભાશે, તો પાછળથી એને જ વધારે દુઃખ સહન કરવું પડશે; માટે જેમ બાળક છોકરાને બળાત્કારે નિશાળે મોકલીએ છીએ તેમ છોકરીને પણ જબરાઈથી તેને સાસરે મોકલવી એ માબાપ તથા બીજા વડિલોનો મુખ્ય ધર્મ છે પોતાના ધર્મને તથા સંસારના સ્વરૂપને ન જાણનાર મૂર્ખ માબાપ પોતાની પરણાવેલી છોકરીઉપર ખોટો પોતાનો હક રાખે છે, કારણ કે તે કન્યાને સુપાત્રને જોઈ દાનમાં આપી દીધી છે. હવે જેમ દાનમાં આપેલાં ગાય, ધન, વગેરે પ્રાણિપદાર્થઉપર તે દાતાની કશી સત્તા રહેતી નથી, તેમ છતાં જો તે દાનમાં આપેલા પદાર્થઉપર સત્તા કરીને હક બજાવવા જાય છે તો તે દાનનો આપનાર મોટો પાપી ગણાય છે; તેમ આ છોકરીને દાનમાં આપ્યા પછી હક કરનાર માબાપ પણ પાપી જ ગણાય છે. માટે હે **સરસ્વતિ**! છોકરીનાં વડિલોએ છેક લગ્ન કર્યા પહેલાં તેનાં સાસરિયાંની યોગ્યતા જેવી જોઈએ; અને જ્યારે આપણી છોકરીને કોઈ પણ પ્રકારે દુઃખ થવાનો સંભવ નથી એવું અનુમાન નક્કી થાય, ત્યારે પછી પુત્રીને દાનમાં આપવી; અને દાનમાં આપ્યા પછી આપણો હક રાખીને તેનાં સાસરિયાંસાથે વારંવાર જુજ કારણસર લઢી વઢી વેર બાંધી આપણી છોકરીને દુઃખ ઉભું થાય એવી ખોટી નીતિ વાપરવી, એ કુળવાન્ માબાપનું કામ નથી. માટે છોકરીનાં સાસરિયાં નારાજ ન થાય એવી રીતે વર્તી છોકરીને સાસરે મોકલવામાં કદી પણ આડા આવવું નહિ.

મનોહર કહે છે, આ પ્રમાણે બોધ આપીને **લક્ષ્મીમાતા** કહે છે, હે દીકરીઓ! હવે અહિં સુધી સ્મરણમાં રાખજો. વળી આવતી કાલે વધારે કહીશ. એમ કહી પોતાને કામે લાગે છે. બોલો **શ્રીસદ્‌ગુરુદેવકી** જય. (સઉ જય બોલે છે.)

વિઠ્ઠલજી—ધન્ય છે. આજની કથા સર્વોત્તમ થઈ છે. આવી રીતે છોકરીઓ તથા માબાપ કેળવાય તો પછી દુઃખ શેનું? પણ સાળાં અજ્ઞાન લોક પોતે સુધરે નહિ, તો બીજાને ક્યાંથી સુધારે? ભલા પરમેશ્વરની ઇચ્છા છે તો, ભટજી મહારાજ! આપની દયાથી અમલોકોનું મોટું કલ્યાણ થયું છે, અને હવે પછી પણ થનાર છે. ઈશ્વર આપને [1]દીર્ઘ આયુષ્ આપે એ જ અમારી ઇચ્છા છે.

---

૧ લાંબું.

દાસ—ઓ વિઠ્ઠલજી ! જો ખરું પુછાવો ટો હું ટો કઠા સાંભલીને ડંગ ઠઈ જાઉં છું હો. જુથું નહિ. એકેકી વાટ કહે છે, પન કેવી, કે જાને કાલજામાં બાન માર્યું. ટે વાટ પણ કેવી ભલા હનટરહીએ ના ન કહેવાય ! કેમ અલા ડવારકા ! બાપજનમમાં સાંભલી'ટી કઠા આવી ? બોલ સાચેસાચું. સેઠ ! ટમારું સટકરમ આજહી ઉડે ઠયું છે એમ જાનજો હો.

દ્વારકા૦—હા જી. આપને જે છે તે બરાબર કહો છો; ને જે છે તે આવી કઠા તો જે છે તે મેં મારી ઉમરમાં જે છે તે સાંભલી નઠી, જે છે તે. આજ કાન ઉઘરયા છે તો જે છે તે આપની ડયાથી જે છે તે સમજાય છે કે જે છે તે આપને તો હજી જે છે તે માનસમાં પન જે છે તે નથી. કેમ જે છે તે હરજીવન ! જે છે તે ખોટી વાત છે ?

હરજીવન—જુવો શેઠ ! હુ તમને કહું ધંધો ભલો, ને તમને કહું આપને ભલા તમને કહું. રાત દાહારાનું તમને કહું ભાન નથી. રોજ તમને કહું ગદ્ધાવૈટરૂં કરવું ને તમને કહું પાપનો પોટલો તમને કહું બાંધીને ઘેર તમને કહું આવીને ખાઈને તમને કહું કરમકથા કરીને તમને કહું સૂવાનું. પછી આવી કથા તે તમને કહું કાંથી સાંભળવામાં તમને કહું આવે. એ તો સેઠ, તમને કહું. આજ તમે બોલાવો નહિ ને તમને કહું, હમારે કાને આ તમને કહું સબદ પડે નહિ તમને કહું. કેમ બીજભુખનદાસ ! ખરું કે ખોટું તમને કહું.

બીજભુખણ—ના તે ખરું છે, તહીંયાડી. એમાં ખોટી વાત તહીંયાડી નથી. અરે હું તહીંયાડી આવડો મોટો તહીંયાડી થયો છું, પણ તહીંયાડી કોઈ દહાડો મેં તહીંયાડી આવી કથા તો તહીંયાડી સાંભલી જ નથી; ને તહીંયાડી પુરાનીયો કથા તહીંયાડી આપને ઘેર ચોમાસામાં તહીંયાડી સાવનમાસમાં તહીંયાડી વાંચે છે, પન તેમાં તહીંયાડી એવી કથા તો તહીંયાડી સાંભલવામાં તહીંયાડી આવે છે કે તહીંયાડી કાલીનાગને તહીંયાડી નાથ્યો, ને વલી તહીંયાડી માસી પુટનાને તહીંયાડી મારી, ને રાસલીલા તહીંયાડી ગોપિકાને તહીંયાડી રમાડી, ને ગોવરધન તહીંયાડી પર્વટ તહીંયાડી ગિરિરાજને તહીંયાડી એક આંગલીયે તહીંયાડી સાત દહાડા સુઢી તહીંયાડી ટોલી રાખ્યો. એવી ને એવી તહીંયાડી વાંચે છે. પન આવી તહીંયાડી માતાપિતાના ધરમને તહીંયાડી છોકરાંને તહીંયાડી મેહેતાજીના ધરમને તહીંયાડી સઘલી સમજની તહીંયાડી વાત ટો આપને તહીંયાડી આટલી ઉમ્મરમાં

તહીંયાડી સાંભલી નથી તહીંયાડી છે તે કહું છું તહીંયાડી. કેમ સેઠ ! તહીંયાડી બોલ્યા નહિ ?

દાસ—ના, ના, બીજભુખન ! એ ટો ટમે સત કહો છો, આ કથા કંઈ ઘેર ઘેર મલવાની નઠી.

દ્વારકા૦—કેમ સેઠ ! જે છે તે આ કથા હવે જે છે તે રોજ વાંચવાની છે કે જે છે તે આજનો જ દહાડો ?

દાસ—આજનો દહારો સું ? એ ટો બારે માસ કઠા ચાલવાની. આ લખમી ડોસીની, અડે ભુલુંછું આ ઢરમકુતુંબની વાત પુડી થઈ કે પછી પાછી એક એવી જ અડભુત કથા ભટજીમ્હાડાજને વિનંટિ કડીને કહેવડાવીસું.

હરજીવન—બાલમુકંદા ! તમને કહું આ કથા તો તમને કહું રાંદોને જરુર તમને કહું સંભાલાવવા જેવી તમને કહું છે. કેમકે તમને કહું આ અમારા ઘરમાં તમને કહું ને અડોશી પડોશીમાં તમને કહું એવા દુરગુન તમને કહું ભરેલા છે કે તમને કહું આવા સપાતા તમને કહું પડ્યા પાકી તમને કહું સુધારો તમને કહુ થવાનો નથી.

દાસ—અડે ટમે ટેને સઉને કાન પકરી પકરીને કાલઠી અહિંયાં લાવોને, પછી જોઈએ કેમ સુઢારો થતો નઠી. આ અમે સઉ પઠ્ઠર-સરખા તો પલ્લી ગયા તો બીજાની સી મગદુર કે ના સુઢરે ?

વિઠ્ઠલજી—કેમ ભટજી મહારાજ ! હવે શી આજ્ઞા છે ?

ચંચળા—(ઘરમાંથી) ભટજી મહારાજ ! કાલની પેઠે આજે પણ એક બે ભજનની દયા કરો. આ રડી આડી વાતો સાંભળીને ઘેર જઈએ, એટલે બળ્યાં એનાં એ શમણાં ને વિચાર આવે.

દાસ—(જરા હસીને) એ ટો મ્હાડાજ ! આપના ઘરનો જ નાય છે કે ડાનઉપર ડખના. માટે હવેઠી ટો ડિનપરતે એક બે ગીત છેલ્લાં આપના મુખઠી સાંભલીને કચેડી બડખાસ. કેમ, વિઠ્ઠલજી ! બોલટા નઠી ?

વિઠ્ઠલજી—વિવાહથી રુડું બીજું શું ? અમૃતનો અભાવ કો-ઈને થાય છે ? હવે તો ભટજી ! કૃપા થવી જ જોઈશે.

દાસ—બોલો સઉ સડગુરુડેવકી જે. બોલો બાલગોપાલકી જે. (સઉ બોલે છે) સાંભલો હવે ઢાંન દઈને.

મનોહર—(જરા વિચારીને) તમારી સઉની ઇચ્છા છે તો લો. બોલો શ્રીસદ્દગુરુદેવકી જય. હું બોલાવું, તમે બોલજો.

પદ. ગરબી.

નિત ઉઠી હરિના ગુણ ગાવા, કે સઘળાં દુખડાં દૂર થાવા, કે નિત૦ટેક.
મૂરખ મન કરે [1]કાવાદાવા, પાપે પચી લે જગના લા'વા;
મુઆ પછી જમપુરમાં જાવા, કે નિત ઉઠી૦
કરો કોઈ કરમ નહિ આવાં, અધર્મે સુખને નહિ ચ્હાવાં;
વચન સઉને મીઠાં પાવાં, કે નિત ઉઠી૦
કે પરધન ઇચ્છો નવ ખાવા, જવું નહિ સજ્જનને [2]ઠ્હાવા;
ખરો પંથ પ્રભુપદનો [3]સ્હાવા, કે નિત ઉઠી૦
[4]રટો જગદીશ દુર્ગુણ [5]છાવા, મચો સઉ હરિસંમુખ ધાવા;
મનહર નિર્મળ જળ ન્હાવા, કે નિત ઉઠી૦

પદ. ગરબી.

સખી દુર્ગુણ સઉ ત્યજિ દઈએ, શરણ પતિ સદ્‌ગુરુને રહીએ, સખી૦ટેક.
કદીએ ક્રોધ નહિ કરીએ, ક્ષમા બહુ અંતરમાં ધરીએ;
ધીરે રુડાં વચનો ઉચ્ચરીએ, કે સખી૦
કઠણ વેણ પતિને નવ કહીએ, પતિ કહે તે મારગ વહીએ;
પતિને પરમેશ્વર લહીએ, કે સખિ૦
ઇચ્છા ભુંડી નવ કરીએ કદીએ, નિર્લજ્જ થઈ નવ ન્હાવું નદીએ;
ગાળો ત્યજી 'હરિ ગુરુ' મુખ વદીએ, કે સખિ૦
રાજી નવ થાવું કદી કજીએ, કે શણગાર સદ્‌ગુણના સજીએ;
કે હઠ ઘરઘરેણાંની ત્યજીએ,[6] કે સખિ૦
પિયરમાં ઝાઝું નવ જઈએ, બીજાનાં ઓઢાં નવ લઈએ;
કે મનહર પતિને પ્રિય થઈએ, કે સખિ૦

બોલો સદ્‌ગુરુદેવકી જય. (સઉ બોલે છે.)

શ્રીજણુખણુ૦—મહારાજજી ! તહીંયાડી બીજા બધા દેવ તહીંયાડી છે, તેમાં સડગુરુદેવ તહીંયાડી કોનું નામ છે ? એટલું તહીંયાડી કીરપા કરીને તહીંયાડી કહ્યું જોઈએ.

મનોહર—જુઓ, સત્ એટલે અખંડ, અવિનાશ, મતલબ કે જે કોઈ કાળે પણ નાશ કે વિકારને નહિ પામે તે સત્; અને ગુરુ એટલે મોટો. હવે સમજાયું બાઈ! સદ્‌ગુરુદેવ એટલે જેનો કોઈ દહાડો નાશ થતો નથી તથા જે વિકારી થતો નથી, એવો સઉથી મોટો દેવ તે. જુઓ બાઈ! આપણા લોક કેવા છે સમજણ

---

૧ પ્રપંચ. ૨ ઠગવા. ૩ ઝાલવા. ૪ ઓસ્સા કરો. ૫ ઢાંકવા. ૬ ઘર અને ઘરેણાંને માટે હઠ તજીએ. આપણામાં કહેવત છે કે 'વરવની હજો પણ ઘરવની ના હજો.'

વિનાના કે, જો રામનો ભક્ત હોય તેને કૃષ્ણનું નામ દઈએ તો કડવું લાગે, ને કૃષ્ણનો જે વૈષ્ણવ હોય તેને મહાદેવજી કે શિવનું નામ દઈએ તો ગમે નહિ. અને વળી બીજા લોકોને જેવા કે પારસી, મુસલમાન, તેમને એ બધાએ ઠીક લાગે નહિ! માટે આ સઉના મનમાં વિરોધ નહિ આવે, એવું પરમેશ્વરનું નામ સદ્‌ગુરુદેવ છે, ને દઈએ છીએ. ને છેક શબ્દને પણ સમજે નહિ એવાં બાળક જેવાં અજ્ઞાન માણસ હોય ને આવા ચોખ્ખા શબ્દમાં વિરોધ લે તો તેની ખુશી. બાકી સઘળા ધર્મવાળા સઉથી મોટા દેવને ભજે છે. અને આ નામ પણ સઉથી મોટા દેવનું જ છે. કેમ, હવે કાંઈ સંશય રહ્યો છે?

શ્રીજભુખણદાસ—ના, તહીંયાડી સમાધાન થયું તહીંયાડી. આપની પાસે તહીંયાડી ચોધારૂં ખડગ છે તે ગમે તેમના તહીંયાડી આવો. જે આવે ટે તહીંયાડી મેડાન.

દાસ—ઢન છે ભતજીબાવા! આપના સભાવને, કે આમ ડાને ડાનો કરીને સમજન પારીને તેના મનનું સમાઢાન!! બલિહાડી છે મહાડાજ! કેમ ડવારકા! જોયો તમાસો? એમ વાટ છે. હવે ટમને ભાત્ર ઠાય ટો કાલઠી આવજ્ત બાવા. આ થેકાને કંઈ પૈસો એસવાનો નઠી. આ ટો ખુસીના સોડા છે. લો બોલો સડગુરુડેવકી જે. (સઉ પોતપોતાને ઘેર મનોહરને પગે લાગીને જાય છે.)

વિજયા—(સઉના ગયા પછી બહાર આવીને) ત્યારે હવે શી આજ્ઞા છે? સત્રાની પથારી તથા પાણીનાં પાત્ર વગેરે કામથી હું તો પરવારેલી છું.

મનોહર—બેશ, થોડી વાર જરા વિરામ થઈને પછી નિવૃત્તિથી સૂઈએ છીએ.

વિજયા—આ આજે ત્રણ જણ નવા આવ્યા'તા, તે તો કંઈ તરેહવાર બોલતા'તા. એમના બોલવામાં મને તો બરાબર સમજણે ન પડી. એનાં ઘરનાંને શી રીતે થતું હશે!

મનોહર—તું તો ભલી માણસ છે. ઝેરના કીડા ઝેરમાં જીવે છે કેની? તેમ એમને તથા એમનાં ઘરનાંને એવો સહવાસથી અભ્યાસ પડ્યો, એટલે તેને તે વાતનો કંટાળો થાય નહિ. એક બીજાની ટેવ જાણી ગયેલાં. અરે એ વિનાએ બીજા તરેહવાર શબ્દો ઘડી ઘડી બોલવાની ટેવ ઘણાં માણસોને હોય છે.

વિજયા—આપ કહો છો ખરા, પણ એ તે ટેવ કેવી? પેલા

એક તો 'જે છે તે,' 'જે છે તે,' 'જે છે તે,' શું કરમ જે છે તે! આખો દહાડો તે શું 'જે છે તે'! વળી પેલો બીજો તો 'તમને કહું,' 'તમને કહું,' ચાર છ અક્ષરે 'તમને કહું!' શું ધૂળ તમને કહું! બોલતાં લજવાય પણ નહિ. અને છેક ત્રીજો તો વળી 'તહીંયાડી,' 'તહીંયાડી,' 'તહીંયાડી' તે એના તહીંયાડીનો પાર જ નહિ. આવું તે સાળું બોલવું કેવું! મને તો એવા માણસની વાત સાંભળવી હોય તો કંટાળીને તરત માથું દુઃખવા આવે. તમે તો વળી એમનાથી વાતો કરવા માંડી! એ તે આવી વાતોમાં શું સમજે? કેમ વારું નહિ?

મનોહર—(જરા મોં મલકાવી) અરે તને શી ખબર છે? હું તો બહાર ફરું એટલે એવાં હજારો માણસ તરેહવાર બોલનારાં મળે છે, તે અમારે એમ કંટાળો આણતાં કેમ બોજે? કોઈ તો કે'ચ કે, કે'ચ કે, કે'ચ કે, વારંવાર બોલે છે. કોઈ તો વારંવાર 'છે તે,' 'છે તે' કહે છે, અને કોઈ તો 'તમને જોઈએ તો, તમને જોઈએ તો' એવું જ ઘડી ઘડી બોલે છે. કોઈ તો 'જાણ્યું કેની,' 'જાણ્યું કેની,' વળી કોઈ તો 'માંલ્ય છે તે, માંલ્ય છે તે' તથા કોઈ તો એ શબ્દ બોલે કે, 'હેં હેં હેં,' તથા કોઈ તો બબ્બે શબ્દે 'હાં હાં,' એવું જ બોલે છે. કોઈ તો વારંવાર 'સમજ્યા કેની, સમજ્યા કેની,' બોલે છે. કોઈ તો 'આ એમ કે, આ એમ કે,' બોલે છે; અને એવી જ રીતે મુસલમાની બોલનારા 'સાહેબ તુમારે', 'સાહેબ તુમારે', વળી કોઈ 'મેં અરઝ કરૂં, મેં અરઝ કરૂં,' અને કોઈ તો 'સમજે કયા, સમજે કયા' એવા, અને એ વિના પણ તરેહવાર બોલે છે. વળી અંગ્રેજી બોલનારા ઘડીએ ઘડીએ 'યુ નો, યુ નો'[1] (you know)ને કોઈ તો 'યુ સી, યુ સી',[2] (you see) એવા જૂદી જૂદી ભાષામાં જૂદા જૂદા શબ્દો બોલ બોલ કરે છે. તેથી ખરાં માણસોને વખતે કંટાળો આવે છે. પણ તે બોલનારની વાણીમાં આ દોષ રહી ગયો છે, એવું જાણીને આંખઆડા કાન કરે છે. એટલું તો ખરું જ કે જેને બોલતાં તરત જ સારાં વાક્યો રચાઈ આવતાં નહિ હોય, તેવાને આવી ખોટી આદતો પડી જાય છે. પણ ચાલાક માણસ જો પોતાની ખોડને જાણી લે છે તો પછી થોડા વખતમાં સુધરી જાય છે. બનતાસુધી હરેક બુદ્ધિમાન્ માણસે પોતાની વાણીને સુધારવી એ રુડી વાત છે, પણ તું સંભાળજે હો; જો એવી કાંઈ ટેવ પડશે તો તારી પણ એ જ વલે થશે.

---

૧ તમે જાણો છો. ૨ તમે સમજો છો.

વિજયા—(હસીને) હા, મને પકડી આપશો તો પછી સુધારીશ. પણ આપની દયાથી એવું થશે જ નહિ.

મનોહર—હશે, એ પણ પરમેશ્વરની આપેલી બક્ષિશ જાણીને એવાં કોઈ પણ માણસનું હાસ્ય કરવું નહિ હોં. કેમકે જે માણસ સામાની ખામી જોઈને તેનું હાસ્ય કરી પોતાના ગુણનું અભિમાન કરે છે તેને બીજા જન્મે અથવા તો તે જ જન્મમાં એવી જ કોઈ ખોડ પેદા થાય છે; જેથી તેનું અભિમાન રહેતું નથી. માટે પરમેશ્વરની ઇચ્છાથી જેને જે મળ્યુ તે સારું જ છે, એમ માની કોઈની પણ હાંસી કરવી નહિ. ચાલો હવે ઇષ્ટસ્મરણ કરીને સૂઈ જાઓ. (બંને જણા સૂઈ જાય છે.)

दिवस ६.

વિજળી—(વહેલી ઉઠી સવારમાં પોતાને ઓટલે દાતણ કરતાં કમળાને) અલી ઓ ! ઉઠી કે ? એ કમળા ! ઉઠી કે ? (જવાબ ન દીધો એટલે ફરી) ઓ ઉંઘણસી પડોસણ ! જાગે છે કે ઉંઘે છે ? અલી ! પહોર દહાડો ચઢ્યો તોએ ફુવડની પેઠે સૂઈ રહી છે કે શું ?

કમળા—(બારીએ આંખો ચોળતી આવીને) કોણ બૂમ પાડે છે ? (નીચે જોઈને) અલી વિજળી ! તું બૂમો પાડે છે કે ? એ એવી શી તારે ત્યાં ધાડ આવી છે, જે આવડી વહેલી ઉઠી છે ?

વિજળી—તારે ત્યાં ધાડ આવે ને ! મારે ત્યાં શું છે ? જો સવારમાં ઉઠીને બોલતાં શીખી છે તે ?

કમળા—હું મારે સૂઈ રહી'તી તે બૂમો પાડી પાડીને મારી ઉંઘ ખરાબ કરી ! તારી પેઠે દીવા વખત દીવા ઓલવીને અપાસરા જેવું કરીને સૂવાનું અમારે નથી તો ! અરધી રાત સુધી જાગીએ છીએ. ને તું તો પાછી પાછલી રાતની ઉઠીને આરડવા માંડે છે.

વિજળી—એવાં શાં મોતી પોરવવાં છે જે અરધી રાત સુધી જાગે છે ? અલી તારે સાસૂ નથી, નણંદ નથી, ધણી તો બચારો તારો મારી મૂકેલો છે ! તું એ તારે અપાસરાજેવું કરીને સુખે સૂઈ રહેને ! તને કોણે બાંધી મારી છે જે સૂતી નથી ? પણ ખરે ! તું કાંઈ કાચી નથી, પાકી ઘંટજેવી છે. ટોપીઓ ભરવાનું કે જભલાં

કે કાંચળિયે ભરાવાનું કે સીવવાનું કાંઈ કામ કરતી હઈશ ! બેચાર આનાનું એ કામ કરતી હઈશ ત્યારે જ ઉજાગરો વેઠીને કોડીયું દીવેલ બાળતી હઈશ. કેમ અલી ! ખરું કે ખોટું ?

કમળા—(લગાર હસતું મોઢું કરીને) ચાલ બહેન ! તું તો નવરી છે તે બાર ગામની પંચાત ઓટલે બેશી કરે છે. મારે તો ઘરમાં ઘણું કામ છે. હજુ તો પથારીઓ પણ ઉપડી કરી નથી. એ તો દા'ડો ઉગ્યા પહેલાંના બહાર કામે નીકળી ગયા છે, તે હમણાં આવશે ને ખાવાનું માગશે. તારે કશી વાતની ફિકર !

વિજળી—આવો [1]ઉજમાળી વહુ ! નીચે તો આવો. તમારા લાયક એક વાત કહેવાની છે. (બીજી બાજુએ પાડોસીની બારીએ જોતાં પ્રાણકોરને જોઈને) આવો પાણકોર ભગતાણી તમે પણ, આઘાં રહીને બરાબર સાંભળવાનો સવાદ નહિ પડે. મરજી હોય તો બંને જણીઓ આવો. નહિ તો હું તો મારે આ ઘરમાં જઉ છું.

કમળા તથા **પ્રાણકોર**—(બંને નીચે આવીને) બોલ, શી વાત છે !

વિજળી—(પ્રાણકોરને હસતાં) કેમ **પાણકોર** ભગતાણી ! કહો તહીંયાડી તમારા તહીંયાડી વર તહીંયાડી તમને તહીંયાડી એકલાં તહીંયાડી મૂકીને તહીંયાડી રાતે તહીંયાડી કાં ગયા'તા તહીંયાડી સાચું બોલો તહીંયાડી.

પ્રાણકોર—(તેના મોંમાં તમાચો મારવા સરખું કરીને હસતાં) કેમ અલી ! બહુ ફાટી કે બોલતાં બોલતાં. બીજાના ચાળા પાડે છે તે તારા ડાહ્યા ડમક વર કિયા પાધરા બોલનારા છે જે ! જરા લાજતી નથી !

વિજળી—(હસીને તેનો હાથ પકડી લઈને) એ તો અમથી લગાર મજા કરું છું અલી ! તને માઠું લાગે તો કહેજે. ફરી વળી જોઈ વિચારીને બોલું. કેમ અલી ! કાલે શું હતું જે રાતે અગિયાર વાગતાં આવ્યા હતા, ને વળી પોહોરવાર સુધી પાછા તારી જોડે તહીંયાડી તહીંયાડી કરીને માથું પકવતા હતા ? સાચું કહેજે.

પ્રાણકોર—લે, અલી ! એમાં તે શી ચોરીની વાત હતી જે જૂઠું બોલવાનું ! એ તો આ **મનોહર ભટ** **વિજયાનો** વર કથા વાંચે છે, તે પેલો **ચંચળનો** બોબડો રોજ આવીને બૂમો પાડી જતો કે ' કઠામાં ચાલો ' ત્યારે રોજ મને કેહેતા કે તમારી મરજી હોય

---

[1] બહુ ઉદ્યોગી.

તો ચાલો, જઈ આવીએ એક દાહાડો. મેં કહ્યું હું તો કંઈ ઉજાગરા કરવા આવતી નથી, તમારે પાલવે તો એક દહાડો જાઓ ને પાવે તો રોજ જાઓ. તે કાલે વળી પેલો આવીને બાઝ્યો હશે ત્યારે ગયા'તા તે ત્યાંથી આવીને વાત કરતા'તા કે કથા તો સારી સાંભળવા જોગ છે. કાલથી તમે પણ બબ્બે ઘડી આવો તો સારું. મેં કહ્યું કાલની વાત કાલે છે, હમણાં તો સૂઈ જાઓ. પછી સૂઈ ગયા. કેમ અલી! તું સાંભળતી'તી કે શું?

વિજળી—અલી, સાંભળતી'તી શું! મારી બાઈ મોટા હોકારા પાડી પાડીને બોલતા'તા કે તહીંયાડી પૂજા કરવી, તહીંયાડી ફૂલ, તહીંયાડી ચંદન, તહીંયાડી થાલ, તહીંયાડી; શું રડયું ઉંઘ તે આવે! કેમે કરચું એનું તહીંયાડી પૂરું થાય ત્યારે કેની? અરે તું જ એવી છે! આ મારા જેવી હોય તો હું તો સાફ કહું કે પહોચ્યુ તહીંયાડી, સૂઈ જાઓ તહીંયાડી; મને તો તહીંયાડી ઉંઘ આવે છે; નકામા લખારા શા તહીંયાડી!

પ્રાણકોર—લે હવે છાની મેર. તું બહુ ડાહી છે તે જાણ્યું છું. તારો વર નરચો ધધધોરિયા જેવો બોલે છે, ત્યારે તત્ તત્ તત્ થઈ જાય છે, વખતે પપ્ પપ્ પપ્ પપ્ થઈ જાય છે, કોઈ વાર કક્ કક્ કક્ કક્ થઈ જાય છે. ઘડીલગણ મોહોડું પોહોળું ને આંખો મીચે છે, ને બોલાતું નથી, ને તણાઈ ગયા જેવું કરે છે; તે તારા તોતળા તત્ તત્ તત્ કરતાં મારા તહીંયાડી સારા છે કે રડ્યું બોલે તે સમજાય તો ખરું.

કમળા—લો હવે વેંહેંચી ખાઓ. અમથી શીદ બોલો છો? વળી બોલતાં બોલતાં વઢી પડશો. કેમ અલી વિજળી! મને બોલાવીને શું કેહેતી'તી? શી વાત છે, બોલ હવે.

વિજળી—કેમ અલી! આ તારી પાડોશણ [૧] **ભા**ગીએ હમણાં તો કાંઈ ભગતાણી થઈ દેખાય છે! એ વાતની તને ખબર નથી કે? રોજે સાંજસવાર હરતીફરતી એ દાહાડાથી રાગડા તાણે છે, ને પેલી ચંચળી તો વળી આખી ભગતાણી થઈ બેઠી છે! નહિ ત્યારે તો રોજ સાંજના કથામાં જાય તે વારે કેમ છે, ફલાણી બાઈ! ઢીંકણી બાઈ! એમ આખો મો'લ્લો જગાવતી જતી; ને હમણાં ચાર દહાડાથી તો ડાહી ડમક થઈને મોહોડામાં ને મોહોડામાં હસે છે, ને ધીરે ધીરે બોલે છે, ને જાણે કંઈ મોટી ભારેખમ બાયડી થઈને બેઠી હોય એમ લાગે છે! કેમ અલિયો! આપણે એક દા'ડો

૧ ભાગીરથી.

જઈશું ? જોઈએ તો ખરાં. એ બધાં ભેગાં થઈને શી કથની કૂટે છે તે જણાય તો ખરું ? જો મરજી હોય તો આજ આપણે ચાલો બધાં તમાસો જોઈ આવીએ. કેમ મરજી છે કે નહિ !

કમળા—હા, પ્રાણકોર આવે તો મારે ક્યાં ના છે ? હું તો તૈયાર છું, બોલવજે મને, આપણે જઈશું. મારા ઘરવાળાએ હશે તો આવશે. તું કહી જોજે.

પ્રાણકોર—હા, મારે શું ? ચાલજોને. મને તો આજે મારા વિઠ્ઠલિયાના બાપ જવાનું કેહેતા'તા ને કદાપિ રાતે જોરાવરીએ વળી તેડી જાય તો જવું પડે, ત્યારે હું એકલી જાઉ તે કરતાં આપણે બધાં સાથે જઈશું. વિજળી ! તારા તોતળિયાને સાથે લેઈશ કેની !

વિજળી—હો તેમાં શું ! તારા તહીયાડીને મારા તોતળિયા, 'અલ્લાને બનાયા જોડા, એક અંધા ને બીજા ખોડા'. બંને જોડે જોડે જશે, ને આપણે બધાં પાછળથી જઈશું. કેમ ઠીક કેની ?

કમળા—હા, હા, એમ જ. ચાલો જોઈએ તો ખરાં કે શું થાય છે ? ચાલ બહેન ! મારે તો હજી ઘરનું બધું કામ એમનું એમ પડ્યું છે. હમણાં બપોર થશે. અલી ! એ જ કહેતી'તી કે બીજું કંઈ ? (એમ કહી ઘરભણી જાય છે. વિજળી પણ 'હા એ જ' એમ કહી ઘરમાં જાય છે, ને પ્રાણકોર પણ ઘેર જાય છે.)

બાળમુકુંદ૦—(પહોર દહાડો ચઢી જતાં ઉઘરાણીથી આવે છે તે ઘરમાં પેશીને) કેમ કેતલી વાડ છે ?

ચંચળા—ચાલો, આવો. આ નહાવાનું પોતિયું મુક્યું છે તે પેહેરીને. હું પાણી કાઢી આપું છું તમે નાહીને ગયા'તા કે એમને એમ ?

દાસ—(હેં હેં હેં એમ હસીને) કેમ એતલામાં યાડ નડી ? વા'નાના પહોડમાં જ ટમે મને પાની આપ્યું ટું ને નાહી સેવા પૂજા પડવાડીને હું નીકલ્યો'ટો. આજ કેમ વાડુ ગનાનમાં ગડક થવાયું કે સું ?

ચંચળા—ખરી વાત, હવે મને સાંભરે છે. જુઓ રાતની કથાની વાત બધી હું મનમાં સંભારતી હતી એટલે તેના તે વિચારમાં ભૂલી ગઈ. માફ કરજો હો. ત્યારે તો હવે ધોએલું પોતીયું બદલીને આવો. આ પાટલો તૈયાર મૂક્યો છે, અને પાણીનો લોટો પણ ભરેલો છે.

દાસ—ઘનું સારું. (પોતીયું બદલીને પાટલાઉપર આવી બેસે છે.) લાવો, પીડસો હવે.

ચંચળા—(વહેલી ઉઠીને તૈયાર કરેલાં ધૂપ તથા દીવો પાસે મૂકે છે, અને ચંદનફૂલ લાવી પછી પગ ધોવાને) જરા અંગુઠો જમણા પગનો લાવોને, મારે પૂજા કરી લઉં.

દાસ—(પગનો અંગુઠો ધ્રુજતાં ધ્રુજતાં આગળ કરીને) લો હવે આજે ને આજે એ વાટની સી ઉટાવલ હટી. ઠસે ચાર દહાડા પછી. પન ટમારૂં કામ ટો જે વાટ ઢારી કે ટાબરટોબ કડવાની. હસે જેમ મડજી. **ભ**ગવાનની પીટી[1] મેલવવાનો આ રસ્ટો ટો ખડો. પન જેના ઉપર ટેની ડયા હોય ટેનાથી બને.

ચંચળા—ચાર દહાડા પછી કેમ ? જ્યારથી આપણે જાણ્યું જે આ રસ્તો સારો છે, ત્યારથી તેમ ચાલવું જ જોઈએ, અજાણ્યું ને આંધળું બરાબર. ના જાણીએ તેનો દોષ નહિ, કેમ ખરું કેની ? (પૂજા કરી રહીને પછી થાળ મુકી જમાડે છે, ને જમી રહ્યા એટલે) એ હાથ ધોઈને ઉઠી ના જશો. જરા મારે કામ છે. (એમ કહી તૈયાર કરેલી આરતી સળગાવી લાવીને ત્રણ આંટા ઉતારી મુકે છે, ને પાણી ફેરવી ઉપર હાથ ધરીને પછી આંખે લગાડે છે ને પગે લાગે છે.)

દાસ—વલી આરટીનું કાલે ક્યાડે સાંભલ્યુંટું ! ટમાલી મૈલે જ સોઢી કારચું કે સું ?

ચંચળા—ના, એ તો મને **વિ**જયાલક્ષ્મીએ વાત કરી'તી એટલે આજે સવારે જઈને ભટજીને હું પૂછી આવી હતી. કરવું ત્યારે બરાબર કરવું, ને નહિ તો કરવું નહિ. એનો ખુલાસો મને ભટજીએ કર્યો છે કે જે દહાડે ના બને તે દહાડે ફક્ત બે હાથ જોડીને પગે માથું મુકીને નમવું એટલે થયું. (એમ કહી પાનની બીડી આપતાં) **ભા**ગીરથીએ ને બીજાં બધાંએ આજથી પૂજા કરવા માંડી છે.

દાસ—રૂપેસડનું આઈસિ ઠજો, ને **ભ**ગવાન ટમાડિ બુદ્ધિ સુઢાડજો, ને મનકામના પૂડી કડજો. (કપડાં બદલી મનમાં રાજી થતા થતા પોતાની દુકાને જવાને તૈયાર થઈ) આપને બજાડટી કંઈ આનવાનું છે ? હું ડુકાને જઉં છું. ટમે **ભ**ગવટ સમરન કડજો, ને આનંડટી બેસજો.

ચંચળા—વહેલા પધારજો. આજે તો કશુંએ લાવવાનું નથી. (દાસ જાય છે ને ચંચળ જમવા બેસે છે.)

---

[1] પ્રીતિ.

ગોકળ—(બહારથી આવીને ઘરમાં જઈને) એ સાંભળે છે કે ? હું આવ્યો છું. વખત થાય ત્યારે કહેજે.

કમળા—મારે કશી વાર નથી, આવો. (ગોકળ જઈ જમવા બેસે છે.)

ગોકળ—કેમ હવે તારા મનનું સમાધાન થયું કેની ? તું મને રોજ શેકતી'તી તે હવે મારા જીવમાં જીવ આવ્યો. મને સુખે ઉંઘ નહોતી આવતી, ખબર છે ? ચાલો, તું રાજી થઈ, એટલે હવે મારે નવનિધ ને અષ્ટસિધ મળી જાણવી.

કમળા—ઓહોહોહો !! એમાં તે શું મોટું જોર માર્યું જે ફુલારા હાંકવા બેઠા ! મને પરણે આઠ વરસ થયાં તેમાં આટલું આ કરાવ્યું છે. એમાં મોટી ધાડ મારી નાંખી ! આણ્યાં તેમાં શું થયું ? એ પડ્યાં છે.

ગોકળ—કેમ વળી આમ બોલે છે ? એક દહાડો તો પૂરો વચ્ચે ગયો નથી. તેં કહ્યું મારા પગ ઉઘાડા છે ત્યારે કલ્લાં લાવ્યા. હવે શું છે જે પાછી બડબડીને બાળે છે ? સુખેથી તારી મેળે પેહેરીને ફરની, તને કોઈ ના કહે છે ?

કમળા—ફર્યા ફર્યા હવે, છાના રહો. એ કલ્લાંને શું ચાટે મધ મૂકીને ! રાંડની કેહેવતવાળી વાત, ' કાને નહિ કોટે નહિ, ને વાલ સોનું હોઠે.' આ હાડિયાજેવી ડોક, ને ફાફડાજેવા ઉઘાડા કાન લેઈને ફરું, ને કલ્લાં પેહેરું !! તમારે શું ? લોકમાં કોઈ પૂછે તો હું લાજી મરું. કલ્લાં આણ્યાં તેમાં શો દહાડો ઉઘડચો ! હજી કાન ને કોટ ઢંકાશે ત્યારે ! તમે તો જાણે કલ્લાં લીધાં એટલે ગઢ જિત્યા !!

ગોકળ—અરે, તું તે શી જાતની છે ? તું કંઈ ઘરની રીત સમજે છે કે એમ જ. ધીરે ધીરે સહુ થશે પણ પાછી આજથી હોળી બાળવા માંડે છે. તને સો વાર કહ્યું કે તારે ખાતી વખત કલેશ ના કરવો. પણ તું કમજાત એવી છે કે તે જ વખત સાધે છે ને વજ્જર જેવા બોલ બોલે છે. વખત બેવખત વિચારતી નથી.

કમળા—વળી બોલતાં બોલતાં બેહેક્યા કે શું ? કમજાત ને બમજાત કોને કહો છો ? એક જનમ ધરીને સો રુપૈડીનાં કલ્લાં લીધાં તેમાં બીહીમણાપણું બતાવો છો ? ઉહૂ મારાં કલ્લાં ! હમણાં બહાર જઈને ફેંકી દઉં છું ! જો ! ' રેવો મારો રળી આવ્યો, ને સોના સાઠ કરી લાવ્યો !' ચાર વરસ બુમો પાડીને થાકી ત્યારે કલ્લાં આણ્યાં ! ને કોટ કાન ઉઘાડા છે તેની વાત કરી ત્યારે કમજાત ! પણ

હજી ખબર ક્યાં છે કે કમજાત કેવી થાય છે ? કમજાત થઈને દેખાડીશ ત્યારે સમજણ પડશે. ખાઓ છાનામાના, હવે મને વધારે બોલાવીને સાર નથી કાઢવાના. લેજો તમારે હાથે જોઈએ તે આમાંથી, હું તો મારે બહાર બેસું છું. મારા સભાવઉપર હું જઈશ તો હમણાં ખાવાને ઠેકાણે ખાવાનું રહેશે. (એમ કહી ઉઠી જાય છે.)

ગોકળ—લે હવે બેશ, હું તો કશુંએ કહેતો નથી. મારા નસીબનો વાંક છે એમાં તું શું કરે, ને કોઈએ શું કરે. ભલા જે ભગવાનને ગમ્યું તે ખરું. લે આવ, મારા બોલ્યાનું દુઃખ ના માનીશ. મને દાળભાત મુકી જા. મારો જ વાંક છે કે મેં જાણી જોઈને પહેલેથી વાત કાઢી.

કમળા—ત્યારે આપણો વાંક હોય ને બીજાઉપર ચીડિયાં કરવાં, ને કમજાત થવું એ કોના ઘરની રીત ! ખબરદાર જો હવે પછી એવું કશું મને કહ્યું તો ! તમારી જાત તે કયી સારી છે જે ? (ગોકળ છાનોમાનો ખાઈને કપડાં પહેરીને બોલ્યાવિના બહાર જાય છે.)

ચંદન—(પોતાના ધણીપાસે વાંચતાં શીખે છે, તે ચોપડી ઉઘાડીને) આનો ઉચ્ચાર શો કરવો ?

કૃષ્ણદાસ—(તેના તરફ જોઈને) તને દસ વાર કાલે બોલાવ્યો હતો, પણ ભાન રાખતી નથી, ઢોરની પેઠે ? જો હવે યાદ રાખજે. એનો ઉચ્ચાર 'કૃષ્ણ' 'કૃષ્ણ'. બોલ જોઉં. જો હવે ભૂલી તો તું જાણી ! (ચંદન લજવાઈને નીચું જોઈને બોલતી નથી ત્યારે) કેમ સીવાઈ ગયુ કે ! બોલ જલદી.

ચંદન—મને કોઈએ કહ્યું કે આપનું નામ મારાથી ન દેવાય. કહે છે કે ધણીનું નામ દે તો નરકમાં જાય.

કૃષ્ણ૦—કયા સાલાએ તને ના કહી બોલ, કે કયી રાંડે તને ના કહ્યું તેનુ નામ દે મારા આગળ જોઈએ. મારું નામ લેવું તેમાં નરકે સાનું જાય ? એવા ખોટા ઢોંગ મારા આગળ નહિ ચાલે. બોલ કયી રાંડે તને ના કહી ?

ચંદન—કાલે તમે મને મોટેથી બોલાવતા હતા તે તમારી માએ સાંભળ્યું. એટલે આજે સવારે મને વાતપર વાત લાવી કહ્યું કે બૈરાંની જાતે આપણા ધણીનું નામ દેવું નહિ. જો દે તો નરકે પડે.

કૃષ્ણ૦—(એકદમ પગહાથ ટેબલઉપર પછાડીને ઉભો થતો) કેમ નરક ને સરગ ! કોણે દીઠું છે ? બોલાવ રાંડને મારા આગળ. મા થઈ તો શું થયું ! આવા ખોટા ખોટા વહેમ સીખવીને મૂરખ બનાવવું છે કે સું ? ચાલ જા હમણાં ને હમણાં બોલાવ.

ચંદન—(ગભરાઈને રડવાસરખી થઈ જઈને) મને માફ કરો, ને બોલશો નહિ; વળી વઢવાડ થશે, ને પાછાં મારા ઉપર રીસ રાખશે. ગમે તો એમને બદલે મને સજા કરો કરવી હોય તો.

કૃષ્ણ૦—કેમ મારા આગળ રડીને પાખંડ કરે છે કે ! જા જઈને હમણાં ને હમણાં બોલાવ.

ચંદન—(નીચે જઈને ધીમેથી) સાસુજી ! તમને ઉપર બોલાવે છે. જરા હમણાં જઈને આવો છો ?

સાંકળી—કેમ વારું, ભાઈના જીવને સુખ નથી કે બીજું કંઈ કામ છે ? લો, જઈ આવું છું. તમે આ બારણું જોજો. (ઉપર આવતાં) કેમ ભાઈ ! શું કહો છો ?

કૃષ્ણ૦—કેમ ડોસી ! તમે આજે એને સવારમાં સું સીખવીને વહેમ ઘાલ્યો ? ખબરદાર જો આજ પછી એવા ખોટા વહેમ ઘાલ્યા તો ! તમારી પાસે રહ્યું તેને માણસનું ઢોર બનાવવું છે કે સું !

સાંકળી—અરે ભાઈ ! મેં તો કશુંએ કહ્યું નથી. હું તો રાંડ તમારા કામમાં બોલતી જ નથી, ને મેં કહ્યું હશે તે હવે મને સાંભરતુંએ નથી. ઝાઝું આવડું તપીને બોલો છો તે એવું મેં શું શીખવ્યું ?

કૃષ્ણ૦—અરે મારા આગળ પણ તમે જૂઠું બોલો છ ? સું હું જૂઠો કે એ જુઠી છે ? બોલો સાચે સાચું. એવી ગડબડ મને નહિ ગમે, જાઓ બોલાવો એને કયાં ગઈ ? એ નક્કી કરવું જોઈસે.

સાંકળી—ભાઈ ! તમે પૂરી ચાર ચોપડીઓ તો અંગ્રેજી ભણ્યા નથી ને આવડી ફાં ફું તે શા ઉપર ? હજુ તમારો રળ્યો રોટલો તો મેં ખાધો નથી, ને તે ખવડાવશો ત્યારે તો કોણ જાણે શુંએ કરશો !

કૃષ્ણ૦—કેમ, પાછું મારા આગળ વત્તું ઓછું બોલવા માંડયું કે ! જાઓ હું કહું તેમ કરો. મારું મગજ ફેરવસો નહિ. કયાં ગઈ એ, એને હમણાં ને હમણાં બોલાવો, કે વાત કેમ બની ?

સાંકળી—(દાદરમાંથી બુમ પાડે છે) અરે વહુ ? બેટા કયાં ગયાં ? આવો અહિં તમને બોલાવે છે. બારણું દઈને આવો. (ને આવે છે એટલે) કહો વારુ મેં તમને શી વાત ખોટી શીખવાડી, જે આ મને આવડું બધું દબાવે છે ? મને તો રાંડને કશું યાદ આવતું નથી.

ચંદન—એ તો સવારે તમે મને કહ્યું'તું કે 'બૈરાંએ પોતાના ધણીનું નામ ના લેવું. જો લઈએ તો ધણીને માથે ભાર આવે,

ને બોલનારી નરકની અધિકારી થાય,' તે વાતનું કહે છે કે તને કોણે કહ્યું ?

સાંકળી—લ્યો એમાં મેં શું ખોટું કહ્યું ? ના માનો તો પૂછો આપણા આ ગોવનરામ પુરાણીને. હાય હાય ! મેં જાણ્યું જે શી વાત હશે ! મને તો રાંડને પેટમાં ફાળ પડી !

કૃષ્ણ૦—અરે મુઓ સાલો ગોવંદપુરાણી ! લુચ્ચો ! ચોટ્ટો ! એવો રાંડિયોને ફોસલાવી ખાનારો સાલો બોડકી ભગત ! આજ સાંજે એને બોલાવીને એની ધુલ કાઢી નાંખું છું ! જો ! સાલો મૂરખ, આવા ખોટા વહેમ નાંખીને સહુને ભમાવે છે !

ચંદન—(સાસુને ઈશારતથી નીચે જવાનુ સમજાવે છે.) સાસુજી ! હવે તમે નીચે જવું હોય તો જાઓ. એ તો એટલું જ પૂછવાનું હતું. એમનો સ્વભાવ તમને કાંઈ અજાણ્યો છે ?

કૃષ્ણ૦—જુઓ, આજ પછી કોઈ પણ દહાડો એવી ઘરડાંની ઘેલી બુદ્ધિની વાતો જો સીખવી તો તમારી વાત તમે જાણ્યાં ! જો મોટાં સમજદાર તે ! આમ કરે તો નરકમાં જાય ને આમ કરે તો સરગમાં જાય ? ત્રણ કોડીની અક્કલ તો મળે નહિ ! મોટાં ઘરડાં થયાં ! ! આ સાલા મોટા મોટા પ્રોફેસરો થઈ ગયા પણ તેમનેય એ વાતની ખબર નથી કે નરક ક્યાં છે ને સરગ ક્યાં છે ! ને આ-દોઢ બદામની ડોસી મારા આગળ ડહાપણ ચલાવે છે ! ઝાઝું કરસે તો ઠોકર મારીને ફેંકી દઈશ. (ચંદનને) ખબરદાર જો આજ પછી તું એની અક્કલે ચાલી તો, સું કહું છું ?

ચંદન—(જરા મોં ફેરવીને) હવે ક્યાં સુધી એ ખોટી ટેચ કરવી વારુ ? થયું, એક વાર કહ્યું બે વાર કહ્યું, અમથું લાંબું કરીને માંથું દુઃખવવું ! તમારો છેક આવો સ્વભાવ હમણાંનો કેમ થઈ ગયો છે ? પહેલાં તો કંઈ આવું નહોતા કરતા. આ તમને દસ રુપિયા મળતા'તા તેના બાર થયા ત્યાર પછી તમારો મિજાજ વધ્યો છે. પણ છેક એમ કરવું સારું નહિ. છેક સાડ વરસનાં ડોશીને તમે આમ તિરસ્કાર કરો એમાં બહુ સારું નહિ કહેવાય; પછી તમારી મરજી.

કૃષ્ણ૦—(જરા નરમ પડીને) અરે જો હું તો સીધી વાત કહું છ કે વગર સમજણની વાત મારા આગળ ના કરવી. જેમ હું કહું તેમ કરવું. મારા સામું કોઈ થાય કે મારો મિજાજ જતો રહે છે.

ચંદન—લ્યો, હવે બહુ સારું, બહાર નથી જવું ? સવારના

ઘરમાં રહ્યા છો તે જરા ફરી આવો, એટલે ખુલ્લી હવાથી પાછું જરા મગજ ઠેકાણે આવશે. હું પણ ઘરમાં કામે જાઉં છું. (કૃષ્ણદાસ કપડાં પહેરી બહાર જાય છે.)

ચંદન—(નીચે સાસુ પાસે જઈને) જુઓ સાસુજી ! એમનો સ્વભાવ હમણાંનો ફરી ગયો છે. તમને પણ દાંતિયાં કરે છે, ને મને પણ દાંતિયાં કરે છે; પહેલે કંઈ છેક આવો નહોતો.

સાંકળી—જો બાપા, મારે કંઈ કાઢ્યાં એટલાં કાઢવાં નથી. ને મારે કંઈ સત્તરપંદર નથી. જે છો તે તમે. પણ મેં રાંડે કંઈ છેક સાઠે વરસે ગાળો કે માર ખાવા કંઈ ઉછેરીને મોટા નથી કર્યા ! જો છેક આમ છાકી જશે તો હું તો મારે આ ઘરમાંથી તમને જુદાં રાખીશ. સારું છે કે મેં હજી મારો જીવનગાળો પાંચ ઠીકરી સંઘરી રાખ્યો છે તે ખાઈશ. પણ બધુંએ જો એ ભાઈને આપીને બેઠી હોત તો એ મને શુંએ ના કરત? ભલા ભગવાન્ ! તમે તમારે સુખી રહો ને કમાઓ ને ખાઓ. મારે કંઈ એ વાતની ના નથી. પણ આવા જોંસા લપકા તમારા મારાથી ના ખવાય. એ તો મારા ઘડપણમાં ધૂળ નાંખવા બેઠો છે. જો, પેલા પુરાણીને વગર લેવેદેવે ગાળો દીધી, મને તુંકારા હુંકારા કર્યા ! એની જીભે કાંટા તો ઉગશે, એવું લોકોને ઓછુંવત્તું બોલશે તો. હું કંઈ તારો વાંક નથી કાઢતી. મારો છોકરો એવો ઉઠ્યો તેમાં તું શું કરે ! હું ઘણુંએ ના કહેતી'તી કે એને અંગ્રેજી ભણાવશો નહિ, પણ આ અંગ્રેજીની મોંકાણ માંડીને છોકરાને વહેવડાવી દીધો. થડ વાંકું એટલે ડાળપાંદડાંનો શો વાંક કાઢવો ! પેલા ભવના દુશ્મનદાવાથી પેટ પડ્યો હશે તે વેર વાળશે. (એમ બબડતી બબડતી ઓટલે જઈને બેસીને) રાંડના આ પ્રમાણે દહાડા શી રીતે જશે ! પીટ્યો હાથ ઝાલીને લાવનારીએ આવો મિજાજ કરે તો ના ખમાય, તો આ તો પેટના મેલ છે. ભલા ભગવાન્! તું કરે તે ખરું. પેલી કહેવતવાળી વાત કે 'પેટે પડ્યા સાપ પણ પાલવવા પડે !' પેટના કીડા પેટમાં કરડે તે ખમીએ છીએ કેની ! (નિસાસો નાંખતાં) રામ રામ રામ રામ રામ ! એ વહુ ક્યાં ગયાં ? પેલી મારી માળા મને ખીંટીએથી આપજો. ઘડી પગ વાળીને બેસાયું નહિ, ને રામનાં નામે ના લેવાયાં, આ દીકરાના દુઃખે. (પાડોશમાં રહેનાર ભૂધર નામનો ચાળીશ પિસ્તાળીશ વરસનો પુરુષ બહાર નીકળીને પોતાને ઓટલે બેસતાં.)

ભૂધર—કેમ સાંકળીકાકી ? શું છે ? કોઈ જોડે કંઈ વઢવાડ થઈ કે શું ? આજે કંઈ તમારો આતમા પરસનતામાં જણાતો નથી, એમ મને જણાય છે.

સાંકળી—ભાઈ! બળ્યો આ મારો આતમા. શું કરૂં? પરસનતા તે શેની રહે! આ પેટના કાદવ આજે અંગારા થઈને પડ્યા છે! પેટ બળી જાય છે; શું કરીએ ને કોનો વાંક કાઢીએ? ભાઈ! આપણા કરમનો વાંક, બીજા કોઈનો વાંક નથી. અરે એના કરતાં તો આ પારકી જણી વહુ સારી કે બીચારી મારી દોહ્યલાની દાઝ જાણે છે. ના, ના, સાચું કહેજો ભૂદરભાઈ! મારું ઘડપણ ના પાળે તો એ દીકરો પછી શું મારે ઘશી ચોપડવાના કામનો? ભલે, આ વહુ છે પણ હું તો જાણું છું કે મારે પેટની દીકરી કરતાં આસે[1] છે.

ભૂધર—જુઓ સાંકળીકાકી! આજના છોકરા ઘેરઘેર એવા ઉદ્ધ્યા છે. કંઈ તમારે ઘેર જ છે એમ નથી. આ મારા ચાર ભાઈઓ છે, બધાએ જુઓ તો મારાથી નાના છે, પણ કોઈ કોઇની મરજાદ રાખતું નથી. શું કરીએ, આ કળજુગનો પોરો એવો છે કે માબાપને છોકરાં ના બદે, તો ભાઈ ભાઈને શું બદે? પહેલાંના લોક એમ જાણતા કે સંપ રાખવામાં સુખ છે કે અકેકાના દુઃખમાં બીજાનો ભાગ આવે એટલે એકલાને નડે નહિ ને આજના છોકરા તો શું શીખે છે કે હું કમાઈ લાવું ને બીજાને ખવાડી દઉ? પછી મારે પૈસો ભેગો કેમ થાય? ને ઘડપણમાં ખાઉં શું? એમ નથી જાણતા કે બારે ને ચારે કંઈ સરખા જવાના છે? એ તો કોઈ વરસ આપણે કમાયા, કોઈ વરસ બીજો કમાયો, તો સહુનું મજીયારું હોય તો જણાય નહિ. આજ સુધી તો કશું કમાતા નહોતા, આ હમણાં વળી સઉસઉની મેળે ડાળે વળગ્યા છે. આટલા દાહાડા મારું લોહી ને પાણી એક થયું ત્યારે આ ઘર ચાલ્યુ છે તેની એ લોકને કંઈ ખબર નથી. હવે સઉ મારું ને તારું કરવા લાગ્યા છે. શું વાત કહું? કાકી! લાજી મરવા જેવું છે. ભલા ભગવાન્! તમને ગમે તે ખરું. હજી હું તો મારે તમાસો જોઉં છું કે શું થાય છે? લ્યો, બેસો. હું તો જરા બહાર જઈ આવું છું, એક બે જગાએ કામ છે તે. (જાય છે.)

માણેક—(પોતાના વર ભૂધરને બારણે જતો જોઈ તરત બહાર નીકળી) કેમ વારુ પૂછતા નથી, ગાછતા નથી ને એમ ને એમ ચાલ્યા? એવી શી ઉતાવળ છે જે? એ જરા પાછા ઘરમાં આવીને જજો, કામ છે.

ભૂધર—(પાછો ફરતાં) વળી શું કામ પડ્યું છે જે? બારણે

---

૧ વધારે.

સાંજ પડવા આવી તોયે ખ્યાલ મૂકતાં નથી. (ઘરમાં આવીને) ચાલો, મારે જવાની ઉતાવળ છે, જે કહેવું હોય તે કહી નાંખો.

માણેક—જુઓ બેસો તો ખરા, આ તમારા જીવણની વહુએ તો હવે છેક માંથે છેડો નાંખ્યો છે હોં. પાછળથી તમે મારો વાંક કાઢો, એટલા માટે હું તમને આગળથી ચેતાવી મૂકું છું. આજે એ એને પીયરથી આવશે કે હું એને જે વાત છે તે ખરી ખોટી પૂછી જોઈશ, ને જો એ જૂઠું બોલશે તો પછી મારે એને ખાનાજંગી થનાર છે. મારાથી બોલ્યાવનું રહેવાશે નહિ, ને એનાથી એ વાત સંખાવાની નથી. આ તમને કહી મકું છું કે તમે બહાર જાઓ તો વહેલા આવજો. પછી તમે કહેશો જે મને કહ્યું નહિ. આમાં મારો વાંક હોય તો દેખાડો.

ભૂધર—હવે તારો ને એનો વાંક પૂછે તો બેના વાંકવિના કંઈ કજીયો થાય નહિ. બે હાથવિના તાળી પડે છે? તું વળી રજનું ગજ કરતી હઈશ, તેમ એ પણ છેક સખણી નહિ રહેતી હોય.

માણેક—તમેય વળી એનું ઉપરાણું લો છો? મેં રાંડે શું રજનું ગજ કર્યું તે કહો. તમારી જ મતિ ફરેલી જણાય છે, ને મને લાગે છે કે તમારી કુમકે એ કુદતી હશે. પણ ખબર છે, હવે મારા ઘરમાં એ રાંડરંડવાનું કામ નહિ. તમે જાઓને તમારે બહાર. છો મને રાંડને ભુંડી કહેતા લોકો. આજે તો એ આવે એટલે સારૂ કહી દઈશ કે તમે તમારું જૂદારું માંડો, હવે આ ઘરમાં તમારું કામ નહિ. તે છતાં મારા ઘરમાં પેસશે તો કહીશ કે ટાંટીઓ કાપીશ. હવે મારે ભલાઈ નથી લેવી જાઓ.

ભૂધર—અરે મૂરખી ! મારું કહ્યું માને તો થોડા દિવસ ધીરજ રાખ. જો ઉછાળી પગ ભાગીશ નહિ. એ એમની મેળે જૂદાં રહે તો ભલે, પણ આપણે એમને છોકરાંની પેઠે ઉછેરી મોટાં કર્યાં તેમને કહેવાય કે તમે જાઓ નીકળો ? તેથી આજે કશું બોલીશ નહિ. હું બધુંએ સમજું છું કે એમનો બધાનો સ્વભાવ હવે બદલાયો છે, પણ હશે, જો બોલીશ નહિ કશું હોં. હું બહાર જઈને આવું છું. (બહાર જાય છે, માણેક મનમાં ખીજવાઈને પોતાના ઘરમાં કામે લાગે છે, ને થોડી વારમાં જીવણની વહુ મણિ પોતાને પિયરથી આવે છે, તથા જીવણથી નાના ભાઈ હરખાની વહુ ઝુમખી પણ પોતાને પિયર જઈને આવે છે; તેનાથી નાના મકનની વહુ દીવાળી અને સઉથી નાના કહાનાની વહુ મૂળી એ બે જણ તો ઓરડામાં દીવાકોડિયાં તૈયાર કરતી બેઠી જ છે, એટલામાં જરા વાર રહીને પછી)

માણેક—અલી મણિ ! તારું મેં શું બગાડચું છે જે તું લોકના આગળ મારાં ભુંડાં બોલતી ફરે છે ?

મણિ—હું તો કોઇના આગળ કશુંએ બોલી નથી. કોણ કહે છે કે હું બોલી, લાવો તેનું મોં, ને ખરાં પારખાં કરો. મારી આશાના સમ, જો હું કોઇના આગળ ભલુંભુંડું બોલી હોઉં તો. બાઈ, ખોટું મારું નામ દેશો નહિ.

માણેક—હું રાંડ ચાળીસ વરસની બોલું તે ખોટી ને તું સાચું રડનારી ! જો મારી બાઈ ! જરા બોલતી લજવાતી નથી ! જરા નાનાંમોટાનો ભારવક્કર તો રાખ. હું રાંડ આવડી મોટી થઈ તે જૂઠી, ને તું સાચી ! એવાં તારાં પાખંડને તારો વર માને કે તારો ઓશિયાળો છે ! હું કાંઈ તારી ઓશિયાળી નથી, સમજી કેની ? તું મારાં લોકને મોઢે સાંચાંજૂઠાં કરનાર કોણ ! ઘર છે તે રડી હજાર વાત થાય, પણ બારણા બહાર કેહેવાય કેમજે ? કેટલા દહાડાથી હું સાંભળું છું પણ જાણે કોણ બોલે, કોણ બોલે, ત્યાર છેક માથે ચઢી !

મણિ—(જરા ચીડાઇને) પણ મેં કયી રાંડને મોઢે કહી તે કંઈ જણાય ? તેનું મોઢું લાવોને. એમ ખોટું આળ શું કરવા મૂકો છો ? મેં કંઈ તમારું બગાડચું નથી, તે છતાં ખાઈપીને મારા પાછળ શીદ મંડયાં છો જે ?

માણેક—(ગુસ્સે થઈને) કેમ વળી મારા મોં આગળ સતી થાય છે કે ? કેમ પેલી પાંખડીને મોંઢે તું મારાં ભુંડાં નથી બોલી ? તારા કહ્યા વના આપણા ઘરમાં છાની થયેલી વાત કોઈ શું જાણે ? તેં ના કહી ત્યારે શું ચોર વાત લઈ ગયા કે ? જો વળી બોલતાં નથી ત્યાં લગણ. એમ છેક માથે છેડો નાખીને ફરવું હોય તો રહે તારા ધણીને લઈને જૂદી. 'પાણીમાં રહેવું ને મગરસાથે રુસણું' એ કેમ પાલવે ? હવે નસ પકડીને ડામ દીધો ત્યારે કેવું ચીવઈ ગયું ? તું જાણે કે મારી વાત કોણ જાણે છે, પણ ખબર છે હું તો તારું પગલું પારખું એવી છું.

મણી—પાંખડી વળી કયી ? લાવોને તેનું મોં. રાંડ જૂઠું બોલે તો તેનું માથું નહિ ભાગી નાંખું. છેક આમ ડામ ને નહિ ડામ બોલો છો તે જરા સંભાળી બોલજો. પછી મારા જેવું કોઈ ભુંડું નથી, ખોટાની તો હું કાળ છું, ખબર છે ? જાઓ લાવો તે રાંડ બોડી પાંખડીને, જોઉં તો ખરી તેનું મોં.

માણેક—ખબરદાર જો તેને ગાળ દીધી તો. મોં તપાસીને

બોલજે. તેને મોઢે વાત કરી આવે છે ને વળી કહે છે કે કીયી પાંખડી ! એ તારા બાપના મો'લ્લામાં રહે છે ને મારા પીયરના પડોસમાં પયણી છે તે ! ઓળખી હવે. ગાળ દીધી તેને તો તારી વાત તેં જાણી. મોંમાં જીવડા પડશે વગર કારણે તેને ગાળ દીધી તો.

મણી—ઓળખી. રાંડ સોદી તો છે. લોકનાં ઘર બાલનારી, સાચાંજૂઠાં કરીને લડાવી મારનારી ! લાવોની એનું મોં મારા અગાડી ! જૂઠું બોલે તો દાંત બતરીસે તોડી નાંખું, ઓળખો છો મને ? એવી રાંડ કભારજાને કહે લાવીને ઘરમાં ખોટી વઢવાડ ઘાલો છો ? પૂછો આ ઝુમખીને જો હું એને ઓળેય ઉતરતી હોઉ તો. જૂઠું બોલું તો આ મારા છોકરાના સમ ને બીજું જૂઠું બોલતું હશે તો તેને ભગવાન્ પારખું દેખાડે. હું તો કહું છું.

માણેક—આહાહા ! સઉને ઓળખું છું ઝુમખી વળી જેટલી બહાર છે એટલી ભોંયમાં છે. ' થોડું બોલે ને થાંભલા કોરે; ' એ જેટલી તારી એટલી મારી નો'ય ! એ વળી કેદહાડે પાધરાં છે ! અણબોલાવ્યાં પાત્ર છે, મને કેદહાડે અજાણ્યું છે જે ? ને છેક અલી બોલતાં બેહેકી જાય છે તે કોને કહે છે જે ભગવાન્ પારખું દેખાડે ! દેખાડે ને પારખું તારા પીયરમાં ભગવાન, કે ધાડ છે તે ઓછી થાય; મારે એકનો એક છોકરો છે, ખમ્મા કરે તેને.

ઝુમખી—એમ સઉની સાથે પેલા એની પેઠે દાંતિયાં કરોછો તે જરા લાજતાંએ નથી ? તમને તો હવે બ્હાર આવે છે.

માણેક—(એકદમ લાંબા હાથ કરીને) અરે વાંદરી તારી મા ! વાંદરી તારી બેહેન ! થાયને વાયુ તારા ભાઇબાપને ! ! જો, મારી નાનકડી શોકય બોલતાં શીખી છે તે ! (આ હોકારાબંધ લડાઈ થવા માંડી તે સાંભળીને સામી બારીએથી વિજળી પ્રાણકોરને કહે :છે.)

વિજળી—એ તહીંયાડી ! છો કે ? અલ્યા ઓ તહીંયાડી ! જરા બારીએ ડોકું કાઢજો તહીંયાડી, એક વાત કહેવાની છે.

પ્રાણકોર—(બારીએ આવતાં) શું છે ? તોતળિયા ! શી વાત કહોછો જે ? તતતતતતતત્ કહો બોલો.

વિજળી—અલી આજ ભવઈ જોવા આવવું છે ? મહીં ખેળા હારા નાચે છે. કેમ છે મરજી ?

માણેક—(વિજળીના આ બોલ સાંભળીને) ઓ સવૈયાની પરણેલી ! કયી તારી માબેહેનને કહે છે ?

વિજળી—કેમ રે, બોલતાં છાકી કે ? હું તો કહું છું, મારા

બાપની બૈયર જે મારા સામે રહેછે તેને! તને! છે કંઈ બોલવાનું? બોલ બાકી હોય તો! આખા ગામજોડે ફાવીશ. મને છેડી તો મોત આવ્યું જાણજે! તારૂં કોઈ નામ લે છે? અમે અમારી વાતો કરીએ છીએ ત્યાં વચ્ચે મુંડી ઘાલે છે? (આ વગેરે બોલચાલથી આખો મેહેલ્લો ભેગો થાય છે. એટલામાં ભૂધર ને જીવણ બહારથી આવે છે. તે આ તોફાન જોઈને લોકોને ધમકાવીને કાઢી મૂકે છે. વિજળી તથા પ્રાણકોર પોતાના ઘરમાં હસીને જતાં રહે છે. અને બે ભાઈ ઘરમાં જઈને પોતપોતાની સ્ત્રીને પોતપોતાની જગાએ તેડી જાય છે.)

જીવણ—(મણિને) કેમ વળી, આજે પાછું શું થયું જે ઓચ્છવ કરવા મચ્યાં'તાં? તમને સો વાર કહીએ તો એ લાજ નથી. પેલા સાળાં નીચની પેઠે બોલવું, લડવું, ને લોક ભેગાં કરવાં એ તે કંઇ સારી વાત છે?

મણિ—તમે મારો વાંક કાઢો છો પણ કંઈ ન્યા તોળશો કે એમ જ? પૂછો પેલી ત્રણ જણીઓ હતીઓ. હું પેહેલેથી એક અક્ષરે બોલી હોઉં તો! હું તો મારે ઘેરથી આવીને લૂગડું બદલીને ઉભી એટલે એ ખુમો પાડવા માંડ્યાં, તે હજાર વાનાં મને સંભળાવ્યાં પછી હુંએ પણ બોલી. બળતું લાગે એવું બોલે ત્યારે શું કરૂં?

જીવણ—તું તો બેવકૂફ છે. તેને મોઢે બોલે તેમાં આપણે શું? છાનાંમાનાં સાંભળ્યા કરીએ.

મણિ—તે હું કાંઇ એની દએલી નથી જે ગાળો ખાઉં; એની ગાળો ખાવા માબાપે મને ઉછેરી નથી તો!

જીવણ—કેમ વળી મારી સાથે પણ લડવું છે કે શું? તારો એવો કેવો ખરાબ સ્વભાવ છે!

મણિ—જાણતા નહોતા, પયણ્યા શું કરવા? બીજી સારા સભાવની લાવવી'તી! લાવોને હજીએ મળતી હોય તો!

જીવણ—લે હવે બેસ છાનીમાની આડું અવળું બોલતી! કાંઈ ભાન તો રાખ. બહારથી આવ્યા છીએ તે કાંઈ પાણી પાવું કે હસવું કે બોલવું કે તે વાત તો મળે નહિ, ને લડવાની વાતમાં શૂરી છે!

મણિ—એવા લેહેકા કરતાં આવડે છે ત્યારે આપણે શીદ એવી વાત કાઢીએ જે? છાનામાના બેશી રહીએ. આપણી મતલબ હોય તે વાત પહેલી કરીએ. પાણી પીવું હોય તો લો, પેલો લોટો, હમણાં જ ભરી આણ્યો છે. ભાભીનું ઉપરાણું કરો છો તો દિયરજીને પાણી પીવાનું પૂછ્યું હશેને?

જીવણ—લે. હવે બીજી વાત કર, એ વાત જવા દે. આજ તો થાકીને લોથ થઈ ગયા છીએ કામ કરી કરીને.

મણિ—તેમાં મને શી ન્યાલ કરી જે ? એ તો જાણીએ જ છીએ કેની કે બહાર લોકોસાથે આખો દહાડો લમણાફૂટ કરશે, ને ઘરમાં મારા આગળ આવ્યા એટલે હવે થાકીને લોથ થઈ ગયા છીએ ! ત્યારે થોડું કામ કરીએ ! એવા કોણે બાંધી માર્યા'તા જે, ને એ કામ કીધું સરગે લઈ જનાર છે જે ? રાંડનો જરા વિચાર તો રાખીએ ! હશે મારે શું ? જાઓ તમારાં ભાભીએ રાંધી મૂકયું છે તે, ગરમાગરમી જમો ને આ ડામચીએ ગોદડાં પડયાં છે, તે પાથરીને પડયા પડયા ઉંઘ્યા. વળી સવાર થશે એટલે તમારા કરમનું વૈતરૂં તૈયાર છે. એ એમના એમ જનમ પૂરા કરો. ખરું કહીએ ત્યારે કડવાં ઝેરજેવાં લાગીએ. રાંડ સાચાબોલી કહીએ ના સમાય !

જીવણ—(મનમાં) અરેરે ! આ સાળાં કરમનાં કાઢયાં સઉ સરખાં મળ્યાં ત્યાં કોંનો વાંક કાઢીએ ! હશે ભોગ એના, ગમે તેમ લવે તો. હું બોલીશ તો વળી બમણી થશે.

મણિ—હવે ખરી વાત આવી ત્યારે કેવી તેલમાં માખી ડૂબી ગઈ ! 'આપણા તળે આવે રેલો ત્યારે બધી વાત પડતી મેલો' તે વાગી વાત કરી, કેમ થાકી ગયા છો તે છેક બોલાતુંએ નથી કે ?

જીવણ—બોલ્યા બોલ્યા હવે. ઘડી બે ઘડી જંપવા દે. તું તો તારે દોઢ શેર લેખે ખાઈને ટાઢું હીમ જેવું કરીને બેઠી છે, તે હવે કરે છે લખારા આખા ગામના ! મને હમણાં બોલ્યાનું જોર નથી ખાધા પછી મને બોલાવજે. શેર ધાન રોજ ખાનારીએ તારા જોડે પૂરો ના પડે. વડનારીએ તેવી, બોલનારીએ તેવી, ને બધીએ વાતે પૂરી છે. જો ભાઈ ! હમણાં થોડી વાર મને પજવીશ નહિ, હું તો ખરી વાત કહું.

મણિ—ઓહોહો ! ! મોટા હુંડી સકારીને નવ ટકાનો ઢાળકો ઘરમાં લાવ્યા તે બીજાને દબાવી મારે છે, ' આ હમણાં મને બો-લાવીશ નહિ' ! ! તો અહિં નવરુંએ કોણ છે બોલાવવા ! આમ પડી રહે પેટમાં આવવાનું હશે ! ભૂખ લાગી હોય તો માગ્યું જઈને, આપશે તમારાં ભાભી.

જીવણ—હવે લગાર રહીને જાઉં છું. તું તારે પથારી બથારી કર, મને લગાર જંપવા દે.

મણિ—(પોતાના કામમાં લાગતાં) જપ્યા કરોની બાર ને બાર ચોવીસ વરસસુધી. અહિં શી ધાડ આવવાની છે, કે વખારે તાળાં

દેવાવાનાં છે બોલાવ્યા વના. (જીવણુ છાનોમાનો બારીએ તકીએ બેસે છે.)

ભુધર—(મનમાં) અરે ભગવાન્ ! આ સંગ કાશીકેદાર શી રીતે પોંચશે ! હવે તો છેક અવધિ માંડી છે. ઘડી બહાર જઈએ છીએ કે રાંડો જાદવાસ્થળી મચાવે છે. હવે જો હમણાં કશું કહેવા જઈશ તો વળી કુતરીની પેઠે બાઝશે. સઉ વાળુ કરી લે પછી, નહિ તો સવારે આ વાતનો તોડ કાઢવો પડશે. સાળું રોજ ઉઠીને આ કેમ ખમાય ? કહેવત છે કે ' અતિસમ સો વર્જીતમ '[૧] ! હવે આમાં કંઈ સાર નથી. (મોટેથી) અરે જીવણુ ! હરખા ! ચાલો સઉ ભાઈઓ ! વાળુનો વખત થયો છે. (સઉ વાળુ કરી પોતપોતાને ઠેકાણે જાય છે.)

વિજળી—(પોતાના ધણી હરકીસનદાસને) આ ઉનું પાણી તૈયાર છે. લગાર હાથ પગ ધોઈ લેશો ? આજે જરા વહેલું વાળુ થાય તો પછી નિરાંત. ત્યારની હું તો તમારી વાટ જોતી'તી.

હરકીસન—હા, બબ્બબ્બ બહુ સારું, લાવો પપ્પપ્ પાની. (વિજળી પાણી આપે છે. હરકીસન હાથપગ ધોઈ વાળુ કરી લે છે.)

વિજળી—મારે સારું પાન ના કરવું કે ? તમેય મતલબી દેખાઓ છો તો ! લાવો પાન કરી આપો.

હરકીસન—મમ્ મમ્ મમ્ મતલબી આજ જાન્યા કે ? સાલું આખું જગત મમ્ મમ્ મમ્ મતલબી દેખું છું હું તો.

વિજળી—એ તો વળી ખરું જ તો, આ ઘોડિયામાં છોકરું રડે છે તેય ધાવ્યાની મતલબવિના રડતુ નથી, ને આખું જગત્ મતલબી છે, તેમાં તમે શું કહેતા'તા ? એ તો સઉએ જાણીએ છીએ.

હરકીસન—(પાન આપતાં) જો ધાન પપ્પપ્પપપ્ પહોંચે તો આજ બે ઘરી જઈ આવશું ? આજ રસ્તે આપના આ બબ્બબ્બબ્બ્ બીજભુખન મલ્યા'તા, તે કે'તા'તા કે કઠા સાંભલવાજોગ છે. તતતત્ તારે સારું પન કહેતા'તા કે આવે ટો કસી નુકસાનની વાટ નઠી.

વિજળી—તમારા પહેલાં અમે તો આજે ધારી જ મૂક્યું છે. તેથી તો તમને વાળુ વહેલું કરાવ્યું, સમજ્યા કેની ? તમે ભાયડા ભાયડા જાઓ ને પાછળથી અમે બૈરાંબૈરાં આવીશું. પણ આ તમારા ગોકળને બોલાવતા જજો. ના આવે તોય ખેંચી જજો હોં, ભૂલતા નહિ.

---

૧ " અતિઃ સર્વત્ર વર્જયેત્ ", અતિ બધી જગાએ ત્યજવું.

શ્રીજભુખણ—(બારીએથી) કેમ તહીંયાડી હરકીસનદા ! વાલુ તહીંયાડી થયાં કે ? ચાલો તહીંયાડી વખત તહીંયાડી થયો છે. કેમ વિજલી ! તહીંયાડી તમે તહીંયાડી આવશો કે નહિ તહીંયાડી ?

વિજળી—હા તહીંયાડી ! અમે તો તૈયાર છીએ, પણ અમને વળી તહીંયાડી તેડી જાઓ છો ? ત્યાં અમારે આવવા જેવું છે કે એકલા ભાયડાને જ કામનું છે ?

શ્રીજ૦—ના તહીંયાડી ભતજીનું ઘર તહીંયાડી મોટું છે, તહીંયાડી કથા પન તહીંયાડી તમારા જોગ છે તહીંયાડી, સમજ્યાં કેની ?

હરકીસન—(બારીમાંથી ડોકું કાઢી ધીરેથી)આજ આપના ગોકલને ગમે તેમ કરીને તતતતતત તેડી જવો હોં. એ પન બહુ મમમમ મૂરખજેવો છે. એનું ઠેકાણું પપૂપપૂપપૂ પડસે. (દ્વારકાદાસ તથા હરજીવન શ્રીજભુખણને ઘેર આવે છે, ને હરકીસનને સાથે લઈ બધા ગોકળને ઘેર બૂમ પાડે છે તે સાંભળીને)

ગોકળ—(બારીએ આવી) આવો સઉ ઉપર. અત્યારે કયાંથી ભૂલા પડયા ? કંઈ મતલબ છે કે શું ?

હરજીવન—(બધા સાથે ઉપર જઈને) ના એ તો તમને કહું આપના મનોર ભટજીને ત્યાં તમને કહું કથા વંચાય છે તમને કહું. તે સાંભલવાજોગ તમને કહુ છે. અમે સઉ જતા'તા તે તમને કહું શ્રીજભુખન કહે ચાલો તમને કહું ગોકલને પન બોલાવતા જઈએ તમને કહું.

ગોકળ—હા, મને શેઠ પણ કહેતા'તા એક દહાડો. ચલો તમારી સઉની ઇચ્છા છે તો આવું છું. (કમળા તરફ જોઈને) સાંભળે છે ? તારે આવવું હોય તો વિજળી ભાભી સાથે આવજે હોં કે. કેમ સમજી કેની ?

કમળા—સારું તમે કહો છો તો આવીશ. બહુ રાત તો જતી નથી કેની ?

દ્વારકા૦—ના જે છે તે ઘનું જુલમ તો જે છે તે દસને અગિઆરની અંદર જે છે તે પતી જાય છે. (પછી સઉ મનોહરને ત્યાં જાય છે.)

દાસ—(મનોહરને મેડે બેઠા છે તે આ સઉને આવ્યા જોઈને) આવો ડવારકા ! અહો ! આંજ ટો પોટે હડકીસનદાસ આવ્યા ને સું ? (પાછળ ગોકળને જોઈને) અડે વાહ ! ગોકલ ટમે પન ! ભલે, પઢાડો. (સઉ બેસે છે. રોજનાં આવનાર સર્વ આવી રહ્યાં છે

માટે કથાનો આરંભ કરવા મનોહર વિચારે છે, એટલામાં કમળા, વિજળી, પ્રાણકોર, તથા દ્વારકાની વહુ નવલ તથા હરજીવનની વહુ લાડકોર આવે છે. તેમને સઉને જોઈ વિજળીને) ઓહો વિ-જલી ! ટમે પન આજ કંઈ આ ટડફ ઝલકાડો ! ! ભાઈ ટમે ઢની-ઢનિયાની બહુ જ પવિટ્ર માનસ છો. આપના મો'લ્લામાં હું સાંભલુંછ કે ટમે પન એક જ છો. બેસો સઉ. આપનાં ઢન ભાયગ છે એમ જાનજો કે આ ભતજી મ્હાડાજ સડખા મોતા પુડસનું આ મો'લ્લામાં ઘડ આવ્યું છે. હું ટો કહુંછ કે આપનાં માટાપિટાને ઘેડ જવું ને અહિં આવવું બડોબડ છે. આપને સઉ ભાઇભાન્દુ છીએ. અહિં કોઈની સડમ લાવવાનું કામ નઠી. વિજલી ! તમને સઉને કહું છું હો, સમજ્યા કેની ? (ભટ તરફ જોઈને) માફ કડજો મ્હારાજ બેઅડબી. હવે સુખે કઠાનો આડંભ ઠવા ડો.

વિજળી—(પોતાની સાથે આવેલાં સઉ બૈરાંને આગળથી બેસવાની જગા આપીને પછી બેસતાં) મેં સાંભળ્યું કે કથા બહુ સારી થાય છે ને મારી ચંચળબહેન રોજ આવે છે ને કહે કે બાળમુકુંદદાસ પણ રોજ આવે છે ત્યારે કહ્યું ચાલો.

બાળ૦—ના ટે ઘનુ સાકું કર્યું. હું ટો આજ છ ડિવસ કયાં માડા મનમાં ટમને સંભાડટો, ને ઘડમાં ટમાડી બહેનને પન મેં કહ્યું'ટું કે ટું વિજલીને ખબર ટો કહી આવ. પન જાનો છો કેની ?

વિઠ્ઠલજી—બોલો સદ્‌ગુરુદેવકી જય. ભટજી મહારાજ ! કાલ ત્યાં સુધી આવ્યું છે જે ' છોકરીનાં સાસરિયાં જે વખત તેડાવે તે વખત આપણી છોકરી સાસરે વિદાય કરવી જોઈએ. એ બાબતમાં ખોટા કે ખરા વાંધા લઈ આડાં થઈને તેનાં સાસરિયાંને નારાજ કરવાં એ કુળવાન્ માબાપનું કામ નથી. ' હવે ઇચ્છાપ્રમાણે થવા દો.

મનોહર—બોલો ' શ્રીસદ્‌ગુરુ દેવકી જય. ' પાછાં બીજે દિવસે લક્ષ્મીમાતા પોતાની સઘળી છોકરીઓને બેસાડી મોટી છોક-રીને કહે છે, હે સરસ્વતિ ! એ પ્રમાણે પોતાની છોકરીનું ભલું ઇચ્છનાર માબાપે લગ્ન કર્યા પછી એ છોકરીની આપણા કામ માટે આશા રાખવી નહિ, એ વગેરે માબાપના છોકરીપ્રતિના ધર્મ સંક્ષે-પમાં તને કહ્યા. હવે કુળવાન્ સાસુસસરાએ પોતાના પુત્રની વહુનું શી રીતે રક્ષણ કરી પોતાનો સેવ્યધર્મ બજાવવો, એ વાર્તાને પણ ટુંકામાં કહું છું તે તું ધ્યાનમાં રાખજે. જ્યારે આપણા પુત્રની વહુ પિયરમાં હોય ત્યારે તેનાં જન્મનાં આપનાર માબાપ તેની રક્ષા કરે છે, તે જ પ્રમાણે જ્યારે આપણે ઘેર આવે ત્યારે સાસુએ તેને પોતાની પેટની

દીકરી જેવી જાણી તેનું રક્ષણ કરવું, એવું શાસ્ત્રની આજ્ઞા જણાવે છે; તથા તે પતિ જ્યાંસુધી તે વહુનું સારી રીતે રક્ષણ કરવાયોગ્ય ન થાય ત્યાં સુધી તથા જીવતાં સુધી પણ તે કુળવાન્ સાસુસસરાએ પોતાના દીકરાકરતાં પણ વહુની વધારે કાળજીથી રક્ષા કરવી એવો નિયમ જણાવે છે. આ પ્રમાણે કબુલ થયેલાં તે સાસુસસરો જો તે અનાથસરખી અબળાજાતિને પોતાના ઘરમાં લાવીને દુઃખ દે તો તેમને નરકમાં મુઆ પછી ઘણો કાળ વસવું પડે છે. માટે હે દીકરી ! આપણા પુત્રની વહુને પારકી છોકરી જાણી સાસુસસરાએ કદાચિત્ પણ તેને કોઈ પણ પ્રકારનું દુઃખ દેવું નહિ. આ લોકમાં ઘણાં નીચ સ્વભાવનાં સાસુ તથા સસરો વહુને ગાળો દે છે, એ ઘણી જ નઠારી પાપમાં પડવાની વાત છે. હવે સસરાકરતાં સાસુવહુને આખો દિવસ કામકાજમાં એકઠાં રહેવાનું હોય છે, માટે સાસુવહુના ઉત્તમ વ્યવહારને પ્રથમ કહું છું. કેટલીક પાપણી સાસુ તો વહુને એક બે વાર પોતાને ઘેર તેડે ત્યારે જરા હેત દેખાડે છે, પણ પછી હરદમ રહેનારી વહુ થઈ કે તેની સાથે વિનાકારણ વેર ઉત્પન્ન થાય એવી રીતે ચાલે છે. ત્યાં આ સંસાર એવો છે કે એમાં દરેક માણસ તથા બીજાં પ્રાણિનાં સ્વભાવ તથા પ્રકૃતિ જૂદાં હોય છે. કારણ કે આ જગત્ ત્રણ ગુણવડે રચાએલું છે. એક તો સત્ત્વગુણ, બીજો રજોગુણ, અને ત્રીજો તમો ગુણ. આ ત્રણે ગુણના સ્વભાવ જૂદા હોવાથી ત્રણના સેળભેળ થવાથી જૂદા જૂદા અનેક સ્વભાવ થાય છે તેમ જ પાંચ ભૂતથી આ સઘળાં માણસોનાં શરીર રચાયાં છે, તેમાં પહેલું પૃથ્વી, જેના ઉપર આપણે વસીએ છીએ તથા અન્ન, ઝાડ, ફળ, પાલો વગેરે થાય છે તે; બીજું પાણી, જે આપણે પીએ છીએ: ત્રીજું અગ્નિ, જેના વડે ગરમી તથા અજવાળું મળી આપણે જીવીએ છીએ; ચોથું વાયુ કે જેના વડે આપણે શ્વાસ લઈએ છીએ, હરીએ ફરીએ છીએ, તથા આવરદાને ભોગવીએ છીએ; અને પાંચમું આકાશ, જે આપણને સઉને પોતાના પોલા પેટમાં રાખી રહ્યું છે, અને આપણા શરીરમાં પણ ઠેકાણે ઠેકાણે રહીને આપણને જીવાડે છે. આ પાંચ ભૂતના ભાગો મળીને સઉનાં શરીર થયાં છે. તેથી એકથી બીજામાં કોઈ ભાગ કમતી અને કોઈ જાસ્તી હોવાથી સઉનાં શરીર સરખાં હોતાં નથી. હવે શરીર અને મન સઉનાં જૂદાં જૂદાં છે એટલે જેટલી અથવા જેવા પ્રકારની સારીનરસી સમજણ એકને હોય છે, તેવી જ બીજાને હોતી નથી. તેથી સઘળાં પ્રાણિઓએ પોતાની ઇચ્છા અથવા સમજણ પ્રમાણે કરેલું કામ બીજાંની ઇચ્છા તથા સમજણને

ફાવતું આવતું નથી; જેથી એકબીજાનાં કરેલાં સઘળાં કામોથી એક-બીજાને પૂરો સંતોષ થતો નથી, અને સંતોષ ન થાય એટલે એક-બીજાઉપર સહજ અપ્રીતિ થતી જાય છે, અને તેમ કરતાં કરતાં જો એકાદ અંશે પણ એક બીજાની સાથે પોતપોતાના સ્વાર્થનો સંભવ જણાય તો તો તે સ્વાર્થને લીધે પ્રીતિ થોડી થોડી રહે છે; અને જો મુદ્દલ સ્વાર્થ નહિ હોય તો તો થોડા જ વખતમાં એકબી-જાને વૈરભાવ બંધાતો જાય છે, તે કેટલોક કાળ જતાં પૂર્ણ વૈર બંધાય છે ત્યારે પરસ્પરના મરણને પણ ઇચ્છતાં ડરતાં નથી. આ પ્રમાણે પાંચ ભૂત તથા ગુણોના ઓછા વધારે અંશથી શરીરનું રચાવું થાય છે, એમાં એ જીવનાં કરેલાં કર્મો પણ કારણરૂપ છે: જેથી ખરા ઉપાય મળ્યા વિના એ મૂળનાં બંધાયેલાં સ્વભાવ તથા પ્રકૃતિ એકદમ ફરતાં નથી. તેથી હે દીકરી ! આ સંસારમાં સઘળાં પ્રાણિઓ પોતપોતાની મતલબ વાસ્તે એકબીજાઉપર થોડોઘણો પ્યાર રાખે છે, અને મતલબ છુટે છે એટલે પ્રીતિ પણ ધીરે ધીરે ઓછી થાય છે. આ ઉપરથી વિચારવાન્ પ્રાણિએ એવો ખોટો નિશ્ચય કર-વાનો નથી કે ‘ માણસનાં સ્વભાવ તથા પ્રકૃતિ જુદાં છે, તેથી એક બીજાને મેળ શી રીતે આવે અને એકબીજાને સ્નેહ શી રીતે બં-ધાય ? મતલબ કે નહિ જ મેળ રહે; માટે જગત્નાં દરેક પ્રાણી વિરોધને વેઠતું જ મરે, પણ એક્તા અથવા સુખ ન જ થાય. માટે પરસ્પરની પ્રીતિ થવાનો સંભવ નથી એમ નિશ્ચય કરવો ઉત્તમ છે.’ આવો વિચાર જો કોઈ માણસ કરે, તો તે કંઈ સઘળા બુદ્ધિમાન્ પુરુષને માનવાયોગ્ય નથી. કારણ કે ઘણાં પ્રાણિમાં સત્ત્વગુણ વધારે હોય છે તેમ જ બીજાં ઘણાં માણસોમાં રજોગુણ વધારે હોય છે; તે જ પ્રમાણે બીજાં ઘણાંમાં તમોગુણ વધારે હોય છે. તો જેટલા માણસો સત્ત્વગુણના વધારાથી સત્ત્વગુણી ગણાય છે, તે સઘળાંના સ્વભાવ ઘણે ભાગે એકબીજાને મળતા આવે છે. અગર જો બધી બાબતમાં પૂરેપૂરા મળતા સ્વભાવ તો નહિ જ આવે, પણ જરા જરા ફેરવાળા સ્વભાવ હોય છે. તેવાં પ્રાણિઓ ચાહે તો એક હજાર હોય તોપણ તેમનો સ્નેહ બની રહે છે. તેવી જ રીતે બીજાં પ્રા-ણિઓની પણ પોતપોતાને મળતા સ્વભાવવાળાં પ્રાણિઓ સાથે પ્રીતિ બંધાય છે, ફક્ત વિરોધીસાથે બંધાતી નથી. હે સારસ્વતિ ! આ વિષય ઘણો કઠણ છે, માટે તે પૂરેપૂરો હું વર્ણન કરીશ તોપણ તને સમ-જવો કપરો છે. તેથી આગળ તારી પાકી સમજણ થયેલી પૂરી રીતે કહીશ. પણ આજે મેં જેટલું કહ્યું છે, તેમાંથી માત્ર એટલો જ

સાર કાઢી લેવાનો છે કે દરેક કુળવાન્ માણુસે પોતાના સેવકને કેળવવાને પ્રયત્ન કરવો, જેથી તે આપણી ઇચ્છાપ્રમાણે કેળવી શકાય છે. કારણ કે પ્રથમ કહ્યા પ્રમાણે કુળવાન્ માણુસો કન્યા તથા વરને પહેલેથી તેના ગુણકર્મનો વિચાર કરીને પરણાવે છે. એટલે વધારે ઉલટી પ્રકૃતિ તો હોય જ નહિ; અને સહજ ફેરફાર હોય તો તે ઉપાયથી આપણી મરજીપ્રમાણે ફેરવી શકાય છે. તે ફેરવવાની રીત પણ હું તને આગળ વિસ્તારથી કહીશ. હાલ તો ટુંકામાં કહેવાજોગ વાર્તાને કહું છું. (૧) સઉથી પહેલાં તો આપણા પુત્રની વહુને આપણે અનુકૂળ કરવાને માટે આપણે ઘેર, લગ્ન કર્યા પછી અથવા વિવાહ કર્યા પછી રોજ તેડવી, અને તેડીને તેને આપણા ઘરની તથા કુળની રૂડી રીતો સમજાવવી તથા શીખવવી. (૨) તે વહુને નીચ કુળનાં અથવા આપણા વિચારથી ઉલટા વિચારનાં માણુસોની સોબતમાં બેસવા ઉઠવાની રીત રખાવવી નહિ, પણ આપણા સરખાં ઉંચ કુળનાં તથા આપણા મતને મળતાં સદ્ગુણી માણુસોની સોબતમાં બેસવાઉઠવા દેવી. (૩) માણસમાં કામ, ક્રોધ વગેરે દુર્ગુણ પેદા કરનાર તથા સ્વભાવને નીચપણું લાવનાર તથા તામસરૂપ અજ્ઞાનને વધારનાર પાપીના અન્નને ખાવાનો મહાવરો બિલકુલ છોડાવવો જોઈએ, અને પુણ્યવાન્ પ્રાણિના ઘરનું, ન્યાયથી મેળવેલું અન્ન ખાવાનો અભ્યાસ રખાવવો, તથા સત્ત્વગુણને વધારનાર અથવા આપણા અનુકૂળ સ્વભાવને વધારનાર આપણી પ્રીતિના પદાર્થો ખાવાનો અભ્યાસ રખાવતા જવું. વળી હે શાણી છોકરી ! બોલવું, ચાલવું, બેસવું, ઉઠવું વગેરે જે ક્રિયાઓ કરવામાં આવે છે, તે પણ આપણને રુચે તેવી રીતની તેને શીખવવી, અને તેથી ઉલટી જે જે ક્રિયાઓ કરતી જણાય તે તે તેને મીઠાં વચનોવડે કહીને છોડાવવી, અને છેક મીઠાં વચનોથી ન જ માને એમ હોય તો, ભેદ અથવા પ્રપંચથી તેને સુધારવી, પણ મારવા તથા ગાળ દેવાની અથવા ઘણા કઠોર શબ્દો તેને કહેવાની ટેવ આપણે કદાપિ પણ રાખવી નહિ. હે દીકરી ! કેટલાંક સાસુસસરા માંહોમાંહે લઢે છે, ગાળો દે છે, તથા પરસ્પરને મારવા વગેરે અનીતિને આચરે છે. તેના ઘરમાં આવેલી તે વહુ પણ ધીરે ધીરે તે જ વાર્તાને શીખે છે, અને આગળ જતાં તે પણ તેમ જ કરે છે. કુળવાન્ સ્રીપુરુષો તો મરતાં સુધી પણ ગાળ દેતાં નથી, તથા મારામારી અથવા કઠોર શબ્દો બોલવાની ખોટી રીતને પોતાના ઘરમાં સ્વપ્ને પણ પેસવા દેતાં નથી, તો પછી તેના કુળમાં એ રીત આવે જ શાની ? તેથી

હે છોકરી ! ઘરમાં આવેલી છોકરાની વહુને જ ગાળ ન દેવી એટલું જ નહિ પણ આપણા મોંમાંથી કોઈને પણ હલકો શબ્દ કહેવાની ટેવ રાખવી નહિ આથી તે આપણી પ્રજાપરંપરા તેવા સારા ગુણને ધારણ કરનારી થાય છે. વળી હે સરસ્વતિ ! સાસુએ નિરંતર પોતાની પાસે રહેનાર છોકરાની વહુને કોઈ પણ કારણથી એકદમ તિરસ્કાર અથવા હલકાં વેણ કહેવાં નહિ. પણ ધીરેથી તેને તેની કસુર જણાવીને તેને સુધારવાના ઉપાય કહેવા, તથા ફરીથી એવી ભૂલ ન થાય તો ઘણું સારું એવાં વચનોથી તેની મતિને સુધારવા હોંશિયારી આણનારા રસ્તાઓ દેખાડવા, પણ તેનું મન દુ:ખાઈ જાય એવું કડવું વેણ તો કોઈ દિવસ પણ ન કહેવું; કારણ કે આપણો અર્થ તેમ કરવાથી સિદ્ધ થતો નથી. જે કામ સલાહસંપથી થાય છે તે કામ મારફાડથી થતું નથી, માટે ભય તથા પ્રીતિવડે આપણાં માણસોને પોતાને અનુકૂળ કરી લેવાં, એ વિચારવાનું કામ છે. ખાવાપીવાના સારા પદાર્થોમાં વહુ તથા આપણાં છોકરાંમાં વેરોવંચો એટલે ભેદભાવ ન રાખવો. તેની શક્તિપ્રમાણે કામ કરાવવું. છેક નિર્દય થઈને વહુપાસે કામ લેવું નહિ. ખરા કારણસર તેને આપણા કુળની મર્યાદાપ્રમાણે બહાર જવા આવવા છૂટ આપવી. કોઈની કહેલી વાત સાંભળીને તરત તે વહુને ઠપકો ન આપવો, તથા તેને માથે ખોટો આરોપ મૂકી તેનાથી વેર કરવું અથવા વઢવું નહિ. આખો દિવસ ઘણાં કામ કરવામાં આવે, તેથી તેમાંનાં કોઈ કામમાં કસુર પણ થાય, તથા વખતે નુકસાન પણ થાય, અને કોઈ કામ ભૂલી પણ જવાય; તેથી એવી બાબતોમાં તેને ઘટતી માફી આપવી જોઈએ. પણ દરેક ઝીણી વાતોને શોધી શોધીને તેને ઠપકો આપવો અથવા વઢવું એવી દુષ્ટ નીતિને કુળવાન્ સાસુએ બિલકુલ રાખવી નહિ. વળી જેમ પોતાની છોકરીની કસુર ન ગણીને તેના ઉપર મા પ્રીતિની નજર રાખે છે તથા તેના દુ:ખસુખની તજવીજ રાખે છે, તથા પોતાની પુત્રીસાથે પ્રસન્નતાથી બેસી હસે બોલે છે, તે જ પ્રમાણે પોતાના દીકરાની વહુસાથે પણ સાસુએ વર્તવું. વગર કારણે મોઢું ચઢાવી તેના સામાં ધુરકિયાં કરવાં નહિ. કારણ કે તે અનાથ પ્રાણી પોતાનાં માબાપને દૂર મૂકી ધર્મની મર્યાદા પાળીને આપણા ઘરમાં આવી રહે છે, તેથી તેને તેના માબાપકરતાં પણ વધારે સુખ આપવું જોઈએ. તેટલે સુધી કદાચિત્ ન પળાય તોપણ આપણાથી બનતું સુખ તો તેને જરુર આપવું જોઈએ. તેને કામથી પરવારીને બેઠેલી જોઈને તરત બીજાં કામો અદેખાઈથી દેખાડ દેખાડ ન કરવાં

પણ ઉલટી દયા રાખીને તે ઘણો વારથી કામ કરતી હોય તો તેને એ પ્રીતિનાં વચન કહી વિરામ લેવડાવવો. સાસુએ જરુર જાણવું જોઈએ કે જેવું મારું મન બીજાનાં દાબદબાણ કે ભયથી દુઃખાય છે, તેવું બીજાનું પણ દુઃખાતું હશે, એમ ધારી કોઈને પણ સંકટ આપવું નહિ. હે દીકરી ! કેટલીક મૂર્ખ સાસુ તો દુઃખ દેતી જાય, છતાં એમ કહે છે કે 'અમને અમારી સાસુએ ઘણુંએ દુઃખ દીધાં છે, તે અમે સહન કર્યાં છે. તમારાથી એવાં દુઃખ હોય તો શું સહન થાય ? હું તો તમને કશુંએ દુઃખ દેતી નથી, તે છતાં તમે દુઃખ માનશો તો તમારા કરમના ભોગ !' આમ કહે છે અને દુઃખ દે છે પણ તેવી દુષ્ટ સાસુની દુષ્ટ વહુ પણ એવી હોય છે કે જ્યારે તે સાસુ ઘરડી થાય છે, અને પોતાનો ધણી સારું કમાઈ લાવતો થાય છે, અને પોતે ઘરમાં હરતીફરતી થાય છે, ત્યારે એ સાસુને પાછી તે વહુ ઘણું દુઃખ દે છે, તથા મેણાં પણ મારે છે; પરંતુ એ સઘળી અનીતિ જ જાણવી. સઉએ એકબીજાના દુઃખનો વિચાર કરી હળી-મળીને ચાલવું. જો બહેન સરસ્વતિ ! આપણે છોકરાની વહુને ઘરમાં દુઃખ દઈએ તે બીજું કોઈ તો ન જાણે પણ પરમેશ્વર તો જાણે છે, અને પરમેશ્વર જ સઘળા જીવોને પાછા તેનાં કર્મનાં ફળો આપ-નાર છે. તો આપણે વહુને દુઃખ દઈને અથવા તેના જોડે છળ કરીને શું લાભ પામવાનાં ? ઉલટું તે સઘળાં પાપનું ફળ આપણે જરુર ભોગવવું પડશે. કારણ પરમેશ્વર સઘળી જગાએ અને દરેક ક્ષણે આપણી પાસે જ છે, અને તે આપણાં સઘળાં કર્મ જુએ છે, જાણે છે, અને તેનાં ફળ આપે છે. આ વાર્તાને જે ખરેખર જાણે છે તે જ માણસ પરમેશ્વરથી ડરીને સાચે માર્ગે ચાલે છે, અને વહુને અથવા તો કોઈને પણ દુઃખ દેતાં નથી. પણ જે કુભારજા સાસુઓ, ઉપરથી તો મોટી મોટી ભક્તિ કરતી હોય અને પેટમાં છરીઓ રાખીને પોતાના છોકરાની ગરીબ ગાયજેવી વહુઓને દુઃખ દે તો તે પાપણીનું પાપ પરમેશ્વર પણ સહન કરતા નથી, અને તેનું તેને વહેલું ફળ આપે છે. માટે હે શાણી સુતા ! તું તો આપણા ગૃહ-સ્થાશ્રમમાં સાસુપણાને પામે, ત્યારે આ શીખામણને યાદ રાખી મરતાં સુધી પણ વહુને દુઃખ દઈશ નહિ. આ લોકમાં સાસુ અને વહુનું મોટું વેર આદિથી છે એવું કહેતા આવ્યા છે, પણ એ વાર્તાને જેમ બને તેમ જુઠી પાડવા વહુઓની સાથે વિચારી ચાલજે, તથા ખરા હેતથી વર્તજે; એમાં અનેક લાભ છે.

સસરો એ ઘરનો રાજા છે, માટે સસરાએ પણ ઘરમાં ખાનગી

રીતે તપાસ કાઢવી જોઈએ કે આપણા ઘરમાં વહુઓને દુઃખ છે કે નહિ. ઘણાં ઘરોમાં એવું બને છે કે સસરો આખો દિવસ પોતાના કામમાં ફરતો હોય છે, અને ચાર ઘડી દિવસે, અને રાત્રે ફક્ત ઘરમાં હોય છે, તેથી તે વહુના ગુણદોષને સારી રીતે જાણવાને યત્ન કર્યાવિના ખરી વાતને જાણી શકતો નથી, અને પોતાની સ્ત્રી જે વહુને દુઃખ દેનારી તથા તેના ગુણદોષની જાણનારી હોય છે તે તો રાત્રે એકાંતમાં પોતાના પતિઆગળ રોજ પોતાના ન હોય એવા ગુણોને આગળ પાડે છે, અને વહુના ખોટા દુર્ગુણોને જોડી જોડીને પોતાના પતિને સમજાવે છે, ને વળી કહે છે કે " જુઓ આજે ઘરમાં વહુએ આટલો બગાડ કર્યો, કાલે આટલો કર્યો હતો. આજે મારા સામુ આમ બોલી. કાલે પણ હું શીખામણ દેવા ગઈ ત્યારે નહિ બોલાય એવું બોલી મારા સામી થઈ. આજથી આમ કરે છે તો આગળ એ શું કરનારી છે? તમારી પણ મરજાદા રાખતી નથી. આટલો જરા હું દાબ ના રાખું તો આજની છકેલી આગળ માંથે છાણાં થાપશે! હાય હાય! છેક આવું જાણતા હત તો બીજી જગોએ છોકરો પરણાવત. એ છોકરાને પણ ગાંઠવાની નથી! એ શું આપણું ઘડપણ પાળનાર છે? એ આટલું કરે છે પણ કહેવા જઈએ છીએ ત્યારે એવી નાક ચઢાવીને બોલે છે કે આપણે તો લાજી મરીએ. એ તો જેટલી ઉપર છે તેટલી ભોંયમાં છે. જુઓ સાચું પૂછો તો નીચાં માણસ મનમાં બહુ મેલાં હોય છે. (કદાચ વહુ ઉચા કદના શરીરની હોય તો કહે છે) મોટો તાડનો ત્રીજો ભાગ, એની માજેવી ઝેરીલી છે વગેરે. જોજો, તમે એને મોઢું આપશો નહિ હોં. જો એકવાર મોઢે ચઢાવશો તો વળી આટલુંએ તમે ઘરમાં હો છો ત્યાં લગી કંઈ ઝાઝુ બોલતી નથી, ને ધાક રાખે છે, તે છેક માંથે છેડો નાંખશે. પછી તમને પણ તણખલા બરોબર ગણશે. માટે તમે તો મતલબ જેટલી જ વાત રાખજો હોં, શું કહું છું જો! વળી કહેશો જે મને કહ્યું નહિ. અરે એનાં શાં શાં અપલક્ષણ તમારા આગળ કહું. બધ્યાં મને તો સાંભરતાંએ નથી. (જરા સંભારવાજેવું કરીને) હાં વળી એના પેટમાં લગાર વાત તો ટકતી જ નથી. ઘરને ખુણે આટલી છાની વાત આપણે કરી હોય, ને જો એના જાણવામાં આવી તો તરત જઈને ચકલે મૂકી આવે છે, પણ રાંડની એટલું સમજતી નથી કે આ વાત કહેવાય ને આ વાત ના કહેવાય. અરે! એને સાફ ના કહી હોય કે જોજે રે અલી! આ વાત કોઈને કહેવાની નથી હોં. ત્યારે આપણે મોઢે કહેશે જે ના હું તો કોઈને કહેતી નથી. ને પછી આપણી પુંઠ થઈ

કે એ ચારને મોઢે કહે, ત્યારે એના જીવને જંપ વળે. આવો રડચો નઠારો સભાવ છે, બાકી આપણને કંઈ એ અળખામણી છે? મારો સભાવ તો કેવો છે કે મરતાને મેર ના કહું, તે તમને કંઈ અજાણ્યો છે? પણ રડચું છેક ના કરવાનું કરે ત્યારે બોલ્યાવનું રહેવાતું નથી. તોયે હું તો કહું છું, કે જોજે બાપા તારો આવો સભાવ સારો નથી. તું કંઈ કરતાં સુધર, નહિ તો આગળ જતાં એ તારો સભાવ તને જ નડશે, ને તું દુઃખી થઇશ. એમાં અમારું કંઈ જવાનું નથી.' આટલે સુધી તો કહું છું, પછી તે શું કરીએ વારુ કહો? હશે આપણે શું, 'કરશે તે ભરશે.' પણ છોકરો આપણો આગળ જતાં દુઃખી થાય એ દુઃખસારું કહેવું પડે છે. પારકા લોક કંઈ ઘરની વાત જાણે છે? એ લોકને મોઢે મારાં ભુંડાં બોલે તે લોક તો બચારાં ખરું માને. તે કોઈ કાંઈ જોવા આવે છે? જુઓ હવે મારો વાંક હોય તો મને કહો. ને હું જૂઠું બોલતી હોઉં તો આ રહી ફલાણી! (પોતાની વગનીનુ નામ દે છે.) તમારે ગમે તો પૂછી જુઓ, એ બધુ જાણે છે." હે સરસ્વતિ! આ વગેરે અનેક યુક્તિથી તે સાસુ પોતાના પતિને ભરમાવે છે, અને તે બિચારો સીધા સ્વભાવનો ભલો માણસ હોય તે પોતાની સ્ત્રીઉપર ખરો વિશ્વાસ રાખીને જે કહે તે સાચું માને છે. અને આ પ્રમાણે રોજ તે બિચારી વહુના દોષ સાંભળી સાંભળીને વિરોધી મનનો થઈ જાય છે; જેથી આખરે તે પણ વહુનાં ભુંડાં બોલવામાં સામિલ થાય છે એટલું જ નહિ, પણ તેને દુઃખ પડતું જોઈ આંખ આડા કાન કરે છે, ને વખતે તેને દુઃખ આપવામાં ભાગ પણ લે છે. આમ થવાથી તે દુષ્ટ સાસુસસરા નરકના અધિકારી થાય છે. વળી જ્યારે પોતાનો છોકરો મોટી વયનો થવા આવે ત્યારસુધીમાં તે પાપણી સાસુ પોતાના દીકરાને રોજ હરતાંફરતાં અથવા એકાંતમાં બેસાડી તેની વહુના અવગુણ તેના આગળ ગાયા કરે છે, તેથી જો તે દીકરો પણ માવડીમુખો એટલે માના કહ્યા પ્રમાણે ચાલનાર હોય છે તો આગળ જતાં તે નિરપરાધી વહુને તેની સાસુ રોજ મરાવે છે તથા ગાળો દેવરાવે છે, અને એમ થવાથી એક બીજાને દિવસે દિવસે ઘણો અણબનાવ થવાથી તે વહુદીકરાને મળવાયોગ્ય પરસ્પરના સુખનો નાશ થઈ જાય છે. અને તેમ છતાં જો સાસુનું ચાલે છે તો છોકરાને ચઢાવીને તથા વહુને 'મારા છોકરાને ફરીને પરણાવીશ' એવા દબાણના બોલો કહીને ફરી બીજી વહુ લાવે છે, ને થોડા દિવસ થાય છે એટલે પાછી તે વહુસાથે પણ તે નઠારા સ્વભાવની સાસુ એ જ પ્રમાણે ચાલે છે; જેથી તેના મરતા સુધી પણ પોતે, છોકરો

કે વહુ કોઈ પણ સુખી થવા પામતું નથી. અને જો કદાચિત્ છોકરો બુદ્ધિમાન્ હોય છે, અને માના તથા સ્ત્રીના ગુણદોષને પારખી શકે એવો હોય છે, તો તે પોતાની માના દુર્ગુણ જાણીને માઉપરના હેતને ત્યજી દે છે; જેથી આખરે તે સાસુ દુઃખી થાય છે. અને તે પુત્ર જો સદ્‌ગુણી ન હોય તો વખતે માને મારે પણ છે, આમ થવાથી સાસુસસરાના સુખનો તથા ધર્મનો નાશ થાય છે, માટે હે દીકરી ! કુળવાન્ સાસુસસરાએ તો પોતાની વહુના દોષ હોય તોપણ કોઇનિ આગળ કહેવા નહિ, પણ સુધારવાને મહેનત કરવી અને જે પ્રકારે આપણે, છોકરો તથા વહુ એક થઈ સુખી થઈએ એવા ઉપાયને કરવા. તેથી તું તારે એવો પ્રસગ આવે ત્યારે ઘણી સાવધ રહી વિચાર કરીને ઘરને ચલાવજે, નહિ તો અમારે પણ ગાળો ખાવી પડશે. આ સઘળા ધર્મ સાસુસસરાની જગાએ જે વડિલ હોય તેના પણ જાણવા.

આ રીતે સંક્ષેપમાં સાસુસસરાએ વહુને પ્રિય પુત્રપુત્રીવત્ પાળવી તથા રાખવી, એ વાર્તાને તારા આગળ કહી. હવે પતિએ સ્ત્રીને કેમ રાખવી તે વાર્તા પણ ટુંકામાં કહું છું, તું લક્ષમાં રાખજે. પતિ જ્યારે યોગ્ય વયનો થાય ત્યારે અથવા સ્ત્રીના સહવાસવાળો થાય ત્યારે તેણે સઉથી પહેલાં તે સ્ત્રીના ગુણદોષવાળા સ્વભાવની પરીક્ષા કરવી તથા પોતાના ગુણદોષને જાણી, તેના તથા આપણા સ્વભાવની એકતા છે કે નહિ તે જોવી. અને તેમ કરતાં જેટલો વિરોધ જણાય તેટલો દૂર કરવાને યુક્તિ રચી એક બીજાઉપર પ્રીતિ વધે એવા ઉપાયને રચવા. આપણાં માબાપ તથા સ્ત્રીના સ્વભાવને ઓળખી લેવો, તથા તેને પરસ્પર પ્રીતિભાવ છે કે નહિ તેનો નિશ્ચય કરવો અને જો એકબીજાસાથે અણબનાવજેવું છે એમ જણાય તો તેમાં થવામાં કારણ શું છે તેનો પણ વિચાર કરી કોનો વિશેષ વાંક છે તેનો નિશ્ચય કરવો. તે વાંકનું નક્કી થયા પછી તે પરસ્પરનો વિરોધ તુટે તો ઘણું સારું એવા વિચારથી તેણે પોતાની સારી બુદ્ધિના બળથી તે વિરોધ તુટવાનો ઉપાય રચવો, પણ ક્લેશ વધે એવો ઉપાય કદી પણ રચવો નહિ. હે દીકરી ! ઘણી જગાએ તો એવું જોવામાં આવે છે કે બુદ્ધિમાન્‌સરખો જણાતો પતિ પણ પોતાની સ્ત્રીમાં આસક્ત એટલે અગાધ પ્રીતિવાળો થયેલો હોવાથી જે જે વચનો તે સ્ત્રી એને કહે તેને તે સાચાં જ માને છે, તથા પોતાની સ્ત્રીના અવગુણને પોતે જોતો નથી, અને જો કોઈ કહે છે તો માનતો નથી. એવો પતિ ભણેલો હોય તોપણ મૂર્ખ જ જાણવો. આવા પતિને મળેલી

કેટલીક દુષ્ટ સ્વભાવની સ્ત્રિયો તે પતિને રોજ એકાંતમાં એવું સમજાવે છે કે "જુઓ આ દુઃખ આટલા દહાડાથી હું સહન કરું છું, પણ હવે મને લાગે છે કે હવે એ મારાથી સહેવાવાનું નથી. તમારી માનો સ્વભાવ તો દૈવો તોબા ! સવારથી ઉઠીને હું આખા ઘરનું કામ કરું છું તે છતાં પણ જ્યારે પહોર દહાડો ચઢતાં એ ઉઠે છે ત્યારે મારા તરફ મોં ચઢાવતાં અને ડોળા કાઢતાં જુએ છે. બીજાજોડે હશે, વાત કરે, પણ જ્યાં મને દેખી કે તરત મોટું તોબરાજેવું મોં કરીને આડું અવળું જોવાનાં, મારાથી છાની વાતો તે મને દેખે એટલે કરતાં હોય તો બંધ પડી જાય. હું એમને દાતણપાણીના લોટાથી તે નહાવાનું પાણી સુદ્ધાંએ તૈયાર કરી કાઢી આપું છું. ફક્ત એમને નાહીને આ બે તપેલીઓ હલાવીને ઉતારવીઓ. બાકી એંઠાં અબોટ, ખારાં પાણી, મીઠાં પાણી વગેરે બધુંએ હું કરું છું. નકામાં લોકોપાસે બેશીને લમણા ઝુડે, પણ આટલી પોતાની પથારીએ ઉપડી કરતાં નથી, તો ઘરમાંથી કચરા તો વાળે જ શેનાં ! જો ખરું પૂછો તો એવાં હાડકાંનાં હરામ છે કે એક તણખલું તોડીને બે કરતાં નથી, ને નકામાં હેરાફેરા આખા મુલકના કરે; તોયે હું જાણું જે ધૂળ નાંખી પણ પાછાં ઘરમાં હોય તો હરતાં ફરતાં "અલી આ આમ કોણે કર્યું ? અલી તેં આમ કેમ કર્યું નહિ ? અલી આ કામ આવું થાય કે ?" એ વગેરે વચનો બોલીને પછી એમની મેળે બોલવા માંડે કે 'રડ્યુ છેક આવું તે ખમાય ? બીજું બધું ખમાય પણ છેક કાળજાવનું માણસ કેમ ઘરમાં ટકે ? ના ના, મારી બાઈ ! આવડી મોટી થઈ પણ એટલી અક્કલ ના આવી કે આ કામ તે આમ થાય ને આ તે આમ ન થાય ! પણ એનાં માબાપ કેવાં ? ઢોર જેવાં, મોટી હીજડાજેવી કરી પણ આટલી અક્કલે ના આપી. ના ના, તું તે અલી માણસ છે કે ઢોર ? તને સો વાર કહીએ તોએ સાન કેમ આવતી નથી ? ના ના, તારી માએ રાંડે તને આવડી મોટી હેડંબા રાક્ષસીજેવી કરી પણ આટલું કામ ના શીખવ્યું ? રડી એટલી તેને અક્કલ નહિ કે દીકરી ! પારકે ઘેર જવાં છે, તે આ હાડકાં ભાગીને મરો કામ કરોની ! એ તો ઠીક છે, હું તો ભલી છું જે બોલતી નથી, ને જવા દઉં છું, પણ રાંડ બીજી કપરી સાસુ મળી હોત તો તારી શી વલે થાત ! રાંડો બધી સાસુઓ મારા જેવી ભોળી તે ક્યાંથી મળનાર હતીઓ ? પણ માએ સરખા ને દીકરીએ સરખાં, ધોયા મૂળાજેવાં ! કશી વાતનું ભાન નથી. આવું છેક રેઢું માણસ જાણત તો મારા આ રતનજેવા દીકરાને કૂવામાં

શીદ નાંખત ! મારી બાઈ ! માણસ તો ઘણુંયના ઘરમાં છે, પણ છેક આવું હૈયાનું સૂનું તો કહિંએ દીઠું નથી ! ના ના, હું રાંડ બોલું ત્યારે કડવી તો લાગતી હઈશ, પણ શું તારી અક્કલ ફુટી ગઈ'તી કે આ આમની વાત આમ કરી ? ભટ્ટ પડ્યા અવતારને ! કુંભારને ઘેર ગધેડીયો અવતરી હોત તો બચારાને માટી આણવાએ કામ લાગત ! રડ્યું પથારીમાંથી ઉઠે છે ત્યારની કામ કરે છે, તેમાં એકે કામમાં ભલીવાર નથી. તું તે કામ કરે છે કે તારો જીવ ક્યાં ભમે છે ? જો બાપા ! આવું તારે છેક માથાફિતરણું કામ કરવું હોય તો રહેવા દેજે, હું મારે કરી લઈશ. હું કાંઈ ઘસાઈ જવાની નથી. પેલી કહેવતવાળી વાત કે 'હૈયુ બાળ્યા કરતાં હાથ બાળ્યા સારા;' એ હજી તો હું છું ત્યાં લગી તો બધુએ ઠીક જ છે, જેમ કરે તેમ નભે છે. પણ ચારે દહાડે હું નહિ હઈશ તે દહાડે તમારી વલે શી થશે ? આ ઘરનું ધંધોલિયું થઈ જશે અને રેવડી દાણાદાણ થઈ જશે, ને માણસમા રહેવાના નથી. ને વળી અધુરામાં પૂરો જો પેટે વસ્તાર પડશે તો પછી ભોગ મળ્યા તેના ને તમારા. ના ના, અલી ! હજુ તો તું ઉગતી આવે છે ને આજથી તારાં હાડકાં આમ છેક કેમ ભાગી ગયાં છે ? બળ્યુ પૂરું આખેય સુજતું નથી ! બળ્યા ઢગ ! આમ કરીશ તો ત્રીજે દહાડે હાંકી કાઢીશ ને વળી બીજી લાવીશ. તારા જેવી લુંડીઓ હજાર લાવીશ. અમારે તો જોડો બદલતાં વાર, પણ વહુ આણતા વાર નહિ. જાણેછ તારા મનમાં કે એમ જ ? આ તારો ભવ તારાં માબાપે બગાડ્યો છે પણ અમારા છોકરાનો જનમારો અમારે બગાડવો નથી તો ! જો ! આજથી હવે સંભાળીને ચાલજે, નહિ તો તારી વાત તે જાણી ! પાછળથી મારો વાંક કાઢીશ કે રાંડ સાસુએ આમ કરયું. 'હલકું નામ હાળીનું' તે વાળી વાત છે." (જરા મોં મલકાવી) "સમજ્યા કે ? આવા આવા વજ્જરજેવા બોલો તમારી મા હરતાં જાય ફરતાં જાય ને કહેતાં જાય, ને હું તો મારે આ કાને સાંભળું ને પેલે કાને કાઢી નાંખું. મારી મેળે દીઠું કામ કરું ને જેમ એ કહે તેમ કરું. એકનું બે સામે બોલતી નથી. હાય હાય, જો બોલું તો તો મારા રાંડના ભોગ જ મળ્યા તો ! એમના સામું બોલીને ક્યાં જાઉં જે ! એ તો તમારા આગળ, મારા સસરાજીઆગળ અને બીજાંઆગળ હજાર સાચાંજૂઠાં ભરાવીને ત્રીજે દહાડે તમારે જ હાથે મારાં હાડકાં ભંગાવી નાંખે. પણ હવે સાચેસાચું બોલજો. આવું ને આવું આઠ પહોર ને બત્રીશ ઘડી શી રીતે ચાલે ? એ તે

રડચું એક દહાડાનું કામ છે ? આખો જનમ એમનો તો એવો ને એવો જ જવાનો. ઘરમાં ઘણુંએ નુકસાન થાય છે, પણ શું કરીએ ? એમનો આડો સભાવ એટલે બોલાતું નથી. કહેવત છે કેની કે 'સાસુ ફોડે તો ઠલેડાં ને વહુ ફોડે તો ઠીકરાં.' તેમ જેટલું કામ એ કરે તે સારું, ને મારું કામ ને મારું મોં તો એમને ગમતું જ નથી. પણ ખરે એ તો તમને સાચાંજૂઠાં ભેરવીને ફરી પરણાવી દે તો મારે તો ઉપર આભ ને નીચે ધરતી છે. મારે તો તમારા વિના બીજા કોઈનો આશરો નથી. હું રાંડ રાત ને દહાડો મહિં ને મહિં સીજાઈ જાઉં છું. એક તમારા વના આ દુઃખની વાત કોના આગળ જઈને કરું ? (રડવાસરખું કરીને) ના ના, મેં રાંડે એમનું શુ બગાડચું છે જે એ મારી પાછળ જ ખાઈપીને મંડ્યાં છે ? હું રાંડ એમના દુઃખે ઘડી પગ વાળીને બેસતી નથી. કોઈજોડે મારે વાત નહિ, ચીત નહિ તોએ મારે માથે આમ પસ્તાળ પાડે છે, તો જો હુ આડુંઅવળું બોલું તો તો મારી શીએ વલે કરે ! ” આ વગેરે વચનોને બોલતી તે સ્ત્રી પતિના આગળ રડી દે છે, તેથી તે પતિ ખરાખોટાની તપાસ કરવાના વિચારથી, બુદ્ધિમાન્ હોય છે તો તો પોતાની સ્ત્રીને ધીરજ આપે છે. પછી સાચીજૂઠી તપાસ કરીને ઘટે તેમ માને તથા સ્ત્રીને સુબોધ આપી ચલાવે છે; અને જો કાચી અક્કલનો પતિ હોય છે તો તરત તે જૂઠાં વચનોને પણ સાચાં માની જન્મનાં આપનાર માતપિતાને પડતાં મૂકી સ્ત્રીસાથે જુદો રહે છે, અને માબાપથી વૈર કરે છે. એથી ઉલટું જો બાપની રુક્તિપ્રમાણે ચાલનારો તથા ન્યાયધર્મને નહિ જાણનારો તે પતિ હોય તો તે પોતાની સ્ત્રીને માના સમજાવવા પ્રમાણે મારે, દુઃખ દે, કાઢી મેલે અને ફરી પરણે. પછી પોતે તથા આખું કુટુંબ દુઃખને વેઠે છે. કદાચ ભાઈઓ વગેરે કુટુંબવાળો હોય અને તેને સ્ત્રી નીચ સ્વભાવની હોય તો તે ભાઈઓના તથા ભોજાઇના રાત્રિદિવસ અવગુણ પોતાના પતિઆગળ ગાયા કરે છે, ને એક માર્ગે ચાલનાર તે સીધો પુરુષ તેનું સાચું માની ભાઈઓનો ત્યાગ કરી જુદો રહે છે. હે દીકરી સરસ્વતિ ! આવાં અનેક કારણોને લીધે તને કહું છું કે કુળવાન્ સ્રિયે આપણા પતિને કોઇના પણ જુઠા અવગુણ સમજાવી ઘર ભંગાવવું નહિ. કારણ, એવાં કરમ કરીને પોતે સુખી થવા ઇચ્છનાર સ્ત્રી આ લોકમાં દુઃખી થાય છે, અને અંતે નરકદુઃખને ભોગવે છે. હવે સાંભળ ! બુદ્ધિમાન્ પતિની ઘર ચલાવવાની તથા સ્રીરક્ષણની આવી નીતિ હોય છેઃ—તે વિદ્વાન્ તથા વિચારવાન્ પતિ પોતાના ઘરમાં રહેનાર દરેક માણસના ગુણદોષની પ્રકટ તથા

છૂપી તજવીજથી પરીક્ષા કરે છે, તથા પરીક્ષા કર્યા પછી જેના અવગુણ હોય તેને એકાંતમાં બોલાવીને શીખામણ દે કે આ મેં મારી જાતે તપાસ કરી જોયું છે. માટે હવે પછી એમ નહિ જ થવું જોઈએ. વળી તે સાવધ પતિ પોતાની સ્ત્રી તથા માતાપિતા વગેરેના સ્વભાવને જાણી ગયેલો હોય છે, માટે કાચા કાનથી કોઈની પણ વાત સાંભળીને એકદમ તેને માટે કશો વિચાર બાંધી દેતો નથી. પણ પાકી તજવીજ કરીને ઘટતો ઉપાય રચે છે. હે સુવિચારવાળી સરસ્વતિ! તે ડાહ્યો તથા વિચારવાન્ પતિ ઘર ચલાવવાના કામમાં પ્રથમ તો આ વિચાર કરે છે કે, આ ઘરમાં એક બાજુ મારાં જન્મનાં આપનાર માબાપ છે તેમનો પણ મારા ઉપર મોટો ઉપકાર છે તે એવો કે જેનો બદલો કોઈ પણ પુત્ર અનેક ઉપાયથી વાળી શકતો નથી. એ માબાપે પોતાનાં અનેક દુઃખમાં રાત્રિદિવસ મારે માટે ચિંતા કરી છે. સઉથી પહેલાં તો મારો જન્મ થવાની આતુરતા એમને થયેલી, તથા જન્મ્યા પછી મારા રક્ષણમાં કાળજીવાળાં હોવાથી પોતાના સુખને પણ તેઓ સંભાળી ભોગવી શક્યાં નથી. આ સઘળું કરવામાં તેમનો સ્વાભાવિક હેતુ એવો પણ હોવો જોઈએ કે આ પુત્ર વૃદ્ધાવસ્થામાં અમારું રક્ષણ કરશે. આ પ્રમાણે મારા ઉપર આશા બાંધી મારે માટે દુઃખ વેઠી આજ સુધી મારાં રક્ષણનાં કરનાર એ પૂજવા યોગ્ય માતાપિતાને હું કઠણ વચનોથી અથવા એવા કોઈ પણ અઘટિત કામથી આ સમયે દુઃખ દઉ તો મારા જેવા કૃતઘ્ની તથા પાપીનો નરકમાં વાસ થાય એમાં કાંઈ નવાઈ નથી. એક વાર હું એમ પણ અંગીકાર[1] કરુ કે એમનો દોષ છે, તોપણ જેમણે નાનપણમાં મારા અનેક દોષોવડે કરેલા અનેક અપરાધોને સહન કરી દયાભાવથી અથવા આશાથી મારું રક્ષણ જ કર્યું છે, પણ મને કાળજીરહિત થઈ ત્યજી દીધો નથી, તેમને આ વખતે મારામાં શક્તિ આવ્યા પછી થોડા દોષ માટે ત્યજી દેવાં એ પણ બિલકુલ ઘટતું નથી. અરે! ઘટતું નથી એટલુ જ નહિ, પણ એવાં કરમના કરનાર મારા ઉપર પરમેશ્વરનો કોપ થયા વિના કેમ જ રહે? માટે એમનો દોષ છે તો નહિ જ, પણ કદાચિત્ હોય તોયે સહન કરી એમનું મન અનેક ઉપાયથી પણ પ્રસન્ન રાખવું જોઈએ. એ જ પ્રમાણે આ બીજી બાજુએ જોઉ છું તો હવે પછીના મારા જન્મ સુધીના સુખદુઃખની ભાગી થનાર આ સ્ત્રી છે, અને અગ્નિ, બ્રાહ્મણ તથા દેવસન્નિધ[2] મેં હાથ ઝાલી એનું પ્રાણુની પેઠે રક્ષણ કરીશ

---

૧ કબુલ કરું. ૨ આગળ.

એવી પ્રતિજ્ઞા[1] કરેલી છે. તેમ જ પ્રાણકરતાં પણ એના માબાપને વહાલી એવી એ છોકરીને આપણે સુખ જ આપીશું એવા વિશ્વાસથી તે એને આપણે ઘેર મોકલે છે, તથા આખા જન્મ માટે આપણને દાનમાં આપી ચૂકયાં છે, તો એને વિનાકારણ દુઃખ દેવું, એ પણ વિશ્વાસઘાત નામનું મહાપાતક[2] થાય છે. અને વિશ્વાસઘાત થાય છે એટલું જ નહિ, પણ ઘડી ઘડી દુઃખના ત્રાસથી પોતાના મનમાં નિસાસા નાંખનાર એ અબળાના નિઃશ્વાસથી આપણું આ લોક તથા પરલોકમાં અકલ્યાણ જ થનાર છે. અરે ! આ જન્મથી જ એક બીજાના ગુણદોષને સહન કરી એકજીવ સરખાં થયેલાં અમે ભાઈઓ તથા માબાપ વગેરે આખું કુટુંબ લઢીવઢીને ઘડી પછી એક થઈએ છીએ, તો પણ મન, માંહેથી પ્રીતિસહિત પરસ્પર સાથે જોડાતું નથી, તથા મનની ખરી વાત પ્રીતિથી પરસ્પર કરવા આપણને મરજી થતી નથી, અને રાત્રિદિવસ અંતરમાં ખેદ થાય છે. તો આ બિચારી અબળા જેને જન્મથી ઓળખાણ કે કશો સંબંધ નહિ, એવા આપણા કુટુંબમાં આવી રહી છે, તેને કદાચ એકબીજા સાથે આ ઘરમાં એકવાર અણબનાવ થઈ ગયો, તો ફરીથી તેનું મન પાછું મળવું અથવા તેનું ખેદરહિત થવુ એ વાત તો બને જ કયાંથી ? ખરી રીતે જોતાં 'દીકરી અને ગાય જયાં આપે ત્યાં જાય,' એ ન્યાયથી માબાપની આજ્ઞાથી તથા પરંપરા ચાલતી નીતિને અનુસરી તથા કોઈ પણ બુદ્ધિમાન્ પ્રાણી જેને પ્રાણ જતાં સુધી ઉલ્લંઘન કરતાં નથી, એવી ધર્મમર્યાદાને પાળી પોતાના પ્રાણની પણ દરકાર ન કરતાં આપણા ઘરમા સુખની આશા બાંધી એ આવીને રહી છે, તેથી એને એવો વિશ્વાસ પણ હોવો જોઈએ કે આ મારાં સાસુસસરો તો વચમાં સાક્ષિરૂપ છે, પણ આ મારો હાથ ઝાલીને લાવનારો મારો પ્રાણથી પણ વહાલો પતિ મને મરતાં સુધી પણ દુઃખ નહિ જ દે, અને નિરંતર મને પ્રાણની પેઠે પ્રિય ગણી પાળશે, તથા પોતાના સુખનો ભાગ જરૂર મને આપશે. તો આ રીતે વિશ્વાસવડે બંધાયેલી આશાથી આપણે ઘેર આવી ગરીબીથી દિવસને કાઢનાર એ સ્ત્રીને જો હું દગો દેવા વિચારું અથવા દુઃખ દઉં, તો એની આશાનો ભંગ કરવાથી હું મહાપાતકી ગણાઉં એમાં શું નવાઈ છે ? અને પાપી ગણાઉં એટલું જ નહિ પણ પરમેશ્વરને પામવાનો મારો અધિકાર છે તે મટીને હું અધોગતિને એટલે નરક-દુઃખને જ અનંતકાળસુધી ભોગવવા યોગ્ય થઈ રહું. હવે માતા-

૧ સમખાવા તે. ૨ પાપ.

પિતા તથા આ સ્ત્રી બંનેને મારાથી પરિતાપ ન થાય, અર્થાત્[1] મારા વડે એમને દુઃખ થવાનો સમય ન આવે એવી કોઈ પણ યુક્તિ રચીને એ બંને બાજુને સુખ આપવું એ જ મારો આ જગત્માં જન્મ ધરીને કરવાયોગ્ય મુખ્ય વ્યાપાર છે, તેને પૂર્ણ કરવાની અનેક યુક્તિ રચવી એ જ કરવાનું છે.

હે સરસ્વતિ ! આ પ્રમાણે તથા એ વગેરે અનેક પ્રકારના પ્રસંગોપાત્ત વિચારને કરનાર તે પુરુષ જ્યારે પોતાની સ્ત્રીનો વાંક જુએ છે, ત્યારે તો તેને ભય આપે છે, તથા ઠપકો દે છે, અને જ્યારે માબાપની કસુર થઈ હોય અને સ્ત્રી અસંતોષને પામી તે પતિઆગળ દુઃખ ધરે છે, ત્યારે તો તે પતિ પ્રથમ પોતાની સ્ત્રીને ધૈર્ય આપી અધિક પ્રીતિ દેખાડે છે, તથા કહે છે કે 'તારે કોઈજોડે શો વધારે સંબંધ છે ? જો હું તને વધારે ઠપકો દઉં તો તેથી માત્ર તારે વધારે દુઃખ ધરવું. મારાં માબાપનો એવો સ્વભાવ પડ્યો છે તેને કેમ કરીએ ? એ સ્વભાવ કાંઈ એકદમ છૂટી જાય છે ? માટે તું ક્લેશ કરીશ નહિ. તેમ જ જો ખરું જોવા જઈએ તો તારા વાસ્તે મારે દુઃખ વેઠવું અને મારા વાસ્તે તારે દુઃખ વેઠવું એ આપણા બંનેનો ધર્મ છે. ત્યાં જે વખત આપણું લગ્ન થયું ને તારે ત્યાં હું પરણવા આવ્યો, ત્યારે તારાં સગાંએ તથા પરભાર્યા લોકોએ મને તથા મારાં સંબંધીઓને અણઘટતા શબ્દો કહ્યા છે, તથા ગાળો દીધી છે. તેમ જ મારા પક્ષવાળાંએ તારાં સંબંધીને તથા તને ગાળો દીધી હશે, તે તમે તથા અમે પણ સહન કરી છે. તો હવે આ મારાં માબાપ કદાપિ થોડું ઘણું બોલે તે તું સહન કરે એમાં શી મોટી વાત છે ! આપણા ઉપર હેત રાખનાર સંબંધિએ આપણા માટે પારકાંની ગાળો ખાધી છે, તો આ તો મારે માટે ફક્ત મારાં માબાપનાં જ કઠોર વચન તારે સાંભળવાનાં છે, માટે તું ધીરજથી સહન કર. કોઈ કાંઈ જન્મારાસુધી બેશી રહેનાર નથી.' આ વગેરે વચનો બોલી પ્રીતિ દેખાડી તે પુરુષ પોતાની સ્ત્રીનું મન રીઝવે છે, તથા અનુકૂળતા જોઈને પોતાનાં માબાપને પણ ઘટે તેપ્રમાણે વિનયનાં વચન કહે છે, અને એક બીજામાં સમાધાન રાખે છે. પણ કદાચિત્ બંને બાજુવાળાં સમાધાનને ન જ પામે, તો નિરુપાયથી તે પુરુષ બંનેને જૂદાં સ્થાનમાં રાખી બંનેની ખરા મનથી સંભાળ રાખે છે, પણ એક પક્ષને જ સાચવી બીજાને દુઃખ દેવું એમ મરતાં સુધી પણ તે વિચારવાન્ પુરુષ કરતો નથી. વળી હે દીકરી !

૧ મતલબ કે.

કેટલાક મૂર્ખ પતિ તો પોતાની કુળવાન્ સ્ત્રીને અવિચારથી ઘણું દુઃખ આપે છે, પણ તે અબળાને વિનાકારણ દુઃખ આપનાર દુષ્ટ પતિ નરકમાં જ જનાર છે, એમાં કાંઈ સંશય નથી. હવે તે અવિચારના સ્વરૂપને પણ તું સાંભળ. એ મૂર્ખ પતિ મૂળે તો ભણેલો જ હોતો નથી, અને થોડું ભણેલો હોય તો સદ્વિચારને પામેલો હોતો નથી, તેથી પોતાના મનમાં એમ જાણે છે કે આ જગતમાં સ્ત્રી આપણા કરતાં હલકી જાતનું પ્રાણિ છે, તથા આપણે મોટા છીએ. તેથી તે સ્ત્રીને આપણા તાબામાં રાખી તેનાથી આપણે સુખ લેવું. આમ જાણીને તેને વિના કારણ રોજ ધમકાવે છે, મારે છે, તથા પોતાની તાબેદારી કરાવે છે, એટલું જ નહિ. પણ પોતે દુર્ગુણી થઈ બહાર ભટકતો ફરે છે, અને જો સ્ત્રી તેના દુર્ગુણવિષે કાંઈ કહેવા જાય તો તેને ક્રોધ કરી શત્રુની પેઠે મારે છે. તેને આપણા કુળની મર્યાદાપ્રમાણે ખરા કારણસર પણ હરવાફરવા દેતો નથી, તથા પોતાનાં કુળવાન્ માબાપને ઘેર જવા દેતો નથી, અને ઘરમાં પોતે પણ તેને સુખ આપી સંતોષને પમાડતો નથી. આવા પતિના દુઃખથી પીડાતી સ્ત્રીને વળી સાસુસસરાવગેરે વડિલો પણ પીડા કરે છે. એ બધુ સહન કરતાં પણ તે સ્ત્રીને સુખ મેળવવાનો કોઈ રસ્તો હોતો નથી, કારણ કે કુળવાનની દીકરી પ્રાણ જતાં સુધી પણ પોતાનો ધર્મ છોડીને આડે માર્ગે ચાલતી નથી. આથી મરતાં સુધી તે અબળા સંસારસુખથી સંતોષને પામતી નથી. માટે માબાપે જમાઈ જોવો તે ઘણો વિચાર કરીને જોવો જોઈએ. આ લોકમાં દુષ્ટ વિચારના પુરુષો અજ્ઞાનતાને વશ રહીને સ્ત્રીજાતની મોટાઈને જાણતા નથી, તેમ જ આપણા ખરા સંસારસુખનું કારણ એ સ્ત્રી છે, એને વિનાકારણ દુઃખ શામાટે દેવું એનો વિચાર કરતા નથી, તેથી ઘણે ઠેકાણે સ્ત્રિયો ઘણે અંશે દુઃખી છે. તે જ પ્રમાણે દુષ્કર્મની કરનાર પાપણી સ્ત્રિયોથી પણ ઘણા ભલા પુરુષો મહા દુઃખનો અનુભવ કરતા દેખાય છે. તેમ જ આવાં બંને મળવાથી તે પાપી પુરુષ તથા સ્ત્રી સ્વચ્છંદે વર્તી સુખ લેતાં હશે એમ પણ દેખાતું નથી. માટે અનુકૂળ પતિપત્નીને જ સુખ આવે છે, એમ જાણી લગ્ન કરનારે પ્રથમથી જ ઘટતા વિચાર કરવા જોઈએ. હે શાણી છોકરી ! આ ઘરમાં પુરુષ છે તે રાજાજેવો ગણાય છે, અને સ્ત્રી છે તે પ્રધાનજેવી ગણાય છે; તો જેમ ઉત્તમ બુદ્ધિમાન્ રાજા પોતાના શાણા પ્રધાનની સલાહ દરેક કામમાં લીધાવિના રાજ્યના વ્યવહારને કરતો નથી, તેમ ઉત્તમ કુળવાન્ પોતાની સ્ત્રીને પતિએ ઘરના સઘળા વ્યવ-

હારમાં સલાહકાર ગણવી. બહારથી પદાર્થોને લાવવા, એ પુરુષને કાળજી રાખવી. તેને ઘરમાં આવ્યા પછી રુડે પ્રકારે સાચવવા તથા ઉપયોગમાં લેવા, એ વિષે સ્ત્રીએ યોજના કરવી ઘટે છે.

દરરોજ સવારે તથા સાંજે પુરુષે સ્ત્રીને દુઃખની વાત પૂછી, પ્રીતિથી સાંભળી તેને ઘટિત ઉપાયથી સંતોષને પમાડવી. તેમ જ પુરુષ ઘરમાં હોય ત્યારે તથા બહાર જઈ આવે ત્યારસુધી સ્ત્રીએ તે પતિમાં ચિત્ત રાખવું; અને પાસે હોય ત્યારે તેને અનુકૂળ કામથી તથા પ્રિય વચનથી સંતોષ આપવો. જો આ પ્રમાણે એકબીજાસાથે ન ચાલે તો તે બંને પાપી ગણાય છે, તથા પરલોકમાં દુઃખનાં ભાગી થાય છે, એટલું જ નહિ પણ જેમ બેદરકાર રાજાનો પ્રધાન બેદીલ થવાથી રાજ્યને મોટો ધોકો પહોંચે છે તેમ બેદરકાર ધણીની બેદીલ સ્ત્રીથી ઘર ભાગે છે. વળી તે જ પ્રમાણે જેમ પ્રધાન અપ્રમાણિકપણે ચાલનાર હોય છે, અથવા બેદરકાર હોય છે, તો તે રાજાની અપ્રીતિનુ પાત્ર થઈ પ્રાણાંત સંકટને ભોગવે છે; તેમ ગેરવાજબી રસ્તે ચાલનાર તથા અભિમાની સ્ત્રીઉપર પતિની ઇતરાજી થાય છે. જેથી તે સ્ત્રીને મરણસુધી પણ દુઃખ સહેવું પડે છે. માટે બંને જણે એક બીજાસાથે સલાહસંપથી વ્યવહાર ચલાવવો, એ જ સુખનુ કારણ છે.

મનોહર કહે છે, બોલો **સદ્ગુરુદેવકી** જય. (સઉ બોલે છે.) અહિંથી હવે બીજે દિવસે **લક્ષ્મીમાતાએ** જે અમૂલ્ય બોધ છોકરીઓને કર્યો છે તે આવતી કાલે કહેવાશે. આ સાંભળેલી કથાને સઉએ પોતપોતાને ઘેર જઈ સંભારવી, તથા તેમાં જે જે દુર્ગુણો કહ્યા છે તે જો આપણામાં હોય તો તે જ વખતથી તેને છોડવાને મહેનત કરવી. અને જે જે ગુણ તથા ધર્મ કહ્યા છે તેને આપણામાં ન હોય તો કાળજી કરી મેળવવા મહેનત કરવી. કારણ કે એકલું સાંભળીને કથા અહિં ને અહિં મુકી ઘેર જનાર માણસને કશો લાભ થતો નથી.

બાલ૦—બોલો **સીવ**ંડાવનચંડકી જે. સઉ કાલજી રાખીને સુદ્દરજો રે ! આ ભતજીમ્હાડાજ આપના ફાયડાને માતે આતલું કહે છે. ના માનસે તેના ભોગ.

વિઠ્ઠલજી—ભટજી મહારાજ ! આપની ઇચ્છા હોય તો એકાદ કીર્તન કહો, શ્રમ તો છે.

બાળ૦—જુવો **વિથ્થલજી** ! ટમે એમ કહો છ. પન સડમ સેમાં નઠી ? પન તે પાકી કંઈ ચાલે છ ? ભતજી બાવાની ડયાઠી

ભલા સઉ ભેગું થાય છે. આ ટો પંખીનો મેલો છે. હમનાં એ ભજન થસે એતલે સઉ સઉને થેકાને ઉડી જસે. કેમ, બીજભુખન ! બોલ્યા નહિ !

બીજ૦—હા સેઠ ! તહીંયાડી એ તો જાનો જ છો કેની તહીંયાડી. સંસાર તો તહીંયાડી એવો જ છે કેની તહીંયાડી ! જનમવું ને તહીંયાડી મરવું.

પારવતી—લે બાલુ ! ભઈ, હવે વાતો પછી કરજે. ભટજીને ભજન કહેવા દે. બોલો મહારાજ !

બાલ૦—હા મ્હાડાજ ! થવા દો. બોલો સીદવાડકાંઢીસકી જે. સાંભલજો રે ભાઈઓ.

મનોહર—બોલો શ્રીસદ્‌ગુરુદેવકી જય. (સઉ બોલે છે.)

પદ. ગરબી.

(આ) જગદીશ્વરને નમીએ સર્વે હેતથી,
જેથી ભવમાં દુઃખ નડે નહિ લેશ જો;
રાત્રિદિવસ ગુણ ગાતાં એ જગદીશના,
શમશે જીવના જન્મમરણના ક્લેશ જો, જગદીશ્વરને૦ ૧
જગમાં જન્મી જોવા અવગુણ આપણા,
એ છે સઘળા કુળવાનોની રીત જો·
નિચ કુળના નિરખે છે અવગુણ પારકા,
ગુણી જનના ગુણ ટાળિ વદે વિપરીત જો; જગદીશ્વરને૦ ૨
એવા પાપી જન પ્રભુને કેમ પામશે,
શાણા જન સઉ જુઓ વિચારી મન જો,
વળિવળિ અવગુણ વહોરે ઉંધી બુદ્ધિના,
પરને પીડા કરવા ખરચે ધન જો; જગદીશ્વરને૦ ૩
પોતાનું શુભ ઇચ્છો તો આ માનજો,
છેલ્લું વેણ કહું છું આણી વા'લ જો,
મનહર સર્વેશ્વરશું પ્રીતિ બાંધજો,
નહિ તો માથે વહેશો દુઃખનાં સાલ જો; જગદીશ્વરને૦ ૪

પદ. ગરબી.

જીવ જંજાળી, આ જગજાળવિષે પડી, આપ વિચારને,
બુધ ક્યાં બાળી, મોહે ખાઇશ યમપારધિના મારને. ટેક.
શિદ પાપે પેટ ભરે તારું, મૂરખ કરિને મારું મારું,
કેમ જાણે નહિ જગસુખ ખારું ? જીવ જંજાળી૦ ૧

તું કોણ અને ક્યાંથી આવ્યો ? તને કોણે આમાં સપડાવ્યો ?
(કેમ) એ વિચાર તુજને નવ ભાવ્યો ?　　　　જીવ જંજાળી૦ ૨
માતતાત સંબંધી સગાં તારાં, વળખે ગણિને સારાં સારાં,
પછિ કેમ મરે કરી અકારાં ?　　　　　　જીવ જંજાળી૦ ૩
સમજે તો હું મારું ત્યજિને, સાચા સદ્‌ગુરુપદને યજિને,
મનહર જગદીશ્વર નિત ભજિને;　　　　　જીવ જંજાળી૦ ૪
બોલો સદ્‌ગુરુદેવકી જય.　　　　　　　(સઉ બોલે છે.)

વિઠ્ઠલજી—કેમ ભટજી મહારાજ ! હવે આજ્ઞા છે ? રોજ કરતાં આજે વિશેષ વિલંબ થયો છે, માટે આપ પણ પોઢી જાઓ. (પગે લાગીને ઉઠી જાય છે. બીજાં પણ પગે લાગી વાતો કરતાં પોતાને ઘેર જાય છે.)

વિજયા—આપની ઇચ્છા હોય ત્યારે ઉઠજો. હવે મેં સઘળી તૈયારી કરી મૂકી છે. (પાસે આવીને) આજે તો બહુ જ લોક ભરાયા હતા. મહીં પેલી બેચાર આવી'તી, તે તો આખા મોહલ્લામાં પાપનાં પડીકાં ગણાય છે. ખરેખરી લડાઇખોરીઓ ને ટીંખળી પણ એવી કે સઉને હસી કાઢે. પણ અહિં તો એવી ડાહી થઈને બેસી રહી'તી કે કાંઈ કહેવાની વાત નહિ ! અને સાંભળતી'તીએ ખરી !

મનોહર—તું જોયાં તો કર, ધીરે ધીરે એટલાં માણસો ભેગાં થશે કે તું અકળાઇશ, ને બેસવાની જગા નહિ મળશે. ખબર છે ? જે આવશે તે પોતપોતાની મતલબે આવશે, આપણે સારુ કોઈ આવવાનાં નથી, તેમ આપણે કંઈ કોઇપાસે આશા રાખતા નથી. આ તો પરમેશ્વરપ્રીત્યર્થ શ્રમ કરીએ છીએ કે કાંઈ કરતા આ જંગલી લોકો સુધરે, અને સુખી થાય. આ મ્હોલ્લામાં એકબીજાને લઢવાવઢવાનો દુષ્ટ સ્વભાવ છે તે કોઈ દહાડો નહિ દેખાય, ત્યારે જાણવું જે લોકને આ બોધની અસર થઈ. પણ જો ખરું પૂછે તો આ સઘળું પુણ્ય તને, અને સુધારાનો યશ પણ તને છે. કેમકે તેં મને પ્રશ્ન ના પૂછ્યા હત તો આ કથા થાત નહિ, અને લોકો આપણે ઘેર આવત નહિ. માટે સઉએ તારો ઉપકાર માનવો જોઈએ. લો ચાલો હવે સૂઈ જઈએ. (ઇષ્ટસ્મરણ કરતાં સૂઈ જાય છે.)

દિવસ ૭.

વિજળી—(પોતાને ઓટલે દાતણ કરતાં **પ્રાણકોરને** જોઈને) આવો તહીંયાડી, શી ખબર છે? તહીંયાડી ' (એટલામાં **લાડકોર** તથા **નવલને** જોઈ બૂમ પાડે છે.) અલી ઓ! તમને કહું, સાંભળોછ કે તમને કહું! અલી ઓ! જે છે તે! બેહેરી છે કે જે છે તે! અલીઓ વાતગરીઓ! આમ તો આવો. એક કામ છે. (તે બંને સામુ જુએ છે એટલે ઇશારતથી બોલાવે છે. તે આવે છે તથા આ બધીને ભેગી થયેલી બારીએથી જોઈને કમળા પણ ત્યાં આવે છે.)

લાડકોર—કેમ અલી! સહુને ભેરાં કરીને કાંઈ ઉજાનીબુજાની આલે છે કે શું? વાનાના પોહોરમાં બૂમો મારે છે તે.

વિજળી—હા, તમારે જોઈએ તો બુજાનીએ આલીશું. ઉજાણીની હજી વાર છે. કેમ અલી **પ્રાણકોર**! રાતે કથામાં રસ પડ્યો કે નહિ? સાચું બોલજે, કમળી તુંએ પણ; પછી હુંએ કહીશ.

પ્રાણકોર—બઈ મને તો સારું લાગતું'તું. પછી સહુસહુની વાત જાણે. મને તો એમ થયું કે રોજ બએ ઘડી જઈશું.

વિજળી—(કમળા તથા પેલી બેએ પણ તેમ જ કહ્યું, પછી) મારા મનમાં તો અલી જે આવ્યુ છે તે ખરેખરું કહું છું. કથામા રોજ જવું એ વાત તો નક્કી જ છે, પણ એ **વિજીયાસાથે** બહેનપણાં કરવાં એવો મારો તો નક્કી વિચાર છે. અલી! હું તો કાલે એની પાસે બેઠી તે જાણે એને જ જોયા કરું. શુ એની ચતુરાઈ છે જો! બેસવું ચતુરઈનુ! એનું ધારે રહીને હોઠમા ને હોઠમાં હસીને બોલવું કેવું સારું લાગે છે! બધાંજોડે કેવી નમીને, હેત દેખાડીને, ગરીબસરખી બાજુએ બેઠી'તી! એટલું જો મારે ઘેર હોય તો હું તો ફૂલીને ફાળકો થાઉ. ખરે, ગમે તેમ કરીને પણ આજે ને આજે એની જોડે હેત વધે એવું કરવું છે. તમારે જેને આવવું હોય તે ભલે પાછળથી આવજો, હું તો મારે જમીપરવારીને ચાર ઘડી આજે એની પાસે જઈને બેસું ત્યારે મારા જીવમાં જીવ આવશે, મને એના જોડે વાત કરવાની તથા એની વાતો સાંભળવાની બહુ હોંસ થાય છે; અને એની બધી રીતભાત આજે ને આજે શીખીને એના જેવી થાઉં, એવું મન થાય છે. પણ રડ્યું એ કંઈ

સેહેલું છે કે એક દહાડામાં થઈ જવાય? પણ ભગવાનની મરજી તો જોયા કરો. અલી! મને તો આખી રાત એના એ વિચાર આવ્યા. સમણામાંએ જાણે બધાં બેઠાં છે ને ભજન ગવાય છે, ને એવું ને એવું જ દેખતી'તી. ચાલ બહેન! હવે આળસ રાખતાં આજનો મનસુબો કંઈ પાર પડવાનો નથી, માટે હું તો જઉં છું (વહેલી વહેલી મોં ધોઈને ઘરમાં જઈ પોતાના કામથી પરવારી લે છે. બીજીઓ પણ તેમજ કરે છે.)

ભુધર—અલ્યા જીવણ! જો અહિં આવ. આપણે જરા એકાંતનું કામ છે. (એમ કહી બધા ભાઈઓને એકાંતમાં બેસાડીને) જુઓ ભાઈઓ! તમે સઉ નાના હતા ત્યાં સુધી, અને હજી હમણાંએ શું થયું છે? આપણું કાંઈ એક બીજાનું હેત ઘટ્યું નથી. પણ આ નીચ રાંડોને લીધે ઘરમાં રોજ કંકાસ થાય છે. તેથી જો તમારી સઉની મરજી હોય તો આપણે હેતપ્રીતથી હળીમળીને જુદા રહેવું એ સારું છે. નહિ તો માથાંવાઢ્યાં વેર એ રાંડો કરાવશે. કેમકે મેં ઘણી જગાએ જોયું છે કે જ્યાં ઘરમાં પારકીજણી વીસનખી આવી કે થઈ ચુક્યું. ઘણાંનાં ઘર ભાગ્યાં છે, માટે આપણે અગમચેતીને ચાલશું તો ઝાઝું વેર થશે નહિ. આપણાં મન એક છે તો એકઠા જ છીએ. કેમ ભાઈઓ! તમને આ વાત ગમે છે? (જીવણ તથા બીજા સઉ હા કહે છે, તથા બોલે છે કે 'રાંડો ગમે તો કપાઈ જશે તોપણ અમે તો કશું બોલવાના નથી, પણ માંહોમાંહે વેર થાય એ વાત સાચી ખરી ને વળી રોજ ઘરમાં કંકાસ થાય એટલે કોઈને પણ સુખ નહિ, માટે તમે કહો છો તેમ અમને પણ ઠીક લાગે છે. પછી માંહોમાંહે સમજી જુદા રહે છે.)

ચંદન—(પોતાના પતિને પાન આપતાં) કેમ, આજે તો મિજાજ ઠેકાણે છે કેની? મને તો તમારા ગુસ્સાનો ધાક બહુ લાગે છે; તેમ તમારો મિજાજ જતાં વારે લાગતી નથી તો! છીંકતાં છીંકું પડે એવું કામ છે. કહો ત્યારે આજે મારે એક બે વાત તમને પૂછવાની છે? તે હમણાં ફુરસદ છે કે પછી પૂછું?

કૃષ્ણદાસ—પૂછ તારે પૂછવું હોય તો. જો! મારો સ્વભાવ કેવો છે કે ખોટાની મને બહુ ચીડ છે. હું ગુસ્સે અમથો થાઉં છું! તમે જંગલી જેવાં મને ગુસ્સો આવે એવું કરો છો ત્યારે કેની? બાકી મારો સ્વભાવ તો હસમુખો છે. (એમ કહી જરા મોં મલકાવે છે.)

ચંદન—ત્યારે બોલો. પહેલો સવાલ તો મારો એ છે કે આ જગતમાં સારું શું ને ખોટું શું, તે મને કહો; એટલે ખોટાની તમને ચીડ છે, તેથી જેટલું ખોટું હોય તેને તમારા આગળ આવવા જ દેવું નહિ. પછી તો તમને ગુસ્સો ચઢવાનો નથી?

કૃષ્ણ૦—જો! આપણા મનને જે વાત ગમી કે આ સારી છે તે સારું અને ખોટું શું કે જે આપણને ગમે જ નહિ ને નઠારું જ લાગે. કેમ સમજી કેની?

ચંદન—હા, એ તો સમજી. પણ હવે આમ જુઓ કે જાણે મને તો એવું ગમે કે લોકોને ઘેર સવારથી તે સાંજસુધી ફરતાં ફરવું, જ્યાં મળે ત્યાં સારું મનને ગમતું ખાવું ને મઝા કરવી. કેમ એ પ્રમાણે કરું એટલે પછી તો ગુસ્સે નહિ થાઓ કેની?

કૃષ્ણ૦—કેમ ચમકી કે? વાંકુંઓછું બોલેછ, કમજાત! હું કહુંછ તે સમજતી નથી? દોઢ કોડીની અક્કલ તો છે નહિ ને મોટી સવાલ પૂછવા આવીછ!

ચંદન—(જરા મોં મલકાવીને) કેમ વારુ, શું ના સમજી? તમે કહો છો તે તો ખરું છે કે 'જે વાંકુંઓછું બોલે તે કમજાત,' ને અક્કલ તો મારી જે છે, તે આ હવે કંઈ વધવાની છે? જો બજારમાં મળતી હોય તો થોડી લાવી આપો. નહિ તો તમને મારી દયા આવે તો થોડી તમારામાંથી આપો. મારી પાસે કંઈ ખાવાનુ હોય છે તો હું તમને નથી આપતી?

કૃષ્ણ૦—બેસ બેસ છાની માની! વળી બોલતા નથી એટલે બમણી લવારે ચઢી કે? જા તારું કામ કર. મારા મોં આગળથી હમણાં આઘી ખસ.

ચંદન—કેમ તમે તો કહેતા'તાની કે મારો સભાવ તો હસમુખો છે ને ખોટાની મને ચીડ છે! ખરી વાતમાં તો હું ગુસ્સો કરતો નથી! ત્યારે આ તે શું-ગુસ્સો કે ગુસ્સાને માથે શીંગડાં? હજુ મારે બીજા સવાલ પૂછવાના છે તે પૂછું કે નહિ? પૂછીશ તો વળી કહેશો કે કમજાત છે!

કૃષ્ણ૦—જા જા, મોટી પૂછનારની પૂંછડી! તને સવાલ કરતાં સું આવડે છે જે? નકામા અક્કલવનાના સવાલ પૂછે છે, ને કહીએ છીએ તે સમજવાની અક્કલ તો છે નહિ! જા, હમણાં મને ફુરસદ નથી. પછી નવરા પડીએ ત્યારે પૂછજે, પૂછવું હોય તો.

ચંદન—ત્યારે હમણાં તે તમારે શા પાડા મુંડવા છે જે ના

કહો છો ? હમણાં ફુરસદ જ છે તો. પછી વળી મને ફુરસદ નહિ હોય ત્યારે તમે કેહેશો જે હવે પૂછ તે શા કામનું.

કૃષ્ણ૦—(એકદમ આંકણી લઈને પગ પછાડીને ઉભો થાય છે. **ચંદન** તેનો આંકણીવાળો હાથ ઝાલી લઈને) માફ કરો, પગે લાગું છું–કાંઈ વત્તુંઓછું બોલાયુ હોય તો. જુઓ, તમે મને પહેલેથી મોંઢે શું કરવા ચઢાવી ? ને હવે મારવા ઉઠો છો જે ! હુ તો મારે હેતમાં બોલું છું, ને તમને તો ખરેખરી રીસ ચઢી જાય છે ! ત્યારે લ્યો; હું આ હેઠે જાઉ છું. (કૃષ્ણદાસ નરમ પડી જાય છે, ને **ચંદન** મોં મલકાવીને હેઠે જાય છે.)

બાળ૦—(જમી કપડાં પહેરીને જોડા પહેરતાં) એ સાંભલો છ ? તમારી મેલે આ બાનું ધાંકજો હો, હુ દુકાને જાઉ છું. (' જે **સી**ગોપીજનવલ્લભ, જે **સી**ગોપીજનવલ્લભ, ' બોલતો જાય છે.)

ચંચળા—(ખાઈ પરવારીને પછી **વિઠ્ઠલજી**ને બહાર જતા જોઈને **ભાગીરથી**પાસે જઈને) કેમ **ભાગીરથી** ! શું થાય છે ? આવું કે ? લાવો કંઈ કામ દેખાડો છો, તમને મદદ કરૂં.

ભાગીરથી—આવો બેસો, કામ તો કશુંએ નથી. આ એઠવાડ તો કાટી રહેવા આવી છું. કેમ **ચંચળ** બહેન ! આજે કંઈ વહેલાં પરવારીને આવ્યાં છો ?

ચંચળા—એ તો આજે મારી મા આવવાની છે. મેં એના આગળ તમારી તથા **વિજયાલક્ષ્મી**ની વાત કરી'તી કે બહુ સારાં છે અને મારા ઉપર હેત રાખે છે, ત્યારે એ કહે કે આજે હું એમને મળવા આવીશ બપોર પછી, ત્યારે મેં કું લાવ વહેલી પરવારી લઉં. એટલે પછી નિરાંતે બેશીએ તો ખરાં. (વાતો કરતાં બેસે છે.)

વિજયા—(**મનોહર**ને જમાડી પોતે જમી પછી **મનોહર**ના બહાર ગયા પછી ભરતનું કામ લઈ બેસે છે. તેટલામાં **વિજળી** લાગ જોયા કરતી હતી તે આવે છે તેને જોઈને) આવો **વિજળી** બહેન ! કોઈ દિવસ નહિ ને આજે તમે ક્યાંથી આવ્યાં ? કેમ કંઈ મારા સરખું કામકાજ છે કે શું ? આવો બહેન ! બેસો.

વિજળી—ના, બા ! બીજું કામ તો કંઈ નથી. હું તો સહેજ તમારી પાસે બેસવાને આવી છું. ખરું પૂછો તો હું આટલા દિવસ બરાબર જાણતી નો'તી કે આવી કથા અહિં વંચાય છે. કાલે મારા

ઘરમાંથી મને કહેવા લાગ્યા, ને મને પણ મન થયું'તું તોપણ કોઈ દિવસ તમારે ત્યાં આવવાનો ચાલ નહિ, તેથી મારો રાંડનો પગ ઉપડતો નોહોતો. ને વળી આ મો'લ્લામાં આપણે આટલા દિવસથી રહીએ છીએ, પણ તમારો આવો સારો સ્વભાવ છે એ વાતની મને ખબર નહિ; તે કાલે મેં જાણ્યું જે તમારો સ્વભાવ તો ઘણો જ સારો છે તેથી, ને કથા મને બહુ સારી લાગી તેથી આખી રાત મને સમણાંએ તમારા ઘરનાં ને ઘરનાં આવતાં'તાં. ને આજે તો સવારની ઉઠી છું, ત્યારની મારા મનમાં ધડભાંજ કરું છું કે હવે કેમ વગર બોલાવે એમને ઘેર જાઉ ? પછી મેં તો નક્કી કર્યું કે ચાલ જાઉ તો ખરી. એમનું મન દેખીશ તો બેશીશ, ને નહિ તો પાછી આવીશ. અહિં આવ્યાથી મને ઘણું સારું લાગ્યું. જો તમને કશી અડચણ ના પડે તો હું બપોરે રોજ બએ ઘડી આવીશ. મને કાંઈ ભરવાનું વગેરે તમે શીખવશો ?

વિજયા—(તેનાં પ્રેમાળ નેત્ર, બોલવાની ચાલાકી, તથા પ્રીતિ ઉપજાવે એવા હાવભાવ અને નમનતાઈથી મીઠાશ ભરેલી વાણી બોલતી સાંભળીને) વિજળી બહેન ! હું તમને જતાં આવતાં જોતી'તી ખરી, ને મને તમારા ઉપર ભાવ તો ખરો, પણ કોઈ દહાડાની માયા નહિ એટલે તમને હું બોલાવતી નો'તી. પણ તમે આજે આવ્યાં તે ઘણું સારું થયુ. તમારો સ્વભાવ કોણ જાણે કેવોય અતડો અને મિજાજી હશે એમ હું ઉપરથી ધારતી, પણ તે વાત સઉ ખોટી પડી. તમારો આવો મળતાવડો સ્વભાવ જાણીને મને ઘણું હેત આવે છે. જુઓ, બહેન ! મને તમારા જેવાં ચોખ્ખા મનનાં અને સાચું બોલનારાં તથા લોકોજોડે નહિ લડનારાં ભલાં માણસ બહુ ગમે છે. સુખેથી તમારે ગમે તે વખત આવજો. ઘર તમારું છે. મને આવડશે તે હું તમને શીખવીશ. તમે આવશો તેથી મને સારું લાગશે. તમે પણ મારી પેઠે સાલસ સ્વભાવનાં છો એટલે આપણે બંનેને હળશે. બીજાં ઉછાંછળાં, બેફાટ બોલનારાં, એકેકનો ભારવકર નહિ રાખનારાં, હલકાં માણસની સોબત મને ગમતી નથી. પણ તમે બહુ ગુણવાન્ છો, માટે તમે આવશો તે તો મને ગમશે.

વિજળી—જુઓ વિજયાલક્ષ્મિ ! આટલા દહાડાસુધી મેં કંઈ તમારા જેવાં ઠરેલાં માણસની સોબત કરી નથી, અને આડોશીપાડોશી બધાં કંકાશિયાં, માંહોમાંહે લઢે વઢે, ને મને મહીં જાણી જોઈને છેડે. ત્યારે હું પણ તેમના સાથે ગમે તેમ બોલું પણ સાચું પૂછો તો

મારા મનમાં તેનું વેર નહિ. ઘડી પછી પાછી બોલું ને બોલાવું. પણ હવે તમારી સોબતમાં બેશીશ તો એ રહ્યા બધાએ મારા અવગુણ છૂટી જશે. હજુ તો મારામાં પૂરી માણસાઈ પણ આવી નથી. તમને જોઈને હું બહુ રાજી થઉ છું.

ચંચળા—(**ભાગીરથી**ના ઘરમાંથી **વિજયા**ને જુએ છે, તે **વિજળી**ને જોઈ) **ભાગીરથી** બહેન ! જુઓને આજે તો કંઈ **વિજળી** અહિં આવીને બેઠી છે ! એ તો વાસાથે વઢે એવી છે. તે આ બીચારી **વિજયાલક્ષ્મી**જોડે એને શી રીતે પાટો ગોઠશે ? એ તો મારા જેવી ગામનો ઉતાર છે.

ભાગીરથી—જુઓ **ચંચળ** બહેન ! આ લોઢું છે, પણ તે પારસમણિને અડકે છે એટલે સોનું થઈને રહે છે. આપણે બધાંએ **વિજળી**ના જેવાં જ હતાં કેની ? તે કેવાં ધીમે ધીમે સુધરવાં મંડ્યાં છીએ ? તેમ એ ગમે તેવી તોફાની હશે પણ **વિજયાલક્ષ્મી**નો ચાર દહાડા સંગ કરશે, પછી તમે જોજો કેવી થાય છે તે.

ચંચળા—(બારીએ રસ્તામાં જોઈને)ઓ મારી બા તો આવી ! કેમ **ભાગીરથી** બહેન ! આપણે બધાંએ એમને ઘેર જઈશું ?

ભાગીરથી—હા ચાલો તમે, એટલે હું બારણું દઈને આવું છું.

ચંચળા—(નીચે ઉતરીને પોતાની માને સાથે તેડીને **વિજયાલક્ષ્મી**ના ઘરમાં મેડે ચઢીને) કેમ બહેન ! **વિજયાલક્ષ્મિ** ! શું કરો છો ? આ મારી માને મોઢે મેં તમારી વાત કરી'તી, તે એ તમને મળવાને આવી છે. ત્રણ ચાર દહાડાથી કહેતી'તી ત્યારે મેં કું આવજે આજે, આપણે જઈશુ, તે આવી છે.

વિજયા—આવો, બહુ સારું થયું. આ બિછાનાઉપર બેસો. આવો; મારાં **ચંચળ** બહેનનાં મા એટલે મારે પણ મા બરાબર જ છે. (**ચંચળ** તથા તેની મા બેસે છે. એટલામાં **ભાગીરથી** આવે છે; તથા **વિજળી** ગઈ છે એમ જાણીને **પ્રાણકોર**, **લાડકોર**, તથા **નવલ** પણ આવે છે. તેમને સઉને **વિજયા** પ્રીતિથી બોલાવી બેસાડે છે. આ સઉને આવતાં જોઈને શુ કારણ હશે, એવા અંદેશાથી **કાવેરી** તથા **પારવતીબાઈ** પણ આવે છે. સઉ બેઠા પછી એકબીજાના તરફ જુએ છે. પણ કોઈ કાંઈ બોલતું નથી ત્યારે.)

ભાગીરથી—**વિજયાલક્ષ્મી** બહેન ! તમારે ઘેર અમે સઉ અતિથિ આવ્યાં છીએ. હવે કાંઈ ભિક્ષા આપ્યા વિના ચાલવાનું નથી. માટે કાંઈ સુબોધકારક રમુજી વાત કહો. અથવા તો કંઈ ગરબી સંભળાવો, એટલે અમારો આજનો દહાડો સફળ થાય. અમે તો બધાંએ

નકામાં છીએ. માત્ર સાંભળવાનાં રસીયાં તો ખરાં. ભલા આપણે કંઈ લેણદેણ સંબંધ હશે, ત્યારવના કંઈ ભેગાં થયાં છીએ? તમે ધૂણી તપીને તપ કર્યાં હશે, તો અમે પણ ધૂણીનાં લાકડાં સંકોર્યાં હશે! (સઉ જરા હસે છે.)

વિજયા—(હસતાં) તમે પણ **ભાગીરથી**! મને ચઢાવીને મોટી કરો છો, પણ તમારા કરતાં મારામાં શી એવી વધારે સમજણ છે?

ચંચળા—ના બહેન **વિજયાલક્ષ્મિ**! હવે તો તમે બોલો. આ બીચારી મારી બા ફરી કે દહાડે સાંભળવાની છે જે? આજે એનું પણ ભાગ્ય ફર્યું છે તે આવી ચઢી છે. માટે નજરમાં આવે તે બોલો. પહેલી ગમે તો વાત કરો, ને પછી ગરબી, ને ગમે તો પહેલી ગરબી કહીને પછી વાત કહેજો. પણ આજે તો ચાલે એવું નથી.

પારવતી—લ્યો અલીઓ! હવે કોઈ બોલ બોલ કરશો નહિ. છાનામાનાં એક ચિત્તે સાંભળજો.

વિજયા—જુઓ, **ભાગીરથી**! મને કંઈ એવી કથાની વાત તો આવડતી નથી. પણ એક દહાડો સાંભળેલી એક ગુરુશિષ્યની જરા હ-સવાસરખી વાત છે. તેમાં શીખામણ લેવા જેવું તો છે પણ હવે બહુ એવી કાંઈ સુબોધ આપનારી નથી. તમારી સઉની મરજી હોય તો કહી સંભળાવું. મને કાંઈ એનું માન નથી.

સઉ સાથે—હા હા, કહો. જેવી હશે તેવી. આપણે બધા કે-દહાડે જ્ઞાની છીએ જે?

વિજયા—સાંભળો. આ **મણિપુર** નગરમાં એક **પદ્માકર** નામનો ભણેલો બ્રાહ્મણ રહેતો હતો. તેને ઘેર ઘણા વિદ્યાર્થીઓ જૂદા જૂદા વેદ અને શાસ્ત્રની વિદ્યા ભણતા હતા. તે સઘળા વિદ્યાર્થિમાં એક **વૈધેય** નામનો વિદ્યાર્થી હતો. તે **પદ્માકર** ગુરુની સ્ત્રીનું નામ **વિકલા** હતું. તે સ્ત્રી **પદ્માકરની** આજ્ઞાપ્રમાણે જ ચાલતી ન હતી. તે **વિકલા** એવી હતી કે તેનો પતિ કહે તે કામ કીધા પહેલી ઘણી ટેચ કરે. પછી નજરમાં આવે તો કરે. વખતે સામુ બોલે, વખતે તિરસ્કાર પણ કરે, તોપણ પોતાના પતિની મનમાં દયા જાણે એવી હતી. બીજા વ-ખતમાં ગમે એમ ચાલે, પણ પતિ દુઃખમાં હોય ત્યારે તેની બરાબર સેવા કરતી હતી. તેથી તેના ભડભડિયા સ્વભાવને જાણનારા પતિ તેના ઉપર મીઠી નજર રાખી કશું કહેતા નહિ. વળી **પદ્માકર** સઘળી વિ-દ્યાના જાણનારા હતા. તેથી ત્રણ કાળનું જ્ઞાન તેમને થતું હતું. કોઈનું પણ તે ભુડું ઇચ્છતા નહોતા. જો કોઈ કાંઈ તેમનું નુકસાન કરી જાય તોપણ તે તેના ઉપર ક્રોધ કરતા ન હતા, પણ તેનુંએ ભલું ચહાતા.

કોઈ પાસે દુઃખના સમયમાં પણ ધન કે કશું માગી લેતા ન હતા, પણ દાતા તથા ધનવાન્ સજ્જન લોકો વગરમાગ્યે તેમનુ અયાચક વ્રત જાણીને તેમને ઘેર આવી અન્નવસ્ત્ર વગેરે જે જે વસ્તુ જોઈએ તે પૂરી પાડતા. તેથી તેમને કોઈ વાતનું દુઃખ પડતું નહતું. તે સંતોષી હતા, તેથી જે કાંઈ આવી મળતું, તેમાં સુખ માનતા. પણ લોભવડે મને આ મળે તો સારું કે મને આ મળે તો સારું, એવાં વલખાં મારતા ન હતા. તેની સ્ત્રી વિકલા પણ બધી વાતે બોલાવેચલાવે બીજાને કપરી દેખાતી, પણ મનમાંથી ભોળી અને ઘણું સમજણી હતી. કોઈ દિવસ તે પોતાના પતિને ઘરેણાંવાસ્તે અથવા સારાં લુગડાંવાસ્તે સંતાપતી ન હતી, પણ કિઠ્ઠી અડચણ પડે તો પોતાની પાસે એક બે જણસ હલકી હોય, તે મૂકી પોતાના ઘરનો વહેવાર ચલાવતી. આવાં પોતપોતાના ધર્મે ચાલનારાં તે એક બીજાથી નરમગરમ હોવા છતાં કદી પણ મરખની પેઠ લડતાં નહિ. જ્યારે વિકલા અકળાઈને કાંઈ બોલે અથવા ટેચ કરે, ત્યારે તેના પતિ તેની મરજીપ્રમાણે હા કહી મુગે મોઢે બેશી રહેતા, કારણ કે આ સ્ત્રી મરતાસુધી પાપાચરણ કે અનાચારને કરે એવી નથી એવું ખાતરીથી જાણતા હતા. હવે એક દિવસ ગુરુપાસે પેલો વૈધેયવિદ્યાર્થી ભણવા બેઠો હતો, અને ગુરૂપત્ની કાંઈ વાત પૂછવા આવ્યાં, તે વખતે તેમના રોજના સ્વભાવ પ્રમાણે બોલવા મંડ્યાં. તે વખતે આ ગુરુ રોજના જાણીતા હોવાથી કશું બોલ્યા નહિ, અને તેની મરજી પ્રમાણે હા હા કરી તેને વિદાય કર્યાં. ત્યારે પોતાના ધર્મને નહિ જાણનારો વૈધેય પોતાના ગુરુને કહેવા લાગ્યો કે “ મહારાજ ! આમ છેક માથે ચઢાવો છો તે તમને નડશે. એ તો જરા કુંફવાટો રાખવો. કહેવત છે કે ‘ બૂધે જાર બાજરી, ને બૂધે નાર પાધરી, બૂધે ડોબું દોવા દે, ને બૂધે છોકરું રોતું રહે ’—માટે જરા શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે “ **स्त्रीसारं च साटका** ” તેમ કર્યાવિના ઠેકાણું ના પડે. મહારાજ ! આ રીતે તો તમને રોજ ધમકાવીને ધૂળ કાઢશે. પછી તો તમારી મરજી.” આ પ્રમાણે વૈધેયનાં વિપરીત વચનો સાંભળીને દયાના સાગરજેવા તે ગુરુ બીજું કશું બોલ્યા નહિ. પણ ફક્ત એટલું કહ્યું કે ભાઈ ! તું જે દિવસ ગૃહસ્થાશ્રમ માંડીશ તે વખતે શી રીતે ચલાવે છે તે હું જોવા આવીશ; ત્યાં તારી આ હોંશિયારીનો અજમાશ કરીને તારી સ્ત્રીને તું કેવી અનુકૂળ અથવા અધીન કરે છે એ વાર્તાને હું જોઈશ અને પછી તારી બુદ્ધિને શાબાશી આપીશ. મારે તો સઘળુંએ ઠીક છે. ચાલ, હમણાં તો તું તારો પાઠ ગોખી લે. એમ કહી પાઠ ગોખાવવા લાગ્યા. આ પ્રમાણે કેટલાક દિવસસુધી તે વૈધેય, ગુરુને ત્યાં ભણ્યા પછી પોતાને ઘેર ગયો. તેનાં માતાપિતાએ એક

મર્કટી નામની કન્યાસાથે એ વૈધેયની પ્રસન્નતા પૂછીને તેનો વિવાહ કર્યો. પુત્રનું લગ્ન કર્યા પછી થોડા દિવસમાં દૈવગતિથી તે માબાપનો કાળ થયો, તેથી પોતાના ઘરમાં વૈધેય એકલો જ રહ્યો. જ્યારે મર્કટીની યોગ્ય ઉમર થઈ ત્યારે તેનાં માબાપે પોતાની દીકરી એ વૈધેય જમાઈને સોંપી આપી. પ્રથમ સહવાસવિના તે મર્કટીને સાસરાનું ઘર જંગલના પહાડની ગુફાજેવું લાગ્યું, અને પોતાનો પતિ જંગલના અઘોરીસરખો લાગ્યો; જેથી તે મર્કટી આખો દિવસ ભયમાં ને ભયમાં રહેતી, ઘણું બોલાવે તોપણ બોલતી ન હતી. કામ કરવાનું કહે તે પણ ઉઠીને એકદમ કરે નહિ. આખરે વૈધેય પોતાની મેળે સઘળું કામ કરે; તે ક્યાં સુધી કે સવારમાં પથારીઓ ઉપાડવી, ઘર સાફ કરી રસોઈ કરી જમવું અને તેને જમાડવી, અને રાત્રે તેને સુવાને પથારીસુદ્ધાં કરી આપવી. આ સઘળું કામ તે એવી આશાથી કરતો હતો કે આ સ્ત્રી બાળક અને પ્રથમ આવેલી છે, અને અજાણી છે, તેમ જ ઘરમાં એને સુખ આપનાર સાસુસસરા પણ નથી. માત્ર મારા આશ્રયે આવી છે. માટે હું આ કામ કરું છું તે જોઈને એ શીખશે; અને હાલમાં મારા સાથે એનો વધારે પરિચય રહેવાથી જલદી સ્નેહ બંધાશે. આવા અભિપ્રાયથી તે રોજ ઘરની સઘળી ખટપટ કરતો, અને મર્કટી તો જ્યાં સુધી પતિ ઘરમાં રહે ત્યાં સુધી તો એક જગાએ બેશી રહે, અને પોતાની મરજી પ્રમાણે ફરે હરે; અને જ્યારે પતિ બહાર જાય ત્યારે ઘરનું કામ નજરમાં આવે તે કરે, ને ઘરમાંથી જે કાંઈ ખાવાની વસ્તુ હોય તે શોધીને ખાય; નહિ તો અનાજ આપીને ખાવાની વસ્તુઓ લઈને ખાય. આ પ્રમાણે દિવસ જવા લાગ્યા. સહુથી પહેલાં મર્કટી વૈધેયસાથે મુદ્દલ બોલતી નહિ, તેથી તે પ્રીતિથી વારંવાર તેને બોલાવવા જતો; જેથી થોડો સહવાસ થયા પછી તે જ્યારે જ્યારે પ્રીતિથી બોલાવવા જાય, ત્યારે ગુસ્સો કરીને મોટેથી અથવા છણકો કરીને બોલવા લાગી; ત્યારે વૈધેય પોતાના મનમાં બહુ રાજી થવા લાગ્યો. કારણ કે મુદ્દલે બોલે નહિ તે કરતાં ચીડાઈને કાંઈ પણ બોલે છે, તો આગળ જતાં વાતચીત પણ કરશે. આ પ્રમાણે જ્યારે વધારે દિવસ ગયા ત્યારે મર્કટીને સઘળું ભય મટી ગયું, ઘરમાં કામકાજ કરવા લાગી; પણ પ્રથમથી ટેવ પડેલી કે જ્યારે કાંઈ પતિ કહે અથવા બોલાવે, ત્યારે છણકો કરીને ગુસ્સાથી બોલવું, અને એ બોલે તે વખતે હસીને રાજી થતો, તેથી એને તે ટેવ પછી પણ તેવી ને તેવી જ રહી; અને દિનપરદિન ઘરમાં સત્તાવાન્ થવાથી વૈધેયને તે એક બકરીસરખો કરીને પોતાની મરજી પ્રમાણે ચલાવવા લાગી. તેમ વૈધેય પણ ગૃહસુખનો

લોભી તથા પ્રીતિમાં ડુબી ગયેલો સઘળું સહન કરી એ સ્થિતિને પણ મોટી સુખરૂપ માનતો હતો. આ પ્રમાણે ઘણા દિવસ થયા ત્યારે તેના ગુરુને વૈધેયનો ગૃહસ્થાશ્રમ જોવાની ઇચ્છા થઈ. તેથી તે એકલા પોતાને ગામથી નીકળી આ શિષ્યને ઘેર આવ્યા. પોતાના ગુરુને જોઈને મનમાં લજવાઈને પ્રીતિવડે તે તેમને આસન વગેરેથી સંમાન કરવા લાગ્યો, તથા ઘરમાં જઈને એકાંતમાં દૂર પોતાની સ્ત્રીને બોલાવી કહેવા લાગ્યો કે જો ! આટલા દિવસથી હું તારા છણુકા તથા હલકા શબ્દો સહન કરૂં છું. પણ આજે મારા ગુરુ આવ્યા છે તે તારી તથા મારી રીતભાત જોવાને આવ્યા છે. અને જો આપણી રીત નઠારી દેખશે તો એ બહાર જઈને તારી તથા મારી હલકી વાતો કરશે, માટે તું આજનો દિવસ મને બિલકુલ છણુકો કે ગુસ્સો કરીશ નહિ, અને એટલું કરજે કે રોજ જેમ હું તારા છણુકા સાખું છું તેમ આજ અથવા કાલસુધી મારા ગુરુના દેખતાં હું તને છણુકા કરું અથવા કાંઈ બોલી જાઉં તો તું સાંખી રહેજે. મને સામું બોટું ઉત્તર આપીશ નહિ. જો, શું કહું છું ? હું તને પગે લાગીને કહું છું કે ભાઈ ! આજનો દહાડો તું મારી આબરૂ રાખજે, નહિ તો તારું ને મારું બંનેનુ બોટું કહેવાશે. આ વચન સાંભળીને મર્કટી બોલી કે જુઓ, તમે કહ્યું તે બધું ખરું; પણ હું કહું છું તે વાત પણ તમે યાદ રાખજો. જાઓ, આજના દિવસમાં તમે મને સો વાર છણુકા-છાકોટા કરશો, ત્યાં લગી હું બોલીશ નહિ, ને તમારી આબરૂ રાખીશ. પણ જો એક સો ને એક ઉપર થયું, એટલે પછી મારા જેવી કોઈ ભુંડી નથી, એમ જાણજો હોં. પછી તમે મને દબાવશો તો તલભારે તમારો ભારબોજ રાખવાની નથી હોં. આ વાત વૈધેયે કબુલ કરી કે જા, સોઉપર નહિ કરું, હવે થયું ? પણ જો ! સારું જમવાનું, નહાવાનું ગરમ પાણી વગેરે બધું કામ આજનો દિવસ તું તારી મેળે બરાબર કરજે. મારી પાસે કરાવવાની આશા રાખીશ નહિ, સમજી ? આ રીતે વાતચીત થયા પછી મર્કટી સઘળું ઘરનું કામ કરવા લાગી, અને વૈધેય ગુરુની પાસે રહી જોઈતી સેવા કરવા લાગ્યો. હવે પોતાના ગુરુને હું કેવો છું, અને મેં ઘરમાં સ્ત્રીને કેવી તાબે કરી છે, તથા મારી સ્ત્રીને કેવી હુકમને પાળનારી તથા મારો તગાદો વેઠનારી સરળ કરી છે, એ સઘળું દેખાડવાના મનસુબાથી હરતો જાય, ફરતો જાય ને આ પ્રમાણે બોલતો જાય. “ કેમ રે ! આ પાણી ઉનું હજુ નથી મૂક્યું કે ? ઓ મૂરખ ! તને હજાર વાર કહ્યું ને કેમ સમજતી નથી ? અરે રાંડ ! આ કચરો તને ના સૂજ્યો ? તું તે કેવું કામ કરે છે ? ઓ રાંડ અભાગણી ! કામ કરીએ તે સંભાળીને

કરીએ. તને ભાન કેમ રહેતું નથી ? ભીખારીના ઘરની છોકરી તે ભીખારી જેવી ! તારી આંખે પણ સૂઝે છે કે નહિ ? આ પોથીનું પાનું કચરામાં વાળી નાખે છે ? કમજાત સરખી ! કોઈ દહાડો બાપને ઘેર દીઠું હોય ત્યારે કેની !" આ વગેરે કઠોર વચનો બોલતો જાય, હરતાંફરતાં આને છાનું સમાધાન કરતો જાય, કે જો ! આજનો દહાડો બોલીશ નહિ. તે પદ્માકર ગુરુ વૈધેયની આવી રીત જોઇને મનમાં ઘણા નારાજ થતાં ધીરેથી બોલ્યા, ' જો ભાઈ ' છેક વધારે ના બોલીએ. હોય, માણસ છે; વખતે કામ કરતાં ભૂલ પણ થાય. વારંવાર એવાં કઠોર વચન બોલીશ નહિ. જો ! શાસ્ત્રમાં પણ એવું કહ્યું છે કે કોઈને પણ કડવું વચન કહેવું નહિ. તેમાં વળી પોતાની સ્ત્રીને તો બનતા સુધી મીઠાં વચનથી કેળવવી. કેમકે એકવાર તેના સાથે આપણે તથા આપણી સાથે તેને વિરોધ થઈ ગયો, તો પછી કાળાંતરે પણ ભાગ્યે જ છૂટે છે, અને એમ થવાથી જન્મ સુધીના નહિ છૂટે એવા સંબંધમાં નિરંતર ક્લેશ રહે છે અને એક બીજાથી અસંતોષ થઈ મન ઉચાં થાય છે. એટલે ત્યાર પછી ઉચાં મન હોવાને લીધે તેમને ખરા શાંત સુખનો અનુભવ કરવાનો વારો ક્વચિત્ જ આવે છે. માટે સ્ત્રીને તો કડવું કહેવું જ નહિ. પારકાજોડે એમ વિરોધ થાય તો આપણો તેનો સંગ માત્ર છૂટે, પણ આ તો છૂટી પણ ન શકાય એવો સંબંધ છે. માટે વિચારીને બોલતાં રહેવું. તેમાં પણ વળી આ તારી સ્ત્રી તો ગરીબ જણાય છે. કેમકે તું ત્યારનો ગાળો દીધા સરખું કરે છે, પણ તે એકે અક્ષર બોલતી નથી. તેથી હવે બસ કર, બોલીશ નહિ.' આ સાંભળીને વૈધેય બોલ્યો, " અરે મહારાજ ! આપને કંઈ ખબર છે ? આજે તો તમે આવ્યા છો, પણ કાલે કોઈ બીજું જ આવ્યું હોય, તે એની કિંમત કરે કે નહિ ? કામ કરવું તે કેવું ચોકસ કરવું ! ને એ ગરીબ ન થાય તો જાય ક્યાં ? મારી સાથે કામ છે તો ! હું તો એવો છું કે કાનપટીઓ પકડીને ઉચી કરૂં. ને બોલે વત્તુંઓછું તો દાંત બત્રીસે તોડી પાડું, ખબર છે ? " એમ બોલી વળી હરતો જાય ફરતો જાય ને કઠોર વચનો તિરસ્કાર કરી બોલતો જાય. પછી પેલી મકેટી તો પોતાની મેળે મનમાં ને મનમાં ગણતી જાય કે પૂરા સો તિરસ્કાર થાય તો પછી હું પણ જરા મારું સ્વરૂપ એને ને એના ગુરુને દેખાડું. પછી મકેટીએ રસોઈ તૈયાર કરીને કહ્યું કે આ રસોઈ તૈયાર છે. પછી વૈધેયે પોતાના ગુરુને સ્નાન કરાવી, સોળાં બદલાવી, પૂજા કરી પાટલે બેસાડયા, અને પોતે પણ બેઠો, ને ફરી બોલબોલ કરવા લાગ્યો. " કેમ રે અકર્મિ ! આ પાણીના લોટા આમ મૂકાય કે ? ઓ વાંઝણીની ! આ શાક ને અપોસાની આ બા-

જુએ મૂકાય કે ! તને મૂરખીને આવું કોણે શીખવ્યું ? આ શાક ટાઢું કેમ કરી નાંખ્યું ? આ મોળું કેમ ? આ ખારૂં કેમ ? ” એવા હજાર વાંધા કાઢી તિરસ્કાર કરવા લાગ્યો. એમ કરતાં જ્યારે અર્ધું જમી રહ્યા, એટલામાં સો તિરસ્કાર પૂરા થયા. પછી તે સ્ત્રીના મનમાં ઉકળાટ થયો કે હવે બોલે તો દેખાડું ! એટલામાં વૈધેય મોટો ઘાંટો કાઢીને બોલ્યો, ‘ઓ રાંડ ! આ કઢી તે પછી તારા બાપના શ્રાદ્ધમાં પિતરોને મોઢે રેડવાની છે ? પહેલેથી એકેક ચોખ્ખા દડીયામાં મૂકવી કે નહિ ? ’ આ વચનો બોલતાં જ સ્ત્રીએ ક્રોધ ચઢાવીને કઢીનું હાંલ્લુ ચૂલાઉપરથી ઉકળતું ઉચકીને “ આ સો ઉપર એક થયું તોએ હૈયું ફુટયું છે ? ” એમ કહી ઉકળતું કઢીનું હાંલ્લું તેના માથામાથે પછાડયું તે દાઝીને મોટી બુમ પાડી ઉઠયો, ‘ ઓ મારા બાપ રે ! ’ ગુરુને પણ ગરમ છાંટા ઉડયા, પણ સહજ ઉડ્યા, કેમકે છેટે બેઠા હતા. આ વૈધેય તો ઝાંખો થઇ ગયો, ને નીચુ જોઇને બેઠો. જાણ્યું જે જો હવે બોલીશ તો બળતાં લાકડાં ચાંપશે. માટે દાઝયો છું એ કહેવાની પણ હિંમત ચાલી નહિ. આવો બનાવ જોઇને તથા વૈધેયને લજવાઈ ગયેલો જોઈને ધીરેથી ગુરુ બોલ્યા, “ જો ભાઈ ! **ईदृशानि ममोपरि पतितानि शतानि च। एषा भाग्यवती नारी भाण्ड-मूल्यं न याचते)** ‘ આવાં ને આવાં સેંકડો મારા માથાઉપર પડયાં છે, પણ આ સ્ત્રી તો હજી ભાગ્યશાળી છે કે હાંલ્લાના પૈસા માગતી નથી. તને ખબર છે ? બીજી અભાગણી નીચ કુળની હોય તો આપણા માથામાં મારીને હાંલ્લું ફોડે છે અને કહે છે કે મારું ત્રણ પૈસાનું વાસણ ફુટયું તેના પૈસા લાવ. પણ આ તો સારાં માબાપની છે, તે પૈસા પણ માગતી નથી. ” આમ બોલતા પછી બંનેને સમાધાન ઉપજે એવાં ધીરેથી મીઠાં વચનો કહી હાથ મોં ધોઈને ઉઠી ગયા અને પછી તૈયાર થઈ પોતાને ઘેર જતી વખતે તે મૂર્ખ શિષ્યને ઘણે પ્રકારે ઉપદેશ કર્યો કે છેક આવી મૂર્ખતા કોઈ વેળા પણ કરીશ નહિ. તે સ્ત્રીને પણ શીખામણ બહુ દીધી કે જો બાપા ! આવું ઘાતકી કામ કોઈ દહાડો કરીશ નહિ. એ તારો પતિ છે, માટે એને પરમેશ્વરની પેઠે પૂજવાને બદલે આમ કરે છે એ સારું નહિ. આજે તો એનો મોટો અપરાધ હતો તે શિક્ષા થઈ તે ઠીક થયુ, પણ કોઈ દિવસ આવાં લક્ષણથી બંનેના પ્રાણ જશે, અને પરમેશ્વરના ચોર થઈને નરકનાં દુઃખને ભોગવશો. માટે સંભાળીને હેતપ્રીતથી એકબીજાનો ભારવકર રાખી દિવસ કાઢજો. આ વગેરે અનેક સુબોધનાં વચનો કહી ગુરુ પોતાને ઘેર ગયા, અને તે દિવસથી તે વૈધેય તથા અકેટી બંને ધીરે ધીરે સુધરવા લાગ્યાં, ને બંને સુખી

થયાં. આ વાર્તાનો સાર તો ઘણો છે, પણ આજે આપણે એટલો જ લેવાનો છે કે ધણીએ પહેલી સ્ત્રીને માથે ચઢાવવી નહિ, અને ચઢાવવી તો પછી સહન કરવું, પણ લોક દેખતાં ખોટું ડહાપણ દેખાડી ઘરની ફજેતી કરવી નહિ. વળી સ્ત્રીપુરુષે એકબીજાને બનતા સુધી હલકા કઠોર શબ્દો બોલવાનો બિલકુલ અભ્યાસ રાખવો નહિ. કારણ, તેથી ગમે તેવી પ્રીત હોય છે તોપણ મનમાં ખેદ થયા વિના રહેતો નથી. તેમ જ એકબીજાના ગુણદોષ જણાય, તો એકાંતમાં કોઈ નહિ હોય, તે વખતે શીખામણ દેવી, પણ પારકા દેખતાં દેવી નહિ. કેમકે તેથી ભારબોજ ઘટે છે. એ સઘળું છતાં પતિઉપર તો શાણી સ્ત્રીએ કોઈ પણ દિવસ હાથ ઉપાડવાની ટેવ શીખવી નહિ; કારણ એ મોટું પાપ છે. વળી પતિ ન હોય તો આ સંસારનાં આપણાં સઘળાં સુખ જાય છે; કારણ કે વિધવા સ્ત્રીનો ધર્મ સંન્યાસીજેવો છે. તેને સુવસ્ત્ર, સારી પથારી, ઘરેણાં, પાન, સારાં ભોજન જમવા વગેરે ઘણી વાતની મના છે. માટે કુળવાન્ સ્ત્રીઓએ તો આપણા જીવકરતાં પણ પતિની અનેક ઉપાયે રક્ષા કરવી તથા મરજી સંભાળી ચાલવું. બોલો **શ્રીસ**દ્ગુરુદેવકી જય.

ભાગીરથી—વાહ ! કેવી સુંદર વાર્તા કહી ! ઉપરથી જોવા જાય તેને તો નજીવી જેવી લાગે, પણ મહિંથી સુબોધ લે તેને કેટલા બધો લેવાનો છે ! **વિજયાલક્ષ્મિ** ! ધન્ય છે બાઈ તમને, હું તો એ જ કહું છું કે જો અમારા ઉપર તમારી દયા હોય તો રોજ આવી સુબોધની રમુજી વાત એક એક કહેજો.

ચંચળા—પણ હેં અલી ! જુઓ તો ખરાં, એ રાંડ **મર્કટી**નો જીવ કેમ ચાલ્યો ? રડી ઉનીઉની કઢી તો ચામડી બાળી નાંખે, ને પછી તેને સારું થતાં સુધી ઉઠવેઠ આપણે જ કરવાની રહી કેની ? ને એ ભાયડાએ કેવો ! રાંડનું એક વાર, બે વાર બોલે, પણ સો વાર ગાળો દે તે શું ? તે વળી લોકોના દેખતાં, ને વગર વાંકે. બાકી વાંક હોય ને ભલે ખૂણે બોલાવીને ડામ દે તોયે ખમીએ. પણ હેં **વિજયાલક્ષ્મિ** ! એનું નામ **મર્કટી** તે શું જોઈને પાડ્યું હશે ?

વિજયા—એ તો નાનપણમાં જે એને હાથપર લે તેને છોડતી નહોતી; કજીયો કરે ને તેને વળગે. તેથી વૈદકમાં આ કૌવચનું નામ **મર્કટી** છે, તે કૌવચની પેઠે વળગે તેથી ત્યાંથી વછૂટે નહિ તેથી સઉ એને **મર્કટી મર્કટી** કહેતાં નામ પડી ગયું.

વિજળી—એય રાંડ મારા જેવી હશે તે ગુરુના દેખતાં પોતાની ને ધણીની બયડ વેરી નાંખી. આટલું સાંખ્યું તો જરામાં શું બગડી

જતું'તું જે ? હૈયાફુટી હશે તે સખણી કેમ રહે જે !

કમળા—પણ પેલી હાંલ્લું માથામાં મારે ને પૈસા માગતી હશે, એ વળી કેવી હશે ? એનાએ માંથાની ખરી કેની ?

નવલ—બ્હેન ! મારા જેવી જે રાંડ પૈસાની લોભિયણ હશે તે જ મારીને માગતી હશે તો ! રડચું બીજે દહાડે કઠી કરવા જોઈએ, તે ક્યાંથી લાવે જે, પૈસાવના ?

લાડકોર—સાચું બોલાવો તો પૈસાનો લોભ તો મનેય રાંડને ખરો હો. મારે હાથે એક પાઈ પણ ના છૂટે.

પારવતી—આ વાતપર વાત આવે છે ત્યારે કહું છું. ખરું પૂછો તો પૈસાનો લોભિયો તો મારો હરગોવન જો ! લોભિયો તે કેવો કે જાણે હડકાયો કુતરો ! દહાડો ને રાત પૈસો, પૈસો; બીજી વાત નહિ ! રોજ સાંજે આવે, ખરચ જુએ ને મને લડે કે 'મા ! તમે બહુ પૈસા ખરચો છો હો. હું કહું કે ભઈ ! પેટે ખાધા વના તો ના ચાલે, ને જાડુપાતળું રડચું પેહેર્યા વના તો ના ચાલે. એ વના તે આપણે શી રામજણીઓ નચાવીએ છીએ જે ! તે કરતાં હું પેટ ખાઈ જતી હોઉ તો પૂછી જો આ તારી વહુનું મોં. પણ બહેન ! સાચું પૂછાવો તો મારી વહુનોએ જીવ નેસજેવો છે. એવી ચીમડ છે કે એને હાથે પાઈસિરખીએ ના છૂટે.

ઉજમ—(**ચંચળની મા**) અરે તમને શી વાત કહું ! આ રડયો મારો **આતુ** ચમડી તૂટે પણ દમડી ના છૂટે. મારો પીટયો નાનો હતો તે દહાડાનો એવો છે ! જો ક્યાંહીંથી પઈલાવે તો ચીંદડીએ બાંધીને આપે કે મા મુકી છાંડજો. વખતે એનો બાપ પૈસો આપે કે બેટા ! જા ખાવાનું ખાજે તો તે પણ ચીંદડીએ બાંધી મને મુકવા આપે. હું ઘણુંએ કહું કે રડચા ખાવું ખાને, ત્યારે કહે કે ના, મારે કોઈ દહાડો કામ લાગશે. શી તમને વાત કહું, એવું કામ છે !

ભાગીરથી—વિજયાલક્ષ્મિ ! હવે તો પાછી આડકથા ચાલી, માટે કંઈ તમે બોલો તો સારું. મારી ને **ચંચળ** બહેનની પહેલેથી માગણી છે તે બોલો, તો પછી અમે જઈએ. આ તો તમને દુઃખ દઈએ છીએ.

ચંચળા—હા હા, **ભાગીરથી** ! સારું થયું જે તમે સંભાર્યું. હું તો રાંડ ભૂલી ગઈ'તી. લો બા ! સઉ હવે એક ચિત્તથી સાંભળો. વચ્ચે ગડબડ થાય તો કોઈથી પૂરૂં સમજાય નહિ બોલો સદ્‌ગુરુદેવકી જે.

વિજયા—(બોલે છે.)

પદ. ગરબી.

સખી જગતમાં જનમીને શું રળ્યાં જો,
દુઃખ વેઠીએ પણ કરમ કુડાં ના ટળ્યાં જો. સખી૦ ૧
ઘડીએ ઘડીએ આપણ વેણ જૂઠાં બોલીએ જો,
પાપપુણ્ય શું તે મનમાં નહિ તોળીએ જો. સખી૦ ૨
નિંદા લોકની કરતાં નત્ર લાજીએ જો,
કરતાં વાત માંહોમાંહે વઢી બાઝીએ જો. સખી૦ ૩
આપણ છોકરાંને સુબોધ શું આપીએ જો,
આપણ પતિને તો અધિક સંતાપીએ જો. સખી૦ ૪
ધણી વેણ કહે તે આપણ નથી પાળતાં જો,
દોષ આપણા પણ આપણ નથી ભાળતાં જો. સખી૦ ૫
નથી સદ્‌ગુરુનો બોધ કાને સાંભળ્યો જો,
મનમાંથી હજી ક્રોધ તો નથી ટળ્યો જો. સખી૦ ૬
કદી ઈશ્વરનું નામ નથી બોલતાં જો,
ભજી સદ્‌ગુરુને હ્રદય નથી ખોલતાં જો. સખી૦ ૭

પદ. ગરબી.

નમન કરી સુખના દાતાને, સાચી વાણી બોલું જી;
સુખ આપે ને વહાલાં લાગે, મર્મવચન મુખ ખોલુ, કહું છું અબળાને. ૧
જન્મી જગમાં ઘરરક્ષણની, નીતિ સઘળી જાણી જી;
કુળ મરજાદા પાળવી પ્રીતે, ધીરી બોલવી વાણી. કહુંછું અબ૦ ૨
રાજતણું સુખમહિમા ત્યજીને, રંક પતિઘર જાવું જી;
પંચામૃત બીજાનાં છાંડી, ઘરનું સૂકું ખાવું. કહુંછું અબ૦ ૩
નિજ પતિ ને પરમેશ્વર સઘળે, સંગ ફરે છે જાણો જી;
આડે માર્ગે જાતાં વળતાં, પગલું પાછું તાણો. કહુંછું અબ૦ ૪
માતપિતાને ઘર સુખ ઝાઝું, સાસરીએ દુઃખ દેખો જી;
મરવું પણ મહિયર ના વસવું, એવી નીતિ પેખો. કહુંછું અબ૦ ૫
દુઃખસુખ આપણે કર્મે આવે, સત્તા વિના ના ચાલે જી;
પા'ડ, ગુફા કે વનમાં વસીએ, (કે) કોઠીમાં કો ઘાલે. કહુંછું અબ૦ ૬
સ્વતંત્ર થઈ ઇચ્છા આવે તેમ, કરવા ધરવી ન હામ જી;
સઉ પહેલું પતિને જઈ પૂછીએ, વળતાં કરીએ કામ. કહુંછું અબ૦ ૭
કામી ક્રોધી હોય વિરોધી, પણ પતિ સેવ્યે સુખ જી;
પાપણી પહેલું સુખ દેખે, પણ અંતે ભોગવે દુઃખ. કહુંછું અબ૦ ૮
ઘડી ઘડી પતિ વચન વદે તે, ચિત્ત દઈ સાંભળીએ જી;
રાખે તેમ રે'વું હરખીને, પ્રાણ જતાં ના ચળીએ. કહુંછું અબ૦ ૯

મોટાં ઘર બીજાનાં તેને, [1]દાહભૂમિવત્ જાણો જી;
પતિવ્રતા! નિજ ઝુંપડીમાં રહી, મોજવડે સુખ માણો. કહું છું અબ૦ ૧૦
ટુંકામાં જાણી લેજો સઉ, સતીની મતિ છે અપાર જી;
નિજપતિવિણ તરણાસમ જાણે, પામે ન કદીએ હાર. કહું છું અબ૦ ૧૧
બાળપણું ને જાય જુવાની, આ તન નિર્બળ થાય જી;
અવર કોઈના પૂછે ત્યારે, નિજ પતિ સંગી ગણાય. કહું છું અબ૦ ૧૨
વિચાર કરી સર્વે અબળા આ, પ્રીતે પગલાં ધરજો જી;
મનહર સુખ પામી દુઃખ વામી, સ્વામી સેવી ઠરજો. કહું છું અબ૦ ૧૩

ભાગીરથી—(પૂરી થતાં) બોલો સદ્‌ગુરુદેવકી જે. લો બહેન ! આ બે ગરબી સાંભળી તો આજનો દહાડો સફળ થયો. હે ભગવાન્! સોબત આપે તો આવાં માણસની આપજે, કે ઘડીભર તારું નામ સંભળાય ને લેવાય.

ઉજમ—વારું બહેન વિજયાલક્ષ્મિ ! મને તમારાં દરસન થયાં; પણ આ મારી ચંચળઉપર મહેરબાની રાખજો હોં, બા ! હવે મોડું થાય છે તેથી હું તો ઘેર જાઉં છું. (એમ બોલતાં ઊઠે છે.)

વિજયા—મહેરબાની તો પરમેશ્વરની જોઈએ. મારા જેવા પામર જીવની મહેરબાનીથી શું ? ઉલટી એમની મારા ઉપર દયા છે. (પછી સઉ પોતપોતાને ઘેર વાતો કરતાં જાય છે, ને રાત્રિએ કથાનો સમય થતાં સુધીમાં પોતપોતાના કામથી પરવારી પાછાં મનોહરને ઘેર આવે છે.)

મનોહર—(સઉના આવીને બેઠા પછી) બોલો શ્રીસદ્‌ગુરુદેવકી જય. (સઉ બોલે છે) કાલે ક્યાંથી કથા રહી છે ? વિઠ્ઠલજી !

વિઠ્ઠલજી—કાલે તો છેલ્લું એ આવ્યું હતું કે ' બેદરકાર તથા અભિમાની સ્ત્રીઉપર પતિની ઇતરાજી થાય છે તેમ જ બેદિલ પતિઉપર સ્ત્રી નારાજ થાય છે. માટે એ બંનેએ સલાહસંપથી ઘર ચલાવવું, નહિ તો બંનેને આખરે દુઃખ થાય છે. '

મનોહર—પછી સાતમે દિવસે પાછાં લક્ષ્મીમાતા છોકરીઓને બેસાડીને કહે છે, હે સરસ્વતિ ! જેવા સ્ત્રીના ધર્મ પતિપ્રત્યેના કઠણ છે, તેવા પતિના પણ સ્ત્રીરૂપ સેવકસાથે વર્તવાના ધર્મ ઘણા જ કઠણ છે. કેટલાક મંદમતિ તો સ્ત્રીને હલકા નોકરજેવી ગણે છે, પણ શાસ્ત્રમાં કાંઈ એમ કહ્યું નથી. શાસ્ત્રમાં તો સ્ત્રીને અર્ધાંગના કહી છે; મતલબ કે જેવું આપણું શરીર પ્રિય જાણીને આપણે રક્ષણ કરીએ

[1] સ્મશાનસરખાં.

છીએ, તેવું સ્ત્રી છે તે આપણું અર્ધું શરીર જ છે, એમ જાણીને તેની બરાબર રક્ષા કરવી જોઈએ. ખરું જોતાં તો ઘરમાં આપણો અને એનો સરખો જ હક છે. જેવો આપણો તેના ઉપર હક છે, તેવો અને તેટલો જ તેનો પણ આપણા ઉપર હક છે. કેટલાક મૂર્ખ પુરુષો પોતે ઘરમાં તથા બહાર નીકળીને ઘણી ન બોલવા જેવી અનીતિ કરે છે, આડે રસ્તે ચાલે છે, ને ઘરમાં આવીને બિચારી ગરીબ સીધે રસ્તે ચાલનાર સ્ત્રીને રોજ મારે છે, તથા દુઃખ દે છે. એવા પાપી પુરુષોને વિષે તો શાસ્ત્રપ્રમાણે જોતાં પતિપણું પણ ઘટતું નથી. તોપણ કુળવતી સ્ત્રી તેની સાથે તેના જેવી થતી નથી. અને પોતાનો ધર્મ ન ત્યજીને તેને સુધારવા માટે અનેક ઉપાય કરે છે. હે દીકરી ! એવા દુષ્ટ પુરુષોને પરમેશ્વર મોટી શિક્ષા આપે છે. સ્ત્રીને દુઃખ દેનારા ઘણા પાપીઓ જન્મોજન્મ કુંવારા રહી મરે છે, અથવા તો તેમને દુષ્ટ સ્ત્રી મળે છે, તે એણે સ્ત્રીને દુઃખ દીધું હોય તેથી હજારગણું તે સ્ત્રી પાછી એને દે છે, અને બીજાં અનેક પ્રકારનાં આધિવ્યાધિદુઃખને ભોગવે છે તેનો તો પાર જ નથી. આ સઘળી બાબતોનો વિચાર કરતાં એમ જણાય છે કે સ્ત્રી જેમ પુરુષની સેવા કરે અને અધીન રહે તેમ પુરુષે પણ તેવી કુળવતી સ્ત્રીની મરજી સાચવવી યોગ્ય છે. કેટલાક ધર્મને નહિ જાણનાર મૂર્ખ પુરુષની સાધ્વી સ્ત્રી તેની સેવાપૂજા કરવા જાય, તો તે તેનો તિરસ્કાર કરે છે, તથા હસે છે, નહિ તો ક્રોધ કરીને ગાળો દે છે, અને પૂજા કરવા દેતા નથી, જેથી તે સતી પોતાના મનમાં ખેદ પામી પરિતાપને સહન કરી બીજે ઉપાયે પતિસેવા કરી પોતાનો ધર્મ સાચવે છે. પણ વિવેકી પુરુષને એમ કરવું ઘટતું નથી. ઘરમાં સ્ત્રીને પોતાની શક્તિઉપરાંત કામ કરવું પડે છે, એ વાર્ત્તાને જાણનાર તથા તેનું તે દુઃખથી રક્ષણ કરવાને સમર્થ છતાં પણ ઘણા પુરુષો તે તરફ નજર પણ કરતા નથી, અને પોતે સુખમાં રહી તેને પીડા વેઠવા દે છે. આ સઘળું પુરુષનું અસાવધપણું જાણવું. પુરુષ ઘરનો રાજા છે, માટે તેણે ઘરના દરેક માણસનાં સુખદુઃખનો વિચાર કરી બનતાં સુધી તેમનો બચાવ કરવો જોઈએ. અજ્ઞાનથી અથવા ભોળપણથી કોઈને પણ ગેરલાભ ન આપવો જોઈએ. હે દીકરી ! આ વિના પણ પતિના ઘણા ધર્મો છે; તે હું વળી આગળ તને કહીશ. આ હમણાં તો દરેક જાણવાજેવી બાબતોનો લગાર લગાર ઈશારો માત્ર કરું છું. એથી પણ તને તો ઘણો જ ફાયદો છે, એમ તું જાણજે. ટુંકામાં એટલું જ કે પાતએ, માબાપે, સાસુસસરાએ, અથવા તેની

જગાએ જે વડિલ હોય તેણે, તથા ગુરુ એટલે શિક્ષકે, પોતાના તાબામાં રહેનાર સ્ત્રી, છોકરાં, વહુ, અથવા આશ્રિતજનોને તથા વિદ્યાર્થી વગેરેને જે ઉપાયથી સુખ ઉપજે, તેમનો તથા આપણો ધર્મ બરાબર જળવાય, અને પરિણામમાં ઇશ્વિરની પ્રીતિ મળેલી રહે, એવા પ્રકારે ચાલવું તથા ચલાવવાં એ મુખ્ય ધર્મ છે.

આ લોકમાં વ્યવહારમાં ઉપયોગજેટલી વિદ્યા તથા કુશળતા આપે, તેને ગુરુ નામથી આ ઠેકાણે જાણવો. તેને કોઈ ઠેકાણે શિક્ષક પણ કહ્યો છે. તેણે તો પોતાના વિદ્યાર્થીઓની વાણી પ્રથમ શુદ્ધ કરવી. અર્થાત્ ચોખ્ખા શબ્દોના ઉચ્ચાર કરે એવી જીભ વળાવવી. અને તેમની શક્તિપ્રમાણે વ્યવહાર સિદ્ધ કરનારી વિદ્યાને નિર્લોભપણે તથા નિષ્કપટપણે આપવી એ જ તેનો મુખ્ય ધર્મ છે.

હે સુવિચારવાળી ! હવે **સદ્ગુરુ** તથા સતશિષ્યના પરસ્પરના ધર્મને ટુંકામા કહી દઉ છું તે પણ તું જરુર લક્ષમાં રાખજે. કારણ કે ઉપર કહેલી સઘળી બાબતો તો ઘણું કરીને આ લોકમા ક્ષણિક સુખને જ આપનારી છે, પણ હવે જે કહું છું તે તો આ લોક, પર-લોક, તથા અલૌકિક સુખને સાધનારી છે. માટે સહુથી શ્રેષ્ઠ અને અગત્યની બાબત છે. પ્રથમ તો **સદ્ગુરુ** શબ્દનો અર્થ કહું છું તે લ-ક્ષમાં રાખી સઘળુ એકચિત્તે સાંભળજે, સત્ અને ગુરુ એ બે શબ્દ મળીને **સદ્ગુરુ** શબ્દ થયો છે. સત્ એટલે જે ત્રણે કાળમાં એટલે ભૂત ભવિષ્યત્ અને વર્તમાનમાં એક સરખું રહેનારું તે. અથવા દેશ, કાળ, અને વસ્તુથી જેનો અવધિ નથી તે. દેશે કરીને અવધિ નથી, એટલે ફલાણા દેશમાં છે ને ફલાણા દેશમાં નથી, એમ જેને માટે ન કહેવાય, પણ એવું કહેવાય કે જે સઘળા દેશમાં એ-ટલે સર્વ ઠેકાણે વ્યાપક છે. કાળે કરીને અવધિ નથી, એટલે પહેલે હતું ને હમણા નથી, અથવા હમણા છે ને ફલાણી વખતે નહોતું એમ પણ જેને માટે કહેવાય નહિ. વસ્તુએ કરીને જેનો અંત નથી, એટલે ફલાણી વસ્તુમાં છે ને ફલાણી વસ્તુમાં નથી એમ જેને માટે કહેવાય નહિ, પણ જે સઘળી વસ્તુમાં તથા સઘળે વ્યાપી રહેલ છે. આ પ્રમાણે સદાકાળ તથા સઘળે જે છે, તેને સત્ કહીએ. તો એવું સત્ પરમેશ્વરવિના બીજું કાંઈ જ નથી; અને ગુરુ એટલે મોટું. ત્યારે સઘળે વસી રહેલ, સહુથી શ્રેષ્ઠ જે **પરમતત્ત્વ** અથવા **પરમેશ્વર** તે **સદ્ગુરુ** જાણવા. આથી **પરમેશ્વરને** **સદ્ગુરુ** શબ્દે જાણી પૂજવા તથા તેમની પ્રીતિ મેળવવી, એ જગતમાં રહેલાં સર્વ પ્રાણિઓનો ધર્મ છે, માટે **સદ્ગુરુપ્રાપ્ત્યર્થે** એટલે **પરમેશ્વરની** પ્રતીતિરૂપ પ્રાપ્તિ

કરવા માટે દરેક જણે ઉપાય કરવો જોઈએ; અને એ ઉપરથી સદ્ગુરુ શબ્દનો બીજો અર્થ એવો છે કે સઉથી શ્રેષ્ઠ, અવિનાશી પરમેશ્વર સ્વરૂપની પ્રતીતિરૂપ પ્રાપ્તિને કરાવનાર અથવા પરમેશ્વરસ્વરૂપનો ખરો બોધ કરનાર જે મહાત્મા પુરુષ, તે પણ સત્‌પુરુષ અથવા સદ્ગુરુ શબ્દનો અર્થ છે, એમ જાણવું. આથી એમ જણાયું કે પરમેશ્વર તથા પરમેશ્વરસ્વરૂપનો ખરો બોધ કરનાર મોટા પુરુષ એ બંને આખા જગત્‌ને પૂજવા યોગ્ય છે. ત્યાં સદ્ગુરુરૂપ સત્પુરુષનો તથા શરણ થયેલા પ્રાણિરૂપ શિષ્યનો પરસ્પર ધર્મ કેવો છે, એ વાર્તાને પણ તું સંક્ષેપમાં સમજી લે. કારણ કે આ કાળમાં ધર્મના બહાનાથી ઠગનાર ધૂર્ત ઘણા છે. તેથી આ સર્વ જાણેલુ હોય, તો કોઈ ઠગના હાથે ઠગાઇને પરિણામે મોટા અનર્થને પામવા જેવું થાય નહિ.

હે સરસ્વતિ ! આ સંસારમાં સઘળા પ્રાણીમાં સઉથી ઉત્તમ મનુષ્યજાતિ છે, જેને પોતાનુ તથા બીજાનુ, સારનુ તથા અસારનું જ્ઞાન છે. તેમ જ દરેક બાબતનો વિચાર કરી નિશ્ચય કરવાના સાધનો પણ માણસમાં છે. ટુંકામાં કહીએ તો દરેક વાર્તા સિદ્ધ કરવામાં માણસનું સામર્થ્ય છે, એમ માનવાને કંઈ પણ બાધ નથી, તો આવા સર્વોત્તમ મનુષ્યશરીરને પામ્યા છતાં જ્યારે આપણે જાણવા યોગ્ય વસ્તુને ન જાણીએ, તો આપણું સઘળું સામર્થ્ય વ્યર્થ ગયુ જાણવું.

આ જગત્‌માં બે વસ્તુ જાણવાની મોટા પુરુષોએ નક્કી કરી છે. એક તો વ્યવહાર અને બીજો પરમાર્થ. ત્યાં વ્યવહારનું ખરુ સ્વરૂપ તો બુદ્ધિમાન્ માબાપ, સાસુસસરા, પતિ તથા ગુરુ વગેરે વડિલોથી તેમ જ આપણા અનુભવથી સમજી શકાય છે. અને પરમાર્થ તો સદ્ગુરુપાસેથી સમજી શકાય છે; અથવા તો વ્યવહારને સધાવનાર ઉપર કહેલાં ચાર છે, તેમાંથી જો કોઈ એ પદને જાણનાર હોય તો તે પણ સદ્ગુરુ છે તેથી તેની પાસેથી પણ જાણી શકાય છે. તોપણ વ્યવહારના પ્રવર્તક સંબંધીઓ પરમાર્થના પ્રવર્તક ક્વચિત્ જ હોય છે. માટે આપણા મૂળ સંબંધીઓકરતાં જુદા પુરુષને સદ્ગુરુપણું ઘણું કરીને પ્રાપ્ત થતું આવ્યુ છે; તેમ છતાં તે નિયમ સઘળે સંભવતો નથી.

આ સંસાર સારરહિત છે, તેથી એને મોટા પુરુષોએ મિથ્યા કહ્યો છે, અને દરેક વિચારવાન્ મનુષ્યને જ્યારે આ સસારનું ખરું સ્વરૂપ જાણવામાં આવે છે, ત્યારે એ અસાર છે, એમ અનુભવસિદ્ધ પણ થાય છે. હવે વ્યવહારના સાધક જો પ્રથમથી જ આ સંસારને મિથ્યા અથવા સારરહિત જાણે તો તેઓ વ્યવહારને સિદ્ધ કરી શકનાર નથી. કારણ કે એક વસ્તુમાં કશો સાર નથી, એવું આપણે

જાણીએ છીએ, તો પછી તેને મેળવવા આપણે કાંઈ ઉદ્યમ કરતાં નથી. માટે વ્યવહારના સાધકે તો પ્રથમ આ સંસાર સારરૂપ અને સઘળાં સુખનો આધાર છે, એમ જ જાણેલું હોવું જોઈએ છે. અને તેથી જ તે દરેક વ્યવહાર સિદ્ધ કરવાના ઉપાયો શોધે છે, તેને જાણી સાધે છે, અને અનેક પ્રયત્નથી તેને સિદ્ધ કરે છે. આથી વ્યવહારના સાધકને સંસારની સારરૂપતા તથા સત્યતા જણાવી જોઇએ છે, અને પરમાર્થના સાધકને આ સંસારનું અસારપણું તથા અસત્યપણું જાણવું હોવું ઘટે છે; જેથી આ બંને વિરોધી બાબતો એક કાળે એક અધિકારિને સંપૂર્ણ અંશે સાધવી, અત્યંત કઠણ છે, તેથી તેનો કાળ, અધિકારી અને સધાવનાર ત્રણે વાનાં જૂદાં હોવાં જોઈએ. માટે હે દીકરી ! આ સંસારમાં કોઈ પણ સદ્‌ગુરુને શરણ થવાની સર્વને જરૂર છે એમ જાણી આ વાર્તાને પ્રીતિથી સાંભળ. પરમેશ્વરના સ્વરૂપનો બોધ કરનાર જે સદ્‌ગુરુ છે તેમને વિષે આટલાં લક્ષણ તો સ્વભાવસિદ્ધ થયેલાં હોવાં જોઈએ.

૧. અનેક પ્રકારના પોતાની મરજીથી ઉલટા પ્રસંગ આવે તો પણ તેમને કોઈ પ્રાણિઉપર કદાચિત્ પણ ક્રોધ એટલે ગુસ્સો થવો ન જોઈએ.

૨. આ જગતમાંની ગમે તેવી સારામાં સારી વિષયરૂપ વસ્તુ દેખીને તેમને મોહ ન થવો જોઈએ; મતલબ કે ગમે તેવો પ્રીતિ કરવા જેવો ઉચામાં ઉચો વિષયરૂપ પદાર્થ તેમના જોવામાં આવે, તેને તે સારરહિત એટલે મિથ્યા જાણે છે, તેથી તેને પ્રયત્નથી મેળવવા અથવા માગીને લેવા અથવા ભોગવવાની ઇચ્છાવાળા તે ન હોવા જોઈએ; પણ ઉલટા સારા અને નઠારા સઘળા પદાર્થોને સમાન પ્રીતિ અથવા દૃષ્ટિથી જોતા હોવા જોઈએ.

૩. આ દશ ઇંદ્રિયો તથા અગિયારમા મનને તેમણે વશ કરેલું હોવું જોઈએ. ત્યાં મુખ્ય પાંચ વિષય છે. ૧ શબ્દ એટલે જે આપણે બોલીએ છીએ, તથા સાંભળીએ છીએ, અને જેનાથી આપણે અર્થ સમજીને સઘળો વ્યવહાર ચલાવીએ છીએ તે. ૨ સ્પર્શ એટલે ચામડીનો વિષય, જેનાથી આપણે બીજા સારા પદાર્થ જાણીને તેમને પ્રીતિથી અડકીને તથા ભેટીને આનંદ લઈએ છીએ તે. ૩ રૂપ એટલે આંખવડે આપણે જે સારા નઠારા પદાર્થોને જોઈ મોહ પામીએ છીએ તે. ૪ રસ એટલે જેને ખાધા અથવા પીધાથી જીભ લોભાય છે તે. ૫ ગંધ એટલે જે સારા સુગંધને નાકવડે પારખી આપણે રાજી થઈએ છીએ અને નઠારો જાણી નારાજ થઈએ છીએ તે. આ પાંચ વિષયમાં સઘળી ઇંદ્રિયોના વિષયનો સમાવેશ થઈ જાય

છે, માટે આ પાંચ વિષયથી તેમણે મનને તથા ઇંદ્રિયોને રોકીને પોતાને વશ કર્યાં હોવાં જોઈએ; મતલબ કે સ્ત્રીઓના સુકોમળ કંઠના ગાયનના ગમે તેવા સારા શબ્દોથી ઘણા હરખાઈને તેને મેળવી સાંભળવા ઇચ્છતા નથી, તથા આપણી નિંદાના હલકા શબ્દો સાંભળીને શોકવાન્ એટલે નારાજ થતા નથી; (તેમ જ પોતે જે બોલે તે સત્ય એટલે સાચું, અને પ્રિય એટલે સાંભળનારને વહાલું લાગે એવું, તથા પરિણામે તે સાંભળનારને લાભ કરનારું હોય છે.) તથા ગમે તેવા સુંદર વિષયોને પાસે આવેલા જુએ, પણ તેમને પ્રીતિવડે અડકવા અથવા ભેટવાની તેમને ઇચ્છા થતી નથી, તેમ જ કઠોર એટલે ન ગમે એવા પદાર્થોને અડકવાનો પ્રસંગ આવે તો તેથી તે ખેદને માનતા નથી; તથા નજરે જોવામાં આવતા ગમે તેવા ઉચ્ચા પ્રકારના સ્ત્રીવગેરે પદાર્થો હોય, તેને પાસે આવેલા જાણી મોહવડે એટલે પાપી નજરથી જોતા નથી, અને નઠારા વિષયઉપર દૃષ્ટિ પડવાથી ખેદ પણ માનતા નથી; તથા ગમે તેવા સારા સ્વાદના અને શોભિતા ખાવાપીવાના પદાર્થો ચાખવાને અથવા ચાખ્યા પછી વારંવાર તેવા પદાર્થો મેળવી ખાવાપીવાને આતુરતા રાખતા નથી, અને ન ભાવે એવા સ્વાદવિનાના પદાર્થો ખાવાપીવાને પ્રસંગ આવે તો નારાજ થતા નથી, તથા સુગંધની ઇચ્છા રાખી તેને મેળવવા મહેનત કરતા નથી અને દુર્ગંધ આવે તો તેથી દુઃખને માનતા નથી. એ પ્રમાણે પોતાની ઇંદ્રિયો તથા મન તેમણે વશ કરેલાં હોવાં જોઈએ.

૪. કોઈ પણ નીચ સ્વભાવનું માણસ તેમને ચીડવવા અથવા તેમને ભુંડું કરવાના ઇરાદાથી તેમની પાસે આવી અથવા આઘે રહીને ઘણા અણઘટતા ચાળા અથવા ચિહ્ન કરે પણ તે તેને શિક્ષા કરવા સમર્થ છતાં પણ શિક્ષા કરવા ઇચ્છતા નથી. તેમ જ તેનું ભુંડું થાય તો ઠીક એવી ઇચ્છા પણ કરતા નથી, પણ ઉલટું તેને ભલું થાય એવી ઇચ્છા રાખે છે.

૫. કોઈ પણ પ્રાણી તે મહાત્માનાં મન, શરીર અથવા વાણીથી તેમ જ કોઈ ક્રિયાથી પોતાનું સારું થવાનો સંભવ સૂચવે, અને તે મુખ્ય પાળવાયોગ્ય નીતિધર્મથી વિરુદ્ધ ન હોય તો દયાથી કરે છે, અને જો તે પાપકર્મ હોવાથી તે પ્રાણિને અંતે દુઃખ પેદા કરે એવું છે એમ જાણે, તો તેને અનેક ઉપાયથી તેવા કામથી રોકે છે; અને તેનું જે રસ્તે ભલું થવાનું હોય તે શોધી તેને દયા આણી બતાવે છે, એવા પરોપકારી તથા દયાવાન્ તે હોવા જોઈએ.

૬. પોતાના ઉપર શત્રુપણું રાખનારા હોય તેના ઉપર, તથા

મિત્રપણું રાખનાર હોય તેના ઉપર બનતા સુધી તેમની વિષમ મતિ થતી નથી; અર્થાત્ સર્વઉપર સમાન પ્રીતિ રાખનાર તે હોય છે. તેમ જ સહુ વિવેકી પ્રાણિને પ્રિય લાગે એવાં રુડાં આચરણને પાળનાર હોય છે, તે છતાં અવિવેકી પ્રાણિને મનમાં ખેદ થાય એવાં આચરણને પણ તે ન કરતા હોવા જોઈએ.

૭. ગમે તેવા સારા પદાર્થો અથવા પ્રાણિઓને જોઈ, તે મળી શકે એવાં હોય અને તેથી સુખ થવાનો સંભવ જગત્માં સહુ માણસ માનતા હોય તોપણ એવા પ્રાણિપદાર્થ, ઉપયોગ નહિ હોય તોપણ, ઘણા મળે તો ઠીક એવી લોભવૃત્તિનો તેમણે નાશ કરેલો હોવો જોઈએ.

૮. તેમનામાં ઉદારતા તથા દાતાપણું હોવું જોઈએ. (ત્યાં એવી શંકા બને છે કે સત્પુરુષો નિઃસંગ હોવાથી તેમની પાસે દાનમાં આપવાના પદાર્થો હોતા નથી, તેથી તેમને વિષે દાતાપણું સંભવતું નથી પણ એ શંકા સર્વત્ર સંભવતી નથી. કારણ કે કેટલાક સત્પુરુષો શાસ્ત્રમાં જેમને ઉપાધિપ્રારબ્ધવાળા કહ્યા છે એવા હોય છે, એટલે કે તેમને અત્યંત ઉગ્ર પુણ્યસંસ્કારના બળથી રાજાસમાન અથવા તો તેથી અધિક વૈભવ પ્રાપ્ત હોય છે. તે નાના પ્રકારના વૈભવોનો તેઓ ભોગ લેતા જણાય છે. પરંતુ અંતરમાં તેઓ તેના ઉપરની આસક્તિ તથા મમત્વથી રહિત જ હોય છે. તેવા સત્પુરુષો તે પોતાના મનાયેલા પદાર્થોને અન્ય દીન જનોનાં સંકટ દૂર કરવાઅર્થે યોગ્ય પ્રસંગે મોટી ઉદારતાથી આપે છે. વળી દ્રવ્યાદિ પદાર્થો આપે છે એટલું જ નહિ, પરંતુ સર્વ દુઃખનો નાશ કરનારી તથા અખંડ સુખને આપનારી જે બ્રહ્મવિદ્યા તેને પણ તેઓ અત્યંત પ્રીતિથી અધિકારિપ્રતિ દાન કરે છે, તેથી તેમના વિષે દાતાપણું પણ સ્વભાવસિદ્ધ હોવું જ જોઈએ).

૯. તે પુરુષને જ્ઞાન થયું તે જ કાળે તેમણે પોતાના શરીરને નહિસરખું જાણેલું છે, તેથી તે મૃત્યુવડે પણ ભયને પામતા નથી, તથા મૃત્યુવિનાનાં અનેક પ્રકારનાં ભય તેમના મનમાં સ્પર્શ પણ કરી શકતાં નથી.

૧૦. આ સંસારના નાશવાન્ સ્વરૂપનો તેમણે નિશ્ચય કરેલો હોય છે, તથા પોતાના શરીરને અંતવાન્ હોવાથી મરેલું જ જાણે છે, તથા શરીરમાંહેલાં ચેતન આત્માનો શરીરથી જૂદો અનુભવ કરી " હું શરીર નથી પણ આ જડ શરીરમાં રહી ' હું છું ' એવું જાણનાર, હું પોતે ચેતન જ છું, માટે મારો તથા શરીરનો કશો

સંબંધ ખરેખરો નથી જ" એમ જાણેલું હોય છે. તેથી આ શરીર આ ક્ષણે પડે અથવા હજારો વર્ષ જીવાય તો ઠીક, એવી કોઈ પણ ઇચ્છાને વશ તે થતા નથી, જેથી સંપૂર્ણ શોકસમુદ્રને પણ તે તરેલા હોવા જોઈએ.

૧૧. મને આ લોક પૂજે અથવા મારી સ્તુતિ કરે કે મારા ગુણ ગાય, અથવા મને કોઈ અન્ન, ધન અથવા વસ્ત્ર વગેરે પદાર્થ આપે તો ઠીક, એવી કદાચિત્ પણ ઇચ્છા તેમના મનમાં થતી નથી. તેથી લોક તેમને પૂજે અથવા તિરસ્કાર કરે તેથી તેમને હર્ષ કે શોક થતો નથી. વળી જેવું અંતઃકરણમાં છે તેવું જ બહાર બોલનાર તથા વર્તનાર સાફ મનના તે હોય છે.

૧૨. પરમાર્થનો બોધ કરનાર હોય, તો બહારથી સંગીસરખા દેખાય, પણ અંતઃકરણમાં નિઃસંગ રહે છે. (બહારથી સંગીસરખા દેખાય તેનું કારણ એ છે કે દરેક આવનાર માણસને તેના અધિકાર-પ્રમાણે વિવેકથી બોધ કરવો પડે છે, તથા નીતિ અને ધર્મનાં ખરાં લક્ષણો કારણસહિત સમજાવી તેમના પાસે પળાવવાં જોઈએ છે, નહિ તો તે સઘળા સાધક પાતકી થઈ જાય છે. માટે બોધકર્ત્તા-પદ જ્યાંસુધી ધારણ કર્યું હોય, ત્યાંસુધી ઉપરથી અજ્ઞાન ગ્રહણ કરી દરેક વ્યવહારને નીતિ તથા ધર્મસાથે જોડીને તે પ્રમાણે ચલાવે છે, અને બીજા અજાણ્યા માણસને જે માર્ગે ચઢવું હોય, તે માર્ગે પ્રથમ પોતે ચઢવું પડે છે; જેથી પછી તે અજ્ઞાન ચઢે છે. જેમ બાળકને બોલતાં શીખવવું હોય છે, અથવા સમજાવવું હોય છે, તો બોબડું તોતડું આપણે પણ બોલીએ છીએ. તેના આગળ શુદ્ધ ભારે શબ્દોથી વ્યવહાર પ્રથમથી જ કરતાં નથી, તેમ અજ્ઞા-નને શીખવતાં તેવા વ્યવહાર ઉપરથી પણ કરવા પડે છે. તોપણ તે પુરુષે સંપૂર્ણ દુર્ગુણોનો પ્રથમથી જય કર્યો છે, અને દુર્ગુણો જ્ઞાનમાં વિરોધી છે તેથી, તેઓ ઉપરથી દેખાડવા દુર્ગુણોને પણ લેતા હશે, તેવો નિશ્ચય જાણવો નહિ. દુષ્ટ કર્મમાં પ્રવેશનાર અનીતિમાન્ પુરુષને વિષે પણ ઘણા લોકો ભોળપણથી ઇષ્ટબુદ્ધિ કરે છે, પણ તે યોગ્ય નથી.) જ્યારે તેઓ ધીરે ધીરે ઉપદેશ કરવારૂપ ધર્મથી રહિત થાય છે, ત્યારે તેઓ દેખવા માત્ર પણ સંગી હોતા નથી. બહાર અને ભીતર સમ હોય છે.

૧૩. શાસ્ત્ર પ્રમાણેનાં લક્ષણસહિત વૈદ્યવિદ્યાને જાણનાર પુરુષ જેમ ઉંચા અથવા નીચા કુળને, તેમ જ ઉંચ નીચ સ્થાનને તથા પૈસાવાળા કે ગરીબને, તથા સ્વરૂપવાન્ કે કુરૂપવાનને તથા સ્ત્રીને કે

પુરુષને જોતા નથી, પણ ગમે તે રોગીને રોગવડે પીડાતો જુએ અને તે ઔષધ લેવા આતુરતા દેખાડે તો ધનવગેરે કોઈ પણ પદાર્થની લાલચ રાખ્યા વિના નિષ્કપટ પ્રેમથી પરમેશ્વરની પ્રીતિને અર્થે ઔષધ આપે છે, અને તેને રોગથી મુક્ત કરે છે; તેમ જ તે પુરુષ આ ભવરોગથી પીડાતાં પ્રાણિને તેમની ઇચ્છા જણાયાથી ખરા મનવડે ત્રિવિધ તાપરૂપ દુઃખથી બચવાના ઉપાયરૂપ ઔષધને આપે છે; ત્યાં જાતભાત વગેરે કાંઈ પણ જોતા નથી, એવી ઉદારતાવાળાને સત્પુરુષ અથવા સદ્ગુરુ શબ્દે જાણવા.

હે સરસ્વતિ ! આ વગેરે અનેક પ્રકારના શુભ ગુણો તેમનામાં હોય છે. નિરંતર પ્રસન્ન ચિત્ત હોવાથી તેમનુ મુખ પણ પ્રસન્ન હોય છે. પ્રાણિમાત્રને તે નિરંતર સદુપદેશ જ કરે છે. એવા સદ્ગુરુને સ્ત્રીજાતિએ બાળપણમાં તો માતાપિતાની મારફતે શરણ થવું, અને પતિને અધીન થયા પછી પતિની મારફતે થવું. અને જો પતિ ઘણાં કારણોથી પ્રતિકૂળ સ્વભાવનો હોય, તથા ઈશ્વરનો વિરોધી હોય, તો પતિની આજ્ઞા વિના પણ સ્વતંત્રપણે સદ્ગુરુ કરવાને સુજ્ઞ સ્ત્રીને બાધ નથી, તોપણ મુખ્ય ગુરુ, સ્ત્રીજાતિને પોતાનો પતિ જ છે, માટે ગમે તેવો દોષવાન્ પતિ હોય તોપણ સ્ત્રીએ તેને ગુરુવત્ ગણીને તેની મરજી નિરંતર સંભાળવા પ્રયત્ન રાખવો, અને તેની રુડે પ્રકારે સેવા કરવી. વિરોધી પતિની આજ્ઞાવિના પણ સદ્ગુરુ કરવાનો સ્ત્રીનો અધિકાર કહેવાનું કારણ એટલું જ છે કે અત્યંત વિરોધી સ્વભાવનાં સ્ત્રીપુરુષો પરસ્પરના ધર્મને જાણતાં નથી, તેથી તેઓ જરૂર પાપકર્મને આચરશે; માટે જો તે પુરુષ સદ્ગુરુદ્વારા જ્ઞાનને પામવા આતુર નથી, તો પોતાનાં સ્વધર્મને જણાવનાર માતાપિતારૂપ સદ્ગુરુને શરણ તે સ્ત્રીએ સ્વતંત્રતાથી થવું; જેથી સદ્ગુરુના બોધવડે નીતિ તથા ધર્મનું જ્ઞાન થયા પછી તે સ્ત્રી પોતે પાપકર્મવાળી થતી નથી, અને કાળે કરીને તે ભક્તિમાન્ તથા પુણ્યવતી સ્ત્રી પોતાના પતિને સુધારવા પણ અનેક સ્વધર્મની યુક્તિ જાણીને યોગ્ય થાય છે. હે દીકરી ! તે સદ્ગુરુ પોતાને શરણ થયેલાં સ્ત્રી તથા પુરુષને પોતાનાં પુત્રી તથા પુત્રવત્ ગણે છે, અને જેમ માબાપ પોતાની પુત્રીને તથા પુત્રને નિરંતર હિતનો જ બોધ કરે છે, તેમ તે સત્પુરુષ પણ તે પુત્રપુત્રીરૂપ શિષ્યને તેમના કલ્યાણનો બોધ આશારહિત રહીને નિરંતર કરે છે. ત્યાં જે સ્ત્રી તથા પુરુષ ગૃહસ્થ અવસ્થામાં હોય છે, તેમને તો તે વિશેષે કરીને આ પ્રમાણે નીતિધર્મનો બોધ કરે છે. તેમાં સર્વે સૌભાગ્યવતી સ્ત્રિયોને જણાવે છે કે, હે પુત્રીઓ ! આ લોકમાં અન્ન તથા વસ્ત્ર

વગેરે પદાર્થ આપી તમારૂં રક્ષણ કરવાનું મમત્વબુદ્ધિથી જે અભિમાન રાખે છે, અને જેને તમારાં માબાપે દેવ, બ્રાહ્મણ, અગ્નિ તથા બીજા અનેક માણસના દેખતાં અર્પણ કરેલાં છે, અર્થાત્ હાથ ઝાલીને સોંપી આપેલાં છે તે પુરુષને તમે પતિ જાણી સેવજો, તથા તેના વડે જ મળતા થોડા અથવા ઘણા ભોગોથી સંતોષને પામજો. અને બીજા-વડે મળવાયોગ્ય આખી પૃથ્વીના વૈભવ હોય તો તે કાગની વિષ્ઠા-સરખા જાણીને તેતરફ નજર પણ કરશો નહિ. કારણ કે ધર્મથી થયેલા તમારા પતિને સેવવાથી જ તમારૂં અનેક લોકમાં સુખ થાય છે. વળી તમારે એવો વિચાર દરેક વખતે કરવો જોઈએ કે આ સંસારના સઘળા પદાર્થો નાશને પામનારા છે, તેથી તે તુચ્છ છે, અને આપણો ધર્મ તો અચળ સુખને આપનાર છે, તેથી મહાન્ છે. વળી આપણે મરણ પામીએ છીએ ત્યારે આ લોકના સઘળા પદાર્થો તથા વૈભવ અહિંયા જ પડ્યા રહે છે. અને ધર્મ તથા અધર્મ તો આપણી સાથેનાં સાથે જ આવે છે. તેમાં અધર્મ છે તે તો આપણને જ્યાં જઈએ ત્યાં દુઃખરૂપ ફળને જ આપે છે, અને ધર્મ તો જ્યાં જ્યાં આપણે જઈએ છીએ, ત્યાં ત્યાં સુખને જ આપે છે, માટે જેવા આ લોકના પદાર્થોને આપણે અહિંયાં ત્યજી જઈએ છીએ, તે જ પ્રમાણે દરેક જગાએ આપણને દુઃખના આપનાર અધર્મને પણ આપણે અહિંયાં જ ત્યજી દેવો જોઈએ, અને અચળ સુખનો આપનાર જે આપણો ધર્મ છે તે આપણી સાથે રહી દરેક સ્થળે આપણને સુખનો આપનારો છે, માટે તે ધર્મને ફક્ત પાળી પાસે રાખવો. આ ધર્મનું ખરૂ સ્વરૂપ તો એ છે જે આ લોકમાં જ્યાં સુધી આપણો પતિ જીવે છે, ત્યાં સુધી તો તે પતિને સેવવો, તથા સંપૂર્ણ પ્રાણિઓનો અનંત લોકમાં લઈ જનાર, લાવનાર તથા સ્થાપનાર એવી સત્તાનો પતિ પરમેશ્વર જે સર્વ લોકપતિ ગણાય છે તે પતિને અત્યંત પ્રીતિથી સેવવો. ત્યાં આ વ્યવહારના સુખને આપનાર પતિ છે, ત્યાં સુધી તો બહાર વ્યવહારમાં એને જ પરમેશ્વર-રૂપ જાણીને પૂજવો, તથા સંસારનાં સુખને માટે ભજવો; અને અંતરમાં સર્વ લોકપતિ જે પરમેશ્વર તેને પૂજવો તથા ભજવો. આ પ્રમાણે બંને પતિનું પૂજન તથા ભજન કરવાથી તમારો પતિસેવારૂપ મુખ્ય ધર્મ સચવાયો જાણજો. તેમાં છોકરાંને પાળવાં, નીતિથી કષ્ટ વેઠી ઘરને ચલાવવું, તથા પતિને પ્રસન્ન રાખી આપણે પ્રસન્ન રહેવું. એ સઘળું પતિસેવામાં જ ગણાય છે, અને પરમેશ્વરની ભક્તિ કરી આપણું, પતિનું, તથા પ્રજાનું ભલું ઇચ્છવું, એ પણ પતિસેવા જ

ગણાય છે. કારણ આપણે તથા આપણું કુટુંબ જ્યારે મરણ પામીશું ત્યારે આપણો એટલે સ્ત્રીજાતિનો તથા આપણા પતિનો, તથા આપણી પ્રજાવગેરે સર્વ લોકોનો મુખ્ય પતિ જે **પરમેશ્વર** છે, તે **પરમેશ્વર** પ્રીતિવડે સાધ્વી સ્ત્રીએ કરેલી પોતાની ભક્તિનું ફળ તે સ્ત્રીને, તેના પતિને, તથા તેની પ્રજાને આપે છે. માટે સ્ત્રીએ કરેલી **પરમેશ્વર**ની સેવા અથવા ભક્તિનું ફળ પુરુષને પણ સુખરૂપ પરિણામ આપનાર થાય છે; જેથી **પરમેશ્વર**ની ભક્તિરૂપ સેવા તે પણ પતિસેવામાં જ ગણાય છે અને તેથી જ વિદ્વાન્ પતિ પોતાની સ્ત્રીને **સદ્‌ગુરુ**દ્વારા અથવા પોતાની મેળે **પરમેશ્વર**ની ભક્તિમાં પ્રવેશ કરાવે છે. હે સુજ્ઞ સુતાઓ ! તમે આ પ્રમાણે પતિ તથા **પરમેશ્વર**ને ભજી તમારા ગૃહસ્થાશ્રમને સેવી સુખી થાઓ. ”

લક્ષ્મી માતા કહે છે, હે શાણી છોકરી **સરસ્વતિ** ! આ પ્રમાણે માબાપરૂપ તે **સદ્‌ગુરુ** ગૃહસ્થ સ્ત્રિયોને અનેક યુક્તિથી બોધ કરી સદ્‌ગુણી કરે છે, તથા તેમને પતિ અને **પરમેશ્વર**ની જે જે પ્રકારે તથા જે જે યુક્તિભરી ક્રિયાથી પ્રીતિ મેળવી શકાય છે, તે સર્વ યુક્તિઓને દયા કરી આપે છે; જે યુક્તિ બીજાપાસેથી મેળવવી ઘણી કઠિન છે. માટે એવા **સદ્‌ગુરુ**ને અવશ્ય કરવા જોઈએ. હવે પતિના મરણપછી વિધવાપણાને પામેલી સ્ત્રિયોને તે માતાપિતાજેવા **સદ્‌ગુરુ** આ પ્રમાણે બોધ કરે છે. “હે સ્વધર્મમાં પ્રીતિવાળી પુત્રીઓ ! તમે પૂર્વે કરેલાં પાપકર્મનાં ફળથી તમારા આ જન્મના સુખ આપનાર પતિને ખોયો છે. ખરું જોતાં પતિપહેલાં તમારું મરણ થાય એ ધર્મ અને શ્રેષ્ઠ વાર્તા છે, અને પતિનું મરણ થયા પછી તમારું જીવવું એ અધર્મ અને નેષ્ઠ વાર્તા છે. તોપણ આ જન્મમાં પાપના ફળરૂપ વિધવાપણાને પામ્યા છતાં જો ફરી પાપાચરણરૂપ અધર્મને સેવશો તો પાછું અનેક જન્મસુધી તમારે એવાં ને એવાં અથવા એથી પણ અધિક દુ:ખોને ભોગવવાં જ પડશે. તેથી તમે હવે ધર્મનું રક્ષણ કરી સુખી થાઓ. પતિરહિત થયેલાં તમે એક **પરમેશ્વર**ને જ પતિ ગણીને સેવજો. એવિના કોઈ પણ પુરુષને પતિભાવે સેવશો નહિ. (જો તે વિધવા, પુત્ર અથવા પુત્રીરૂપ પ્રજાવાળી હોય તો તેને આપ્રમાણે કહે છે.) આ તમારી પ્રજાનું ધર્માચરણથી રક્ષણ કરીને તમે **પરમેશ્વર**ની પ્રીતિ મેળવજો. તમે જો ગુપ્તપણે પાપને કરશો તોપણ સર્વ લોકપતિ **પરમેશ્વર** તમારી પાસે જ છે, તે તમને ફળ આપ્યાવિના નહિ રહે. માટે તમે દૃઢપણે ખરા મનથી તમારા વિધવાધર્મને પાળજો. વિધવાનો મુખ્ય ધર્મ તો એ જ છે કે કામ-

બુદ્ધિનો ત્યાગ કરી નિરંતર પોતાની પ્રજાનું રક્ષણ કરતાં પરમેશ્વરને ભજવો. (પ્રજા ન હોય તો તેને આ પ્રકારે કહે છે.) માત્ર પોતાના પ્રાણને સાદા આહારથી બળ આપી તમારે પરમેશ્વરની ઉત્તમ પ્રકારે ભક્તિ કરવી. આ વ્યવહારમાં મનને વૈભવી થવાના જ્યારે જ્યારે પ્રસંગ આવે ત્યારે ત્યારે તેથી બચીને આ મનને આપણે સ્વાધીન રાખવાના સદ્ગુરુએ આપેલા ઉપાયને નિરંતર રચતાં રહેજો, તેથી માત્ર આ જન્મમાં જ તમારે પતિના વિયોગનું કષ્ટ પડશે, પણ અનેક જન્મમાં સુખ જ રહેશે; અને જો કામવાસના રૂપ પાપબુદ્ધિને સેવશો તો તમારા અનેક જન્મો એ જ પ્રમાણે જવાના એમ નિશ્ચય માનજો." હે સરસ્વતિ ! આ વગેરે અનેક વિધિથી તે સ્ત્રિયોને તે સદ્ગુરુ સ્વધર્માચરણી કરે છે, અને એમ સ્વધર્માચરણી થવાથી તે સ્ત્રિયો પણ નિષ્કામ પુરુષ જેવી થાય છે; તેથી તેવી ઈશ્વરાભિમુખ થયેલી જ્ઞાનવાન્ સ્ત્રીને પુરુષ જ શાસ્ત્રમાં કહી છે; અને જે પુરુષો અધર્મી છે, તથા પાપબુદ્ધિવાળા છે, અને પરમેશ્વરથી વિમુખ છે, તથા પરતંત્રપણે માત્ર ઘાંચીના બળદની પેઠે વ્યવહારચક્રમાં જ ઘર-કુટુંબનો ભાર લઈ વલ્યા કરે છે, તે સર્વે મંદમતિ પુરુષોને સ્ત્રી જાણવાને કહ્યું છે. આ રીતે સ્ત્રીને પુરુષપણું લાવનાર જેમ ધર્મ છે, તેમ પુરુષને સ્ત્રીપણું લાવનાર અધર્મ છે. માટે સર્વે પ્રાણિએ સદ્-ગુરુપાસે સ્વધર્મને જાણી સાધવો, એ જ આ જગત્માં જન્મ લઈને કરવાયોગ્ય વાર્તા છે.

વળી હે દીકરી ! તે સદ્ગુરુ આ પ્રમાણે અનેક વિધિથી સ્ત્રિયોને બોધ કરતા છતાં શરણ થયેલા ગૃહસ્થ પુરુષોને એવો બોધ કરે છે કે "હે સુભાગ્યવાન્ પુરુષો ! તમે સર્વલોકપતિરૂપ પરમેશ્વરને સેવતાં પરિણામે પતિરૂપ થવાની ઇચ્છા રાખી આ સદ્ગુરુવડે ઉપદેશ કરાયલા માર્ગે પ્રીતિપૂર્વક ચાલજો. તેમાં તમારા વ્યવહારના ધર્મને વાસ્તે એટલે માતાપિતા, સ્ત્રી, પ્રજા, સેવક વગેરેના રક્ષણવાસ્તે ન્યાયથી ધન વગેરે પદાર્થોને મેળવજો. તે તે પદાર્થોમાંથી તમે તથા તમારું કુટુંબ સુખને લેશો, એ જ માત્ર ધન મેળવ્યાનું સાર્થકપણું નથી. પરંતુ તે ધનથી આપણે સુખ લેતાં તેનો દશમો, પંદરમો અથવા ઓછામાં ઓછો વિશમો હિસ્સો પણ આપણા ગૃહસ્થધર્મની સફળતા માટે સત્કર્મમાં ખરચજો. ત્યાં સત્પુરુષ મહાત્માની સેવામાં તથા વિદ્વાન્ નિર્ધન, તથા સ્વધર્માચરણી બ્રાહ્મણોને શાસ્ત્રવિધિપ્રમાણે ધન આપવામાં તથા એ વિનાનાં દીન, નિરાશ્રિત, દુઃખી પ્રાણિ-ઓનાં રક્ષણમાં, તથા લોકોના સુખવાસ્તે જરુરની જગાએ વાવ,

કૂવા, ધર્મશાળા, વિસામા, નદી વગેરે તીર્થના ઓવારા તથા ગુરુ કે દેવનાં મંદિરોને કરાવી અથવા સુધારવામાં, તથા વિદ્યાર્થીઓને સદ્વિદ્યા ભણાવવામાં, અથવા તો સત્શાસ્ત્રના ગ્રંથો ખરીદ કરી આપવામાં જે ધન વગેરે ખરચ કરશો એ સઘળું સત્કર્મમાં જ ગણવાયોગ્ય છે. આ રીતે ન્યાયથી મેળવેલા ધનમાંથી કુટુંબને તથા વિશ્વકુટુંબને સુખ આપવું, એ પણ તમારો પાળવાયોગ્ય ધર્મ છે. એ ધર્મને સાચવતાં છતાં આ ઇંદ્રિયોના વિષયને પણ માત્ર ન્યાયથી ભોગવવા, અને ગમે તેવા સુંદર મોહ ઉપજાવનારા ભોગો, સહજ એટલે વગર મહેનતે આવી મળે તોપણ તે અન્યાય છે કે ન્યાય તેનો વિચાર કરી, અન્યાય જણાય, તો તે ભોગને કદાચિત્ પણ ભોગવવા ઇચ્છા કરવી નહિ. અને તેવા વિકટ પ્રસંગમાં આપણી ઇંદ્રિયો તથા મનને મોટા બળથી આપણે કબજે કરી રાખવાં. કારણ કે અન્યાય અથવા પાપને આચરવાસારૂ આ અમૂલ્ય માણસનો દેહ મળ્યો નથી." હે સુલક્ષણી સરસ્વતિ ! આ વગેરે અનેક પ્રકારનાં ઉત્તમ વચનોથી તે ગૃહસ્થ પુરુષોને સંપૂર્ણ ધર્મનો બોધ કરીને તેમને પરમેશ્વરના સ્વરૂપનું જ્ઞાન આપી અંતે ઈશ્વરરૂપ કરી મૂકે છે, તેથી ગૃહસ્થ પુરુષોને પણ પોતપોતાના સઘળા કુટુંબસહિત સદ્ગુરુને શરણ થવું જોઈએ, એથી તેમના જન્મનું સાર્થક થયું ગણાય છે.

હવે ગૃહસ્થવિનાના વિધવાસરખા ત્યાગી પુરુષોને તે સદ્ગુરુ આ પ્રમાણે બોધ કરે છેઃ " હે સંસારસાગરને તારવાને ઉત્કટ ઇચ્છાવાળા શૂરવીર પુરુષો ! તમે જો આ ભયંકર મોહજાળથી ભરેલા સંસારસાગરને તરવાની ઇચ્છા રાખતા હો, તો તેમાં ભય ઉત્પન્ન કરનાર, ભમરીની ગુંજજેવી આ વિષયતૃષ્ણાને જય કરવાની યુક્તિઓ પ્રથમ સાધજો. નહિ તો જેમ સારા તરનારને પણ ભમર બુડાડે છે, તેમ આ વિષયભ્રમર તમને જરૂર ડુબાવી મારશે, માટે અત્યંત સાવધ રહેજો. હે ભયંકર ભવરણમાં જયની આશાથી શસ્ત્ર સજી તુટી પડનાર યોદ્ધાઓ ! તમારે આ સંસારમાં મુખ્ય પરાજય કરવા યોગ્ય યોદ્ધાસરખા દુઃખદ વિષયો માત્ર બે છે. એક તો ધન કે જેના આશ્રયે સઘળા દોષ આવીને રહેલા છે, અને બીજો સ્ત્રીવિષયની ઇચ્છા જે કામ, જેને આધારે અનેક આપત્તિઓ રહેલી છે. આ બંનેને જો તમે જિત્યા, તો પછી રણમાં તમારો પરાજય કરે એવું કોઈ નથી. કારણ કે એ સર્વ એ બેવડે જ જીવતા દેખાય છે. માટે એ બેનો પરાજય કરશો, તો સર્વનો પરાજય થઈ ચુકયો એમ જાણજો. તમે ત્યાગધર્મને આચરવાને નીકળ્યા છો, તો સહુથી પહેલો નારીનો સંગ ત્ય-

જજો. કારણ કે તમે પોતાની ધર્મથી મળેલી સ્ત્રીને સેવવા ઇચ્છાવાળા થયા નથી, અને ગૃહસ્થાશ્રમને ત્યાગ કરીને જો સ્ત્રીના સહવાસવાળા થશો, તો તમારા નહિ નિર્મૂળ થયેલા સંસ્કારો ફરીથી સ્ત્રીમાં સુખ-બુદ્ધિ ઉત્પન્ન કરશે, તેથી તમે મોહને પામશો; અને અધર્માચરણ કરશો, તો તમે નરકમાં પડશો; જેથી સર્વ ગૃહસ્થ પુરુષોને સ્ત્રિયો જે સ્વર્ગ અથવા મોક્ષને આપનારી ગણાઈ છે, તે તમને નરકમાં નાંખનારી થશે. માટે જેમ વિધવા સ્ત્રીને પુરુષ, નરકમાં નાખનાર હોવાથી નરકનું દ્વાર ગણાયો છે, તેમ તમારે વાસ્તે ખરું જોતાં આ સ્ત્રિયો નરકનું બારણું થઈ પડશે, માટે ચેતીને ચાલજો. તમે તમારા મનથી એમ જાણશો જે આપણે ગૃહસ્થાશ્રમને મૂકીને ત્યાગી થયા છીએ, તો હવે એ સ્ત્રીનો મોહ આપણને શી રીતે થનાર છે, પણ તેમ જાણશો નહિ. કારણ કે આ જગતમાં ખરી સ્મૃતિનો ભંગ કરનાર, વનસ્પતિ વગેરેમાંથી પેદા થનાર રસ જેને મદિરા કહી છે, તે તો મુખે પીધા પછી આપણને ભુલાવે છે, પણ આ સ્ત્રીરૂપ મદિરા છે, તે તો નેત્રવડે પીધાથી એટલે અવલોકન કરવા માત્રથી ચઢીને મોહ પેદા કરે છે, તથા ‘ હું ત્યાગી છું તે આ શું કરૂં છું, ’ વગેરે સ્મૃતિનો નાશ કરી નાંખે છે. માટે મદિરાના સરખી મોહ કરનારી સ્ત્રીમદિરાને નેત્રવડે કદી પણ પીશો નહિ. વળી તમે એમ વિચારશો કે ‘ એકાદ વખત સ્ત્રીને અવલોકન કરવાથી શું મોહ થનાર છે ? અને કદાચ થશે તો પછી ફરીથી ચેતીશું ’ પરંતુ એ વાર્તા ભૂલભરેલી છે. કારણ કે આખા સંસારના ગૃહસ્થ પુરુષો ઘરનાં સુખ દુઃખથી જાણીતા છે, તેમ જ આ સંસારનાં દુઃખથી ત્રાસ પામેલા છે તથાપિ એક વાર ગૃહસ્થાશ્રમ માંડીને એટલે સ્ત્રીનો સહવાસ કરીને તે મદમાં છકી ગયા છે, તે શરીરની શક્તિ ગયેથી પણ તેનાથી છૂટા થઈ શકતા નથી, એટલું જ નહિ, પણ મરતી વખત પણ વૃત્તિઓ એ સ્ત્રી, બાળક તથા ગૃહમાં રહેતાં મરે છે, ને તેથી વારંવાર અનેક ઉંચનીચ જન્મોને ભોગવે છે. માટે એક વાર સંગ થયાથી અનેક જન્મસુધી જે છૂટતી નથી એવી આ સ્ત્રીરૂપ બેડી, વિષયેચ્છારૂપ કામ તમને આ રણમાં પહેરાવશે, તે ફરી છુટનાર નથી. તેથી આ મહાન્ બેડીરૂપ સ્ત્રીને તમે ત્યાગી થઈ કિંચિત્ કાળ પણ સમીપ રહી સેવશો નહિ. વળી તમે કહેશો કે અમે ઘણા વિચાર કરી ત્યાગી થયા છીએ, તે એવા પ્રસંગ આવશે ત્યારે વિચાર કરીશું, અને તેથી અમને જરૂર વિશ્વાસ છે કે સ્ત્રીમાં આસક્તિ થશે તો અમે તોડી નાંખીશું. તો એ વાર્તા મિથ્યા છે. કારણ કે બીજા શત્રુ તો સંમુખ રહી શસ્ત્ર કાઢશે,

તેને આપણે દેખીશું, ને પછી આપણે પણ તેના સંમુખ તેવાં શસ્ત્રથી તેને જિતીશું; પણ આ સ્ત્રીનાં તો નેત્ર છે એ જ અસ્ત્ર અથવા અમુક્ત શસ્ત્ર છતાં અપરિમિત સામર્થ્યવાળાં છે. તે એક વાર દૃષ્ટિ મળતાં જ માણસને ઘાયલ કરી નાંખે છે, ને બીજા શત્રુ તો ધર્મયુદ્ધ કરનાર હોવાથી ઘાયલને ઘા કરતા નથી, પણ આ તો ઘાયલ થયો કે તેને તત્કાળ બીજાં શસ્ત્રોથી નકામો કરી શરણ કરી લે છે. માટે હે ત્યાગીઓ ! તમે બીજાને વિશ્વાસ કરવાયોગ્ય ગણતા હશો તો ભલે, પણ આ સ્ત્રી તો વિશ્વાસ કરવાયોગ્ય પાત્ર નથી, એમ નિશ્ચય જાણજો. વળી તમે કહેશો કે અમે એના બાણની મર્યાદા ઓળખીને તેથી અંતરે રહીને એનાથી નિર્ભય રહીશું, પણ એ વાર્તા પણ ખોટી છે. કારણ કે જેમ શબ્દવેધી પુરુષો નજરે દીઠાવિના પણ શબ્દથી તે શિકારના સ્થાનનો નિશ્ચય કરી શસ્ત્ર ફેંકે છે, તે જરૂર તેના પ્રાણ લે છે, તેમ આ સ્ત્રી પણ શબ્દવેધી શિકારીકરતાં પણ અત્યંત કુશળ શિકારી છે, એમ મોટા પુરુષોએ અનુભવસિદ્ધ નિશ્ચય કરેલો છે. માટે અંશમાત્રથી અથવા દૃષ્ટિમાત્રથી સ્ત્રીને ત્યજવી, એમ નથી; પણ રુડે પ્રકારે એટલે સંપૂર્ણ અંશે, અથવા અત્યંત દૂરથી સ્ત્રિયોને ત્યજવી એ જ તમારા સુખનું કારણ છે. વળી એમ નહિ કરશો તો તમને સમીપ દેશમાં રહેવાથી કદાચિત્ પાપરૂપ સંસ્કારને લીધે એવી બુદ્ધિ થશે કે આપણે ત્યાગી થયા છતાં પણ અન્ય અમૃતની પ્રાપ્તિ હજુ થઈ નથી, તો આપણને વારંવાર પ્રીતિ ઉત્પન્ન કરનાર આ સ્ત્રી છે, એ અમૃત તો નહિ હોય એવી ભ્રાન્તિ થઈને પુનઃ તમે એકવાર સ્ત્રીને સેવન કરી જોઈએ તો ઠીક એવી વિપરીત બુદ્ધિને અધીન થઈ ફસાશો; તો જરૂર અન્યાયથી ગ્રહણ કરેલી સ્ત્રીના સંસર્ગથી તમે અધર્મી થઈ નાશને જ પામશો. માટે કદાચિત્ તમને બુદ્ધિની ભ્રષ્ટતાથી અમૃતનું ભાન સ્ત્રીમાં થાય, તોપણ એ ખરૂં જોતાં ઝેર છે. માટે અમૃતસરખું જણાય તે છતાં પણ સ્ત્રી ઝેર છે, એવા નિશ્ચયથી તેને ત્યજી સુખી થજો. વળી છેલ્લું વચન કહું છું કે હે ત્યાગીઓ ! તમે સ્ત્રીથી દૂર રહેશો, પણ આ શરીરના વ્યવહારને એટલે અન્નવસ્ત્રને સ્વતંત્ર રીતે પ્રાપ્ત રહેવાના અનુમાનથી 'આ જડ પદાર્થ આપણને શું નુકસાન કરનાર છે,' એમ જાણી તમે ધન મેળવવા તથા મેળવીને રક્ષણ કરવા ઇચ્છા કરશો, તો તે ઇચ્છા પણ તમને જરૂર નાશ કરનારી છે, એમ જાણજો; કારણ કે આ જગતમાં પૈસો જેની પાસે આવે છે તે પોતાના સંબંધી સર્વ વિષયોને લાવે છે. સર્વ વિષયરૂપ વૈભવનો પિતા એ પૈસો છે, માટે ધન મેળવવાથી એવી

ઇચ્છા ધનવાનને થાય છે કે 'આ મેળવીશું તો સુખ મળશે, પેલું મેળવીશું તો સુખ થશે,' એમ અનેક વૈભવોને મેળવવા ઇચ્છતો તે પુરુષ સર્વ વૈભવને મેળવતાં પરિણામે એમ વિચારે છે કે 'આ સઘળા વૈભવની માતા સ્ત્રી છે, તો તે પણ આવે તો સારું. કેમજે તે વિના આ સઘળા વૈભવ કોને દેખાડવાના છે!' તેથી અંતે ધનવાન્ પુરુષ પોતાના વિષય અને વૈભવરૂપ પ્રજાને સંભાળવા જરૂર સ્ત્રીરૂપ પોતાની પત્નીને લાવે છે. તેથી આ ધનવાન્ પુરુષ મોહજાળમાં પડી હાથપગ પછાડતો કાળને હાથ જાય છે, તોપણ તેના જોડે પ્રીતિરૂપ અદૃશ્ય દોરીથી બંધાએલો હોવાથી છૂટી શકતો નથી. માટે હે ત્યાગીઓ! જો તમે તમારા વેષને શોભાવી ઇચ્છેલા પદને પામવાની ઇચ્છા રાખતા હો, તો ગમે ત્યાંથી ગમે તેવાં જીર્ણ વસ્ત્ર, તથા સુસ્વાદરહિત અન્નને મેળવી નિર્વિષયી સ્થાનમાં રહેજો, અને અહિં એટલે આ તમારા ત્યાગઆશ્રમમાં મુખ્ય ત્યજવાયોગ્ય ધન તથા સ્ત્રી જરૂર દૂરથી ત્યજીને સંપૂર્ણ સુખને પામજો. હે વિરક્ત એટલે ત્યાગઅવસ્થાને સેવનાર ત્યાગી સંન્યાસી અથવા સાધુઓ! તમે કાંચન તથા કામિનીના સંગને તથા તેના ઉપરની પ્રીતિને પણ અવશ્ય ત્યજજો.

હે દીકરી સરસ્વતિ! આ વગેરે તે ત્યાગીઓને બોધ કરનાર સત્પુરુષ—સદ્ગુરુ હોવાથી ત્યાગી પુરુષોએ પણ સેવવાયોગ્ય છે, માટે ગૃહસ્થ સ્ત્રીપુરુષ, તથા વિધવા સ્ત્રી અને ત્યાગી પુરુષો, એ સર્વ પ્રજાએ આવો મોટો ઉપકાર કરનાર શ્રીસદ્ગુરુને મન, વાણી, શરીર તથા ધનવડે રુડે પ્રકારે સેવવા જોઈએ, એ મુખ્ય ધર્મ સર્વ શિષ્યરૂપ પ્રજાનો જાણવો. આ ત્યાગીના બોધમાં એટલી વિશેષતા જાણવાની છે કે ત્યાગી પુરુષોએ તો સ્ત્રી તથા ધનવગેરે વૈભવી સર્વ વિષયોથી દૂર રહેવું, અને વિધવા સ્ત્રિયે તો પુરુષ તથા વૈભવી વિષયોથી દૂર રહેવું. તોપણ સ્વતંત્રતાથી આપણું તથા આપણી પ્રજાનું રક્ષણ થાય એટલા ધનનો વિધવાએ સંગ્રહ કરવો, અને ગૃહસ્થે તો સર્વ પદાર્થનો સંગ્રહ કરવો, પણ ન્યાયથી કરવો. ત્યાગીઓ ધનના સંગ્રહથી જેમ મોટી હાનિને સહે છે, તેમ જ ગૃહસ્થ પૈસાવિનાનો દુઃખી થાય છે, માટે ગૃહસ્થે વિધિપ્રમાણે ધનાદિની વ્યવસ્થા કરવી યોગ્ય છે. હે દીકરી! આજે ઘણી શીખામણ કહી છે, ને તે સહેલાઈથી સમજી યાદ રખાય એવી નથી, માટે હવે આજે અહિંથી બસ કરું છું. વળી ઈશ્વરેચ્છાથી આગળ કહીશ. સર્વેશ્વરનું સ્મરણ કરતાં ચાલો, પોતપોતાના કામને કરો. (એમ કહી ઉઠે છે.)

મનોહર—બોલો સદ્‌ગુરુદેવકી જય.

વિઠ્ઠલજી—ધન્ય છે; સર્વ શ્રોતાઓનાં પણ ધન્ય ભાગ્ય છે કે આપનો સંગ થયો છે. ભટજી મહારાજ ! હવે નિત્ય નિયમપ્રમાણે એક પદ થાય તો સર્વ ઉઠે. આજ પણ અધિક વિલંબ થયો છે. બોલો સદ્‌ગુરુદેવકી જય.

મનોહર—(ગાય છે.)

પદ. ગરબી.

(મારું માણેકડું રીસાવ્યુ રે, શામળીયા, એ લય.)

નિત્ય સદ્‌ગુણશૃંગાર સજિયે રે, સાહેલી,
નિજ પતિ પરમેશ્વર ભજિયે રે, સાહેલી.
આપણ અબળા સબળા થઇને, દુર્ગુણ સઘળા ત્યજિયે રે, સાહેલી. ટેક.
પુત્રપુત્રીને ઉત્તમ નીતિ, માતાપિતાની આવે,
દુર્ગુણી માતપિતાની સંગે, દુર્ગુણ મનમાં ભાવે રે,　　સાહેલી. ૧
તો પણ સદ્‌ગુણ સર્વે જગમાં, શોધી લેવા પ્રીતે,
સર્વથકી ઉચા સદ્‌ગુણને, ધારીએ રુડી રીતે રે;　　સાહેલી. ૨
કડવાં વેણ કહે આપણને, ધીર ધરિને સહીએ,
બોધ દિધે લાગે તેવાને, મિષ્ટ વચનથી કહીએ રે,　　સાહેલી. ૩
સંગ કર્યા પહેલાં તે જનનાં, કુળજ્ઞાતિને જોઈએ,
ઉંચા ગુણ ને કર્મ હોય તો, સ્નેહ કરંતા મોહીએરે;　　સાહેલી. ૪
નીચશું પ્રીત ન કરવી ઝાઝી, ન—બેસવું આસન સરખે,
આપણું હિત ઇચ્છી, કરિ જાણે, નેહ તેશું ધરિયે હરખે રે;　સાહેલી. ૫
સંગી જન સંગે મળિયે તવ, ઉત્તમ વાતો કરીએ,
ઈશ્વરભક્તિ કે નીતિવિનાની, વાત સર્વ પરહરિએ રે,　　સાહેલી. ૬
આપણું હિત ને અન્યની ઇચ્છા, હોય તો વાણી વદિયે,
સંમુખ જન સાંભળવા ન ઇચ્છે તો, વેણ ન વદિયે કદિયે રે, સાહેલી. ૭
હરેક વાત કરીને અંતે, સાર સર્વનો લેવો,
સારરહિત કો વાત કરે તો, કાન કદી ન દેવો રે;　　સાહેલી. ૮
ધનસંપત્તિ આદિ સઘળું, જાય તોએ ફરી મળતું,
ધનઆદિથી પણ ક્ષણ આયુષ્, વળતું ન કો તે કળતું; રે સાહેલી. ૯
સર્વ થકી છે આયુષ્ કિમતી, તે મિથ્યા કેમ ખોઈએ,
પળ પળનો પણ કાળ વિતે ત્યાં, શું હિત છે તે જોઈએ રે; સાહેલી. ૧૦

અજ્ઞાનીના સંગમાં બેશી, ન—નિંદા કોની કરીએ,
નિંદા આદિ નીચ કર્મમાં, અર્ધ ક્ષણ પણ ના ઠરીએ રે; સાહેલી. ૧૧
ધનવંતાં આપણ છીએ તેથી, કામ કશું નથી કરવું,
એમ વિચારી બેશી ન રહેવું, ન—મિથ્યા હરવું ફરવું રે; સાહેલી. ૧૨
ઉત્તમ નીતિ ધર્મના ગ્રંથો, વાંચી સાંભળી ઠરવું,
વિષય અધર્મતણા ગ્રંથોને, શુણતાં ચિત્તમાં ડરવું રે; સાહેલી. ૧૩
ધંધો ઉત્તમ યુક્તિથી કરવો કે, શીવવું ભરત જ ભરવું,
ઉત્તમ હિતને કસરત આપે, તે કામે ચિત્ત ધરવું રે; સાહેલી. ૧૪
કામ બીજું કરિયે પણ બહેની, કાળતણું ભય ગણીએ,
હરઘડી ઈશ્વિરસ્મરણ કરીને, સ્તોત્ર સ્તુતિનાં ભણીએ રે; સાહેલી. ૧૫
પારકું ધન અન્યાયે હરવા, પાપબુદ્ધિ ના ધરિએ,
ન્યાયવિના ઝાઝાની ઇચ્છા, (એ) લોભથકી નિત્ય ડરિયે રે; સાહેલી. ૧૬
બીજાનું સુખ દેખી આપણ, અંતરમાં ના બળિયે,
ક્લેશ કરી પતિ દુઃખ દેવા, ન—ઘરમાં નિત્ય કકળિયે રે; સાહેલી. ૧૭
અગત્યના કારણવિણ અબળા, પરમંદિર નવ જઈએ,
કામનિમિત્તે જવું પડે તો, સીધે માર્ગે વહીએ રે; સાહેલી. ૧૮
સત્વર કાર્ય કરી નિજ મંદિર, જાવું નિયમિત કાળે,
અન્ય સ્થળે રોકાઈન રે'વું, જો યુક્તિ કરી કોઈ ખાળે રે; સાહેલી. ૧૯
અજાવરાથી દુઃખી જનોપર, કરુણાદષ્ટિથી જોવું,
યથાશક્તિએ આપવું તેને, મિથ્યા દુઃખ ન રોવું રે; સાહેલી. ૨૦
ક્રોધ કરીને અન્ય જીવોને, વ્યથા કદી ના કરવી,
આપણી સ્થિતિ વિચારી જ્યાં ત્યાં, આત્મબુદ્ધિને ધરવી રે; સાહેલી. ૨૧
મારું મારું નિશદિન કરીને, ક્લેશવડે ધન જોડી,
મૂર્ખ ન દાન દિયે, સુખ નવ લે, અંતે જાય સઉ છોડી રે; સાહેલી. ૨૨
એવી કૃપણતા લોભસહિત તે, હૃદયવિષે ના રાખો,
સંસાર સારરહિત છે તેમાં, સાર હરિરસ ચાખો રે; સાહેલી. ૨૩
અગણિત જનને મરતાં જોઈને, અંતર ડર ના ધરવો,
પણ આપણને તો નથિ મરવું, નિશ્ચય એ નવ કરવો રે; સાહેલી. ૨૪
સારાં કામ કરંતાં આળસુ, કાલ કરિશ એમ કહે છે,
કાળ અચાનક આવી ગ્રહે, તવ—સત્કર્મવિણ તે રહે છે રે; સાહેલી. ૨૫
માટે અબળા શુભ કર્મોને, પ્રથમ કરો ઉર ધારી,
મનુષ્યદેહ છે દેવને દુર્લભ, ફરિ ફરિ ના'વે વારી રે; સાહેલી. ૨૬

જ્યાં લગિ ઘરપરિવાર રહે, ત્યાં–લગિ આપણુ નથી રહેવું,
એ જાણી અતિ પ્રીતવડે, નવ–સંગી થઈને વહેવું રે; સાહેલી. ૨૭
જૂનું આ જગ લોક કહે પણ, મોહ ત્યજે ના મનથી,
એ નીતિ ખોટી ગણી અંતે, પ્રીતિ ત્યજો તનધનથી રે; સાહેલી. ૨૮
અદેખાઈ નવ કરવી કદીએ, સુખદુઃખ જોઈ અવરનાં,
આપણે ઘર સંતોષે રહી, શુભ–ગુણગાવા નિજ વરના રે; સાહેલી. ૨૯
સર્વ થકી આ સમજણ મોટી, ક્લેશ કદી ના કરવો,
સુખદુઃખ જે આવે તે સહેતાં, આનંદ ઉરમાં ધરવો રે; સાહેલી. ૩૦
પતિ તથા પરમેશ્વર સેવી, સદ્ગુરુને પણ ભજજો,
સદા કાળ સુખને ઇચ્છો તો, દુર્ગુણ સઘળા ત્યજજો રે; સાહેલી. ૩૧
મનહર કુળવંતી યુવતીને, બોધ દિયે આ સાચો,
મનમાં ધારી, દુઃખ વિસારી, સઘળા થઈને રાચો રે; સાહેલી. ૩૨

દોહરો.

હે જગદીશ ! દયા ધરી, પ્રેરો સઉ નરનાર,
શરણ ગ્રહી તવ, આ તરે,–દુઃખદરિયો સંસાર.

(ગરબી ગાઈ રહ્યા પછી સર્વે જય બોલે છે.)

વિઠ્ઠલજી—ભટજી મહારાજ ! આપની વાણી કેવી છે કે પાપાણને પણ પલાળી નાંખે છે. નામ ગરબી છે, પણ જો એકલી આ ગરબી જ પાઠ કરી રોજ લક્ષમાં રાખી સુધરવા ચાહે તો સુધરી શકે. માટે એ તો વેદની શ્રુતિજેવી જ જાણવાની છે.

દાસ—જુઓ વિથ્થલજી ! ભતજીનાં વેન તે એકેક બાન દૂરતે છે એમ જાનજો. માડી ટો ખાટરનીસા થઈ ગઈ છે. કેમ ટીભુ કાકા ! ટમે વડઘ છો. સટચાડથ હોય ટે બોલજો.

ત્રિભુવનદાસ—(પારવતી કાકીનો વર) જો બાલુભાઈ ! આ કામ કેવી તરેહનું છે કે ખરી સમશેર બજાવવાનું છે. પણ તમે સઉ જુવાનિયાને કામની આગળની વાતો આવી ગઈ, ને થોડી આગળ ને પાછળની વાતો અમારે સાંભળ્યા જેવી છે. હવે તો અમારે નિવરતીપારાયન ભગવાનનું સમરન કરવાનું છે. તમારી વાતોમાં અમારે બોલવાનું કામ નહિ, તેથી રોજ બેશીને સાંભળું છું ને જાઉં છું. પન ભટજીનાં વચન તો નીકળે છે, રામબાણ જ છે, એમાં કંઈ ફેર નહિ. જેના ભાગ્યમાં હશે તે એમની સોબત કરશે. કેમ ભાઈ, ખોટું છે ?

દાસ—આમ જુઓ, ટીભુકાકા ! લેવું દેવું, સંગટ હવી, એ સડવે પ્યાલબદના ખેલ છે, ટેમાં પન આપના સડખા મુડખ્ખીના પુનકી સક્ર બને છે. સંસાડ કેવો છે, ભતજીઆવાએ નહી કહ્યું કે ' અનિડવચની ', ટે પડ બહું ઢોડન છે. આ પાડવટી કાકીનો સભાવ પન ઘનો જ સારો છે, ને આપનો પન ટેવો જ. ભલા મારા માઠાનું છટ્ટર છો તો મને થીક છે. કેમ વિથ્થલજી ! ઘયદા વિનાનું ઘડ સનું જ જાનવાનું છે.

વિઠ્ઠલજી—ખરું છે. ચાલો, દાસ ! હવે ઘણો વિલંબ થયો, માટે બોલો સદ્દગુરુ દેવકી જય. (પછી સર્વ પગે લાગી પોતપોતાને ઘેર વાતો કરતાં જાય છે.)

વિજયા—(સર્વના ગયા પછી આવી મનોહરને પગે લાગી) આજની કથામા મારા પ્રથમ દિવસે પૂછેલા પ્રશ્નોનું સઘળું સમાધાન આવી ગયું. હવે મેં જાણ્યું; એ વચનો તો કેવળ ત્યાગીને જ બોધ કરેલાં છે. એ વચનોપ્રમાણે ચાલનાર પુરુષ લાખ્ખોમાં એક જ હોય છે. તેને અથવા બહારથી સંગી અને અંતરમાં ત્યાગવાળા, જેઓ પણ લાખ્ખોમાં એક હોય છે, તેવા પુરુષને સદ્દગુરુ કરવા, એવો બોધ આ છેલ્લો કહ્યો, નહિ વારું ?

મનોહર—હા, એ વિના પણ ઘણી બાબતો આજે આવી ગઈ છે. પણ ભલે હવે તારા પ્રશ્નોનું સમાધાન થયું એટલે બસ છે. પણ જોજે ! હજી તો આગળ તારું ઘણું સમાધાન થશે. આ તો કાંઈ જ કહ્યું નથી એમ જાણજે. હજી ખરેખરી કથા તો આગળ આવનાર છે, તું ધૈર્ય ધરીને સાંભળી સાર લઈશ તો ઘણી સુખી થઈશ.

વિજયા—આપની કૃપા છે તો હું મારાથી બનતો સાર લઇને રોજ મારા મનનો સુધારો કરતી જાઉં છું. અને આગળ પણ જેમ જેમ સાંભળીશ તેમ તેમ બનતો સુધારો કરતી જઈશ. તેમ છતાં જે કાંઈ મારા દોષ બાકી રહેલા આપને જણાય, તે મને કહીને દૂર કરાવજો, એટલું જ હું બે હાથ જોડીને આપની પાસે માગું છું.

મનોહર—તું પણ મારામાં દોષ જુએ તો મને ચેતવતી રહેજે. કારણ કે ઘણે સ્થાને એવું બને છે કે પોતાના દોષ પોતાને દેખાતા નથી, માટે તું મને જણાવજે. એમાં તારા ધર્મનો ભંગ નથી, પણ ઉલટો તારો મુખ્ય ધર્મ સચવાશે. કારણ કે સ્ત્રિયે પતિના દોષ જાણવા તથા તેને યુક્તિથી છોડાવવા જોઇએ, એવું શાસ્ત્રમાં વચન છે.

વિજયા—હું મૂર્ખસરખી છું તે શું દોષ જાણું! પણ ભલે આપની આજ્ઞા મસ્તકે ચઢાવું છું. પણ વારં એક વાતનું મારા મનમાં ભય થયા કરે છે, તે એ કે આ ગરબીઓમાં છેડે આપનું નામ આવે છે તે હું બોલું તો લોકો કહેશે કે કેવી નિર્લજ છે, તેનું કેમ, ને વળી દોષ પણ થતો હશે.

મનોહર—દોષનું તો ઠીક છે; પણ આ ગરબીઓમાં મારું નામ નથી, મને તો સઉ 'મનોહર' કહે છે. અને એમાં તો મનહર શબ્દ એટલે મનને હરનાર અથવા મનને હરણ કરે એવું, એવો મનહર શબ્દનો અર્થ છે. એ પ્રમાણે અર્થ તે કડીનો મેળવી જોજે, એટલે તારી ખાતરી થશે.

વિજયા—આજે બરાબર સાત દિવસ થયા, પણ એટલામાં મારા વિચારપ્રમાણે તો ઘણો સારો ફાયદો મને તથા આપણા મહેલ્લાનાં કેટલાંએકને થયો છે. તો હજી આગળ જો આમ ને આમ મહિનો બે મહિના ચાલશે તો પછી બધાંએ રસ્તે પડી જશે, કેમ નહિ વારું ?

મનોહર—જો, ! આ સાત દિવસમાં તો હજી ખરો કરવા યોગ્ય બોધ તો કરવામાં આવ્યો જ નથી. આમાં તો માત્ર ગૃહવ્યવહાર તથા પરસ્પર સાથે ચાલવાની નાનામોટાની નીતિ, જેથી માણસપણું આવેલું ગણાય, એ જ માત્ર કહ્યું છે. તોપણ એમાંની દરેક વાર્તાકિપર લક્ષ કરીને બુદ્ધિમાન્, વિચાર કરી વધવા માંડે, તો તે સંસારમાં સુખનો અનુભવ કર્યા વિના રહે નહિ. લે ચાલ હવે; પેલી આજની કરેલી સ્તુતિ ગાઈ સંભળાવ, એટલે પછી સૂઈ જઈએ.

વિજયા—

પદ. સીતાના મહિનાની લય.

હે સર્વેશ્વર ધરી મહેર, સુમતિને સ્થાપજો;
ઘર ઘર વર્તે છે કેર, તે દુઃખ સઉ કાપજો.
નરનારીની જોડ જગેશ, જગતમાં લાવીને;
આપી સંગી વિરોધી શીદ, મારો છો તાવીને ?
વદું વિનતિ વારંવાર, સુસંગી આપજો;
સદ્‌ગુણ સઉના ઉરમાંહિ, ઉમંગે છાપજો.
પતિપત્ની લિયે સુખ સાર, પ્રજા પણ સુધરે;
જેથી ભજિ તમને હે ઇશ, જીવો આ ઉદ્ધરે.
વ્યવહાર સુધારીને સુખ, દિયો વ્યવહારનું,

તમ ભક્તિ વધારીને દુઃખ,—ટાળો યમમારનું.
અવધિએ અરજ છે એ જ, દુઃખદ દુર્ગુણ હરો;
મનહર અબળાના તાપ, શમાવી સુખ કરો.

(ગાઈ રહીને) કેમ ત્યારે હવે નિદ્રાવશ થવું છે?

મનોહર—હા ચાલો ત્યારે, જગદીશ્વર પરમાત્માનું સ્મરણ કરતાં સૂઈ જઈએ. (સૂઈ જાય છે.)

प्रथम अलंकार समाप्त.

દોહરો.

ભામિનિ ! આ ભૂષણ સજો, દૂષણ ત્યજિને દૂર,
સમૂળ મળ ટળશે સહુ, વધશે ઝાઝું નૂર.
આ ભામિનિભૂષણતણો, ભણિ પ્રથમાલંકાર,
ભાવે મન, તો ભાખજો, પ્રકટ દ્વિતીય પ્રકાર.

બ્રહ્મચર્ય.

આ લોકપ્રિય લઘુલેખમાલાનો પ્રથમ અંક છે. પ્રત્યેક વિદ્યાર્થીના હાથમાં આપવાયોગ્ય આના જેવું બીજું પુસ્તક તમને ભાગ્યે જ જડશે. મૂલ્ય ૦—૦—૬; પોસ્ટેજ ૦—૦—૬.

રોગ ટાળવાના ઉપાયો.

લોકપ્રિય લઘુલેખમાલાનો આ બીજો અંક છે. ઔષધવિના આરોગ્યના નિયમો પાળવાથી તથા જલોપચારથી વ્યાધિઓ કેવી રીતે ઘેર બેઠે મટાડી શકાય છે તે આ અંકમાં ઉત્તમ પ્રકારે વર્ણવવામાં આવ્યું છે. મૂલ્ય ૦—૧—૬; પોસ્ટેજ ૦—૦—૬.

પ્લેગથી બચવાનો કોઇ ઉપાય નથી શું?

લોકપ્રિય લઘુલેખમાલાનો આ ત્રીજો અંક છે. સર્વ પ્રકારના વ્યાધિઓ તથા દુઃખોથી બચવા માટે સદ્વિચારનો મહિમા આ અંકમાં બહુ રસભરેલી રીતે વર્ણવવામાં આવ્યો છે. મૂલ્ય ૦—૧—૬; પોસ્ટેજ ૦—૦—૬.

ઈશ્વરની ભક્તિ મનુષ્યોએ શામાટે કરવી?

આ લોકપ્રિય લઘુલેખમાલાનો ચોથો અંક છે. પ્રત્યેક મનુષ્યના હાથમાં આપવાયોગ્ય આના જેવું બીજું પુસ્તક તમને ભાગ્યે જ જડશે. મૂલ્ય ૦—૦—૬; પોસ્ટેજ ૦—૦—૬.

શ્રેયસ્સાધકઅધિકારિ વર્ગ, એ શું છે?

લોકપ્રિય લઘુલેખમાલાનો આ પાંચમો અંક છે. તેમાં શ્રેયસ્સાધકઅધિકારિવર્ગ એ શું છે, તેના સિદ્ધાંતો કેવા છે; તેમાં કોને દાખલ કરવામાં આવે છે વગેરે વિષયોવિષે વિસ્તારથી વર્ણન કરવામાં આવ્યું છે. મૂલ્ય ૦—૧—૬; પોસ્ટેજ ૦—૦—૬.

મૂર્તિપૂજાનું ખંડન કરનારા મૂર્તિપૂજાના ખરા રહસ્યથી કેટલા અજ્ઞાન છે?

લોકપ્રિય લઘુલેખમાલાનો આ છઠ્ઠો અંક છે. એમાં મૂર્તિપૂજા ખરી હોવાનાં કારણો, તથા તેથી કેવા લાભ થાય છે, તે સ્પષ્ટ રીતે દર્શાવવામાં આવ્યું છે. મૂલ્ય ૦—૦—૬; પોસ્ટેજ ૦—૦—૬.

વિવિધ જ્ઞાનબોધક વિષયો.

મહાકાલના ૧૬ મા પુસ્તકના કાર્તિકથી શ્રાવણ માસના અંક સુધીમાં જે અત્યંત રસમય વિષયો આવ્યા છે, જેવા કે શ્રીમન્નૃસિંહાચાર્યજીનું જીવનચરિત્ર, યોગિનીની વાર્તા, વિચારરત્નરાશિ, વગેરે તે સર્વનો આમાં સમાવેશ કર્યો છે. મૂલ્ય રૂ. ૧—૪—૦; પોસ્ટેજ ૦—૧—૬.

શ્રીમન્નૃસિંહાચાર્યજીનાં રચેલાં અત્યંત લોકપ્રિય પુસ્તકો.

भामिनीभूषण. (પાંચ ભાગમાં)

સ્ત્રીઓને વાંચવા લાયક ઉત્તમ પુસ્તકો ઘણા શોધે છે, પણ તે તેમને જડતાં નથી. ભામિનીભૂષણના પાંચે ભાગ આ ખોટ પૂરી પાડે છે. તેમાં પરણેલાં સ્ત્રીપુરુષોને આ સંસારમાં જે જાણવાની જરૂર છે, તે રસભરી વાર્તાઓમાં તથા વિવિધ આડ પ્રસંગોમાં એવું તો ઉત્તમ પ્રકારે વર્ણવવામાં આવ્યું છે કે તેને વાંચનાર સ્ત્રીપુરુષોમાં તે જ દિવસથી સુધારો થયા વિના રહેતો નથી. આ પુસ્તકો એકવાર ખરીદો, અને તમને તેથી કદી પણ પશ્ચાત્તાપ થશે નહિ. પાંચે ભાગોનું એકંદર મૂલ્ય ૫—૦—૦ પોસ્ટેજ ૦—૬—૦. પ્રત્યેક ભાગ છુટો પણ મળી શકશે.

श्रीत्रि[illegible]वनविजयी खड्ग.

તમે વાર્તાનાં અનેક પુસ્તકો વાંચ્યાં હશે, પણ આ પુસ્તક તમે જ્યાં સુધી વાંચ્યું નથી ત્યાં સુધી ઉત્તમ બોધ, રસવાળી વાર્તામાં કેવી રીતે ગુંથવામાં આવે છે, તે તમારા જાણવામાં ભાગ્યે જ આવ્યુ હશે. સત્શાસ્ત્રોના નિશ્ચયો, વાંચનારને અત્યંત આનંદ આપે એવી વાર્તાના રૂપમાં જો કોઈ પણ ગ્રંથમાં ગુંથવામાં આવ્યા હોય તો તે આ જ ગ્રંથ છે. તેને વાંચતાં તમારા અંતઃકરણની અત્યંત ઉંચી સ્થિતિ થયેલી તમે તત્કાળ અનુભવશો. મૂલ્ય રૂ. ૧—૪—૦; પોસ્ટેજ રૂ. ૦—૨—૦

श्रीसिद्धांतसिन्धु (प्रथम तथा द्वितीय रत्न.)

યોગ, તત્ત્વવિચાર, તથા ભક્તિના સિદ્ધાંતોનો આ ગ્રંથ સમુદ્ર છે. આ ગ્રંથમાં પણ વાર્તાના રૂપમાં મનુષ્યને જાણવાનું, મેળવવાનું તથા કરવાનું સ્પષ્ટ તથા સરળ રીતે સમજાવ્યું છે. સંસાર ત્યજવાથી જ મોક્ષ મળે છે, એવું માનનારને આ ગ્રંથ ખાતરી કરી આપે છે કે ગૃહસ્થાશ્રમનું યોગ્ય પ્રકારે પાલન કરવામાં આવે તો સંસારનો ત્યાગ કર્યાવિના પણ મોક્ષસુખનો અનુભવ થાય છે.

આ ગ્રંથમાં શ્રીમન્નૃસિંહાચાર્યજીની સુંદર છબી આપવામાં આવી છે. મૂલ્ય ૧—૮—૦; પોસ્ટેજ ૦—૨—૦.

सती सुवर्णा.

આ અત્યંત બોધદાયક અને રસવાળી વાર્તા છે. મૂલ્ય ૦-૫-૦ પોસ્ટેજ ૦-૧-૦.

श्रीनृसिंहवाणीविलास (प्रथम पुस्तक.)

શ્રીમન્નૃસિંહાચાર્યજીએ રચેલાં જ્ઞાનનાં, વૈરાગ્યનાં, ઉપદેશનાં વગેરે પદ્યોનો આ ગ્રંથમાં સંગ્રહ કરવામાં આવ્યો છે. મૂલ્ય ૦-૬-૦; પોસ્ટેજ ૦-૧-૦

श्रीनृसिंहवाणीविलास (द्वितीय पुस्तक.)

આ ગ્રંથમાં પણ ઉપર પ્રમાણે બીજાં નવાં પદ્યોનો સંગ્રહ કરવામાં આવ્યો છે. મૂલ્ય રૂ. ૧—૦—૦; પોસ્ટેજ ૦-૨-૦

श्रीनृसिंहवाणीविलास (तृतीय पुस्तक.)

આમાં પણ ઉપર પ્રમાણે જ બીજાં નવાં પદ્યોનો સંગ્રહ કરવામાં આવ્યો છે. વળી તે સાથે ભામિનીભૂષણના પાંચે અલંકારોમાં જે પદ્યો આવેલાં છે, તે સર્વનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. મૂલ્ય રૂ. ૧-૦-૦; પોસ્ટેજ ૦-૨-૦.

श्रीसुरेशचरित्र (पूर्वार्ध.)

નાટકનાં રૂપમાં આ એક જ્ઞાનની પ્રક્રિયા છે. મૂલ્ય રૂ ૧-૦-૦; પોસ્ટેજ ૦-૨-૦.

श्रीसद्बोधपारिजातक.

શ્રીમન્નૃસિંહાચાર્યજીએ શ્રેયસ્સાધકોને તથા અન્ય સજ્જનોને પ્રસંગોપાત્ત જે પત્રો લખ્યા હતા, તેમાંથી બોધક પત્રોનો આ ગ્રંથમાં સંગ્રહ કરવામાં આવ્યો છે. મૂલ્ય ૦-૮-૦; પોસ્ટેજ ૦-૧-૦.

सन्मित्रनुं मित्रप्रति पत्र.

પત્રના રૂપમાં આ ગ્રંથમાં મનુષ્યના કર્તવ્યનો ઉત્તમ પ્રકારે બોધ કરવામાં આવ્યો છે. મૂલ્ય ૦-૮-૦; પોસ્ટેજ ૦—૧—૦.

श्रीपंचवरदवृत्तान्त.

આ જ્ઞાનનો એક અદ્ભુત ગ્રંથ છે. પંચવરદ નામના એક જીવન્મુક્ત નૃપતિએ બે મહાપુરુષોનો સમાગમ કરી તેમની પાસેથી જે ઉત્તમ બોધ શ્રવણ કર્યો છે, તેનું તેમાં બહુ રસ ભરેલી રીતે વર્ણન કરવામાં આવ્યું છે. મૂલ્ય રૂ. ૦-૧૨-૦; પોસ્ટેજ ૦—૧—૬.

સુબોધક ઉપદેશ—પ્રથમ ઉપદેશ.
(શ્રીમચ્છંકરાચાર્યજી રચિત.)

મૂલ્ય ૦—૧—૦; પોષ્ટેજ ૦—૦—૬.

સદુપદેશશ્રેણી.

શ્રેયસ્સાધકઅધિકારીવર્ગના ઉત્સવોમાં જે વ્યાખ્યાનો થાય છે તે સર્વનો આ પુસ્તકોમાં સંગ્રહ કરવામાં આવ્યો છે. આજ સુધીમાં તેના બત્રીસ ભાગ પ્રકટ થયા છે. તેમાં જે જે વિષયો આવ્યા છે તે નીચે પ્રમાણે:—

સદુપદેશશ્રેણી—પ્રથમ સદુપદેશ.

૧ કર્મ અને સંન્યાસ—નર્મદાશંકર દેવશંકર મહેતા, બી. એ.
૨ કર્તવ્યવિચાર—છોટાલાલ જીવનલાલ.
૩ કીર્તન.

મૂલ્ય ૦—૧—૦; પોસ્ટેજ ૦—૦—૬.

સદુપદેશશ્રેણી—દ્વિતીય સદુપદેશ.

૧ બ્રહ્મસ્વરૂપ—જેઠીસનદાસ જેઠાભાઈ કણીયા, બી. એ.
૨ વિદ્યા અને મોક્ષ—ન૦ દે૦ મહેતા, બી. એ.
૩ એકાંતવાસ અને બ્રહ્મવિચાર—કૌશિકરામ વિઘ્નહરરામ મહેતા, બી. એ.
૪ કર્તવ્યપ્રવર્તન—છો૦ જી૦
૫ કીર્તનો.

મૂલ્ય ૦—૨—૬; પોસ્ટેજ ૦—૦—૬.

સદુપદેશશ્રેણી—તૃતીય સદુપદેશ.

૧ સ્મરણશક્તિ—નગીનદાસ ગોકળદાસ મહેતા, બી. એ.
૨ આનંદમીમાંસા—ન૦ દે૦ મહેતા.
૩ ભક્તિ—મણિશંકર હરગોવિંદ ભટ્ટ, બી. એ.
૪ વેદાન્તસાધન અને આશ્રમવ્યવસ્થા—કૌ૦ વિ૦
૫ શ્રેયસ્સાધકોની શંકાનાં સમાધાન—જે૦ જે૦ કણીયા.
૬ પ્રામાણ્યની સત્વર સિદ્ધિ થવાનાં સાધનો સંબંધી વિચાર. } છો૦ જી૦
૭ કીર્તનો.

(શ્રીસંસદ્નાં વ્યાખ્યાનો)

૮ સંતોષ—બા૦
૯ સ્ત્રીકર્તવ્ય—બા૦
૧૦ સ્વદોષદર્શન.—વિ૦

મૂલ્ય ૦—૬—૦; પોસ્ટેજ ૦—૧—૦.

સદુપદેશશ્રેણી—ચતુર્થ સદુપદેશ.

૧ પ્રપંચમિથ્યાત્વ અને નિષ્પ્રપંચત્વનું સંશોધન.—ન૦ દે૦ મહેતા.
૨ સાધનનિષ્ઠા—જેકીસનદાસ ગંગાદાસ ભક્ત.
૩ શ્રેયસ્સાધકોની શંકાનાં સમાધાન—જે૦ જે૦ કણીયા.
૪ પુરુષપ્રયત્ન—ન૦ ગો૦ મહેતા.
૫ સાધનવિચાર—મ૦ હ૦ ભટ્ટ.
૬ સંયમસાધક હેતુઓ સંબંધી વિચાર—છો૦ જી૦
૭ આશ્વાસન—છો૦ જી૦
૮ કીર્તનો.

(શ્રીસંસદ્‌નાં વ્યાખ્યાનો)

૯ મુમુક્ષુનાં લક્ષણો—ઘ૦
૧૦ શ્રીનચિકેતાનું આખ્યાન અને તે ઉપરથી લેવાયોગ્ય બોધ—વિ૦
૧૧ પતિવ્રતા ધર્મ—બા૦

મૂલ્ય ૦-૮-૦; પોસ્ટેજ ૦-૧-૦

સદુપદેશશ્રેણી—પંચમ સદુપદેશ.

૧ તીર્થમીમાંસા—ન૦ દે૦ મહેતા.
૨ ઉપાધિવાળા સાધકોનો મોક્ષાનુકૂલ પ્રયત્ન.—જે૦ ગં૦ ભક્ત.
૩ શ્રીગીતાસિદ્ધાન્ત કૌમુદી—મ૦ હ૦ ભટ્ટ.
૪ માયાસ્વરૂપ—જે૦ જે૦ કણીયા.
૫ દશ્યમાર્જન તથા બ્રહ્મદર્શન—કૌ૦ વિ૦ મહેતા.
૬ હૃદ્‌બલ—નગીનદાસ પુરુષોત્તમદાસ સંઘવી.
૭ કીર્તનો.

(શ્રીસંસદ્‌નાં વ્યાખ્યાનો.)

૮ શ્રી ઇષ્ટને સર્વસ્વાર્પણ—વિ૦
૯ આત્મજ્ઞાનનાં સાધનો—ઘ૦
૧૦ મુક્તિમંદિરના ચાર દ્વારપાળો—બા૦

મૂલ્ય ૦-૮-૦; પોસ્ટેજ ૦-૧-૦

સદુપદેશશ્રેણી—ષષ્ઠ સદુપદેશ.

૧ અર્વાચીન પદાર્થવિજ્ઞાનશાસ્ત્રનો અદ્વૈત વાદ.—ન૦ દે૦ મહેતા.
૨ વિષયસંબંધ અને મુક્તાવસ્થા—જે૦ ગં૦ ભક્ત,
૩ શ્રેયસ્સાધકોની શંકાનાં સમાધાન—જે૦ જે૦ કણીયા.

૪ શ્રીગીતાસિદ્ધાન્તકૌમુદી—મ૦ હ૦ ભટ્ટ.
૫ દશ્યમાર્જન તથા બ્રહ્મદર્શન—કૌ૦ વિ૦ મહેતા.
૬ આત્મબલ—છો૦ જી૦

(શ્રીસંસદ્‌નાં વ્યાખ્યાનો.)

૮ સત્સમાગમ—જ૦
૯ ચૂડાલાખ્યાન—બા૦

મૂલ્ય ૦—૧૦—૦, પોસ્ટેજ ૦—૧—૦.

સદુપદેશશ્રેણી—સપ્તમ સદુપદેશ.

૧ સાધકની દિનચર્યા—જે૦ ગં૦ ભક્ત.
૨ હૃદ્‌બલ—સંઘવી.
૩ ચતુષ્કપર્વા માયા અને સેતુચતુષ્ક—ન૦ દે૦ મહેતા.
૪ દશ્યમાર્જન તથા બ્રહ્મદર્શન—કૌ૦ વિ૦ મહેતા.
૫ વિનયન—ચિમનરાય ખુશાલરાય.
૬ વૈરાગ્ય—જે૦ જે૦ કણીયા.
૭ શ્રેયસ્સાધક—છો૦ જી૦
૮ કીર્તનો.

(શ્રીસંસદ્‌નાં વ્યાખ્યાનો)

૯ દશ્યનો મોહ દુઃખદ છે—પ્ર૦
૧૦ વ્યવહાર તથા પરમાર્થમાં સ્ત્રીઓએ ગ્રહણ કરવા યોગ્ય ગુણો—બા૦
૧૧ અષ્ટાવક્રાખ્યાન—ઘ૦
૧૨ કીર્તનો.

મૂલ્ય ૦—૧૨—૦; પોસ્ટેજ ૦—૨૦.

સદુપદેશશ્રેણી—અષ્ટમ સદુપદેશ.

૧ વિનયન—ચી૦ ખુ૦
૨ સાધનચતુષ્ટય—જટાશંકર દયારામ વ્યાસ.
૩ સ્વરૂપસામ્રાજ્ય—ન૦ દે૦ મહેતા.
૪ હૃદ્‌બલ—સંઘવી.
૫ દાનવિચાર—જે૦ જે૦ કણીયા.
૬ વિચારવાજી—કૌ૦ વિ૦ મહેતા.
૭ શ્રેયસ્સાધક—છો૦ જી૦
૮ કીર્તનો.

(શ્રીસંસદ્‌નાં વ્યાખ્યાનો

૯ સંસારમાં પડતાં દુઃખો અને તેથી થતા લાભ—**બા૦**
૧૦ સજ્જનદુર્જનની સંગતિના લાભાલાભ—**પ્ર૦**
૧૧ શ્રીજન્મ—**હરિમંગલા.**

મૂલ્ય ૦–૧૨–૦; પોસ્ટેજ ૦–૨–૦.

સદુપદેશશ્રેણી–નવમ સદુપદેશ.

૧ અંતસ્ત્યાગી અને બહિઃસંગી અવસ્થા—ભક્ત.
૨ વિચારવાજી—કો૦ વિ૦ મહેતા.
૩ પદાર્થતત્ત્વનિર્ણય—ન૦ દે૦ મહેતા.
૪ વિનયન—ચી૦ ખુ૦
૫ હૃદ્‌બલ—સંઘવી.
૬ શ્રેયઃસ્સાધકોની પ્રકીર્ણ શંકાઓના સમાધાન–કણીયા.
૭ કીર્તનો.

(શ્રીસંસદ્‌નાં વ્યાખ્યાનો)

૮ પ્રામવ્યવિચાર—**શા૦**
૯ ષડ્રિપુ—**વિ૦**
૧૦ શ્રેયમ્‌નાં સાધનો વિષે વિચાર—**ધનદાગૌરી.**

મૂલ્ય ૦–૧૨–૦; પોસ્ટેજ ૦–૨–૦.

સદુપદેશશ્રેણી–દશમ સદુપદેશ

૧ શ્રેયસ્સાધક—છો૦ જી૦
૨ ધ્યાન અને જ્ઞાન—ન૦ દે૦ મહેતા.
૩ વ્યાધિનિરોધમહાવિદ્યા—સંઘવી.
૪ સમાગમ સાર્થક ક્યારે ?—ભક્ત.
૫ અવતારસ્વરૂપ—કણીયા.
૬ સાધનચતુષ્ટય—જ૦ દ૦ વ્યાસ.
૭ કીર્તનો.

(શ્રીસંસદ્‌નાં વ્યાખ્યાનો)

૮ ભૂમિકાવિચાર—**બા૦**
૯ સધવા તથા વિધવા સ્ત્રીઓના ધર્મ—**પ્ર૦**
૧૦ આત્મજ્ઞાનમાં ઉપયોગી સાધનો—**વિ૦**

મૂલ્ય ૦–૧૨–૦; પોસ્ટેજ ૦–૨–૦.

सदुपदेशश्रेणी-एकादश सदुपदेश.

૧ ઉત્સવ—ભક્ત.
૨ મહેશ્વરનું ધ્યાન—ભક્ત.
૩ વિજ્ઞાનસ્પંદન—ન૦ દે૦ મહેતા.
૪ વિચારવાજી—કો૦ વિ૦ મહેતા.
૫ શ્રેયસ્સાધક—છો૦ જી૦
૬ શ્રીસોમવિદ્યા—સંઘવી.
૭ જીવસ્વરૂપ—કણીયા.
૮ સાધનચતુષ્ટય—જા૦ દ૦ વ્યાસ.
૯ સંયમસ્વરૂપ, તેના હેતુ, ફલ તથા ઉપાય—श्रीउ०
૧૦ કીર્તને.

(શ્રીસંસદ્‌નાં વ્યાખ્યાને)

૧૧ તત્ત્વવિચાર—घ०
૧૨ નવધા ભક્તિ—शि०
૧૩ સદ્‌વિચાર શામાટે સેવવા જોઈએ ?—जा० देवी.
૧૪ કીર્તને.

મૂલ્ય ૦–૧૨–૦; પોસ્ટેજ ૦–૨–૦.

सदुपदेशश्रेणी-द्वादश सदुपदेश.

૧ સદ્‌ગુણરૂપી ધન—ભક્ત.
૨ ક્રોધતત્ત્વસંશોધન—કણીયા.
૩ વિચારવાજી—કો૦ વિ૦ મહેતા.
૪ ક્રિયા તથા વિચારનું માધુર્ય—ન૦ દે૦ મહેતા.
૫ વ્યાધિનિરોધમહાવિદ્યા પ્રયોગ—સંઘવી.
૬ પ્રારબ્ધ અને પુરુષાર્થ—કો૦ વિ૦ મહેતા.
૭ સાધનચતુષ્ટય—જા૦ દ૦ વ્યાસ.
૮ સામર્થ્યને પ્રાપ્ત કરવાની કળા—છો૦ જી૦
૯ પ્રેમસ્વરૂપ—श्रीउ०
૧૦ કીર્તને.

(શ્રીસંસદ્‌નાં વ્યાખ્યાને)

૧૧ માતાને ધર્મ—बा०
૧૨ સદ્વિચાર—ह०
૧૩ વિવેક અને વિરાગ—म०
૧૪ કીર્તને.

મૂલ્ય ૦–૧૪–૦ પોસ્ટેજ ૦–૨–૦.

સદુપદેશશ્રેણી—ત્રયોદશ સદુપદેશ.

૧ ક્ષમા—ભક્ત.
૨ વિચારવાજી—કી૦ વિ૦ મહેતા.
૩ સાંખ્યસિદ્ધાન્તનિરૂપણ—કણીયા.
૪ અંતઃકરણની સ્થિતિસાથે દ્રવ્યાદિની અનુકૂલતાનો સંબંધ—છો૦ જી૦
૫ શ્રીપ્રમેયતત્ત્વાદર્શ—શ્રીઉ૦
૬ વ્યાધિનિરોધમહાવિદ્યાપ્રયોગયુક્તિસંઘ—સંઘવી.
૭ અંતઃકરણની ઉચ્ચ કલા શી રીતે કરવી ?—શ્રીઉ૦
૮ કીર્તનો.

(શ્રીસંસદ્‌નાં વ્યાખ્યાનો)

૯ કેટલીક સામાન્ય ભ્રાંતિઓ અને તેનું નિરાકરણ—ઘ૦
૧૦ સુખને ક્યાં શોધવું ?—પ્ર૦
૧૧ ગ્રાહ્ય તથા ત્યાજ્ય વિષયો—જ૦ દેવી.
૧૨ કીર્તનો.

મૂલ્ય ૦—૧૨—૦; પોસ્ટેજ ૦—૨—૦.

સદુપદેશશ્રેણી—ચતુર્દશ સદુપદેશ.

૧ વર્ણવ્યવસ્થા—કણીયા.
૨ શ્રેયસ્સાધક—છોટાલાલ જીવનલાલ.
૩ ક્રિયા તથા વિચારનું માધુર્ય—ન૦ દે૦ મહેતા.
૪ ભેદાપલાપન—ચી૦ મુ૦
૫ દીનત્વને ત્યજવાની અમોઘ કલા—શ્રીઉ૦
૬ કીર્તનો.

(શ્રીસંસદ્‌નાં વ્યાખ્યાનો.)

૭ નમ્રતા—બા૦
૮ સંસારઆદર્શ—શી૦
૯ સાધનસિદ્ધિ—ઘ૦
૧૦ સ્ત્રીઓએ પોતાના સામર્થ્યને શી રીતે વધારવું ?—જ૦ દેવી.

મૂલ્ય ૦—૧૨—૦; પોસ્ટેજ ૦—૨—૦.

સદુપદેશશ્રેણી—પંચદશ સદુપદેશ.

૧ બ્રાહ્મીભાવનાનો અધિકાર—કણીયા.
૨ ક્રિયા અને બુદ્ધિ—કી૦ વિ૦ મહેતા.
૩ દિવ્ય વ્યવહાર—ભક્ત.

૪ વિચારવાણી—કો૦ વિ૦ મહેતા.
૫ સુખની સત્વર સિદ્ધિ અર્થે શું કરવું ?—છો૦ જી૦
૬ બ્રહ્મવિદ્યા અને તેની સાધકના જીવનપર થતી અસર—ન૦ દે૦ મહેતા.
૭ સાધનચતુષ્ટય—જ૦ દ૦ વ્યાસ.
૮ શ્રીપ્રમેયતત્ત્વાદર્શ—શ્રીજી૦
૯ શ્રીપુરશ્ચરણરહસ્ય—સંઘવી.
૧૦ કીર્તનો.

(શ્રીસંસદ્‌નાં વ્યાખ્યાનો.)

૧૧ અભિમાનથી થતી હાનિ—ઘા૦
૧૨ શ્રદ્ધા—પ્ર૦
૧૩ સ્વસ્વરૂપનિષ્ઠા—ઠા૦
૧૪ મનુષ્યનું કર્તવ્ય—હ૦
૧૫ કીર્તનો.

મૂલ્ય ૦-૧૨-૦; પોસ્ટેજ ૦-૨-૦

સદુપદેશશ્રેણી—ષોડશ સદુપદેશ.

૧ મૂર્તિપૂજા તથા પ્રતીકોપાસના—કણીયા.
૨ વિચારવાણી—કો૦ વિ૦ મહેતા.
૩ પોતાનું સર્વોત્તમ હિત સાધવું એ મનુષ્યનું કર્તવ્ય છે—છો૦ જી૦
૪ શ્રેયસ્સાધક—છો૦ જી૦
૫ ધાર્મિક જીવન—ન૦ દે૦ મહેતા.
૬ વ્યાધિનિરોધમહાવિદ્યાયુક્તિસંઘ—સંઘવી.
૭ સાધનચતુષ્ટય—જ૦ દ૦ વ્યાસ.
૮ સામર્થ્યપ્રાપ્તિની અલૌકિક કલા—શ્રીજી૦
૯ કીર્તનો.

(શ્રીસંસદ્‌નાં વ્યાખ્યાનો)

૧૦ કર્તવ્યવિચાર—ઘા૦
૧૧ અજ્ઞાનથી થતા અનર્થો—શિ૦
૧૨ યથાર્થ શીલ—બા૦
૧૩ આપણી ઉન્નતિ—જ૦દેવી.
૧૪ કીર્તનો.

મૂલ્ય ૦-૧૨-૦; પોસ્ટેજ ૦-૨-૦

सदुपदेशश्रेणी—सप्तदश सदुपदेश.

પુરુષવર્ગનાં વ્યાખ્યાનો.

૧ મૂર્તિપૂજા તથા પ્રતીકોપાસના—(પ્રો. જેકીસનદાસ જે૦ કણીયા.)
૨ પાશુપતયોગરહસ્ય—(જટાશંકર દ. વ્યાસ.)
૩ ક્રિયા અને બુદ્ધિ—(કૌશિકરામ વિ. મહેતા, બી. એ.)
૪ વ્યાધિ, વૃદ્ધાવસ્થા અને મૃત્યુનો જય—(છોટાલાલ જીવનલાલ.)
૫ વ્યાધિનિરોધમહાવિદ્યાયુક્તિસંઘ—(નગીનદાસ પુ. સંઘવી.)
૬ મનુષ્ય સર્વજ્ઞ અને સર્વશક્તિમાન્ છે ?—(श्रीज०)
૭ કીર્તનો.

(સ્ત્રીસંસદ્‌માં સ્ત્રીઓએ આપેલાં વ્યાખ્યાનો.)

૧ મનુષ્યજન્મની સફળતા ક્યારે ગણાય ?
૨ પરમાત્માના અનુગ્રહપાત્ર કેવી રીતે થવાય ?
૩ યોગબલને ઘટાડનાર કારણો.
૪ આપણે કેવા પ્રકારની ક્રિયા કરવી ?
૫ કીર્તનો.

મૂલ્ય ૦-૧૨-૦; પોસ્ટેજ ૦-૧-૬.

सदुपदेशश्रेणी—अष्टादश सदुपदेश.

પુરુષવર્ગનાં વ્યાખ્યાનો.

૧ મૂર્તિપૂજા તથા પ્રતીકોપાસના—(પ્રો૦ કણીયા.)
૨ વિચારવાક્ય—(કૌ૦)
૩ વેદાન્તનિબન્ધમાલા—(નર્મદ૦)
૪ શિક્ષા અને પરીક્ષા—(ચી૦)
૫ વ્યાધિ, વૃદ્ધાવસ્થા અને મૃત્યુનો જય—(છો૦)

(સ્ત્રીવર્ગનાં વ્યાખ્યાનો.)

૧ અધિક દ્રવ્યવડે પ્રાપ્ત થતાં સુખદુઃખની તુલના.
૨ સ્ત્રીઓના સ્વાભાવિક ગુણો.
૩ નિર્વિષયી સુખની પ્રાપ્તિનું સાધન.
૪ કીર્તનો.

મૂલ્ય ૦-૧૨-૦ પોસ્ટેજ ૦-૧-૦

सदुपदेशश्रेणी-एकोनविंशतितम सदुपदेश.

(શ્રીસંસદ્‌નાં વ્યાખ્યાનો.)

મૂલ્ય રૂ. ૦-૧૨-૦; ટપાલ ખર્ચ ૦-૨-૦.

सदुपदेशश्रेणी-विंशतितम सदुपदेश.

(શ્રીસંસદ્‌નાં વ્યાખ્યાનો.)

મૂલ્ય ૦-૧૨-૦; ટપાલ ખર્ચ ૦-૨-૦.

सदुपदेशश्रेणी—एकविंशतितम सदुपदेश.

૧ નિદ્રાનિરૂપણ—**કણીયા.**
૨ તત્ત્વજ્ઞાન સર્વ સુખહેતુ છે—**કણીયા.**
૩ ગ્રમિ—**કૌશિક૦**
૪ પ્રતિભા અથવા અલૌકિક બુદ્ધિ પ્રકટાવવાનાં સાધનો—**છો૦**
૫ કીર્તનો.

[સ્રીસંસદમાં સ્રીઓએ આપેલાં વ્યાખ્યાનો.]

૧ મનુષ્યોએ સાવધાનતા સેવવાની અગત્ય.
૨ તપશ્ચર્યા કોને કહેવી.
૩ પરમાત્માને કેવી રીતે પ્રસન્ન કરવા.
૪ કેવા વિચારો ઉન્નતિને અર્પનાર છે.
૫ કીર્તનો.

મૂલ્ય રૂ. ૦—૮—૦; ટપાલ ખર્ચ રૂ. ૦—૧—૦.

सदुपदेशश्रेणी—द्वाविंशतितम सदुपदेश.

૧ નિદ્રાનિરૂપણ—**કણીયા.**
૨ ગ્રમિ—**કૌશિક૦**
૩ પ્રતિભા અથવા અલૌકિક બુદ્ધિ પ્રકટાવવાનાં સાધનો—**છો૦**
૪ કીર્તનો.

[સ્રીસંસદ્‌નાં વ્યાખ્યાન.]

૧ પ્રેમપ્રવાહ—**ધ૦**

મૂલ્ય ૦—૮—૦; પોસ્ટેજ ૦—૧—૦.

सदुपदेशश्रेणी—त्रयोविंशतितम सदुपदेश.

૧ આત્મદ્યોતન. (**છો૦**)
૨ વ્યાધિ, વૃદ્ધાવસ્થા અને મૃત્યુનો જય. (**છો૦**)
૩ વિચારવાજી. (**કૌશિક૦**)
૪ વિશિષ્ટાદ્વૈત. (**કણીયા.**)

૫ આંતર ભાન. (**ઓઝા**)
૬ પ્રતિભા અથવા અલૌકિક બુદ્ધિ પ્રકટાવવાનાં સાધનો.(**છો૦**)
૭ સ્વભાવને સુધારવાની કળા. (**શ્રીક૦**)
૮ કીર્તનો.

મૂલ્ય ૦-૧૨-૦. પોસ્ટેજ ૦-૨-૦

सदुपदेशश्रेणी-चतुर्विंशतितम सदुपदेश.

૧ વિશિષ્ટાદ્વૈત. (**કણીયા.**)
૨ સમાજનું બંધારણ. (**કૌશિક૦**)
૩ પ્રતિભા અથવા અલૌકિક બુદ્ધિ પ્રકટાવવાનાં સાધનો. (**છો૦**)
૪ આત્મઘાતન. (**છો૦**)
૫ આતર ભાન. (**ઓઝા૦**)
૬ માબાપનુ સામર્થ્ય (**છો૦**)
૭ કીર્તનો.

મૂલ્ય ૦-૧૨-૦, પોસ્ટેજ ૦-૨-૦.

सदुपदेशश्रेणी-पंचविंशतितम सदुपदेश.

૧ શ્રીશંકરાચાર્યનું ધર્મસમુદ્ધરણ (**નર્મદ૦**)
૨ આત્મઘાતન (**છો૦**)
૩ અર્વાચીન માનસશાસ્ત્ર (**ઓઝા.**)
૪ પ્રતિભા અથવા અલૌકિક બુદ્ધિ પ્રકટાવવાનાં સાધનો (**છો૦**)
૫ સમાજનું બંધારણ. (**કૌ૦**)
૬ વેદાન્તપરિભાષાવ્યાખ્યા (**કણીયા૦**)
૭ કીર્તનો.

મૂલ્ય ૦-૧૨-૦, પોસ્ટેજ ૦-૨-૦.

सदुपदेशश्रेणी-षड्विंशतितम सदुपदेश.

૧ વેદાન્તપરિભાષાવ્યાખ્યા—**કણીયા.**
૨ સમાજનું બંધારણ—**કૌ૦**
૩ પ્રવૃત્તિનિવૃત્તિવિવેક—**કણીયા.**
૪ સ્રુતિ—**કૌ૦**
૫ પ્રેમ અને નિયમ—**ભોગીલાલ.**
૬ શારદા અને શ્રીકૃષ્ણ—**(શ્રીક૦)**
૭ કીર્તનો.

(સ્ત્રીસંસદ્‌નાં વ્યાખ્યાનો.)

૧ સ્વધર્મ—**ધ૦**

૨ ત્રણ પ્રકારનાં જીવન અને તેની ઉન્નતિના માર્ગો—**પ્ર૦**

૩ સુવિચારસુમનમાલા—**જા૦ દેવી.**

મૂલ્ય ૦–૧૨–૦, પોસ્ટેજ ૦–૨–૦.

સદુપદેશશ્રેણી–સપ્તવિંશતિતમ સદુપદેશ.

૧ અભ્યાસ—**ભોગીલાલ.**

૨ શારદા અને શ્રીકૃષ્ણ—**શ્રીઉ૦**

૩ વેદાન્તપરિભાષાવ્યાખ્યા—**કણીયા.**

૪ પ્રકટ પરમેશ્વર—**કૌશિકરામ.**

૫ આત્મઘાતન—**શ્રીઉ૦**

૬ ઇશ્વિરભાવના—**નર્મદ૦**

૭ કીર્તનો.

(સ્ત્રીસંસદ્‌નાં વ્યાખ્યાનો.)

૧ પ્રગતિને માટે કયું સાધન સેવ્ય છે—**પ્ર૦**

૨ અધિકારીનાં લક્ષણ—**સુ૦**

૩ કીર્તનો.

મૂલ્ય ૦–૧૨–૦, પોસ્ટેજ ૦–૨–૦.

સદુપદેશશ્રેણી–અ[illegible]વિંશતિતમ સદુપદેશ.

૧ દીપોત્સવનું આધ્યાત્મિક રહસ્ય—**ચી૦ ખુ૦**

૨ અનિર્વેદવાદ—**ભોગીલાલ.**

૩ વેદાન્તપરિભાષાવ્યાખ્યા—**કણીયા.**

૪ વાસ્તવ ઉદય ક્યારે થયો કહેવાય ?—**પ્રમીલાબહેન.**

૫ સદ્વિચારલહરિઓ—**શ્રીઉ૦**

૬ ચિંતનાનુરૂપ સર્જન—**જગન્નાથ.**

૭ મનુષ્યને થતા ભયમાટે માબાપો જવાબદાર છે–**જા૦ ગં૦ મહેતા.**

૮ અર્વાચીન માનસ શાસ્ત્ર—**ઓઝા.**

૯ કીર્તનો.

મૂલ્ય ૦–૧૦–૦, પોસ્ટેજ ૦–૧–૬.

सदुपदेशश्रेणी–एकोनत्रिंशत्तम सदुपदेश.

૧ તત્વવિદ્યામાં શ્રદ્ધાદિ સામગ્રીની આવશ્યકતા—**ન૦ દે૦ મહેતા.**
૨ પ્રવાસનો અવધિ ક્યાં ?—**ચી૦ ખુ૦ મહેતા.**
૩ માનવજીવન અને જીવનરસ—**અં૦ ખુ૦ જાની.**
૪ આપણું જીવનતંતુયંત્ર અને તેની કેળવણી—**કે૦ વિ૦ મહેતા.**
૫ વેદાન્તપરિભાષાવ્યાખ્યા—**કણીયા.**
૬ આન્તર મનના ચમત્કારોની અન્વેષણા—**ઈશ્વરલાલ.**
૭ શિવતત્ત્વવિવેક—**ન૦ દે૦ મહેતા.**
૮ ઉત્તમ કળાકાર થવાને શું કરવું ?—**છ૦ જે૦ કણીયા.**
૯ નિષ્ફળતાના સમયે ?—**શ્રીઉ૦**

(સ્ત્રીસંસદ્‌નાં વ્યાખ્યાનો.)

૧ ગૃહદેવી—**પ્ર૦**
૨ વિચારનું પ્રાધાન્ય—**સુ૦**
૩ કીર્તનો.

મૂલ્ય ૦–૧૦–૦, પોસ્ટેજ ૦–૨–૦.

सदुपदेशश्रेणी–त्रिंशत्तम सदुपदेश.

૧ વેદાન્તપરિભાષાવ્યાખ્યા—**કણીયા.**
૨ બંધુતા અને સેવાધર્મ—**ભોગીલાલ.**
૩ સદ્વિચારલહરિઓ—**શ્રીઉ૦**
૪ હાસ્યસ્વરૂપ—**ચી૦ ખુ૦**
૫ યજ્ઞભાવના અને બ્રહ્મભાવના—**નર્મદા૦**
૬ કીર્તનો.

(સ્ત્રીસંસદ્‌નાં વ્યાખ્યાનો)

૧ ગુરુકૃપા—**શાંતા૦**
૨ પ્રતિઘોષ—**પ્ર૦**
૩ આનંદ—**સુ૦**

મૂલ્ય ૦–૮–૦, પોસ્ટેજ ૦–૧–૬.

सदुपदेशश्रेणी–एकत्रिंशतितम सदुपदेश.

૧ વેદાન્તપરિભાષાવ્યાખ્યા—**કણીયા.**
૨ આપણું જીવનતંતુયંત્ર અને તેની કેળવણી—**કે૦ વિ૦ મહેતા.**
૩ જનસેવા—**ભો૦ જ૦ ઓઝા.**

૪ કર્મમીમાંસા—અં૦ બુ૦ જાની.
૫ મંત્ર, યંત્ર અને તંત્ર—ન૦ દે૦ મહેતા.
૬ કીર્તનો.

મૂલ્ય ૦–૬–૦, પોસ્ટેજ ૦–૧–૦.

सदुपदेशश्रेणी–द्वात्रिंशतितम सदुपदेश.

૧ વેદાન્તપરિભાષાવ્યાખ્યા—કણીયા.
૨ મંત્રવિધિ—ન૦ દે૦ મહેતા.
૩ અદ્વૈત સિદ્ધાન્તનાં સર્વગ્રાહી તત્ત્વો—અં૦ બુ૦ જાની.
૪ અંતરમાં રહેલુ જીવન—ભો૦ જ૦ ઓઝા.
૫ ધર્મનાં દશ લક્ષણો—સુલોચનાબહેન.
૬ માયા અને માયાપતિનો અનુગ્રહ—બાજીગૌરીબહેન.
૭ આપણું જીવનતંતુયંત્ર અને તેની કેળવણી કૈ૦ વિ૦ મહેતા.
૮ કીર્તનો.

મૂલ્ય ૦–૮–૦, પોસ્ટેજ ૦—૧—૬.

सद्बोधस्रवन्ती.

આમાં શ્રીયુત કણીયા, શ્રીયુત નર્મદાશંકર, શ્રીયુત કૌશિકરામ તથા શ્રીયુત સંઘવી એમના નવીન નિબંધોનો સમાવેશ કર્યો છે.

મૂલ્ય ૦—૪—૦, પોસ્ટેજ ૦–૧–૦.

धनवान् थवानी अमोघ कळा.

એ અને બેનો સરવાળો જેમ ચાર થયા વિના રહેતો જ નથી, તેમ આ પુસ્તકમાં લખેલા નિયમે વર્તનાર મનુષ્ય ધનવાન્ થયા વિના રહેતો જ નથી. ભલે તમારી પાસે વ્યાપાર કરવાની પાંચ રુપૈયાની પણ મુડી નહિ હોય તો પણ આ પુસ્તક તમને મુડી કેવી રીતે મેળવવી તે પણ શીખવશે, તથા તેનાવડે તમારી ઇચ્છામાં આવે તેટલું ધન પણ કેવી રીતે મેળવવું તે પણ શીખવશે. હવે તમે નિર્ધનતાની એક ક્ષણ પણ વધારે વાર ફરીયાદ કરશો તો તેમાં તમારો જ દોષ છે. ગંગા બતાવતાં છતાં તરસ ન છીપાવનારને કેવો કહેવો ! ન પાળી શકાય એવા કઠણ નિયમો આ પુસ્તકમાં હશે, એવું ધારશો નહિ. સામાન્ય બુદ્ધિવાળો ગમે તે મનુષ્ય તેમનું પાલન

કરી શકે એમ છે. ધનવાન્ થવાની આ એક જ કળા છે. તે વિના બીજી કળા છે નહિ અને હોવી સંભવતી નથી. પાકું પુઠું. સોનેરી અક્ષરો; મૂલ્ય રૂ. ૧–૦–૦, પોસ્ટેજ ૦–૧–૦.

दुग्धोपचार अथवा दुधना सेवनवडे सघळा रोगो टाळवानो उपाय.

લોકપ્રિય લઘુલેખમાળાનો આ સાતમો અંક છે. દુધના સેવનવડે સઘળા રોગો કેવી રીતે મટાડી શકાય છે, તેનું તેમાં બહુ ઉત્તમ પ્રકારે વર્ણન કરવામાં આવ્યું છે. મૂલ્ય ૦–૦–૬, પોસ્ટેજ ૦–૦–૬.

श्रीसुधास्रोतस्विनी–द्वितीयकल्लोल.

સદુપદેશશ્રેણીના પ્રથમથી ત્રેવીશ વિભાગોમાં, સાધન સમારંભના ઉત્સવોમાં, ચિનિપ્રદીપપ્રકટીકરણોત્સવોમાં તેમ જ મહાકાલ વગેરેમા મહાકાલના તંત્રીનાં જે જે પદ્યો આવેલાં છે, તે સર્વેનો આ પુસ્તકમાં સમાવેશ કરવામા આવ્યો છે. પાકા પુઠાથી, સોનેરી અક્ષરોથી તથા ગ્રંથકર્તાની સુંદર છબીથી ગ્રંથને શોભાવવામાં આવ્યો છે. મૂલ્ય રૂ. ૧–૮–૦, પોસ્ટેજ ૦–૨–૦.

श्रीउपेन्द्रगिरामृत–प्रथम परिवाह.

સદુપદેશશ્રેણીના પ્રથમથી ત્રેવીશ વિભાગોમાં, સાધન સમારંભના ઉત્સવોમાં, ચિનિપ્રદીપપ્રકટીકરણોત્સવોમા તેમ જ મહાકાલ વગેરેમાં **શ્રીમદ્ ઉપેન્દ્ર ભગવાન્**નાં જે જે પદ્યો આવેલાં છે, તે સર્વેનો આ પુસ્તકમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આ ગ્રંથને પણ પાકા પૂંઠાથી તથા સોનેરી અક્ષરોથી શોભાવવામાં આવ્યો છે.

મૂલ્ય રૂ. ૧—૮—૦, પોસ્ટેજ ૦—૨—૦.

श्रीदिव्यमूर्ति.

(લેખક–**શ્રીમદ્ ઉપેન્દ્ર ભગવાન્.**)

શ્રી વિશ્વવંદ્યસ્મારક ફંડને સહાય્ય અર્પવાના હેતુથી આ પુસ્તક પ્રકટ કરવામાં આવ્યું છે. અદ્ભુત રસમાં લીન કરી વૃત્તિ સમીપ સર્વોત્તમ લક્ષ્યને સ્થાપનાર **નવલકથા** આ વિના બીજી તમને ભાગ્યે જ મળશે. મૂલ્ય રૂ. ૧—૦—૦, પોસ્ટેજ ૦–૧–૦

मंगलप्रेरित संदेशा
अथवा
दूरदर्शक तरुनुं अद्भुत प्रकाशन.

(રચનાર—છોટાલાલ જીવનલાલ.)

મંગલ લોકની વિવિધ હકીકતને જણાવનારી આ એક અત્યંત રસવાળી આશ્ચર્યજનક વાર્તા છે. એનો આનંદ વાંચવાથી જ સમજાય તેમ છે એક વખત વાંચવાથી તેમાં કેવો રસ અને તેની જ સાથે ઉંચા પ્રકારનું જ્ઞાન મિશ્રિત થયું છે તે સમજાશે.

મૂલ્ય રૂ. ૧–૪–૦, પોસ્ટેજ ૦–૨–૦.

વ્યવસ્થાપક, મહાકાલ, વડોદરા.

શ્રીમહાકાલ.

જ્યાસુધી **શ્રીમહાકાલ** તમારા વાંચવામાં નથી આવ્યું ત્યાં સુધી ગુજરાતી ભાષામાં સર્વોત્તમ માસિક કેવું હોય છે, તેનો તમને અનુભવ થયો નથી. આ માસિક મોટાં ૪૦ પૃષ્ઠનું છે, અને તે એકવિશ વર્ષથી પ્રકટ થાય છે. તેમાં મનુષ્યની શારીરિક, માનસિક તથા આધ્યાત્મિક ચઢતી થવાના ઉપાયો એટલા તો પ્રશસ્ય પ્રકારે વર્ણવવામાં આવે છે કે વિદ્વાન્ વર્ગમાં **શ્રીમહાકાલ** આજે પ્રથમ પંક્તિનું લેખાય છે. પાશ્ચાત્ય પ્રજામાં જે જે નવા વિચારો પ્રવર્તે છે, તે સર્વનું તથા આપણા દેશની તત્ત્વવિદ્યાનું રહસ્ય અનેક યુક્તિથી તેમાં વર્ણવવામાં આવે છે. પોસ્ટેજનો એક આનો મોકલવાથી નમુનાનો અંક મોકલવામાં આવશે. તે વાંચતાં તમારી ખાતરી થશે કે તેને વાંચ્યા વિના તમારે ચાલે તેમ નથી. એક વાર તેને વાંચ્યા પછી બીજું કોઈ માસિક વાંચવાનું તમને ભાગ્યે જ મન થશે. વાર્ષિક લવાજમ ટપાલ ખર્ચસાથે રૂ. ૨–૦–૦.

વ્યવસ્થાપક “ **મહાકાલ** ”, વડોદરા.

દંપતીમિત્ર.

જગતમાં જો કોઈ પણ વધારે સુખ, આનંદ અને ઉન્નતિ પામી શકે તેમ હોય તો તે પતિપત્ની-દંપતિ-છે, એમ શાસ્ત્રો કહે છે. તે છતાં આજકાલ તેમનાં જીવન દુઃખી અને દુર્બળ રહ્યા કરે છે એમ સર્વ મનુષ્યો કહે છે, અને તેથી જ આ માસિક કહાડવાની જરૂર પડી છે.

સ્ત્રીનું જીવન કેમ સુખી થાય અને સ્ત્રીજાતિની કેવી રીતે ઉન્નતિ થાય, એ જણાવનારૂં બીજું કોઈ પત્ર હશે, પુરુષનું જીવન કેમ સુખી થાય, અને તેની ઉન્નતિ કેવી રીતે થાય એ જણાવનારૂ પણ બીજું કોઈ પત્ર હશે, બાલકોને માટે પણ તેમ જ હશે, પણ દંપતી (સ્ત્રી અને પુરુપ બંને) કેમ સુખી થાય, કેમ ઉન્નતિ પામે, પોતાના જીવનમાં કેવી રીતે રસ પ્રકટાવે, અને પોતાનામાં રહેલી અલૌકિક શક્તિઓને કેવી રીતે જાગ્રત્ કરે, તેને બહુ જ સહેલી અને રમણીય ભાષામા જણાવનારૂં ગુજરાતમાં જો કોઈ પણ પત્ર હોય તો આ એક જ છે.

આ માસિક **બહુ જ સુન્દર** છે. તેના કાગળો રૂપાનાં ચળકતાં પતરાં જેવા છે. તે ઘણીજ શોભીતી રીતે અને કોઈ પણ ગુજરાતી ભાષાનું પત્ર ન છપાતું હોય તેવી રીતે છપાય છે. સુંદર ચિત્રો પણ હોય છે. આ તે પત્રની જાહેર ખબર છે, અને તે ટુંકામાં લખવી જોઈએ, તેથી એટલુ જ કહીશું કે તેના જેવું મોહક અને આકર્ષક બીજું એક પણ પત્ર નથી.

નમુનાનો અંક ૦-૬-૦, વાર્ષિક લવાજમ રૂ. ૩-૦-૦.

લખોઃ-

વ્યવસ્થાપક, દંપતીમિત્ર.

વડોદરા.

बाळकोनो बंधु.

શ્રી [illegible] બાળકોના અધિકાર નિમિત્તે આ નવીન માસિક પ્રકટ કરવામાં આવ્યું છે. મનુષ્યજીવનને સાર્થક કે નિરર્થક કરવાનું સામર્થ્ય શિક્ષણમાં રહેલું છે. ત્યારે શિક્ષણનો પાયો બાળપણમાંથીજ જો ઉત્તમ પ્રકારનો નખાય છે, તો મનુષ્યનું આયુષ્યનું જીવન સાર્થક થયાવિના રહેતું નથી. બાલ્યાવસ્થામાં આવું શિક્ષણ આપવાના માસિકો પાશ્ચાત્ય પ્રજામાં જ્યારે આ સંખ્યાબંધ કેટલાં છે અને નવાં થતાં જાય છે, ત્યારે આપણા દેશમાં તે નહિ જેવાં જ છે. શિક્ષણની આવી એક અગત્યની ખોટ પૂરી પાડવાના હેતુથી જ આ માસિકનો પ્રારંભ કરવામાં આવ્યો છે, અને તેમાં સામાન્ય વિજ્ઞાન [illegible] [illegible] સહેલી ભાષામાં [illegible] [illegible] [illegible] સબ બોધક વાર્તાઓ આપવામાં આવે છે. [illegible] તે તમારા બાળકોને ઉપયોગી છે, તેટલું જ તમને ઉપયોગી છે. તમારા તથા તમારા બાળકનું જીવન સુધારવાના કામમાં તમને તે અત્યંત સહાય આપનાર થશે. બાળકો પ્રીતિથી વાંચવું કરે તેવાં આનંદિક ચિત્રનું [illegible] [illegible] [illegible] [illegible] પણ બાળકોને રુચિકર થાય તેવું છે. વાર્ષિક લવાજમ ઘણું જ ઓછું જ રાખેલું છે. ટપાલ ખર્ચ સાથે માત્ર રૂ. ૧-૦-૦.

व्यवस्थापक-'बाळकोनो बंधु'-वडोदरा.